પ્રસ્તાવના

કોઇ વખતે મનુષ્ય વિચારમાં ઘણો ઉંડો ઉતરી જાય છે ત્યારે તેને આ વિશ્વ વિષે કાંઇ અવનવા ખ્યાલો આવે છે ને તે વિચારે છે કે વિશ્વ શું આમ હશે કે કોઇ બીજી રીતે હશે? અથવા આ શું સાચું છે કે સ્વપ્ન છે? આમ મનુષ્ય ઘણી વખત ભ્રમમાં ને મુંઝવણમાં આવી પડે છે. મનુષ્ય વિચાર કરવાને સ્વતંત્ર છે, ને ઠીક પડે તેમ અનેક અઘટિત ઘટનાઓ કે પછી સુઘટિત ઘટનાઓના તર્ક વિતર્કમાં તે ગોથાં ખાતો હોય છે. આમ વિચારોમાં વધવા જતાં મનુષ્યને વિજ્ઞાનવિદ્યા હાથ આવી છે. એટલે મનુષ્યને વિચાર ને બુદ્ધિના સહવાસથી જે વસ્તુ મળી આવી છે, તેને વિદ્વાનો વિજ્ઞાનવિદ્યા કહે છે. એ વિજ્ઞાનવિદ્યા સત્ય હોય કે અસત્ય હોય, પણ આજે પશ્ચિમના દેશોમાં તે ઘણા વિસ્તારને પામી છે. પૂર્વની પ્રજામાં પણ આ વિદ્યાએ પ્રવેશ કર્યો છે. આજે પૂર્વની પ્રજા એ વિદ્યા ઉપર સ્તંભી ગઇ છે. એક વખતે પશ્ચિમની પ્રજા આ પૂર્વની વિદ્યા ઉપર રીઝા થઇ ગઇ હતી, પણ આજે ઉલટો વાયુ ચાલ્યો છે. એટલે વિજ્ઞાનવિદ્યા પરત્વે મનુષ્ય બોલે છે, ત્યારે પૂર્વની પ્રજા તેના ઉપર ઝોકાં ખાય છે. હર્બર્ટ સ્પેન્સર જેવો વિજ્ઞાનવેત્તા એક વખત બોલી ઉઠયો કે મનુષ્યો મૂળમાં તો મનુષ્યો નહિ હતા, પણ એક વખત તેઓ વાનર હતા, ને વાનરજાતિમાંથી તેઓ ધીમે ધીમે વિકાસ પામી આજે આ સ્થિતિમાં આવ્યા છે. એટલે કે મનુષ્ય પોતે પોતાની કુદરતી ઓલાદનો નથી, પણ વાનરની ઓલાદનો છે. તેમ કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનો કહે છે કે આ જગતના મનુષ્યોમાં ને પશુઓમાં જે જીવો દેખાય છે, તે કુદરતી નથી; પણ તેઓ પરમાણુઓના વિકાસમાંથી ક્રમે ક્રમે વિકસી જીવ જેવી સ્થિતિમાં આવી શકયા છે; પણ મૂળમાં તેઓ જીવ રૂપે હતા નહિ.

મંત્રોથી પવિત્ર કરી મદિરા સાથે ઉપભોગ કરતા હતા. આ સ્થિતિ આજના કાલમાં નિકળી ગઇ છે.

કથિતવ્ય એ છે કે મનુષ્યોમાં સુખાભિલાષાએ કાળો કેર વર્તાવ્યો છે. સુખાભિલાષાએ માણસને સ્વચ્છંદ ને નીચતાની ગર્તામાં નાંખી દીધો છે. સુખાભિલાષાએ માનવજાતિને ઉપર ચડવા દીધી નથી. સુખાભિલાષા જીવને 'જીવ છે' એમ કહેવામાં અડચણ કરે છે. જીવને નાસ્તિક કોટિમાં મૂકાવ્યો હોય તો માત્ર એક સુખાભિલાષાએ જ. વિદ્વાનો પાસે કુશાસ્ત્ર રચાવવાની વૃત્તિ કરાવી હોય તોપણ તે સુખાભિલાષાએ. એ સુખાભિલાષાએ જીવને ન્યાયપથથી ચૂકાવ્યો છે. એ સુખાભિલાષાએ મનુષ્યવર્ગને તર્ક વિતર્ક ને કુતર્કની ગુંચવણમાં નાંખી દીધો છે.

મનુષ્યો વિજ્ઞાનવિદ્યા ઉપર રીઝા થાય છે, પણ જે વિજ્ઞાનથી મનુષ્ય નરકની ગર્તામાં પડે, તે વિજ્ઞાન છે કે અજ્ઞાન? જે સમાજ સંસ્કૃતિની પૂજા કરી રહ્યો છે, પણ જે સંસ્કૃતિ સંસ્કૃતિના ઉત્પાદકને દોજખમાં નાંખી દે, તેને સંસ્કૃતિ સમજવી કે વિકૃતિ? બ્રાહ્મણ સાહિત્ય વિચારો કે બૌદ્ધ પુસ્તકો જુઓ, જિનાગમમાં દષ્ટિ નાંખો કે કુરાને શરીફમાં નિગાહ કરો; ને વેદનો વિવેક છે કે ગીતાની નીતિ છે એમ કદિ માની લ્યો; પણ જે પુસ્તકથી વાચક કે અભ્યાસી મનુષ્ય હિંસા અસત્ય ચૌર્ય વિગેરે પાપોમાં ધકેલાતો હોય તો તે પુસ્તકો ધર્મનાં છે એમ કોણ કહી શકશે?

આ પુસ્તકનો કોઈ પણ પ્રતિપાદ્ય વિષય હોય તો તે માત્ર વાચકોની આગળ સત્ય શું છે તે સમજાવવાનો છે. સમાજ સમજે કે ન સમજે, પણ કથકને સત્ય લાગે તે સમજાવવાનું છે. સમાજમાં કહેવત છે કે **'મુંડે મુંડે મતિર્ભિન્ના'** મસ્તકે-મસ્તકે જુદી જુદી બુદ્ધિ હોય છે. એ કથનાનુસાર આજે સમાજભરમાં મનુષ્યોને સમજાવવા અનેક માર્ગો ને અનેક દર્શનો વિદ્વાનોએ ખડાં કર્યા છે. એ દર્શનો એકબીજા સાથે કેટલાં મળતાં થાય છે અથવા ક્યાં ક્યાં

બધાં દર્શનોમાંથી વેદાન્ત દર્શન કેટલેક અંશે જૈન દર્શનના મુકાબલામાં ઉતરી શકે છે. ભગવદ્ગીતા, ઉપનિષદો ને બ્રહ્મસૂત્ર આ ત્રણને પ્રસ્થાનત્રયી કહેવામાં આવે છે, તેમાં જ્ઞાનકાંડ ઉત્તમ રીતે લીધો છે. એટલે કેટલેક અંશે જૈન દર્શનમાંના આત્મજ્ઞાન સાથે તે ઉભું રહી શકે છે. આચારાંગ સૂત્ર જૈન દર્શનનાં પુસ્તકોમાં મૌલિક ને પ્રથમ સ્થાને છે. તેનાં મુખ્ય ને અમૂલ્ય સૂત્રો સાથે શ્રી સંતબાલે ભગવદ્ગીતાના કેટલાક શ્લોકો 'આચારાંગ સૂત્ર'ની નોંધના પરિશિષ્ટમાં મૂકેલા છે. એ મુકાબલામાં મૂકવાથી ભગવદ્ગીતાની કીંમત તેમણે ઘણી વધારી છે. તથાપિ કહેવું જોઈએ કે એમણે જે આચારાંગનો મુકાબલો ભગવદ્ગીતા સાથે કર્યો છે, તે યત્ કિંચિત્ રીતે બરાબર છે, પણ સંપૂર્ણ રીતે બરાબર નથી. કારણ એ છે કે આખું આચારાંગ સૂત્ર તેવા જ્ઞાનથી ભરચક છે, ત્યારે ભગવદ્ગીતાના બધા અધ્યાયોમાં તેવો વિષય સચવાયો નથી. ઉપલક દૃષ્ટિથી અથવાતો ગુણગ્રાહક દૃષ્ટિથી ભગવદ્ગીતા વિષે સારો અભિપ્રાય બાંધીએ, પણ પૂર્ણ ન્યાય ને સત્ય દૃષ્ટિએ જો જોઈએ તો તેવો અભિપ્રાય બાંધી શકાતો નથી. આચારાંગ સૂત્રમાં પહેલેથી તે છેલ્લે સુધી કેવળ એકજ તત્ત્વજ્ઞાન ને તે પણ આત્મજ્ઞાન વિષેજ ઉદ્‌ઘોષણા છે. તેમાં માયા, સ્વચ્છંદ ને ઈશ્વરનું કર્તૃત્વ ને હું ને મમતાના વિચારો નથી; ત્યારે આખી ભગવદ્ગીતામાં તેવી સ્થિતિ બરાબર સચવાઈ નથી. ભગવદ્ગીતાના પહેલા અધ્યાયમાં શ્રીકૃષ્ણ અર્જુનને યુદ્ધ માટે તૈયાર થવા કહે છે, જેને માટે અર્જુન ના કહે છે. ત્યારપછી અર્જુનને સમજાવવા શ્રીકૃષ્ણ સાંખ્યયોગ, કર્મયોગ, કર્મબ્રહ્માર્પણ યોગ, જ્ઞાનયોગ વિગેરે કહે છે. તે વસ્તુ ઠીક છે, પણ પછી કૃષ્ણ પોતે પોતાના મુખથી બોલે છે કે હું વિશ્વરૂપ છું, આ વિશ્વ બધું મારૂં છે, ને ને મારામાં સમાય છે, પૃથ્વી જલ પવન આકાશ વિગેરે મારાં તત્ત્વો છે, ને તે બધાં મારામાંથી થયાં છે, જ્યારે જ્યારે હું ઈચ્છું છું ત્યારે ત્યારે હું બધું કરી શકું છું; વળી એવું પણ કૃષ્ણ બોલ્યા છે કે—

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम्॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे॥

અર્થ એ છે કે જ્યારે જ્યારે હે ભારત (અર્જુન) ધર્મની હાનિ થાય છે, ત્યારે ત્યારે અધર્મને ફેલાતો રોકવાને હું મારા આત્માને વિશ્વમાં મોકલુ છું વળી સાધુજનોના રક્ષણ માટે ને દુષ્ટ જનોના નાશ માટે તથા સારી રીતે ધર્મની સ્થાપના કરવા યુગે યુગે (વખતે વખતે) હું ઉત્પન્ન થાઉં છું.

ભગવદ્ગીતાના આ શ્લોકો ઘણા લોકોને કંઠસ્થ હશે ને શ્લોકો ઉપર લોકો ગડુવારી રહેતા હશે. જૈન દર્શનમાં કોઈ જગ્યાએ આવા શ્લોકો હાથ નહિ આવશે. એટલે બેની વચ્ચે કેટલું અંતર છે એ સાફ સમજાય છે. જૈન દર્શનના ઈશ્વરો ક્યારેય પૃથ્વી ઉપર આવતા નથી, કે તેઓ લોકોનું દુઃખ કે દારિદ્ર્ય થોડુંએ મટાડતા નથી. તેઓ નથી રક્ષા કરતા પવિત્ર સાધુ પુરુષોની કે નથી વિનાશ કરતા દુષ્ટ વર્ગનો. માની લઈએ કે ભગવદ્ગીતાના શ્લોકો સાચા હોય અને આજે એવા ઈશ્વરની આવશ્યકતા હોય. ઘણા સંત પુરુષો દુખી થાય છે ને દુષ્ટ જનો જગતના સાધુજનોને ત્રાસ આપી રહ્યા છે, તો સાધુઓને દુષ્ટોથી બચાવવા માટે આજે ઈશ્વરની ઘણી જરૂર છે. આજે કંઈ લોકો ચીચીઆરી કરી રહ્યા છે કે ઓ ઈશ્વર તમે અહીં આવો ને અમને બચાવો! છતા આજે એ કૃષ્ણ ક્યાં સંતાઈ ગયા છે કે જેનો પત્તો લાગતો નથી ' હકીકત એ છે કે ભગવદ્ગીતામાંના શ્રીકૃષ્ણ અવતાર લેવાનુ લોકોને કહી ગયા છતાં આજે કેમ નથી આવતા ' ઘણુ વળી ગયો છે ને ગઢ ઘેરાઈ ગયો છે, છેલ્લી ટોચે વસ્તુ પહોંચી ગઈ છે, છતાં જો નથીજ આવવાના તો પછી એ કૃષ્ણ ક્યારે આવવાના? અથવા એ ભગવદ્ગીતાના કર્તા ઉપર કેટલો વિશ્વાસ રાખવો!

આ ભગવદ્ગીતા સાથે શ્રી સંતબાલે આચારાંગ સૂત્રનો મુકાબલો કર્યો, પણ આવી વસ્તુ સાથે મુકાબલો કરવાનું વિસરી ગયા લાગે

છે. ભગવદ્‌ગીતામાં સ્થલે સ્થલે વૈરાગ્ય, ત્યાગ, ક્ષમા, તિતિક્ષા વિગે વિવેચન કર્યું છે છતાં સૃષ્ટિની નિયામકતા, હું હું ને હું, ને આ વિશ્વ બધું મારૂં, એમ શ્રીકૃષ્ણના મુખમાં બધું ગીતાકારે આરોપી દીધું છે; ત્યારે જૈન સૂત્રોમાં તીર્થંકરનું અગાધ બલ, ઐશ્વર્ય ને આત્મીય ઉચ્ચતા સર્વ રીતે બતાવવા છતાં જગતના કર્તૃત્વ વિગે આ જગત્ મારૂં છે ને હું કરૂં છું એવી ઘટના ઉભી કરી નથી. એટલે ભગવદ્‌ગીતા, જૈન સૂત્રના મુકાબલામાં કંઈક અંશે રહેવા સાથે ઘણી રીતે ભિન્ન પડે છે. ભગવદ્‌ગીતામાં જીવોના જેટલા દૈવી ગુણો બતાવ્યા છે, તે સાથે જૈન સૂત્ર ઉભું રહેશે, પણ યુદ્ધ વિગે ઉપદેશ આપવો, ઈશ્વરનું કર્તૃત્વ ને માયિક જાળનું ફેલાવવું વિગેરે બાબતોમાં વેદાન્ત દર્શનથી જૈન દર્શન તદ્દન અલગ પડી જશે. એજ રીતે ઇતર દર્શનોથી પણ જૈન દર્શન જુદું પડે છે.

આટલી હકીકત વાંચ્યા પછી અન્ય દર્શનના વાચકો રખે એવું માની બેસે કે જૈન દર્શન કોઈ સાથે મેળ રાખવા ખુશી નથી. વસ્તુ એ છે કે જૈન દર્શન બધાં દર્શનોમાં જે સારૂં છે તેને પોતાના દર્શન સાથે મેળવી લે છે. જૈન દર્શન સર્વાંગી છે, ત્યારે અન્ય દર્શનો એકાંગી છે. જૈન દર્શનનું માનવું એ છે કે જૈન દર્શન સમુદ્રતુલ્ય છે, ત્યારે અન્ય દર્શનો નદીતુલ્ય છે. સમુદ્રમાં નદીઓ સમાય છે, પણ નદીઓમાં સમુદ્ર સમાતો નથી. તેમ અન્ય દર્શનોમાં જે ઉચ્ચ ને મુખ્ય સિદ્ધાંત છે, તે જૈન દર્શનને સ્વીકાર્ય છે. દાખલા તરીકે બૌદ્ધનો ક્ષણિકવાદ છે, તે જૈન દર્શને સ્વીકારેલા પર્યાયવાદ સાથે મેળ ગેળવી લે છે. વેદાન્તનો જ્ઞાનવાદ ને આત્મતત્ત્વ વિષય છે, તે જૈન દર્શનના જ્ઞાન અંગે થયેલ વિચારો સાથે મેળ લે છે. સાંખ્ય દર્શનમાં ચોવિશ તત્ત્વની જે વાત કરી છે તે જૈન દર્શનમાં કહેલી અષ્ટ કર્મની પ્રકૃતિ સાથે સાદૃશ્ય લે છે. યોગદર્શનમાં જે અષ્ટાંગની હકીકત કહેલી છે તે જૈન દર્શનમાં કહેલ ચારિત્રવાદ સાથે સંબંધ રાખે તેમ છે. ન્યાયદર્શનમાં દ્રવ્ય, ગુણ, કર્મ વિગેરે સપ્ત પદાર્થની વહેંચણી કરી છે, તેમ જૈન દર્શનમાં ૭ દ્રવ્યોની વ્યાખ્યા કરી છે, વા

દ્રવ્યાનુયોગનો જે વિષય સમજાવ્યો છે, તેની સાથે કેટલેક અંશે આવી શકે છે. આમ અન્ય દર્શનના એકેક અંગ કે અંશ લેઈ લેઈને તેને જૈન દર્શનનાં તત્વો ને વિભાગો સાથે મેળવીએ તો મળી શકે.

આ સ્થળે વાચક એમ શંકા કરે કે અન્ય દર્શનોને એકેક નહિ કરતાં સર્વાંગી કરો તો શું વાંધો આવે છે? સમાધાન એ છે કે જૈન દર્શનની જેમ તેઓ સર્વાંગને સ્વીકારતાં હોય તો પુરેપુરું તેમ કહી શકાય, પણ આ પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે તેઓ તો એક એક અંગ–અંશને પકડી બીજા બધાં ગૌણતાને છોડી દે છે. જેમકે ભક્તિમાર્ગ એક ભક્તિને પ્રાધાન્ય આપીને અંગ વસ્તુને છોડી દે છે, એટલે ભક્તિ સાથે વૈરાગ્ય, ત્યાગ, સદાચાર વિગેરે વસ્તુ તેમની દૃષ્ટિમાં નકામી થઈ પડી છે. એમજ વેદાન્ત દર્શનમાં એકલા જ્ઞાન ઉપર ભાર આપેલો છે, ને ત્યાગ સામે નિગાહ જ કરી નથી. એમ જ બધાં દર્શનોમાં છે. ત્યારે આ પુસ્તક વાંચ્યા પછી સમજાશે કે જૈન દર્શનમાં તેમ એક અંગનો સ્વીકાર નથી. પણ ચાર અંગ જેવાં કે જ્ઞાન, દર્શન, ચારિત્ર ને તપ એમ સર્વનો સ્વીકાર કર્યો છે. એટલે આ આખું પુસ્તક ઉપલક દૃષ્ટિથી નહિ પણ પરિપૂર્ણ દૃષ્ટિથી વાંચી જવાથી ભારતનાં દર્શનો શું કહે છે તે સમજી શકાશે ને તે સર્વ સાથે જૈન દર્શન ક્યાં ક્યાં મેળ મેળવે છે ને ક્યાં ક્યાં ભિન્ન પડે છે તે પણ સમજાશે.

આટલો ખુલાસો પૂર્વાર્ધ વિષે કર્યા પછી ઉત્તરાર્ધ વિષે થોડું કહીએ.

પરમ પદ મેળવવામાં જૈન દર્શન ચાર અંગો કહે છે. ઉત્તરાર્ધમાં તે ચાર અંગો વિષે હકીકત કહી છે. જ્ઞાન વિષે ચાર વિભાગો કર્યા છે, તે નવ તત્ત્વ વિચારણા, કર્મપ્રકૃતિનું સ્વરૂપ, વિગેરે હકીકત આગમોમાં ને પ્રકીર્ણ ગ્રંથો વિગેરેમાં છે, તેમાંથી લોકોને જેમ ઠીક પડે તેમ થોડા વિસ્તારપૂર્વક ને સહજ ફેરફાર સાથે અહીં દાખલ કરેલ છે. જેઓ મૂળ આગમથી તદ્દન અજાણ હશે, વા જેઓને થોડો અભ્યાસ હશે પણ મૂળ પુસ્તકમાંથી સમજી નહિ શકાતું હોય તેમને બધાને આ જ્ઞાનવિભાગ બરાબર સમજવાને ઉપયોગી થશે.

આ ચાર વિભાગમાંના એકેક વિષય ઉપર ઘણી વિવેચના થઈ શકે તેમ છે, પણ થોડા વિષય પર ઘણું વિવેચન કરતાં મૂલ આગમોમાંથી ઉધ્ધૃત ઘણી હકીકત રહી જવા પામે છે ને સામાન્ય બાબતમાં ઘણું લંબાણ થાય છે. સારાંશ એ છે કે બનતાંસુધી જ્ઞાનીઓના કથનને સહજ વિસ્તારપૂર્વક સમજાવવા અહીં પ્રયત્ન કર્યો છે.

પરિશિષ્ટ તરીકે 'સમયસાર' પુસ્તકનો સાર મૂકવામાં આવ્યો છે. સમાજ 'સમયસાર' પુસ્તક ઉપરથી કોઇ વિચિત્ર ને ન કલ્પાય તેવા વિચારની સાંકલ પર ચડી જાય છે. આથી વાચકો ભૂલાવામાં ન પડે તે માટે અત્ર સહજ પ્રયત્ન કર્યો છે. આખા પુસ્તક ઉપર વિવેચન કે નોંધ કરવાની પહેલેથી જ ઇચ્છા ન હતી, એટલે માત્ર સંક્ષેપમાં જ તે વસ્તુને સમજાવવા પ્રયત્ન કર્યો છે.

વીરમગામ
શ્રાવણ વદ ૧ સં. ૧૯૯૬

મુનિ હર્ષચંદ્રજી

શુદ્ધિ

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૯	૧૮	શાંકરભાષ્ય	શાબરભાષ્ય
૩૫	૧૪	द्विजातिभ्यिः	द्विजातिभिः
૭૯	૧	સ્ત્રી	પૃથ્વી
૧૧૧	૨૪-૨૭	સ	સો
૧૨૧	૧૭	સરખામણી	સરખામણીમાં
૧૨૯	૧૯	વગાડયો છે	વગાડયો નથી
૧૩૬	૪	છેડે	છોડે
૧૫૪	૧	આવા	આવી
૨૩૪	૨૪	પ્રવૃત્તિ	પ્રકૃતિ
૨૬૫	૧૦	ન	ને
૨૬૭	૮	એ કાર્યના	એકાર્થના
૩૧૧	૬	અમહાત્માએ	મહાત્માએ

'શ્રીમન્' મહાવીર શબ્દ પ્રયોગમાં સર્વત્ર 'શ્રીમાન્' મહાવીર પ્રયોગ વાંચવો. ઉપરાંત જૈન, સર્વ, ઔદારિક ઇત્યાદિ શબ્દોમાં માત્રા, રેફ, ઇત્યાદિ કદી ગએલ જણાય ત્યાં તે સુધારી લેવાં.

અનુક્રમણિકા

પૂર્વાર્ધ

ઉત્તરાર્ધ

ભારતનાં દર્શનો

પૂર્વાર્ધ

પ્રારંભ

આ વિશ્વમાં ભૂતકાલમાં અનેક વિચારકો થયા છે. તેઓએ તત્ત્વ સંબંધી વિચારો ઘણી રીતે કર્યા છે, પણ તે બધા એક સરખા વિચારનો નિર્ણય લાવી શક્યા નથી. વિચારો કરવામાં ને નિર્ણય લાવવામાં તેઓનો ઘણો વખત ગયો હોય, પણ શૃંખલાબદ્ધ વિચારો તેઓ જણાવી શક્યા નથી. આ વિશ્વ એ શું ચીજ ને તેમાં બીજી કઇ કઇ ચીજો કે પદાર્થો છે, તે સંબંધી તેઓ સૌ જુદું જુદું કહી ગયા છે. એટલે એક વિચારક કહે છે કે આ વિશ્વ છે, ત્યારે બીજો કહે છે કે આ વિશ્વ વસ્તુતઃ નથી. એક કહે છે કે આ બોલે છે ચાલે છે તે જીવ છે, ત્યારે બીજા અભિપ્રાયવાળાઓ કહે છે કે જીવ એ નામ માત્ર છે, પણ જીવ જેવી કોઇ ચીજ નથી. આમ ભિન્ન ભિન્ન વિચારવાળાં મગજો સમાજમાં ભિન્ન ભિન્ન વિચારો બનાવી રહ્યાં છે. વાચકો પણ ભિન્ન ભિન્ન પ્રકૃતિના હોવાથી ભિન્ન ભિન્ન અભિપ્રાયને પચાવી રહ્યા છે. એક વિચાર તરફ આખો સમાજ હોય તેમ ક્યાંયે જણાતું નથી. મનુષ્યની રૂચિ અનેકધા હોવાથી એક સત્ય વસ્તુને પણ પકડી શકતી નથી. સત્યને સત્ય છે એમ કોઇથી કહી શકાતું નથી. એટલે મનુષ્ય સ્વભાવમાં આવે કે ત્યારે

ગુંચવણ કરની જાતિઓ હોય એમાં આશ્ચર્ય નથી. મનુષ્યે બુદ્ધિના વિકાસમાં તરતમતા (ન્યૂનાધિકતા) વાળા હોય છે, એથી બધાનો એક સરખો રંગ આવતો નથી. વિશ્વ ને જીવ કે જેને મનુષ્યો સહજે હૃદયથી ને આંખથી અનુભવે છે, તેમાં પણ આજે તે વખતે મહાન મતભેદો ચાલે છે ને ચાલતા હતા. ઘણી વખત મનુષ્યો કહે છે કે અમારે સત્ય જોઈએ છે, પણ સત્યનો નિર્ણય તેઓ કરી શકતા નથી, એટલે ખરી હકીકત હો કે ખોટી હકીકત હો, પણ દિલને ઠીક લાગે છે તેમ લોકો સ્વીકારી લે છે.

આ ભરતભૂમિ પર કેટલાક મોટા મોટા દર્શન (વિચાર) કારો થઇ ગયા છે. તેમને વિષે અત્ર ઉલ્લેખ છે. બ્રાહ્મણ બૌદ્ધ ને જૈન એમ કહેલાક દર્શનકારોનુ શું કથન છે એ અત્ર કહેવાનું છે. બ્રાહ્મણ વિગેરે અનેક દર્શનકારો ભિન્ન ભિન્ન હોવા છતાં જીવ પદાર્થ વિષે એકમત છે, તેમાં શંકા નથી. જીવ નથી એમ માનનાર નાસ્તિકો–ચાર્વાકો સર્વ રીતે બધા દર્શનથી જુદા પડે છે, તેનું કારણ એ છે કે બધા દર્શનકારો ગમે તેમ અંદર છતાં જીવ છે તે વિષે એક મત છે, ત્યારે નાસ્તિકોને જીવ સાથે પૂરો વિરોધ છે. એટલે તે જીવ નથી એમ સાફ સાફ બીજાને સંભળાવી દે છે. પણ જેઓ જીવ છે એમ કહેનારા આસ્તિકો છે તેમનુ કથન સ્પષ્ટ એ છે કે તમે બધા ભલે જીવ વસ્તુનો સ્વીકાર ન કરો, પણ તેથી જીવ પદાર્થ નથી એમ કહી શકાશે નહિ

———

પ્રકરણ પહેલું

આસ્તિક દર્શન

અથવા પ્રથમ જીવ એ શું છે તેને વિષે આસ્તિકોનું કથન

આ જગત્ જેને કહીએ છીએ તે જીવ ને જડ એમ બે પદાર્થોથી વ્યાપ્ત છે. જીવ ને જડ એ પદાર્થ તદ્દન ભિન્ન છે, કારણ કે તેનાં લક્ષણો ભિન્ન ભિન્ન છે. મનુષ્યો બેને સહજે જુદા છે એમ સમજી શકે છે. જેમાં જીવ છે, તે પછી મનુષ્ય હોય કે પશુ હોય કે પછી સામાન્ય પ્રાણી હોય, પણ તેમાં સમજણ છે. સામાન્ય પ્રાણી એટલે નાના નાના જીવો સમજણવાળા છે એમ આપણી સમજણમાં નહિ આવે, પણ મનુષ્યોમાં ને પશુઓમાં તો સમજણ છે એમ આપણે જોઇએ છીએ. જ્યાં સમજણ છે, ત્યાં ભાન છે, વિચાર છે, સંકલ્પ-વિકલ્પ છે, ને વિકાર ક્રોધ વિગેરે પણ જણાય છે. આ દોષ કે લાગણીઓ જીવોને હોય છે, પણ જડને હોતાં નથી. જડ કે જેમાં વિકાસ વિકાર કામ ક્રોધ વિગેરે લેશ પણ હોતાં નથી તેને જડ તરીકે ઓળખીએ તો તેમાં શું વાંધો આવે છે? જેને દબાવાય કે ત્રાસ આપવામાં આવે તો જેમાં જીવ છે તેવા મનુષ્ય કે પશુ અવશ્ય દુઃખથી કંપે છે એમ જણાય છે. ત્યારે એ દુઃખ જડને કાંઇ પણ થતું દેખાતું કે અનુભવાતું નથી. મનુષ્ય કે પશુ જેમાં જીવ જોઇએ છીએ તે ખાવાથી પીવાથી સારી અનુકૂળતા મળવાથી પોતાનો આનંદ કેટલો બધો બતાવે છે એ આપણી આંખે જોઇ શકાય છે. વળી જેમાં જીવ છે તે કહે છે કે મારે ખાવું છે, પીવું છે, જવું છે, ઉદ્યોગ કરવો છે, પત્ની, પતિ, પૈસો વગેરે મારે જોઇએ છે. આમ અગણિત ચેષ્ટા-પ્રવૃત્તિ જીવમાં હોય છે પણ જડને તેમાંનું કાંઇ હોતું નથી. આ ઉપરથી આસ્તિકો કહે છે કે જીવ છે એ ચોક્કસ છે, કારણકે આ વિશ્વમાં સર્વ વ્યવહારો હિસ-

ચાલો પ્રવૃત્તિઓ જે થઈ રહ્યાં છે તે બધાં જીવને લીધે છે, ને તે બધા વ્યવહારો-પ્રવૃત્તિઓનો સંચાલક જીવ છે, નહિ કે જડ. જડ પાસેથી બધો કાર્યવ્યવહાર લેવાય છે, પણ જડ બીજા પાસેથી કાર્ય લેઇ શકતું નથી. જડ પદાર્થો માત્ર યંત્રની જેમ ભલે નિશ્ચિત કાર્યો કરતા હોય, પણ તે સંચાલક તરીકે તો નહિ જ, પણ બીજાની પ્રેરણાથી તેઓ ચાલે છે; અને પ્રેરણા બંધ થતાં તેઓ બંધ થાય છે.

ઇન્દ્રિયો જીવ નથી

જીવ ક્યાં છે તે જોઇ શકાતું નથી, તો પછી "ઇન્દ્રિયોને જીવ કહો છો કે જીવ બીજી કોઇ ચીજ છે" એમ મનુષ્ય શંકા કરે, તો ઉત્તર એ છે કે શરીરમાં શરીરથી ભિન્ન જીવ છૂપી રીતે રહ્યો છે, એટલે શરીરના નાના નાના દરેક ભાગમાં જીવ વ્યાપી રહ્યો છે. ને જીવ શરીરમાં હોવા છતાં બીજાની આંખે કે કાને ગોચર થઈ શકતો નથી માત્ર તે પોતાનાં લક્ષણોથી બીજાને પોતે જણાવે છે. જીવ અંદર રહી પોતાની હીલચાલ-ચેષ્ટા જણાવે છે. જ્યારે શરીર સાથે જીવ હોય છે ત્યારે તેની પ્રવૃત્તિ દરેક રીતે થતી હોય છે, પણ જ્યારે શરીરથી જુદો થાય છે, ત્યારે તેની અનેકમાંની એક પણ પ્રવૃત્તિ થતી નથી. લોકોને ઉત્તર આપવાને જીભ ચાલતી હતી, ને જીભ જીવ ગયા પછી તેવીને તેવી હોય છે પણ બોલતી નથી. લોકો કહે છે કે કેમ બોલતા નથી? પણ તે જીવ (ભાઇ) ત્યાં જો હોયજ નહિ તો પછી કોણ સાંભળે અને કોણ બોલે? કાન તો બન્ને ત્યાં હોય છે, પણ તે બંધ થઇ ગયા હોય છે. આંખ કોઇને પણ જોતી નથી. મતલબ કે બધી ઇન્દ્રિયો શરીર પર હોવા છતાં એક પણ ઇન્દ્રિય જ્યારે જીવ ન હોય ત્યારે કંઈ કાર્ય કરતી નથી. એ વખતે સૌને સ્પષ્ટ જણાય છે કે ઇન્દ્રિયો ને શરીર એ બધાનો આધાર કોઇ પણ બીજી ચીજ હતી, જે અત્યારે નથી. હવે એ સ્પષ્ટ થાય છે કે શરીર ને ઇન્દ્રિયો બધા તેવા ને તેવાજ છે, છતાં કેમ તે થોડું પણ કાર્ય

આપતાં નથી? વસ્તુ એ છે કે શરીર ને ઇન્દ્રિયોમાં રહેનારો બીજો કોઇ હતો, પણ તે અત્યારે નથી, એટલે સર્વ વ્યવહાર બંધ છે. સ્પષ્ટ એ છે કે શરીરમાં જે હતો તે સંચાલક હતો, ને જે સંચાલક હતો તેજ જીવ છે એમ કહેવું જોઇએ, પણ શરીર કે ઇન્દ્રિયો જીવ નથી.

ઇન્દ્રિયો ને જીવ એ બે વચ્ચે અંતર

કર્ણ ઇન્દ્રિય જીવની રજાથી સાંભળવા જાય છે. ચક્ષુ ઇન્દ્રિય તેની રજાથી જોવા જાય છે. નાક ગંધ રજાથી લે છે. જીભ રસ લે છે ને સ્પર્શનો આસ્વાદ ત્વચા ઇન્દ્રિય લે છે. આ બધી ઇન્દ્રિયો જો જીવ રજા ન આપે તો જઈ શકતી નથી. તેમ ઇંદ્રિયો સાથે જીવ જો ન જોડાય તો જીવને ખબર પણ પડતી નથી કે શબ્દ, રૂપ, ગંધ, રસ ને સ્પર્શ કેવાં છે? શું કમનીય છે અને શું અકમનીય છે? જીવ પોતે ઇન્દ્રિયોથી એક વખત કાર્ય ન પાડે તો ઇન્દ્રિયો શૂન્યવત્ પડી રહે છે, ને જીવ પોતે એકલો મન સાથે કે શરીર સાથે ગમે તે કરતો હોય છે. પણ વસ્તુ એ છે કે શરીર સાથે ઇન્દ્રિયો હોવાથી જીવ જ્યારે ઇન્દ્રિયોમાં જોડાય છે, ત્યારે સ્પર્શ રૂપ ગંધ વગેરે પદાર્થોનો જીવ અનુભવ લે છે. ઇન્દ્રિયો તે જીવ નથી એમ આ ખુલાસાથી સ્પષ્ટ થશે. જીવને શબ્દ રૂપ સ્પર્શ વિગેરે પહોંચાડવામાં ઇંદ્રિયો સાધન છે, એટલે મદદગાર છે; પણ પોતે માલીક કે સંચાલક નથી.

હવે એ વિચાર પણ કરવો જોઇએ કે જો ઇન્દ્રિયો જ જીવ હોય તો કર્ણ માત્ર શબ્દને પકડે છે, ચક્ષુ માત્ર વર્ણને જ પકડે છે, સુગંધ કે દુર્ગંધને માત્ર નાસિકા પકડે છે, જીભ રસને પકડે છે ને ત્વચા ઇન્દ્રિય તમામ ઠંડા ગરમ કર્કશ સુંવાળા વિગેરે સ્પર્શને પકડે છે, એટલે કે તે ઇન્દ્રિયો સર્વ પોતપોતાના માત્ર એક જ વિષયને પકડે છે ને જીવને પોતાના દ્વારા વસ્તુ પહોંચાડે છે, ત્યારે જીવ એકલો તે દરેક વિષયને પકડી શકે છે. જો ઇન્દ્રિય જીવ હોય

તો તે ઇન્દ્રિય પોતે જીવ થઈ બેસે, ને એકજ શરીરમાં એક નહિ બે નહિ, પણ પાંચ ઇન્દ્રિયો પાંચ જીવ થઈ જાય. એટલે એક શરીરમાં એક કર્તા કે માલિક નહિ, પણ પાંચ માલિક ને પાંચ કાર્ય કર જાય છે. હકીકત એ છે કે ઇન્દ્રિયો માત્ર જીવની અનુચર–નોકર છે. જીવને ઇચ્છા હોય તો તેઓ જાય છે, નહિ તો તેઓ સુઈ રહે છે એટલે કામકાજ બીલકુલ કરતી નથી. એક ઓફિસમાં ઓફિસર જેમ બેઠો બેઠો દોરડાં ચલાવે છે ને ખબર દોરડાંથી મેળવે છે, તેમ જીવ શરીરકોટડીમાં રહી ઇન્દ્રિયો રૂપ દોરડાંથી વિષયોને મેળવે છે. હવે સમજી જવું જોઈએ કે જીવ ને ઇન્દ્રિયો બે જુદાં છે, પણ એક નથી. જીવ સંચાલક ને માલિક છે ને ઇન્દ્રિયો તેની મદદગાર નોકર છે.

જીવને ઓળખવો શી રીતે?

આ ઘટ છે, પટ છે, કુંભ છે, તે બધુ ચક્ષુથી ઓળખી શકાય છે. આ શબ્દ પુરૂષનો છે, કે સ્ત્રીનો છે, કે યંત્રનો છે, તે કર્ણથી પરીક્ષા થાય છે. એમ નાસિકાથી, જિહ્વાથી ને ત્વચાથી તે વિષયો પકડાય છે, પણ જીવ (આત્મા) કઈ ઇન્દ્રિયથી પકડાય તે સમજાતુ નથી. ખુલાસો એ છે કે જીવ જો ઇન્દ્રિયોથી ગ્રહાય હોય તો તે અવશ્ય શબ્દ રૂપ ગંધ રસ કે સ્પર્શની કોઇ પ જાતિમા ભળી જાય. પણ તે તો વિષયોથી પર છે અથવા કહીએ તે ઇન્દ્રિયોથી અગોચર છે. એટલે જીવ પદાર્થ અરૂપ કે અમૂર્તિમાન્ છે. તે તો માત્ર અનુભવથી–અભ્યાસથી સમજી શકાય તેમ એટલે બુદ્ધિથી તે વસ્તુ (જીવ) અવશ્ય સમજી શકાશે. જગત કેટલાક પદાર્થો અપરિચિત હોવાથી સમજાતા નથી, પણ તેનાં ર ભાવ કે લક્ષણોથી એ ઓળખી શકાય છે, તેમ જીવ પદાર્થ તે લક્ષણોથી ઓળખી શકાય છે. આગળ ઉપર કહેવામાં આવ્યુ છે જીવમા વિજ્ઞાન–બુદ્ધિ સમજણ હોય છે, જેથી તે કાન પણ પ્રક્ષ

કરતો હોય છે. જીવ હોય તે કયારે પણ પ્રવૃત્તિ વિનાનો હોતો નથી. ગમે ત્યાં પણ જીવ પ્રવૃત્તિ કરતો હોય છે. જીવની અનેક પ્રવૃત્તિ છે, તેમાંથી તેની એક મૂલ પ્રવૃત્તિ અત્ર કહીએ. જીવની ઓળખાણ એક એ છે કે જીવ ગમે તો નાની (ક્ષુલ્લક) યોનિમાં હોય કે પછી વિશાળ યોનિમાં હોય, પણ તેને આહાર વિના કયારે પણ ચાલી શકતું નથી.

મનુષ્ય યોનિમાં ઉત્પન્ન થનાર જીવ આવતાં સાથે માતાના ગર્ભ-માં આહાર લે છે. આહાર સાથે તેનું શરીર ઘડાય છે. તે શરીર આહાર કર્યા પછી એક દિવસ, બે દિવસ, એક માસ ને નવ માસનું ગણાય છે. નવ માસમાં એવો એક પણ સમય ગયો નહિ હોય કે જ્યારે તેણે આહાર લીધો ન હોય. ઉત્પન્ન થવા સાથે જે આહાર શોધે છે તેજ જીવ છે. જડ કયારે પણ ભૂખ ભૂખ કરતો નથી. એક પથ્થરની શિલા પર ગમે તેટલું ભોજન મૂકયું હોય, પણ જો કીડી પશુ કે માનવી તેના ગ્રાહક તરીકે ન આવી પહોંચે તો તે ભોજનમાંથી થોડો પણ ભાગ ઓછો થશે નહિ. અર્થાત્ એ પથ્થર તેને ખાશે નહિ. નિર્જીવ પદાર્થ આહાર કરતો નથી. જેમ મનુષ્ય જીવ ગર્ભથી માંડીને જીવતાં સુધી ભોજન લે છે, તેમ પશુ પક્ષી ને નાનાં નાનાં પ્રાણીઓ ભોજનની શોધ કરતાં હોય છે. એ આહાર સંજ્ઞા (ઇચ્છા)–લાલસા જેમ દેખાતા જીવોને છે ને તે વિના ચલાવી લેતાં નથી, તેમજ પૃથ્વી જલ અગ્નિ વગેરેમાં એ ભોજનપ્રવૃત્તિ જો હોય તો સમજી જવું જોઇએ કે તેમાં પણ જીવ છે.

જુદા જુદા જીવોની ભોજન-પ્રક્રિયા

પૃથ્વી વનસ્પતિ વગેરે કેવી રીતે ભોજન લે છે તેનો આ જગ્યાએ વિચાર કરીએ. સ્ત્રીના ગર્ભમાં જીવ જ્યારે દાખલ થાય છે, ત્યારે ગમે તેવા સૂક્ષ્મદર્શક યન્ત્રથી જો જોવામાં આવે તોપણ તે જીવ જોઈ શકાતો નથી. પણ તે જીવ માતાના લોહિત ને શુક્રને ચૂસીને ધીમે ધીમે ક્રમે

ક્રમે જેમ જેમ આહાર લેતો જાય છે તેમ તેમ તે જીવ શરીરે વધતો જાય છે ને મોટો થતો જાય છે. ત્યારપછી તે ઘણે વખતે ઇન્દ્રિયાદિક થાય છે. તેમજ વનસ્પતિ જીવ જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે તે જીવ પોતાના શરીરને પૂર્ણ આહાર કરાવી શકતો નથી, પણ તે જીવ પછીથી ખાતરને હવાને પાણીને લઇને જેમ જેમ પોતાની આહારપણે પચાવે છે, તેમ તેમ તે જીવ શરીર અંકુરપણે ઉત્પન્ન કરે છે. પછી ધીમે ધીમે જેવી સ્થિતિમાં થવાનું હોય તેવી સ્થિતિમાં આવે છે. જેમ આબોહવા ને ખાતર વધારે ને મજબૂત મળે છે તેમ તે વનસ્પતિ વધારે મજબૂત બને છે. એટલે કે વનસ્પતિમાં પણ જીવો, પોતે લઈ પોતામાં જીવ છે એમ જણાવી આપે છે. જ્યાંસુધી વનસ્પતિ આબોહવા ને ખાતર વિગેરે તેના ખાદ્ય પદાર્થને ખેંચીને પચાવે છે, ત્યાંસુધી તે વનસ્પતિ લીલીછમ દેખાય છે, તે વૃદ્ધિ પણ પામતી હોય છે. પણ એ વનસ્પતિ જ્યારે સૂકાય છે કે નિર્જીવ થાય છે, ત્યારે તે ખાતર કે આબોહવા લેતી બંધ પડી જાય છે. આ પ્રમાણે બગીચામાં ને ખેતરોમાં વનસ્પતિ પોતાના જીવને જણાવતી હોય તેમ દેખાય છે. આ ઉપરથી સમજાય છે કે વનસ્પતિમાં પણ જીવ છે. જેમ વનસ્પતિમાં છે, તેમ પૃથ્વીમાં પણ દેખાય છે.

પૃથ્વી-જીવોનો આહાર

પૃથ્વી જીવો પૃથ્વીની ખાણમાં, શિલાઓમાં અનુભવાય છે. જ્યાંસુધી ખનિજ પદાર્થો, પત્થર, માટી, શિલા, સુવર્ણ, ચાંદી વિગેરે ખાણ સાથે જોડેલાં હોય છે, ત્યાંસુધી તે પદાર્થ વધતા હોય છે, કારણ ખાણ ને ખાણ સાથે રહેલા જળ પૃથ્વી વિગેરે ખાદ્ય પદાર્થ તે ખનિજ પદાર્થોને વધવામાં મજબૂત કારણ છે. પણ જ્યારે તેને ખોદી જુદાં પાડવામાં આવે છે ત્યારે તે વધતા બંધ થાય છે. તે પદાર્થો ભલે પૃથ્વી રૂપે પૂર્વમાં હોય, પણ તેમાં [illegible] છતાં આહારને ભજે છે ને પદાર્થોનો આહાર, જળ પૃથ્વી [illegible]

વિગેરે તત્ત્વો જેમ વનસ્પતિને હોય છે તેમ તેને પણ હોય છે. જો ખનિજ પદાર્થોને અનુકૂલ ખાદ્ય પદાર્થ ન મળે તો એવા મોટા ડુંગરા ને ટેકરા રૂપે તેઓ કેવી રીતે બને?

જલ પણ સજીવ છે

પૃથ્વી પથ્થર કે કોઈ પણ ખનિજ પદાર્થ જ્યાંસુધી ખાણમાં હોય છે, ત્યાંસુધી પોતાના અનુકૂળ પદાર્થોને ખેંચી પોતાપણે પરિણમાવે છે. તેમજ જલ પણ પર્વત કે ખીણમાં જ્યાં ઝરણું હોય છે, ત્યાં સતત વહ્યા કરે છે ને એ જલને જેમ અનુકૂળ હવા પદાર્થ મળે તેમ તેમ એ ઝરણું વધારે વધતું જાય છે. એ જલમાં જીવ છે એટલે ઝરણા રૂપે વહે છે. લોકો કહે છે કે એ સજીવ ઝરણું છે. તેમ ન હોય તો એ ઝરણું વહે કેમ? હકીકત એ છે કે એ જલ જીવન્ત હોવાથી એટલે તેમાં જીવનશક્તિ હોવાથી પોતાના જેવાં રજઃકણો-પુદ્ગલોને ખેંચી જલ જેવા પ્રવાહી તત્ત્વને એ હરહમેશાં ઝરણા રૂપે વધારી વહેવરાવે છે. જ્યાંસુધી એ ઝરણું જીવન્ત રહે છે, ત્યાંસુધી જલ રૂપે વહે છે; પણ એ ઝરણામાં-જળમાં જીવન્ત તત્ત્વ ઓછું થાય છે, એટલે અવશ્ય એ શોષાવા માંડે છે.

અગ્નિની સજીવતા

અગ્નિ પદાર્થ પણ સજીવ છે; કારણ અગ્નિમાં જે પદાર્થ પડે છે તે અગ્નિ રૂપે વધે છે, ને તે અગ્નિ તે પદાર્થોથી વધારે પ્રદીપ્ત થાય છે. જેમ જેમ તેના પર અનુકૂળ ખાદ્ય પદાર્થ પડતા જાય તેમ તેમ તે અગ્નિના જીવો પોતાનું શરીર વધારતા જાય છે. અગ્નિ થોડો હોય પણ જો તેમાં ઘી તેલ કાષ્ટ તૃણ વિગેરે પડે તો તે અગ્નિ વધી જાય છે, એટલે તે પદાર્થોને અગ્નિ પચાવે છે ને પોતા રૂપ બનાવે છે વસ્તુ એ છે કે જ્યાંસુધી અગ્નિ જીવ રૂપ છે ત્યાંસુધી એ પદાર્થોને ખાઈ જાય છે. પણ જ્યારે તે અગ્નિ નિર્જીવ (રાખ) રૂપ થઈ જાય છે, ત્યારે ગમે તે કાષ્ટ ઘી વગેરે પદાર્થ પડે પણ નિર્જીવ અગ્નિ (રાખ) તેને ખાતો નથી. જે રૂપમાં વસ્તુ હોય તેમજ

તેમ તે વસ્તુ પડી રહે છે. એટલે નિર્જીવ અગ્નિ જડ છે, તેથી તે ખાઈ શકતો નથી. કોઈ એમ કહે કે અગ્નિનો સ્વભાવ જ એવો છે કે કોઈ પણ પદાર્થને સાફ કરી નાંખવો, કારણકે અગ્નિ સર્વભક્ષ કહેવાય છે, તો પછી તેમા જીવ શું ને નિર્જીવ શું ? હકીકત એ છે કે અગ્નિ પૃથ્વી જલ વનસ્પતિ વિગેરે પદાર્થોમાં જીવ છે, ત્યાંસુધી તે બીજા પદાર્થને અર્થાત્ ખોરાકને ખેંચે છે પણ જ્યારે તે નિર્જીવ હોય છે, ત્યારે એ બધા તેમના તેમ પડ્યા રહે છે. અગ્નિ સર્વભક્ષ કહેવાય છે ને છે, પણ અગ્નિ એ જીવન્ત તત્ત્વ છે, એટલે કોઈ પણ પદાર્થને ખાય છે. અગ્નિ જ્યારે જીવ વિના રાખ રૂપ રહે છે, ત્યારે તે કેમ બીજા પદાર્થને પચાવતો નથી ? કારણ કે રાખ મૃત અગ્નિનું સ્વરૂપ છે. એજ વિચારવાનું છે કે જે પદાર્થ કે વસ્તુ જીવ રૂપે છે, તે બીજા ખાદ્યને ખાઈને પોતાનામાં પચાવે છે, પોતા રૂપ રહે છે ને જીવન્ત જણાય છે. પણ તે પદાર્થ જ્યારે નિર્જીવ થાય છે, ત્યારે તે વસ્તુ છિન્નભિન્ન ને નષ્ટ થઈ જાય છે.

વાયુ પણ સજીવ છે

પવન એ સજીવ છે. લોકો તેને વિષે વધારે જાણવા ભાગ્યેજ ઇચ્છા રાખતા હોય છે, પણ ઉંડાણથી જો વિચારી લેવામાં આવે તો સમજણ પડે કે પવન એ નિશ્ચેતન નથી, પણ ચેતનાવિશિષ્ટ છે. પવનનો સ્વભાવ જોશો તો જણાશે કે તેમાં કંપ છે, ધ્રુજારી છે. વૃક્ષો સામે જોઈએ કે તેના પત્રો કેમ ચાલે છે ને તેને કોણ ચલાવે છે ? ઉત્તર એ છે કે એ પવન છે. જો પવન પાંદડાંને ચલાવતો હોય તો પવન પોતે ચલાવનાર ખરો કે નહિ ? ને ચલાવે છે તે સજીવ છે કે નહિ ? અનુભવથી સમજાય છે કે જે પ્રેરણાપ્રેરક છે તે જીવ છે. પવન વૃક્ષોના વૃક્ષોને ઉખેડી નાખે છે અગ્નિ જેમ મકાનો ને અરણ્યોને સાફ કરી નાખે છે, તેમ પવન જ્યારે જબરદસ્ત થાય છે ને વંટોળમાં ચડે છે ત્યારે કંઈ [illegible] મકાન ને ચીજોને નાશ ફોડ કરી નાખે છે એ તોફાન અગ્નિ પવન ને જલ જ્યારે

કરે છે, ત્યારે તોફાન એ શું તાકાત કે શક્તિ નથી? જો એ તોફાન એજ શક્તિ હોય તો શક્તિ છવને છે કે નિર્જીવને છે? એ વાતનો ખુલાસો આપોઆપ વાચક પોતે કરી લેશે. તાત્પર્ય એ છે કે જીવ છે તેજ તોફાની છે-શક્તિમાન્ છે. જે શક્તિમાન્ છે તેને જ ખાવાને જોઇએ છે; ને જે ખાય છે ને ખાવાને માટે ધાંધલ કરે છે, તેજ જીવ છે. જીવનું લક્ષણ એ છે કે તેને આહાર છે, ને જોઇએ છે. પવન ખુલ્લો હોય ને બીજા પવન સાથે હોય ત્યારે તે પવન, પૃથ્વી જલ અગ્નિ પવન વનસ્પતિમાંના ગમે તે ભાગમાંથી પોતાનો ખોરાક લેઈ શકે છે, ને પોતે જીવ રૂપે રહે છે. પણ એ પવન જ્યારે બીજા પવનથી ભિન્ન પડે છે ને મળતો ખોરાક બંધ પડે છે, ત્યારે તે નિર્જીવ થાય છે, ને પછી તે વધી શકતો નથી. આજે યંત્રોથી યંત્ર, કોથળી, તકીયા વિગેરેમાં એ પવનને લેવામાં આવે છે. પછી એ (અંદર પરાએલો) પવન વધારે તોફાન કે મસ્તી કરી શકતો નથી. અંદર રહેલો પવન જીવ રૂપ હોય ત્યાંસુધી (અમુક વખત સુધી) કાર્ય આપે છે પણ એ નિર્જીવ થતાં તે કાર્ય આપતો બંધ પડે છે.

જીવ પદાર્થની વધુ સમજણ

આપણે જોઇ શકીએ છીએ કે મનુષ્ય પશુ પક્ષી વિગેરેમાં ચેતના છે, તેમ એ વનસ્પતિ પૃથ્વી જલ વિગેરેમાં પણ ચેતના છે. જો તેમ ન હોય તો જેમ મનુષ્યના અવયવો છે છતાં લોહી નિકલે છે, તેમજ વનસ્પતિનાં ફલ ફૂલ વિગેરેને કાપતાં પાણી કે રસ કેમ વહે છે? કેટલાંક વૃક્ષો પર જ્યાં કુહાડી પડે છે કે શસ્ત્ર પડે છે, ત્યાં એકદમ ચીસ-અવાજ નિકળતા સંભળાય છે. જેમ મનુષ્યને પોષણ મળે છે ત્યારે તે વૃદ્ધિ પામતાં હોય છે, તેમજ બાગમાં કે અટવીમાં વૃક્ષો ને છોડને પોષણ મળતાં તે વૃદ્ધિ પામતાં હોય છે. મનુષ્યોને પોષણ બંધ થતાં તે સુકાય છે, તેમજ વનસ્પતિ, પત્ર, પુષ્પો વિગેરે સુકાતાં જાય છે. મનુષ્ય પશુમાં વધારે ઇન્દ્રિયો હોવાથી

તેની માંદગી કે દુઃખ તેની ઇન્દ્રિયો દ્વારા સમજી શકાય છે તેવું પૃથ્વી જલ પવન વિગેરેમાં ઇન્દ્રિયો ઓછી હોવાથી તેઓ આપણે જણાવી શકતાં નથી, પણ તેમાં જીવ નથી એમ કહી શકાય નહિ પૃથ્વી જલ વિગેરે પોતે ચેતનાત્મક છે એ વસ્તુ, તેના જીવન ઉપરથી, તેના ચળકાટથી ને સુકાવા કે વધવા ઉપરથી સમજી જવાય છે, એટલુંજ નહિ પણ એ વસ્તુ આજના વૈજ્ઞાનિકોથી સિદ્ધ થયેલી છે.

આ ઉપરથી સારાંશ એ નીકળે છે કે મનુષ્ય પશુ પક્ષી વિગેરેમાં જેમ જીવન્ત જીવ-ચીજ છે તેમજ ક્ષુલ્લક પ્રાણી ને પૃથ્વી જલ અગ્નિ પવન વનસ્પતિ વિગેરેમાં પણ જીવન્ત તત્ત્વ છે. આ જીવન્ત તત્ત્વો વિશ્વભરમાં વ્યાપી રહ્યાં છે, પણ એથી એમ સમજવાનું નથી કે આખું વિશ્વ જીવ છે, વા જીવમય છે. અલબત્ત, આખા વિશ્વમાં જીવ છે ને જીવ સર્વત્ર વ્યાપક છે, પણ જીવ સાથે જે જડ એકમેક મળી ગયા છે તે બધા જીવ છે તેમ નથી, કારણ જીવ ને જડ એમ બે તત્ત્વો ભિન્ન છે. ઘણી વખત લોકો જડને જીવ કહે છે, જીવને જડ કહે છે, પણ જડ જીવ નથી ને જીવ જડ નથી. બન્ને ભિન્ન છે, જો કે બન્ને ઘણી જગ્યાએ એકમેક સાથે મળી ગયા છે પણ બે એક નથી. જીવ ને જડ આ વિશ્વમા વ્યાપક છતાં જો તે ઓળખવામાં ન આવે તો જીવ ને જડમાં શુ અંતર છે તે સમજી શકાશે નહિ, અથવા જીવને જડ કહેવામાં આવશે ને જડને જીવ કહેવામા આવશે. ભલે લોકો અજ્ઞાતપણે જીવને જડ કહે ને જડને જીવ કહે, પણ જીવ જડ થતો નથી, ને જડ જીવ રૂપે થતો નથી બન્નેનો વિરોધી સ્વભાવ છે, અથવા જડ કરતા જીવનુ વિલક્ષણ લક્ષણ છે. જીવ હમેશાં ક્રિયાવાન્-ચેષ્ટાવાન્ ને કર્તવ્યયુક્ત ત્યારે જડ સહજે અક્રિયાશાલી, અચેષ્ટા (અચેતના) વન્ત ને [illegible] છે જીવ જ્ઞાતા કર્તા ભોક્તા ને દૃષ્ટા છે, ત્યારે જડ, અજ્ઞાતા અકર્તા અભોક્તા અદૃષ્ટા ને જીવથી વિરોધી સ્વભાવી છે.

પ્રકરણ બીજું

ચાર્વાક દર્શન

આસ્તિકોના આ વિચારો સામાન્ય રીતે જનતા સાચવી રહી છે, એ વાત ખરી છે; પણ ઉંડો ને આગળ વધેલો જનસમુદાય, આ જીવ જેવા તત્ત્વને માનવા ખુશી નથી કારણકે એ સમુદાય વિચારમાં ને તર્કમાં આગળ વધેલો પોતાને જુએ છે. તે કહે છે કે આમ જીવને માનવાથી મનુષ્યને ઘણી અર્થરહિત માથાકૂટમાં ઉતરવું પડે છે. પરલોકમાં જવા માટે આજે લોકો જે તપ યોગ કષ્ટ વિગેરે કરે છે, તેનો કાંઈ અર્થ સમજાતો નથી. જો જીવ હોય તો પરલોક છે, ને પરલોક હોય તો તેને માટે કષ્ટ તપ યોગ યજ્ઞયાગાદિ ક્રિયા તથા વ્યવહારો સફળ છે, પણ મૂલમાં જ્યારે જીવ પદાર્થ નથી, તો પછી એ બધું કોને માટે ? કહેવત છે કે **'મૂલં નાસ્તિ કુતઃ શાખા'** જ્યાં મૂલજ નથી તોપછી શાખા પાંદડાં હોયજ ક્યાંથી ? ત્યારે આ લોકો કહે છે કે આસ્તિક લોકો જ્યારે પરલોકમાં જવું પડશે એવો ખ્યાલ બાંધી બેઠા ને તેને માટે જેવી જોઈએ તેવી તૈયારીઓ કરવા લાગ્યા, ત્યારે ચાર્વાક મતના લોકોને લાગ્યું કે હવે શો રસ્તો લેવો ? કારણ, પરલોક માનવામાં આવે તો ચાલુ સુખો અવસ્ય છોડવાં જોઈએ, ને તે વિષયો ત્યજવા જીવ કબૂલ થતો નથી, એટલે તેઓએ આ રસ્તો શોધી કાઢ્યો હોય એમ કેમ ન કહી શકાય ?

તેઓનો હાર્દિક અભિપ્રાય

તેઓ કહે છે કે જે બોલે છે, ખાય છે, પીએ છે, ને સમજે છે, તે બધું શરીરથી થાય છે, તોપછી શરીર છે તેને જીવ કાં ન કહેવો ? કારણ, જે જીવ કરે છે તેમ કહેવામાં આવે છે તે બધું શરીરથી થાય છે. તો હવે તેને જીવ કહો તો ખુશી ને શરીર કરે છે તેમ કહો તોપણ ખુશી. તે બન્ને જુદાંજુદાં નથી, પણ એક છે. શરીરથી

સઘળો વ્યવહાર થાય છે. શરીર પોતેજ કર્તા ભોક્તા ને જ્ઞાતા છે. આપણે જાણીએ છીએ ને અનુભવીએ છીએ કે સાંભળવાની અગત ઊભી થાય છે ત્યારે કર્ણેન્દ્રિય સાંભળે છે, જોવાને માટે ચક્ષુઇન્દ્રિય કામ લે છે, એમ નાસિકા જિહ્વા ને ત્વચાઇન્દ્રિય પોતપોતાનું કાર્ય કરી લે છે. આમાં જીવનું કઈ જગ્યાએ કાર્ય પડે છે કે તેના વિના એ કાર્ય અટકી પડે છે? આપણને પ્રત્યક્ષ દેખાય છે કે શરીર અધીન સર્વ વ્યવહાર છે ને શરીર પોતેજ પોતાના નાના મોટા અવયવો દ્વારા સર્વ વ્યવહાર ચલાવી લે છે. હવે જીવ શરીરથી બીજો કોઈ છે તેમ માનવામાં કાંઈ અર્થ રહેતો નથી. છતાં જો માનવામાં આવે તો આપણે એક બીજી મુશ્કેલીમાં ઉતરીશુ. શરીરથી જીવ ભિન્ન છે એમ જો કહીશું તો તેને પુણ્ય પાપ લાગે છે. તેથી તેને વળી બંધ મોક્ષ પણ થશે, ને તેમ થતાં પરલોક સ્વર્ગ નરક વિગેરેની અનેક ઉપાધિઓ આપણે સ્વીકારવી પડશે. વળી તેમ છતાં એક વખત માનો કે તે બધી વસ્તુઓ છે, પણ સાર એ છે કે એમ માનવાને આપણી પાસે કાંઈ પ્રમાણ કે પુરાવો નથી.

શરીર ને વિશ્વમાં પાંચ મહાભૂતોજ છે

આ વિશ્વમાં જેમ પૃથ્વી જળ અગ્નિ પવન ને આકાશ એ પાંચ મહાભૂતો છે, ને તેનાથી આ બધુ વિશ્વ અનુભવાય છે, તેમજ બધાં નાનાં મોટાં પ્રાણીઓના શરીરમા પણ પાચ મહાભૂતો છે. વિશ્વમાં જેમ પાંચ ભૂતો સર્વ કાર્ય કરે છે, તેમજ આ શરીરમા પણ ભૂતો કાર્ય કરે છે. વિશ્વમાં જ્યા ત્યાં પૃથ્વી દેખાય છે, તેમ આ શરીરમાં જેટલો કઠીન પદાર્થ છે, તે બધાં પૃથ્વીના રજ.કણો છે. વિશ્વમા જલ છે, તેમ આ શરીરમાં પ્રવાહી પદાર્થ લોહી છે, તે જલ છે. અગ્નિ વિશ્વમા રસોઈ કરવાની સગવડ આપે છે, ને બીજા કાર્યમા મદદ કરે છે, તેમ આ શરીરમાં અગ્નિ તત્ત્વ પાચન કરી લોહી શુક્ર ચરબી વિગેરે તત્ત્વો તૈયાર કરે છે પવન જેમ આખા વિશ્વમા અનુભવાતા

આપે છે તેમ શરીરમાં પવન શ્વાસોચ્છ્વાસ આદિ અનેક ક્રિયાઓ કરી શરીરને સુખ આપે છે. આકાશ તત્ત્વ વિશાલ વિશ્વમાં જ્યાં ત્યાં રહી અવકાશ આપે છે, તેમ શરીરમાં પોલાણરૂપે આકાશ તત્ત્વ રહેલું છે. એટલે વિશ્વમાં એ પાંચ તત્ત્વોથી વ્યવહાર ચાલે છે, તેમજ શરીરમાં એ પાંચ તત્ત્વો સર્વ વ્યવસ્થાઓ ચલાવી રહ્યાં છે. શરીરની અંદર જેને જીવ કહેવામાં આવે છે, તે એ પાંચ તત્ત્વોના સંયોગ-નથી એક શક્તિવસ્તુ ઉત્પન્ન થઈ છે, તેથી તે જીવ છે, એમ લોકો માને છે ને જુએ છે. પણ વસ્તુતઃ કોઈ જીવ પદાર્થ પરલોકમાં જાય છે, તે આ શરીરમાં નથીજ. એક વખત ધારો કે જીવ છે ને તે પરલોકમાં જાય છે, તોપણ તેનો પૂરાવો શો છે તે સમજાતું નથી. કોઈ બીજાના કહેવા પ્રમાણે આધાર રાખવાથી વિશ્વાસ રહી શકતો નથી એટલે ચાર્વાકો કહે છે કે પ્રત્યક્ષ પ્રમાણથી હાથમાંના બોરની જેમ જીવ અનુભવાય તો સમજી શકાય કે જીવ છે. તે સિવાય બીજા અનુમાનાદિ પ્રમાણોથી સિદ્ધ કરો તો તેનો કાંઈ અર્થજ નથી. અનુમાન માનવાથી અર્થ સિદ્ધ થાય છે એમ જો ધારતા હો તો તે સંબંધે એક કહેવત છે કે—

हस्तस्पर्शादिवांधेन विषमे पथि धावता ।
अनुमानप्रधानेन विनिपातो न दुर्लभः ॥

અર્થ—અનુમાન પ્રમાણને આગળ કરી અંધ મનુષ્ય હસ્તના આધારે ચાલે તો અવશ્ય તેનો વિનાશ થાય છે. એમ અનુમાન આધારે જીવ છે ને પરલોક છે, તેમ કહેવું, તે તો આંધળા મનુષ્યને પાડવા બરાબર છે.

નાસ્તિક વાદ

ઘણા લોકો કહે છે કે જીવ છે, પરલોક છે, પુણ્ય છે, પાપ છે, પણ નાસ્તિકો કહે છે કે એ વાત અમારા ગળે ઉતરતી નથી. જીવ ચીજ હતી માટે આ શરીરમાં આવી છે એમ નથી; તે જીવ તો શરીર સાથે સહજે ઉત્પન્ન થાય છે, ને શરીરના નાશ સાથે નાશ

પામે છે. જેમ દૂધમાંથી ઘી થાય છે, તલમાંથી તેલ થાય છે, અર
ણિમાંથી અગ્નિ ઉત્પન્ન થાય છે, એ જેમ પહેલાં ન હતાં, પણ તેનાં
મંથનથી થાય છે, તેમ આ જીવ પહેલાં મુદ્દલમાં હતો નહિ પણ
પછી થાય છે. આજે આપણે જે સુખ દુઃખ અનુભવીએ છીએ
તે પૂર્વકૃત પુણ્ય પાપનું ફલ છે તેમ નથી, એ તો સહજે આવી
મળ્યાં છે. જેમ જલના પ્રવાહથી પરપોટા થાય છે ને નાશ પામે
છે, તેમ આપણને જે સુખદુઃખ આવી પડે છે તે એક આકસ્મિક
વસ્તુ છે. એ સુખદુઃખ પુણ્યપાપકૃત નથી, પણ મનુષ્યે આણી
લીધેલી કલ્પના છે. જો તેમ હોય તો એક જલનો ઘટ શિવલિંગ ઉપર
મૂકાય છે તેની સાથે જ બનેલો બીજો ઘટ સ્મશાનમાં અગ્નિ ગયેલા
મુડદા પાછળ મુકાય છે, તેનું કારણ શું ? એક પથ્થરની પ્રતિમા
થાય છે ને તેની પર પુષ્પો ચડાવવામાં આવે છે, ત્યારે તેની પાસેથી
નિકળેલા બીજા પથ્થરનાં પગથીઆં થાય છે કે ધોબીઘાટનો પથ્થર
પણ બને છે. આમ તેઓ ઉત્તર આપી પોતાના આત્માને સંતુષ્ટ કરે છે.

આમ નાસ્તિકો શા માટે બોલતા હશે ?

પરભવદષ્ટા ને પાપભીરૂ જીવોને એ દુઃખ લાગે છે કે નાસ્તિકો
આમ શા માટે બોલતા હશે, ને ક્લિષ્ટ ભાષામય ઉત્તર શા સારૂ
આપતા હશે ? વસ્તુ એ છે કે બ્રાહ્મણ બૌદ્ધ કે જૈનોએ જ્યારે જ્યારે
પરભવની બીક બતાવી છે, કે સન્માર્ગે ચડાવવા જીવને સમજાવ્યા
છે, ત્યારે ત્યારે નાસ્તિકોએ પોતાના વિચારના ઉદગા તેમની સામે
ખડા કર્યાં છે. કારણ, વર્તમાનકાલની સુખપણાને સુખોપભોગ
ઉપર તેમનો વધારે ધસારો છે. પાપભીરૂ મહાત્માઓ ત્યાગ ને
સંયમની વાતો કહે છે, ત્યારે તેમની સામે ધૂળ ઉડાડવી એ એમને
પસંદ હોય છે. ભાવિ સુખ છે એ વાયદો (ઉધાર) એમને પસંદ નથી
હકીકત એ છે કે ચાલુ સુખને છોડવાની તેમના [illegible] હોતી નથી
પંચેન્દ્રિયના સુખો મોં કોઈને મૂકાવે છે [illegible] સામે મોટ [illegible]

ચાલુ વિષયો ભોગવવા એ બે સાથે કેમ બની શકે ? 'લોટ ખાવો ને ભસવું' એ કથનાનુસાર એક સાથે બે કાર્ય ન જ બને. મત્સ્ય મદ્ય માંસ વિગેરે માટેની જિહ્વાલોલુપતા ને સ્ત્રીસુખ માટેની લંપટતામાં તરબોળ રહેવું ને નરકયાતનાની વિચારણા રાખવી એ બન્ને સાથે બને તેમ નથી જ. આસ્તિકો કે ધર્મધુરંધરો નરકની વ્યથાની ને સ્વર્ગના આનંદની વાતો કરે છે, તે નાસ્તિકોના દિલને વિક્ષેપ તુલ્ય લાગે છે, એટલું જ નહિ પણ એ બધું અર્થહીન લાગે છે. તેઓ કહે છે કે સમાજમાં રહી સમાજ ને તેના કાયદાને માન આપવું ને તેની રીતિમાં રહેવું એ બધું સમાજની દૃષ્ટિએ ઠીક છે, પણ હિંસા અસત્ય ચોરી વ્યભિચાર વિગેરેની ભીતિ બતાવવી એ તો ખરેખર મનુષ્યને ધર્મના બહાને જાળમાં ફસાવનાર વસ્તુ છે.

તેઓના તર્કો કેટલા બધા દોડે છે?

તેઓ કહે છે કે પૃથ્વી જલ વિગેરેમાં જીવો છે એ વાતનો પુરાવો છે ? શું કહી શકશો કે, કોઇ દૂરદર્શક યંત્રથી એ જોઇ શકાય છે ? એ વાત અહીં રહી, પણ દૂર દૂર આઘે ને આઘે જે સ્વર્ગની વાતો કરી છે કે ત્યાં અપાર સુખ છે, પુણ્ય કરે છે ને સંયમ તથા ત્યાગ કરે છે તે બધા સ્વર્ગમાં જાય છે, ને જેઓ ઘણાં પાપ કરે છે તે બધા અગાધ ને રૌરવ વેદનાવાળી નરકમાં જાય છે, એ બધી વાતો ભલે પુરાણા લોકો માને, પણ આજના જમાનામાં આ વાત ઘડીભર પણ ઉભી રહે તેમ નથી. વળી આવી હકીકતોથી લોકનાં દિલ ભરવાં તેના કરતાં બહેતર છે કે કાંઇક ઉદ્યોગ શોધી કહાડવો કે જેથી પેટ તો ભરાય. આમ પરલોકના વિરોધીઓ આજે સમાજમાં જ્યાં ત્યાં કેસરીસિંહની જેમ ગર્જનાઓ કરતા હોય છે, ને પોતાને પંડિતો માનતા પૂંછ ઉડાડતા હોય છે. તેઓ તર્કવિતર્કોથી ને જમાનાને હંફાવે તેવી અનેક યુક્તિઓથી સમાજમા ફાવી જતા દેખાય છે, ને વાદવાદ પણ કહેવરાવતા જણાય છે.

સારાંશ

સાર એ છે કે આમ જોર કરનાર લોકો અમુક વખત સુધી (પુણ્ય મિત્ર હોય ત્યાંસુધી) ભલે ફાવે, પણ પરિણામે-મરતી વખતે કે તે લગભગમાં અવશ્ય તેઓ નાસીપાસ થાય છે. તેઓના બોલેલા શબ્દો તેઓની આંખ તળે આવે છે. કબૂલ કરે કે ન કરે પણ પોતાની આંખે કુદરતને જુએ છે. કુદરત (કર્મ-કોઇ ગુપ્ત ચીજ) પોતાનાં શસ્ત્રો વખત આવતાં બનાવવા લાગી જાય છે, ત્યારે એ માનવ હોય કે દાનવ હોય પણ અશ્રુ સાથે એ પરલોકનો હુન્કાર કરતાં નીચી મુંડી સાથે સહે છે; એટલું જ નહિ પણ એ માણસ કુદરતના પોલાદી પંજા આગળ હારી જાય છે.

પ્રકરણ ત્રીજું

ભક્તિમાર્ગ

જીવ ને પરલોકના વિશ્વાસુ આસ્તિકો છે, ને એ વિચારની વિરુદ્ધ નાસ્તિકો છે, એટલે તેને અંગે આસ્તિકો ને નાસ્તિકોના વિચારનું યતકિંચિત્ પરિસ્ફોટન કર્યું. જીવજગત્ ને પરલોકને માનનારા આસ્તિકો છે, તોપણ તેમાં ભિન્ન ભિન્ન વિચારોનું વહેણ વહેતું હોય છે. આ ભરતભૂમિ ઉપર મુખ્યત્વે બ્રાહ્મણ બૌદ્ધ ને જૈન દર્શનનાં મંતવ્યો કેવી રીતે છે, તે સંબધી વિચારવાનું છે. બ્રાહ્મણ દર્શનને અંગે ભિન્ન ભિન્ન દર્શનો પ્રવર્તે છે. તે ભિન્ન ભિન્ન દર્શનોનું ભિન્ન ભિન્ન કથન હોય એ સહજ છે.તેમાંથી થોડાં દર્શનોનો અત્ર વિચાર કરવા ધાર્યો છે. ભિન્ન ભિન્ન દર્શનોમાં કેટલાક ભક્તિમાર્ગને પસંદ કરે છે, ત્યારે કેટલાક કર્મમાર્ગને પસંદ કરે છે ને કેટલાક જ્ઞાનમાર્ગને ધ્યેય તરીકે સ્વીકારે છે. આ તત્ત્વો જોકે તે બધામાં ગૌણ-પણે હશે, પણ મુખ્યત્વે પોતપોતાના માન્ચિત તત્ત્વને તેઓ વધારે પસંદ કરે છે.

શ્રી વલ્લભાચાર્ય શું કહે છે?

ભક્તિમાર્ગના અનુયાયીઓ કેવળ ભક્તિને પસંદ કરનારા છે. તેઓ આ વિશ્વ કોણે રચ્યું, કેમ રચ્યું, વિગેરે વાત કૃષ્ણ ઉપર ટોળે છે. આ વિશ્વનો સર્વનિયામક એક માત્ર હરિ (કૃષ્ણ) છે, તેના વિના બીજી બધી વસ્તુ વ્યર્થ છે, એમ તેઓ કહે છે. ભક્તિમાર્ગ વેદ ને ઉપનિષદો પછી ઉપસ્થિત થયો છે. ભક્તિમાર્ગના પ્રણેતા વલ્લભાચાર્ય છે. તેમણે ષોડશ ગ્રંથો બનાવ્યા છે, તેમાં મુખ્યત્વે તેમણે ભક્તિનું પોષણ કર્યું છે, ને ભક્તિ એજ કૃષ્ણને પહોંચવાનો માર્ગ છે એમ કહ્યું છે. તે કહે છે કે—

तस्मात् श्रीकृष्णमार्गस्थः विमुक्तः सर्वलोकतः ।
आत्मानन्दसमुद्रस्थं कृष्णमेव विचिन्तयेत् ॥१५॥

लोकार्थी चेद् भजेत् कृष्णं क्लिष्टो भवति सर्वथा ।
क्लिष्टोऽपि चेद् भजेत् कृष्णं लोको नश्यति सर्वथा ॥१६॥

તેનો અર્થ એ છે કે, તે માટે કૃષ્ણના (પુષ્ટિ) માર્ગમાં રહેલો જીવ, સર્વ લોકથી મુક્ત થાય છે, ને તે આત્માના આનંદસમુદ્રમાં એકલા કૃષ્ણને ચિંતવે. લોકનો (આ જગતનો) અભિલાષી થાય છે તે ક્લેશ પામે છે, પણ ધારો કે જીવને ક્લેશ હોય ને જો કૃષ્ણને ભજે છે, તો સર્વથા સંસાર નાશ પામે છે. (સિદ્ધાન્ત મુક્તાવળી જુઓ).

જ્ઞાન કરતાં ભક્તિની ઉત્તમતા કેટલી બધી છે તે સંબંધી તે જણાવે છે:

ज्ञानाभावे पुष्टिमार्गी तिष्ठेत् पूजोत्सवादिषु ॥ १७ ॥

અર્થાત્—જ્ઞાનના અભાવમાં પુષ્ટિમાર્ગી પૂજા ઉત્સવ વિગેરેમાં ઉભો રહે છે.

મતલબ એ છે કે અજ્ઞાની હોય તોપણ પ્રભુ (કૃષ્ણ) નો પ્રેમી હોય તો તેને સર્વ જગ્યાએ અધિકાર છે. આથી વિશેષ

ભક્તિ વિષે તેઓ ભાર આપે છે, ને કહે છે કે ભક્તિ હોય તોપણ સમર્પણ તેના કરતાં વધે છે; તેથી તે કહે છે કે નિવેદન, દાન, ને અર્પણ એમ ત્રણ ભેદ છે. નિવેદન એટલે વસ્તુનું નામ લેઈ કહેવું કે આ વસ્તુ, પ્રભો! આપની છે. દાન એટલે પોતાની સત્તા-માલિકી છોડી તે વસ્તુ આપી દેવી. અર્પણ એટલે રસોઇ કરનાર રસોઇ તૈયાર કરી જેમ માલિકને અર્પણ કરે છે, તેમ પ્રભુને સર્વ સમર્પણ કરી દેવું. તેને અંગે નીચેનો શ્લોક આપે છે:

निवेदिभिः समर्प्यैव सर्वं कुर्यादिति स्थितिः।
न मतं देवदेवस्य सामिभुक्तं समर्पणम् ॥ ५॥
(સિદ્ધાંતરહસ્ય ગ્રંથ)

અર્થાત્—ભક્તોએ પ્રભુને સર્વ સમર્પણ કરવું તે એવી રીતે ચલાવવું જોઇએ. પણ અર્પણ કરવા યોગ્ય વસ્તુ થોડી પણ ભોગવી હોય તો અર્પણ કરવું યોગ્ય નથી. મતલબ એ છે કે ઉચ્છિષ્ટ-એંઠી વસ્તુ આપવી એ ઇષ્ટ નથી. ભોગવ્યા પહેલા આપવી જોઇએ.

પ્રભુને અર્પણ કરવામાં સર્વસ્વ સમાય છે, એવો તેમનો આશય છે. ચાંડાલિની હોય પણ જો તેમને પસંદ હોય તો તે તેઓ રાજપત્ની કરી શકે છે, ને ઇચ્છામાં આવે તો તે કેડી દે, તો પણ ભક્તે તેમાં ચિંતા સેવવી ન જોઇએ.

અંતઃકરણપ્રબોધ ગ્રંથઃ—

चांडाली चेद् राजपत्नी जाता राज्ञा च मानिता।
कदाचिदपमानेपि मूलतः का क्षतिर्भवेत् ॥ २॥
समर्पणादहं पूर्वमुत्तमं किं सदा स्थितः।
का ममाधमता भाव्या पश्चात्तापो यतो भवेत् ॥ ३॥

(અર્થ) ચાંડાલિનીને રાજાએ રાજપત્ની બનાવી, ને પછી તે અપમાનિત થઇ ને મૂળ સ્થિતિમાં આવી, તો તેમાં તેને નુકસાન શું થયું? સમર્પણ પહેલાં હમેશાં મારી સ્થિતિ ના સારી હતી કે જે આવી સ્થિતિ આવી છે તેનાથી પશ્ચાત્તાપ થાય છે?

મતલબ એ છે કે બ્રહ્મસંબંધ થયા પહેલાં ચાંડાલિનીની સ્થિતિ નીચી હતી, પણ પછી પ્રભુના ચરણમાં ઉંચી થઈને પછી નાલાયક ઠરાવી તો તેથી શા માટે દુઃખ ધરવું જોઇએ? હકીકત એ છે કે મલીન વાસનાને લીધે નાલાયકી ન ગઈ ને તેને માટે શોક કરવો તેને બદલે પોતાની લાયકી માટે વિચાર કરવો જોઈએ.

આમ તેમના ષોડશ ગ્રંથમાં દરેક શ્લોકમાં ભક્તિને પ્રાધાન્ય આપ્યું છે. તેમણે લૌકિક કાર્યને વખોડી નાંખ્યાં છે. એ ઉપરાંત વૈદિક કાર્ય કરવાનું તેઓ ઇષ્ટ ધારતા નથી, પણ તેને વખોડી કહાડે છે. એટલે તેઓ કહે છે કે હરિની ભક્તિથી કોઈ ચીજ વિશેષ નથી. હરિની ભક્તિ કરતાં પાપ થાય તે પાપ નથી. ભક્તિ હરિને બીજી બધી વસ્તુઓ કરતાં વધુ વ્હાલી છે. કારણ એ છે કે હરિએ આ બધી માયા બનાવી છે તો તે માયા જેમ સ્ત્રીજાતિ છે, તેમ ભકિત પણ નારી જાતિ છે. તે બન્ને એક હોવાથી બન્નેનો મેળ હરિ (ઇશ્વર) સાથે સારો આવે છે, પણ વિરોધ થતો નથી. હરિની ભકિત મૂકી કેટલાકો વૈરાગ્ય ને જ્ઞાનને પસંદ કરે છે. જ્ઞાન વૈરાગ્ય નારી જાતિ ન હોવાથી ભકિતથી બિન્ન પડે છે, એટલે તેને માયા (કર્મલેપ) લાગે છે, ને તે મનુષ્ય આગળ વધી શકતો નથી. પ્રભુના ધામમાં જવું હોય તો ઇષ્ટ એ છે કે ભકિતમાં તરબોળ થવું, એટલુંજ નહિ પણ અભેદભાવે ભકિતથી તેણે ઇશ્વરમાં એક થવું જોઈએ. ભક્તિ-માર્ગમાં રહેલા જીવોને કાંઈ કરવાનું રહેતું નથી એમ તેઓ કહે છે. પુણ્ય પાપ ધર્મ અધર્મ વ્યવહાર, એ સઘળાં ભક્તિમાં આવી જાય છે. મનુષ્યો સંસારમાં રહી ગમે તેટલા ભોગો ભોગવે, ને સ્ત્રી પુત્ર પૈસા વગેરેનો ગમે તેટલો લહાવો લે, પણ જો ભક્તિમાં લીન થાય છે, તો ભોગોનું કડવું ફળ તેમને પછી ભોગવવું રહેતું નથી. એ લોકો કહે છે કે હરિ સાથે લીલા રમતાં તેને અનુકૂળ થઇ સર્વ સમર્પણ કરતાં ભક્તજનોને દુઃખ કે માયા નડતાં નથી; કારણ એ છે કે પ્રભુ પોતે પોતાનાં ભક્તોને પોતાનાં જાણી બચાવી લે છે.

અભક્તો (વિરોધીઓ)ને ન બચાવી શકે એ કદાચ સંભવિત છે; પણ પોતાની સાથે લીલા કરનાર દાસ કિંકર જનોનો ઉપકાર હરિ ક્યારે પણ ભૂલતા નથી. તેમના કથન પ્રમાણે ખરી સ્થિતિ એ છે કે વિશ્વની બધી સત્તા હરિના હાથમાં છે, ને તેજ આ આખા વિશ્વનો સંચાલક છે. કર્તાહર્તા પણ તે છે. તેના વિના આ વિશ્વમાં બીજા કોઇનું ચાલતું નથી. એટલે ભક્તિમાર્ગના અનુયાયીઓ સર્વ કૃષ્ણ પ્રભુને સોંપી દેવાને ખુશી છે, ને સોંપી રહ્યા છે.

દયારામ કવિ કહે છે તે

આ વાતને ગાવાના ગજામાં એક સારા પ્રસિદ્ધ દયારામ કવિ પણ સારી રીતે સમજાવી રહ્યા છે. ગોવર્ધનરામભાઈ ત્રિપાઠી ('સરસ્વતીચંદ્ર'ના લેખક) કે જેમણે દયારામ કવિનો અક્ષર દેહ લખ્યો છે, તેમણે એ પુસ્તકમાં એ કવિની કડીઓ મૂકી છે. તેમાંથી પુષ્ટિમાર્ગને મળતી કેટલીક કડીઓ અત્ર ઉતારીએ તો તેમાં કાંઈ ખોટું લેખાશે નહિ. તે કહે છે કે, જ્ઞાન ત્યાગ વૈરાગ્ય ગમે તેટલાં કરીએ પણ પ્રભુભક્તિથી તે વધી શકતાં નથી મૂર્ખ લોકો ભક્તિ મૂકી બીજી વસ્તુની અગત્ય સ્વીકારે છે, પણ તેઓ ભૂલ કરે છે. કવિ કહે છે કે—

> ઢોકળા સરખી મુક્તિથી, જન પ્રેત થાય પ્રસન્ન,
> જે ભક્તિ રસના ભોગીઆ, તેનું ન માને મન.
>
> (રસિક વલ્લભ પદ ૫૩)

કોઈ પણ ધર્મધુરંધરો મુક્તિને ગમે તેટલી વખાણતા હોય પણ તે મુક્તિ ભક્તિરૂપ રસ આગળ ઢોકળા સમાન છે. પ્રેત લોકો બાકળા ઢોકળાથી ખુશી થાય છે, પણ તે રસને પસંદ કરતા નથી. રસના રસિકો તો કોઈ સુખી કે ઉચ્ચ શ્રીમંત લોકો [illegible] છે એટલે નટવરનાગરની ભક્તિ તો [illegible] થોડા ઉચ્ચ [illegible] છે. ઢોકળાના રસિકો બધે મળે માટે જ્ઞાન ત્યાગની [illegible] પણ

તે ભક્તિ વસ્તુને જાણતા નથી. પુષ્ટિમાર્ગને વશ થઇ તે કવિ નટવરનાગરની ભક્તિમાં લીન થઈ પ્રભુની ભક્તિ નીચે પ્રમાણે કરે છેઃ

> શતપત્ર લોચન સુંદરી શ્યામા તણાં બહુ વૃંદ,
> તે મધ્ય વિલસે લાલ નટવર, રસિક મણિ ગોવિન્દ.
> નિત્ય નવલ રાસ વિલાસરચના કથનમાં કયમ આવે?
> છે નિત્ય લીલા પ્રાકૃત આનંદમય શ્રુતિ ગાવે.
> એ પૃષ્ટિ સૃષ્ટિ સર્વની શ્રીઅંગથી ઉત્પત્ત,
> જન દયા પ્રીતમ કૃષ્ણરૂપ વિના ઠરે નહિ મત્ત.
>
> (રસિક વલ્લભ : પદ ૮૨)

વલ્લભાચાર્ય પુષ્ટિમાર્ગને ભક્તિથી આગળ વધારી રહ્યા છે. તે માર્ગનું અનુકરણ કરતાં કવિ દયારામ પોતાના આનદિત હૃદયને વિકસાવી રહ્યા છે ને કહે છે કે એ નટવર નાગર બીજા કોઈ નહિ પણ કૃષ્ણ કે જેઓ શ્યામાના વૃંદમાં હમેશાં આનદ કરતા હોય છે. એ પ્રભુ નિત્ય નવલા રાસ રચે છે ને શ્યામાના જીવનને આનંદ આપે છે. આવા રાસલીલાવલ્લભ નટવર નાગરને મૂકી બીજા પ્રભુને ચહાવા એ તો મૂર્ખાઈ છે.

કવિ દયારામ ભક્તિના રંગમાં રંગાઈ ગયા હોય તેમ નટવર નાગરના પ્રેમમાં ઝુકી પડયા છે. કોઇ તટસ્થ અજ્ઞાત મનુષ્ય આને ભક્તિરસ કહે કે શૃંગાર કહે તો તે વાચક પોતે વિચારી જુએ. પણ દયારામ પુષ્ટિપંથના વહેણમાં ઉતરી પડેલા પોતાના પ્રેયસૂને આશકના લેબાસમાં પધરાવી પોતે માશુક થઈ અથવા ગોપાંગનાના ભાવમાં આવી જઈ નટવર નાગર નંદકુમારને વિનવી રહ્યા છે ને કહે છે કેઃ—

> ઉભા રહો તો કહું વાતડી, બીહારીલાલ
> તમ માટે ગાળી છે મેં જાતડી. બીહારીલાલ
> જે દહાડે મળ્યા'તા વનમાં, બીહા૦
> તે દહાડાની તાલાવેલી તનમાં, બીહા૦

વેદના વિરહની તે ક્યાં ભાંખીએ, બીહા૦
ભીતરનો ભડકો તે ક્યાં દાખીએ ? બીહા૦
ફટકારા સરખી ફરૂં વનમાં, બીહા૦
કળ ન પડે રજની દિનમાં. બીહા૦
(દયારામ કાવ્યસંગ્રહ: ગાથા ૪૩

ગોવર્ધનરામભાઇએ 'અક્ષર દેહ' માં આવી કેટલીક કવિતાઓ ઉતારી છે; તે ઉપરથી કહેવાનું એ છે કે કવિ દયારામ ભક્તિમાર્ગમાં એક કોઇ અઠંગ ભક્ત હતા, તેમ ગાયનમાં રસિક ને ગાયનકાર અચ્છા હતા, તેમ ગાયન ઉપરથી જણાઇ આવે છે. તેમની ઘણીખરી કવિતા એ કૃષ્ણપ્રેમમાં જોડાઇ હશે એમ એમની કવિતા ઉપરથી જણાય છે. જ્યારે જ્યારે એ રસમાં તરબોળ થતા હશે, ત્યારે ત્યારે તેમના મુખથી એવો પ્રવાહ વહેતો હશે. એ વહેણમાં તેમની અનેક ઊર્મિઓ છે, પણ આ સ્થળે તેમાંથી થોડી લેઇ વિરમી જઇએ:

વહાલો મહારો કુંજમાં વાય છે વાસળી રે લોલ,
નાદે વીંધી છે મહારી પાંસળી રે લોલ.
ગોઠતું નથી કાંઇ ભુવનમાં રે લોલ,
સખી આવો તો મળી સુખ મહાલીએ રે લોલ.
× × × ×
ચાહ ન જોગો વરણાગીયા જોના કાળજે કેમ થાય.
× × × ×
મોહન મુખડું જોઇ મનડું મોહાય છે
× × ' '
વહાલા શાને લોચન લલચાવો.
માણીગર મ્હારે મહેલે આવો.

આવી અનેક ગરબીઓ કવિ દયારામે ગાઇ છે. નાગર સ્ત્રીઓ (કૃષ્ણવલ્લભાઓ) કૃષ્ણને વિનવતી હોય તેમ નામ લિખી કરી છે.

તેમના કથનનો સાર

પુષ્ટિમાર્ગના સંસ્થાપક શ્રી વલ્લભાચાર્ય થયા, તેમણે ષોડશ ગ્રંથોમાં કૃષ્ણની ભક્તિ કરવાની અગત્ય બતાવી છે. નિવેદન, દાન, ને સમર્પણ એમ ત્રણ ભેદો પાડી સમર્પણની કીંમત વધારી છે. એટલે સર્વસ્વ પ્રભુને સમર્પી દેવું, પોતાને ભોગ્ય, ખાદ્ય ને પેય વિગેરે જેટલી જેટલી ચીજો હોય તે બધીને સ્પર્શ્યા વિના પ્રભુને સોંપવી તેમાં કલ્યાણ છે, એ પ્રમાણે કવિ દયારામે ભક્તિ ગાઇ બતાવી છે. આ ઉપરથી તેમનું વક્તવ્ય એ છે કે બીજા બધા તપ જપ તીર્થ દાન ત્યાગ કૃષ્ણની ભક્તિ વિના વ્યર્થ છે, અથવા એ બધાં કૃષ્ણની ભક્તિના અંશમાં ભેળવી દેવાં ઘટે. ✓

તટસ્થ વિચારકો શું કહે છે?

✓ બ્રહ્મસૂત્ર ઉપર ભાષ્ય લખનાર શંકરાદિ ત્રણ સમર્થ આચાર્યો થયા. તેમણે બ્રહ્મ જીવ ને માયા વિષે તાત્ત્વિક વિચારો કર્યા છે, ત્યારે વલ્લભાચાર્યે ભક્તિની વિશિષ્ટતા બતાવી છે. કોઇ તટસ્થ વિચારકો વિચાર કરે છે કે ભક્તિલીલામાં રમતા પુરૂષની કરવી કે લીલાથી રહિત મુક્ત પુરૂષની કરવી? જેને પ્રભુ કહીએ છીએ તે પ્રભુ તો લીલારહિત છે. જ્યાં લીલા છે ત્યાં માયા છે, દોષ છે, ને અપૂર્ણતા છે. આવી ભક્તિ કરવાથી જીવ શિવ થઇ શકે છે કે પતિત થાય છે? કારણ વિશ્વભરમાં જીવ માત્ર પોતાની પત્ની સાથે લોહચુંબકની જેમ લીલા કરતા હોય છે. વિષયાદિ રસ સઉ કોઇ પતિ પત્ની સાથે જેમ ગોપીઓ કૃષ્ણની સાથે ઇચ્છે તેમ કરી રહ્યા છે. પ્રભુને સમર્પણ કરવામાં એકલા જીવને જો ભક્ત ઇચ્છતો હોય તો તે સમર્પણ ઇષ્ટ છે, પણ આજે ભક્તજનો પ્રભુને પોતાના વિષયો જે ખાદ્ય કે પેય હોય કે પછી ભોગ્ય સ્પર્શાદિ હોય તેને અર્પે છે, ને તે પોતે પ્રભુ સાથે ભોગમાં એકરસ થાય છે. તો પછી શંકા એ થાય છે કે જીવ માત્ર પોતાના ખાનગી જીવનમાં

વિષયાદિ સાથે શું તન્મય નથી કે પ્રભુની સાથે તન્મય [illegible] [illegible]પણું થવાનું માને છે? એકાન્તમાં પુરુષ સ્ત્રી સાથે જે રંગ રમે છે, તે રમત [illegible] બતાવી છે. તો શું એને ભક્તિ કહેવી કે મોહની તાવાવેલીના પડઘમ કહેવા? મનુષ્ય વિચાર કરે કે આ તે મોહને નાશ કરવાના રસ્તા છે કે મોહને ઉત્પન્ન કરનારાં વાજિંત્રો છે? આ તે ભક્તિ કરવાનો માર્ગ છે કે સંસારમાં ઝુકાવનારો શૃંગાર રસ છે? આ વાતને થી મનુષ્યને કઈ લાગણીઓ [illegible] એ સમજી શકાતું નથી. મોક્ષ પદ મેળવવાને ભક્તિની આવશ્યકતા છે, પણ એ ભક્તિ કેવી હોવી જોઈએ એ વાત ગુંચવણમાં પડી હોય એમ આ ઉપરથી લાગે છે. કારણ, વસ્તુ સમજવાને પહેલાં જ્ઞાનની જરૂર છે; ત્યારે આ લોકો કહે છે કે જ્ઞાનનો અભાવ હોય પણ જો ભક્તિ હોય તો અવશ્ય પ્રભુ તેને પોતાના ધામમાં લઈ જાય છે. આ વાત આજનો કોઈ પણ વિદ્વાન માન્ય કરી શકે તેમ નથી, કારણ કે જ્ઞાન એ સત્યાસત્ય ને હિતાહિત સમજવાનો દીવો છે. દીવાના પ્રકાશથી મનુષ્ય [illegible] જાણી શકે છે, ત્યારે આ લોકોએ એ સમજવાનો માર્ગ જ [illegible] છે તો કોઈ રીતે જીવ શિવ થઈ શકે? ભક્તિમાં કેવળ શુદ્ધ [illegible] પવિત્ર પ્રેમ હોવો જોઈએ; ત્યારે આ લોકો વિષયમાં ને વિષય [illegible] ભક્તિ માને છે, તો એ ભક્તિ છે એમ કેમ કહી શકાય? [illegible] છે. ત્યાં વિષય છે, ને મોક્ષ પદ મેળવવામાંય વિષય છે, [illegible] એકમાં અંતર શું! એટલે આ હકીકત કોઈ સુજ્ઞ પુરુષથી [illegible] મંજૂર કરાય તેમ નથીજ.

પ્રભુ કેવા હોવા જોઈએ?

જે પુરુષને પુષ્ટિ માર્ગાચાર્ય સમર્પણ કરવાનું [illegible] કેવા હોવા જોઈએ, એ વાત તે આચાર્યે બરાબર બતાવ[illegible] નથી, ને ભક્ત લોકોએ પણ તે વાતનો ખુલાસો મેળવ[illegible] [illegible] મનુને [illegible]

સેવ્ય પ્રભુ કેવા હોવા જોઇએ એ સેવકને જાણવાનો અધિકાર છે. સેવક પોતાનો અધિકાર ન સમજે તો પછી એ ભૂલ કોના શિરે જાય છે, એ ભૂલનું ફળ કોણ ભોગવશે, એ વિચાર કરવો જોઇએ. જેને પ્રભુ કહેવામાં આવે છે, તે પ્રભુ સર્વ માયારહિત છે ને સેવકે માયારહિત થઇ એ પ્રભુના ચરણારવિન્દમાં એકતાર થવું જોઇએ. ત્યાં કોઇ ખાદ્ય ભોગ્ય કે પેય પદાર્થના અર્પણની આવશ્યકતા નથી. પોતાનું જીવન–સર્વસ્વ એ પ્રભુમય કરી નાંખવું, એજ સમર્પણ છે. ભક્તિમાર્ગના અનુયાયીઓ આવી ભક્તિને સમજે ને નિર્દોષ પ્રભુને ઓળખે એ ઇષ્ટ છે.

આ માર્ગ શામાટે પસંદ પડયો ?

મનુષ્ય માત્રની એવી પ્રકૃતિ છે કે મોક્ષ જોઇએ, પણ સગવડ સાથે હોય તો ઠીક પડે. ત્રાસ કે ક્લેશ ભોગવવો ને પછી મોક્ષ મળે એવી ધૈર્યયુક્ત સ્થિતિ લોકમાં હોતી નથી. જીવને કર્મથી છૂટવાની અભિલાષા હોય છે, પણ છૂટવાનો માર્ગ છે કે બંધાવાનો માર્ગ છે, એ વિષે મનુષ્ય સહજે અજ્ઞાનતા ધરાવે છે. જ્ઞાન ને ત્યાગ એ બે ભક્તિ માતાના પુત્રો છે, એટલે જ્ઞાન ને ત્યાગ ભક્તિથી ઉત્પન્ન થઇ શકે છે, પણ એકલી ભક્તિથી શું મોક્ષ મળી શકે છે કે? ભક્તિ સાથે જ્ઞાન ત્યાગની આવશ્યકતા છે, પણ જનતાને ત્યાગ ને જ્ઞાન કરવામાં મુશ્કેલી લાગે છે; ને આવી ભક્તિમાં કાંઇક મીઠાશ છે, એટલે ભક્તિમાર્ગ દાખલ થયો. તેમાં પણ ભક્તિ સમર્પણની બતાવી એટલે જે ચીજની ભૂખ હતી તે વૈદ્યે બતાવી, એટલે દર્દી તે વસ્તુને વળગી પડયો. વૈદ્યે રોગ મટાડવાની હા પાડી ને સાથે ભૂખ લગાડવાની કબૂલાત આપી, એટલે સહેજે બેસતું આવ્યું; કારણ, જીવ માત્રને પંચ ઇન્દ્રિયના વિષયો જોઇએ છે, ને તે સંસારમાં છે, તેમ છતાં તે વિષયો સાથે રાખતાં મોક્ષે જવાય છે, પછી અડચણ ક્યાં રહી ! ખોટ ખવાય ને સાથે બાસતું ચાલુ રહે તો એ શ્વાનને ગમતું છે. તેમ સંસારનાં સુખ સાથે પ્રભુ મળતા

ચિતશાત્ ત્રણે માર્ગો જુદા જુદા વખતે ઉપસ્થિત થયા છે. કર્મમાર્ગના પ્રણેતા જૈમિનિ ઋષિ છે, ત્યારે જ્ઞાનમાર્ગના પ્રણેતા વ્યાસ ઋષિ છે. બન્ને માટે એમ કહેવાય છે કે તેઓ શિષ્ય ગુરૂ હતા. શિષ્યને કર્મમાર્ગ (વેદોક્ત ક્રિયાકાંડ) પસંદ પડયો, ત્યારે ગુરૂને જ્ઞાનમાર્ગ પસંદ પડયો. ત્રણેમાં ભક્તિમાર્ગના ઉપસ્થાપક વલ્લભાચાર્ય અર્વાચીન છે. તેના કરતાં પહેલાંના બે માર્ગના ઉત્પાદકો પ્રાચીન કે પણ તે પાસે પાસે છે કે ભિન્ન ભિન્ન વખતે થયા છે તે તો ઐતિહાસિકો વધારે જાણે છે. તે બન્ને ગુરૂ શિષ્ય છતાં તે બન્નેનાં મંતવ્યો કેમ ભિન્ન હશે, એમ આજના વિચારકો કદાચ વિચાર કરે. આપણે આ સ્થળે માત્ર વેદોકત કર્મકાંડ વિષે વિચાર કરીશું.

વેદ અપૌરૂષેય છે.

જૈમિનિ ઋષિ–કર્મકાંડ પ્રણેતા–કહે છે કે આ વિશ્વમાં કોઇ પુસ્તકો સત્ય ને નિત્ય હોય તો માત્ર વેદો છે કારણકે તે પુસ્તકોના કર્તા ઇશ્વિર પોતે છે. મનુ ઋષિ પોતાની સ્મૃતિમાં કહે છે કે– **"अनादिनिधना नित्या वाग् उत्सृष्टा स्वयंभुवा"** વાણી અનાદિ ને નિત્ય છે, ને તે પણ ઇશ્વિરે ઉત્પન્ન કરી છે. આમ વેદોને તે ઇશ્વિરમુખનિર્ગત વાણી કહે છે, જ્યારે બીજી બધી વાણી મનુષ્યકૃત ને મનુષ્યમુખનિર્ગત વાણી છે. શાંકરભાષ્ય–શ્લોક વાર્તિક વિગેરે કેટલાંક પુસ્તકો તે સંબંધી સમર્થન કરતાં જણાય છે; એટલે વેદ કયારે થયા એમ કોઇ પ્રશ્ન મૂકે તો તે પ્રશ્નને તેઓ (વેદના અનુયાયીઓ) હસી કહાડે છે. આજના જમાનામાં આમ જે વિચારો ચાલતા હતા તે રહી શકયા નથી, કારણકે કોઇ પણ મનુષ્ય સહજે સમજી શકે કે વાણી મુખ વિના નિકળી શકતી નથી, તો પછી ઇશ્વરે આકાશમાં રહી મનુષ્યના કાને એ વાણી કેવી રીતે પહોંચાડી ? ઇશ્વર પુરૂષાકૃતિમાન હોય ને નીચે આવી લોકોની આગળ તે વાણી મૂકે તો જ એ વાણી પુસ્તકરૂપે મનુષ્યો જાણી શકે, નહિતો મનુષ્યો કેવી રીતે એ વાણીને જાણી શકે ? [illegible]

सहस्रशीर्षा पुरुषः ॥ (यजुर्वेद ३१, १)

એટલે ઇશ્વરને હજારો મસ્તક છે.

એક અણુ જેટલું કાર્ય હોય તો તેમાં તેના કર્તાની જરૂર પડે છે, પછી આવડું મોટું વિશાળ બ્રહ્માંડ બની રહ્યું છે, તો તેમાં કર્તાની આવશ્યકતા કાં ન હોય? અર્થાત્—આ વિશ્વને બનાવવા માટે હજારો હાથ, પગ ને આંખનો ઉપયોગ કરી તેણે આ વિશ્વ બનાવ્યું છે. વિશ્વને બનાવવાની ઇશ્વરને આવશ્યકતા લાગી આવી એટલે તેણે પોતાના સામર્થ્યથી આ બધું તૈયાર કરી દીધું. વળી વેદના અનુયાયીઓ કહે છે કે આ આકાશ સૂર્ય ચંદ્ર તારાઓ પૃથ્વી પર્વતો નદી વનરાજી વિગેરે વિગેરે સર્વ પદાર્થો ઇશ્વરે બનાવ્યા છે, ને તે ઉંચે કોઇ એક ધામમાં રહે છે. વેદ જેમ એક ઇશ્વરને કર્તા માને છે, તેમ વેદાન્ત—ઉપનિષદો પણ વિશ્વનું કર્તૃત્વ બ્રહ્મમાં આરોપે છે. વેદ એક ઇશ્વર છે તેમ કહે છે ત્યારે વેદાન્ત એક કુટસ્થ બ્રહ્મ છે, તેમ કહે છે. એટલે બન્નેના અભિપ્રાયે આ વિશ્વ ઉત્પન્ન થયું છે. ઇશ્વર ન હોય તો આ વિશ્વ ન હોઇ શકે એમ તેમનું કહેવું છે.

વેદમાં શું હકીકત છે?

આજે જે ઋગ્વેદાદિ પુસ્તકો છે, તેમાં ઘણો વિષય જ્ઞાતવ્ય છે. તેના અભ્યાસીઓએ તે વિષયને ત્રણ ભાગમાં વહેંચી નાંખ્યો છે. પહેલો ભાગ છે તેમાં સંહિતાઓ છે, બીજો ભાગ છે તે બ્રાહ્મણ ભાગ છે, ત્રીજા ભાગમાં વેદાન્ત કે જ્ઞાન વિષય છે. સંહિતાઓમાં ઇશ્વરની પ્રાર્થનાઓ કરી છે. ઉપરાંત ઇન્દ્ર, સૂર્ય, વરૂણ, મરૂત્, અગ્નિ, યમ વિગેરે દેવોની સ્તુતિઓ છે. તે દેવોની સ્તુતિઓ કરવાની મતલબ એ છે કે મનુષ્યોને આબાદી ને સુખ જોઇએ છે, છતાં તેના ઉપર અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, મરકી, પ્લેગ, તીડ, પતગ વિગેરેના ત્રાસો કોઇ ન સમજી શકે તેવી રીતે આવે છે, તો જો દેવોને ખુશ કરવામાં આવે તો મનુષ્યો એ ત્રાસથી બચે છે. એમ એ દેવો પ્રસન્ન થાય શી રીતે એ શંકા તેઓએ કરી અને યજ્ઞયાગાદિની પ્રવૃત્તિ તેમણે

આ જગ્યાએ એ બધાં સૂત્રોનો માત્ર અર્થ નીચે મૂકવામાં આવે છે.

૧ બળદના યજ્ઞમાં બળદનો મંત્ર બોલવો પછી બળદને હોમવો.
૨ સાંઢના યજ્ઞમાં સાંઢનો મંત્ર બોલવો પછી તેને હોમવો.
૩ બકરાના યજ્ઞમાં બકરાનો મંત્ર બોલવો ને તેને હોમવો.
૪ ઘેટાના યજ્ઞમાં ઘેટાનો મંત્ર બોલવો ને તેને હોમવો.
૫ કાળજાના યજ્ઞમાં ઉપસ્થાનનો મંત્ર બોલવો ને તેને હોમવું.
૬ યજ્ઞદીક્ષા લીધા પછી શૂદ્ર સાથે બોલવું નહિ.
૭ ગાય બાંધવાની જગ્યામાં યજ્ઞ કરવાથી પશુવૃદ્ધિ થાય છે.
૮ સ્મશાનમાં યજ્ઞ કરવાથી શત્રુનો નાશ થાય છે.
૯ પશુનાં કાળજાં હોમ્યા પછી હજામત કરાવવી.
૧૦ અગ્નિષ્ટોમ દેવને કાળજાનો હોમ કરતાં જળ છાંટવું.
૧૧ બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈસ્ય એ ત્રણે સમાન છે એમ શાંડિલ્ય આચાર્ય કહે છે.
૧૨ યજ્ઞ કરતાં યજમાન મરી જાય તો તેના ઉપર યજ્ઞપાત્ર મૂકવું.
૧૩ ને તેના મુખમાં સુવર્ણ નાંખી ગાયનું કાળજું તેના મુખ પર મૂકવું.
૧૪ રાજા અશ્વમેધ કરે.
૧૫ પંચ શારદીય યજ્ઞમાં પશુને મારવાં.

એમ બ્રાહ્મણ ભાગમાં જે જે શાખાઓ ને પ્રભેદો છે, તે તે પ્રમાણે હિંસા કરવાના વિષયો સમજાવ્યા છે. આ ઉપરાંત જે જે ઋષિઓએ જે જે સ્મૃતિઓ બનાવી છે, તે તે સ્મૃતિઓમાં પણ હિંસા યજ્ઞ નિમિત્તે બતાવતાં ડર્યા નથી. તે વખતે કેટલાએ ઋષિઓ થયા હશે, પણ પચાસની લગભગ સ્મૃતિગ્રંથો તે તે ઋષિઓનાં નામ સાથે અત્યારે મોજુદ છે. તેમાં યાજ્ઞવલ્કય ઋષિ ને મનુઋષિ ગ્રંથકાર તરીકે પ્રસિદ્ધ છે. મનુઋષિ પણ હોમ કેમ કરવો તે સંબંધી જણાવે છે કે:—

१ तैलैर्व्रीहियवैर्माषैरद्भिर्मूलफलेन वा ।
दत्तेन मासं तृप्यंति विधिवत् पितरो नृणां (अध्याय ३-२६७)

२ द्वौ मासौ मत्स्यमांसेन, त्रीन् मासान् हारिणेन तु (३-२६८)
३ षण्मासांश्छागमांसेन पार्षतेन च सप्त वै । (३-२६९)
४ दशमासांस्तु तृप्यंति वराहमहिषामिषैः । (३-२७०)
शशकूर्मयोस्तु मांसेन मासानेकादशैव तु । (३-२७०)
५ वर्धिणसस्यमांसेन तृप्तिर्द्वादशवार्षिकी । (३-२७१)
६ कालशाकं महाशल्काः खड्गलोहामिषं मधु । (३-२७२)
आनंत्यायैव कल्पंते मुन्यन्नानि च सर्वशः ।

(અર્થ) તલ, વ્રીહિ, જવ, અડદ, મૂલ, ફલ એ મૂળે-
માંથી દરેક વસ્તુ આપવામાં આવે તો પિતૃવર્ગ એક માસ સુધી
તે ભોજન લેઇ તૃપ્ત રહે છે. એમ મત્સ્ય માંસ આપવાથી બે માસ,
સંતોષ પામે છે. હરિણના માંસથી ત્રણ માસ, બકરાના માંસથી
છ માસ, ને ચિત્ર મૃગના માંસથી સાત માસ પિતૃઓ તૃપ્ત રહે
છે. ત્યાંસુધી પુત્રો પાસેથી લેવાની ઇચ્છા રાખતા નથી. સૂવરના અને
પાડાના માંસથી દશ માસ, સસલા ને કાચબાના માંસથી અગિયાર
માસ, લાંબા કાન ને ધોળા રંગના બકરાના માંસથી બાર વર્ષ
સુધી પિતૃઓ સંતોષ માને છે. કાલશાક મહાશલ્ક (એક
કોઈ જાત) ગેંડા ને લાલ બકરાઓનું માંસ મધની સાથે જો આપ-
વામાં આવે તો અનંત વર્ષ સુધી તેઓ તૃપ્ત રહે છે.

વાચકો આ ઉપરથી ખ્યાલ લેશે કે જે મનુ મહારાજ [illegible]
[illegible] પ્રસિદ્ધ છે, તે પણ આવા માંસ [illegible]
[illegible] થી, પણ તેનાથી જીવનને [illegible]
[illegible] એ મહારાજ [illegible] હોય કે [illegible]
[illegible]
[illegible]

છે? તેઓ ગૃહસ્થધર્મની વાત કરે છે, તેમાં ગૃહસ્થધર્મ કેવો હોવો જોઇએ ને અતિથિને કેમ સત્કારવા જોઇએ તેને અંગે કહે છે કેઃ—

महोक्षं वा महाजं वा श्रोत्रियायोपकल्पयत् (१०८)
[યજ્ઞેશ્વર શાસ્ત્રી]

શ્રોત્રિય (અગ્નિહોત્રી) બ્રાહ્મણ જો ગૃહમાં અતિથિ તરીકે આવે તો તેને મોટો બળદ કે બકરો ભોજન માટે આપવો, તો એ ગૃહસ્થધર્મ છે એમ સમજાય. (૧૦૮) સ્નાતક, આચાર્ય, રાજા, મિત્ર, જમાઇને દરવર્ષે ને ઋત્વિજને દરેક યજ્ઞમાં મધુપર્કથી પૂજવા જોઇએ. (૧૦૯)

હવે વિશેષે ભક્ષ્યાભક્ષ્ય વિધિ યાજ્ઞવલ્કય પોતાની સ્મૃતિમાં કહે છે કેઃ—

भक्ष्याः पंचनाखाः सेधागोधा कच्छपशल्लकाः ।
शशश्च मत्स्यष्वापिहि सिंहतुंडकरोहिताः ॥१७६॥
तथा पाठीनराजीव सशल्काश्च द्विजातिभिः ।
अतः शृणुध्वं मांसस्य विधिं भक्षणवर्जने ॥१७७॥
प्राणात्यये तथा श्राध्धे प्रोक्षितं द्विजकाम्यया ।
देवान् पितॄन् समाभ्यर्च्य खादन् मांसं न दोषभाक् ॥१७८॥
वसेत् स नरके घोरे दिनानि पशुरोमभिः ।
समितानि दुराचारा यो हंत्यविधिना पशून् ॥१७९॥
सर्वान् कामानवाप्नोति हयमेधफलं तथा ।
गृहेपि निवसन् विप्रो मुनिर्मांसविवर्जनात् ॥१८०॥

અર્થ—પાંચ નખવાળા જીવો જેવા કે રોદ, ગોધા, કાચબા, શલ્લક ને સસલાં, ગેંડા, ઉપરાંત મત્સ્ય, સિંહ, તુંડક ને રોહિત, એટલા ભક્ષ કરવા લાયક છે. (૧૭૬). પાઠીન, રાજીવ, શલ્ક જીવ સાથે બ્રાહ્મણોએ ભક્ષણ કરવું. પણ કોનુ ભક્ષણ ન કરવુ તેની વિધિ તમો સાંભળો. (૧૭૭). બ્રાહ્મણ ભોજન માટે મરકારેલું પ્રાણ જતા હોય ત્યારે

ખાવામાં આવે તો તે દોષનો સેવનાર થતો નથી, પણ તે દેવોને ને પિતરોને અર્ચીને ભોજન કરે તો. (૧૭૮). જે બ્રાહ્મણ કે મનુષ્ય અવિધિથી પશુને મારે છે તે પશુના જેટલા રોમ છે, તેટલા દિવસ સુધી ઘોર નરકમાં વસે છે. (૧૭૯). ગૃહમાં રહેતો બ્રાહ્મણ દ્વિજ છે, જો તે માંસને વર્જે છે. તે સર્વ ઇચ્છિત ફલને પામે છે ને અશ્વયજ્ઞના ફલને પણ પામે છે. (૧૮૦)

વિનાયકની શાન્તિ કરવામાં પણ માંસની આવશ્યકતા

> મત્સ્યાન્ પક્વાંસ્તથૈવામાન્ માંસમેતાવદેવ તુ ॥૨૮૬॥
> પુષ્પાંશ્ચ સુગંધં ચ સુરાં ચ ત્રિવિધામપિ ॥૨૧૭॥

વિઘ્ન કરનાર ગણપતિને ખુશી કરવા ને બીજી ભવાની દેવી દેવીઓને પ્રસન્ન કરવા તે કહે છે કે તેમની આગળ કાચાં ને પાકાં મત્સ્યો મૂકવાં ને તેમનું માંસ મૂકવું. ઉપરાત પુષ્પો ને સુગંધી પદાર્થો મૂકવા ને સામે ત્રણ જાતિની મદિરા અર્પવી.

પુરાણો પણ એ તરફ છે

વેદ ને સ્મૃતિઓ ઉપરાન્ત પુરાણો પણ આજ વિષયનું મર્મ કરી ગયા છે. લોકો કહેશે કે વેદમાં ને સ્મૃતિમાં ભલે હોય, પણ પુરાણમાં એ વાત નથી, તો પુરાણનો થોડો દાખલો આપીએ.

મહાભારત પુસ્તક લોકોમાં ઘણું મશહુર છે તેના વન અધ્યાયના ૮ થી ૧૦ સુધી શ્લોકમાં જણાવે છે કે રન્તિદેવ રાજા દરરોજ બે હજાર પશુઓ ને બે હજાર ગાયોને રસોઇયા પાસે મરાવી તે માંસ સાથે લોકોને અન્ન ભોજન આપતો હતો. આથી તેની ખ્યાતિ ઘણી વધી. એક બીજો દાખલો આપીએ [illegible] [illegible] પ્રસિદ્ધ છે તે જ્યારે ભોજન લેવા [illegible] [illegible] ભોજન આપ્યું. જેમાં પ્રાણીના [illegible] [illegible] [illegible] [illegible]

ઋગ્વેદ, સામવેદ વિગેરે સર્વ વેદો પશુની હિંસા દ્વારા યજ્ઞાદિ ક્રિયાઓ કહી રહ્યા છે. એટલે સર્વ વેદો હિંસાનો ઉપદેશ આપે છે. ઉપરાંત મનુ, યાજ્ઞવલ્ક્ય આદિ સ્મૃતિકારો તે પાપથી છૂટયા નથી. મહાભારત, ભાગવત વિગેરેમાં પણ એજ તત્ત્વનું પોષણ જણાય છે. વધારે દુઃખ તો એ છે કે વેદ કે જે ઇશ્વરકૃત ગણાય છે, તેમાં કેવલ હિંસા છે, એટલુંજ નહિ, પણ માંસ મદિરા મૈથુન મુદ્રા વિગેરે પ્રકારનું તેઓ સમર્થન કરી રહ્યા છે. આખો વેદ (બ્રાહ્મણ ભાગ) કેવળ હિંસાથી ભરચક છે. કદાચ આની વિરૂદ્ધમાં લોકો તે કાળે બોલ્યા હોય તો તેની સામે તેઓ કહે છે કે શ્રાદ્ધમાં યજમાને જમવાને નિમંત્રણ આપ્યું ને અતિથિ જો તે માંસને ન વાપરે તો એ પશુના જેટલા રોમ હોય છે, તેટલાં વર્ષ તેને નરકમાં રહેવું પડે છે. મનુ ઋષિ કહે છે (આજના લોકો બોલે છે તેમ) કે બ્રહ્માએ ઓષધિઓ (અન્નો) ને પશુઓને યજ્ઞોને માટે ઉત્પન્ન કર્યા છે તો તેમાં પાપ ક્યાં રહ્યું? હિંસા પામેલ પશુઓ તો સામા ઉર્ધ્વગતિમાં જાય છે!

વિષય ને માંસના કેટલા બધા લોલુપી!

વેદના અનુયાયીઓ વિષયસુખની ખાતર કેટલા બધા આગળ ધપ્યા છે તે વિચારતાં હૃદય ધ્રૂજે છે કે નહિ? તેઓ કહે છે કે ઉપર્યુક્ત પશુમાંસ કદાચ એક વખત ભંગીના વાસણમાં હોય તો તેમાંથી લેઇ વાપરવાને વાંધો નથી. વળી કહે છે કે અષ્ટમી તિથિની રાત્રિએ જાગરિકા હોય, તેમાં દારૂના ઘડા ને માંસના ઢગલા હોય, તે ઉપરાંત વેશ્યાઓ નાચતી હોય તો એ રાત્રિજાગરણ હિતાવહ છે.

હવે તેનું તારણ

આટલી વાત કર્યા પછી આપણે વિચાર કરીએ કે આ બધું શું બગાબર છે કે? એ બધી વસ્તુ તારવવાને બે બાબતો આપણે અહીં લેઇએ. પહેલું એ કે વેદ ઈશ્વરકૃત છે કે? બીજું વેદને ધર્મ પુસ્તક કહી શકાય કે? વેદ ઇશ્વરકૃત હોય એ વાત કોઇ વેદ વાંચનાર માની શકશે નહિ. સંહિતાઓમાં ઇન્દ્ર, સૂર્ય, મરુત, વરુણ

વહ્નિ વિગેરે દેવોની સ્તુતિઓ છે. જો વેદ ઈશ્વરકૃત હોય તો ઈશ્વ[illegible] શા માટે તે દેવોની સ્તુતિ મુકે ? કારણ મનુષ્યને વર્ષા પ્રકાશ અગ્નિ પવન વિગેરે ઈશ્વર પોતે કેમ ન આપે કે તેમને ઈશ્વર ખુશામદ કરે છે? મનુષ્યને જેટલી અનુકૂલતા જોઈએ તે આપવાની બધી સત્તા ઈશ્વરના હાથમાં છે. જો ઈશ્વર અમૂર્તિમાન (અશરીરી) હોય તો અલબત્ત ઈશ્વરે તે કામ દેવોને બતાવવાં જોઈએ. પણ જ્યારે ઈશ્વર શરીરવાળો છે, તો પછી તે બધું મનુષ્યને માટે કરતાં તેને કેટલી વાર લાગે? અર્થાત્ ન જ લાગે. વસ્તુ એ છે કે ઈશ્વરે એ બધા દેવોની ખુશામત કરીને કવિતામાં તેનો મહિમા ગાયો, તેના કરતાં પોતાનો મહિમા ક્યાં ઓછો હતો કે જેથી ઈશ્વરને એ અવગણના[illegible] વહોરવું પડ્યું? આ ઉપરથી (સંહિતાની અંદર દેવોની સ્તુતિઓ હોવાથી) સમજાય છે કે એ વેદ ઈશ્વરકૃત નથી પણ મનુષ્યકૃત છે. કારણ મનુષ્યો એ સ્તુતિ કરે એ માત્ર સંભવિત છે. વેદની અંદર જે મંત્રો શ્રુતિઓ છે, તે ઈશ્વરકૃત નથી, પણ મનુષ્યકૃત છે કારણ એ છે કે તેની અંદર જે જે મંત્રો છે, તેને [illegible] કાત્યાયન આશ્વલાયન વિગેરે નામો જોડાએલા છે. જો એ વેદ ઈશ્વરકૃત હોય તો તેની અંદર મનુષ્યના—તે તે શાખાઓના બનાવનાર ઋષિઓના નામ ક્યાંથી હોય? તેની અંદર મનુષ્યનાં નામ હોવાં ન જોઈએ. છતાં તેની અંદર ભિન્ન ભિન્ન સ્થલ ભિન્ન ભિન્ન [illegible] જણાય છે. અમુક યજ્ઞમાં અમુક પશુનો હોમ કરવો, અમુકમાં અમુક વિધિ કરવો, આમ બતાવનાર લોકો ન માને તેથી તેઓ [illegible] અનુસરિને. [illegible] ને પ્રમાણે [illegible] છે, [illegible] અનુસારે [illegible] છે એમ અનેક [illegible] ને [illegible] [illegible] કર્યો છે. [illegible] છે ને [illegible] [illegible] [illegible]

✓ હવે આપણે એક ત્રીજું કારણ વિચારીએ. એકમાં દેવોની સ્તુતિ છે, બીજામાં નરમેધ, અજમેધ, ગજમેધ, અશ્વમેધ વિગેરે યજ્ઞોની વાત છે; ત્રીજામાં ઉપનિષદોની જ્ઞાનની વાત છે. તો ઈશ્વરને એ ત્રણમાંથી શું પસંદ હશે ? કે પહેલી બીજી કે ત્રીજી વાત પસંદ હશે? યજ્ઞ કરવાથી સ્વર્ગમાં જવાય છે, ને જ્ઞાનથી મોક્ષપ્રાપ્તિ થાય છે; છતાં એ બે વસ્તુનો પરસ્પર વિરોધ છે. સ્વર્ગનો અભિલાષી મોક્ષને ઇચ્છતો નથી, ને મોક્ષનો અભિલાષી યજ્ઞકાંડને નિંદનીય ગણે છે. આજે તે તે ભાગના અત્યંત રસિકો એક બીજાના વિચારને વખોડે છે. તો વેદ ઈશ્વરકૃત છે તે વાતજ ક્યાં રહે છે? બે વિરોધી બાજુનો એક કર્તા ન હોઇ શકે. ઉદ્યોત હોય ત્યાં અંધકાર ન રહે, ને અંધકાર હોય તો ઉદ્યોત ન રહે. ✓

આ ઉપરથી વક્તવ્ય એ છે ભિન્ન ભિન્ન વ્યક્તિઓએ મળી ભિન્ન ભિન્ન શ્રુતિઓ ને સ્મૃતિઓ ને મંત્રો લખ્યા છે, પણ તે બધા અચોક્કસ કાળે ને ભિન્ન ભિન્ન સ્થળે થયેલા છે, તેથી તે બધાનો સંગ્રહ કરી કોઈપણ વ્યક્તિએ ઇશ્વરના નામે વેદ તરીકે ચડાવી દીધો છે. પછીના અજ્ઞ મનુષ્યોએ એ વાતને વધાવી લીધી છે. સુજ્ઞ મનુષ્યો તો સમજી શક્યા છે કે તે બધુ મનુષ્યકૃત છે. ✓

બીજો મુદ્દો

બીજો મુદ્દો એ છે કે જે વેદમાં પશુહિંસા કહી હોય તે વેદને શું ધર્મપુસ્તક કહી શકાય કે? એ વેદને ગમે તેટલા ઢોળ ચડાવવામાં આવે, કે તે ઇશ્વરકૃત છે તેમ કહેવામાં આવે, પણ વેદ હિંસાનો પ્રચાર કરતો હોય તો તે ધર્મ પુસ્તક કહેવાય શી રીતે? બ્રાહ્મણ સિદ્ધાંત કહે છે કે 'मा हिंस्यात् सर्वभूतानि' તો એ સૂત્ર ક્યાં રહ્યું? હિંસા કરવાથી જો સ્વર્ગમાં જવાનું હોય તો પછી નરકમાં શું ધર્મ કરવાથી-હિંસા ન કરવાથી-જવાશે? માંસ મદિરા મૈથુન સેવવાથી જો સંસાર ઘટતો હોય ને સ્વર્ગ મળતું હોય તો પછી આજે કે જ્યારે એ વસ્તુને સૌ કોઈ ભોગ્ય ...

ત્યારે તેમાં આશ્ચર્ય શું ? એ વિષય ને માંસ મદિરા કોને ગમતાં નથી ! હકીકત એ છે કે જો વેદો, યજ્ઞોની ઓથે રહી એ બધી વસ્તુઓ સેવવાનું કહેતા હોય તો ખરેખર એ કોઇ ઉચ્ચ કોટિનાં પુસ્તકો નથી, પણ સ્વાર્થી જનો-વિષયી જનો-એ બનાવેલાં એ પુસ્તકો છે. પુરાણા જમાનામાં અગસ્ત્ય, વશિષ્ઠ, મનુ ને યાજ્ઞવલ્ક્ય આદિ ઋષિઓએ એનો પ્રચાર કર્યો હોય ને તેમણે એ પ્રવૃત્તિ કરી હોય તો આજે દેખ જોવું છે કે એ સંસારથી છૂટવાનો વિષય નથી, પણ જીવને સંસારમાં ભટકવાનો વિષય છે. આજે જે લોકો માંસ મદિરા વાપરતા હોય તેમની સમાજમાં કીંમત નથી. તો પછી ધાર્મિક ક્રિયાને બહાને જે લોકો તે વાપરતા હોય તેમની કીંમત શી ? મદિરાપાનથી મનુષ્ય વ્યાકુલ બને છે, ને સમાજમાં નિંદનીય ગણાય છે, તો ધર્મની ઓથે એમાં મગ્ન બનવું એ શું શાસ્ત્રીય આજ્ઞા ગણાય કે ! મનુષ્ય ધર્મની ઓથે કે વેદની આજ્ઞાને બહાને જે કાંઇ મસ્તી કરતા હૈ, તેનું ફલ મળવા વખતે એ વેદો (ભલે તેને ધાર્મિક પુસ્તકો ક.) તેને નહિ છોડાવી શકે. પશુનો એક રોમ કે રોમપંક્તિ જોઇ આપણી આંખ અંધારાં આવે છે, તો હાથી-ઘોડા જેવાં પ્રાણીઓને યજ્ઞની અંદર હોમી દેવામાં આવે, ત્યારે તેની કાણવારી થતી હશે ? શું એ પ્રાણીને હોમમાં પડવું સારું હશે કે ! માત્ર એ પ્રાણીનું માંસ ખાવા માટે લોકોની આંખે પાટા બંધાવવા એ શું મનુષ્યનો અધિકાર છે ? ઉપર કહેલ અતિથિના સત્કારની વાત કરી તેમાં માંસ મદિરા [illegible] અતિથિને જમાડવાની વાત બનાવી અતિથિને [illegible] [illegible] પશુઓમાં [illegible] [illegible] [illegible]

વરર સમજી શકે કે આ લોકો કેવળ સ્વછંદી ને વિષયના ભૂખાળવા છે, ને તેઓના નિર્વાહનાં આ બધાં તર્કટો (પેંતરા) છે. મનુષ્યના સામાન્ય વ્યવહારમાં એક નાના જીવની હિંસા થાય છે તો કચવાટ લાગે છે, તો પછી યજ્ઞોને ઓથે અનેક જબરદસ્ત પ્રાણીઓને અગ્નિમાં હોમવાં એ કેટલી બધી ખરાબ વાત? મુસલમાનો, પોતાના માનીતા તહેવાર (ઇદ)ના દિવસે પ્રાણીઓ પર છુરી ચલાવે છે ને તેમને કત્લ કરી નાંખે છે, ત્યારે આર્ય–બ્રાહ્મણ વર્ગ કંપારી અનુભવે છે; ત્યારે બ્રાહ્મણ વર્ગ પોતે યજ્ઞોમાં તેવાંજ પશુને હોમે છે, તો આમાં ને તેમાં તફાવત શો?

તેઓનો બચાવ

વેદના અનુયાયીઓ એવો બચાવ કરે છે કે 'વેદવિહિત હિંસા તે હિંસા નથી પણ ધર્મ છે.' વળી તેઓ એ પણ કારણ આપે છે કે લોકો પૂર્વે ઘણી હિંસા કરતા હતા ને પ્રાણીને ઉભા ને ઉભા ચીરી ખાતા હતા, તેથી ઋષિજનોએ ને ઈશ્વરે વિચાર કર્યો કે લોકો રોક ટોક કર્યા વિના અટકશે નહિ, ને તેમને ભય દર્શાવ્યા વિના જંગલી સ્વરૂપ છોડશે નહિ; એટલે તેમણે આ પ્રમાણે આજ્ઞા કરી છે. આ બધી વાત ગમે તેવી યુક્તિપૂર્વકની હોય પણ એ ગલત છે, ને સ્વાર્થાન્વિત છે.

હકીકત એ છે કે સ્વાર્થપટુઓ આર્ય હો કે અનાર્ય હો, પણ સૌ કોઇ અજ્ઞાનવર્ગ ઉપર ચકાચક કરી રહ્યા છે. સેવકો ને સેવ્યો સૌ પોતપોતાની સ્વાર્થાધતાથી જગતનો નિયમ ભૂલી ગયા છે. મનુષ્યોમાં સહજે ખાવાની ને ભોગની તૃષ્ણા છે, તથાપિ મનુષ્યના મગજમાંથી ધર્મનું ભૂત પણ ખસતું નથી. ધર્મનુ નામ આપવામાં આવે ત્યાં મનુષ્ય સહજે દોરવાઇ જાય છે. પછી તે ધર્મ વ્યાજબી છે કે ગેર-વ્યાજબી છે, એ મનુષ્ય જોવા ઉભો રહેતો નથી, માત્ર ધર્મનું ઓઠું હોવું જોઇએ' તેઓ ધર્મને બહાને લીલા કરતા હોય કે અધર્મ સેવતા હોય, પણ તેઓ તે વાતને જતી કરે છે, કારણ એ છે કે

ત્યારે તેમાં આશ્ચર્ય શું ? એ વિષય ને માંસ મદિરા કોને ગમતાં નહિ ! હકીકત એ છે કે જો વેદો, યજ્ઞોની ઓથે રહી એ બધી વસ્તુ સેવવાનું કહેતા હોય તો ખરેખર એ કોઇ ઉચ્ચ કોટિનાં પુસ્તકો નહિ, પણ સ્વાર્થી જનો-વિષયી જનો—એ બનાવેલાં એ પુસ્તકો છે. પુરા[illegible] જમાનામાં અગસ્ત્ય, વશિષ્ઠ, મનુ ને યાજ્ઞવલ્ક્ય આદિ ઋષિઓએ [illegible] પ્રચાર કર્યો હોય ને તેમણે એ પ્રવૃત્તિ કરી હોય તો આજે [illegible] જોવું છે કે એ સંસારથી છૂટવાનો વિષય નથી, પણ ઉલટને [illegible] રમાં બટકવાનો વિષય છે. આજે જે લોકો માંસ મદિરા વાપ[illegible] હોય તેમની સમાજમાં કીંમત નથી. તો પછી ધાર્મિક [illegible] બહાને જે લોકો તે વાપરતા હોય તેમની કીંમત શી ? મદિરાપાન[illegible] મનુષ્ય વ્યાકુલ બને છે, ને સમાજમાં નિંદનીય ગણાય છે, તો ધર્મ[illegible] ઓથે એમાં મસ્ત બનવું એ શું શાસ્ત્રીય આજ્ઞા ગણાય છે ! [illegible] ધર્મની ઓથે કે વેદની આજ્ઞાને બહાને જે કાંઇ મસ્તી કરતા [illegible] તેનુ ફલ મળવા વખતે એ વેદો (ભલે તેને ધાર્મિક પુસ્તકો [illegible]) તેને નહિ છોડાવી શકે. પશુનો એક રોમ કે રોમપંક્તિ [illegible] જોઇ આપણી આંખે અંધારાં આવે છે, તો હાથી–ઘોડા જેવાં [illegible] પ્રાણીઓને યજ્ઞોની અંદર હોમી દેવામાં આવે, ત્યારે તેની [illegible] મારનારી થતી હશે ? શું એ પ્રાણીને હોમમાં પડતું સારું [illegible] [illegible] માત્ર એ પ્રાણીનું માંસ ખાવા માટે લોકોની આંખે [illegible] [illegible] બચાવવા એ શું મનુષ્યનો અધિકાર છે ? ઉપર [illegible]

[illegible] વાત કહી તેમાં માંસ મદિરા [illegible] [illegible] વાત સમજતી. અતિથિને સંતોષ[illegible] [illegible] છે, પરલોકમાં ગયેલા પિતૃઓને વગર[illegible] [illegible] આપનારી માન એ માંસ ને [illegible] [illegible] ને બધી વાત સાંભળી હવે શુન[illegible] [illegible] નહિ કહી શકે કે આ માંસપાન[illegible] [illegible] ને માંસ [illegible]

જરૂર સમજી શકે કે આ લોકો કેવળ સ્વચ્છંદી ને વિષયના ભૂખાળવા છે, ને તેઓના નિર્વાહનાં આ બધાં તર્કટો (પેંતરા) છે. મનુષ્યના સામાન્ય વ્યવહારમાં એક નાના જીવની હિંસા થાય છે તો કચવાટ થાય છે, તો પછી યજ્ઞોને ઓથે અનેક જબરદસ્ત પ્રાણીઓને અગ્નિમાં હોમવાં એ કેટલી બધી ખરાબ વાત? મુસલમાનો, પોતાના માનીના તહેવાર (ઇદ)ના દિવસે પ્રાણીઓ પર છુરી ચલાવે છે ને તેમને કત્લ કરી નાંખે છે, ત્યારે આર્ય–બ્રાહ્મણ વર્ગ કંપારી અનુભવે છે; ત્યારે બ્રાહ્મણ વર્ગ પોતે યજ્ઞોમાં તેવાંજ પશુને હોમે છે, તો આમાં ને તેમાં તફાવત શો? ✓

તેઓનો બચાવ

✓ વેદના અનુયાયીઓ એવો બચાવ કરે છે કે 'વેદવિહિત હિંસા તે હિંસા નથી પણ ધર્મ છે.' વળી તેઓ એ પણ કારણ આપે છે કે લોકો પૂર્વે ઘણી હિંસા કરતા હતા ને પ્રાણીને ઉભા ને ઉભા ફાડી ખાતા હતા, તેથી ઋષિજનોએ ને ઇશ્વરે વિચાર કર્યો કે [illegible] રોક ટોક કર્યા વિના અટકશે નહિ, ને તેમને ભય દર્શાવ્યા વિના [illegible] સ્વરૂપ છોડશે નહિ; એટલે તેમણે આ પ્રમાણે આજ્ઞા કરી [illegible] બધી વાત ગમે તેવી યુક્તિપૂર્વકની હોય પણ એ ગલત [illegible] સ્વાર્થાન્વિત છે.

હકીકત એ છે કે સ્વાર્થપટુઓ આર્ય હો કે અનાર્ય [illegible] સૌ કોઇ અજ્ઞાનવર્ગ ઉપર ચકાચક કરી રહ્યા છે. સેવકો ને [illegible] પોતપોતાની સ્વાર્થાધતાથી જગતનો નિયમ ભૂલી ગયા [illegible] સહજે ખાવાની ને ભોગની તૃષ્ણા છે, તથાપિ મનુષ્યના [illegible] ને, ધર્મનું ભૂત પણ ખસતુ નથી. ધર્મનુ નામ આપવામાં [illegible] મનુષ્ય સહજે દોરવાઇ જાય છે પછી તે ધર્મ [illegible] [illegible]ભાવ્યો છે, એ મનુષ્ય જોતા ઉભા રહેતા નથી; [illegible] [illegible]રામાં હોવું જોઇએ! તેઓ ધર્મને બહાને લીલા [illegible] જમા- સેવના હોય, પણ તેઓ તે વાતને જતી કરે [illegible] આજ્ઞાનું

મનુષ્યને ધર્મ જોઈએ છે, પણ આંતરિક દોષો છૂટી શકતા નથી, એટલે મનુષ્ય એવો રસ્તો લે છે કે જેથી લોટ ખાવો ને ભસવું એ કહેવતનું પાલન થાય' ખરી સ્થિતિ એ છે કે મનુષ્ય સમજે છે કે ખાવું ને ભસવું એ બે વસ્તુ કોઈ રીતે સચવાતી નથી, છતાં એએ વસ્તુ તેઓ કરી રહ્યા છે.

મોક્ષ કે સર્વજ્ઞ નથી

[illegible] માનવું એ છે કે આ મર્ત્ય લોકમાંથી [illegible] છે ને તેને સ્વર્ગમાં સ્થાન મળે છે, પણ જે મોક્ષ [illegible] વસ્તુત: નથી; કારણકે ત્યાં ઘણા ઈશ્વરો [illegible] છે કે જે આ સૃષ્ટિને ઉત્પન્ન [illegible] નથી ને પછી સર્વજ્ઞ કોઈ થાય છે [illegible] નથી, કારણકે સર્વજ્ઞ થવામાં જે સાધનો જોઈએ તેવાં [illegible] એ કહે છે કે સર્વજ્ઞ થવામાં [illegible] કોઈ પણ વિષય [illegible] માનતા હોય કે રાગ, દ્વેષ [illegible] છે, તોપણ એ [illegible] દ્રષ્ટિ [illegible] મનુષ્યો [illegible] છે ને [illegible]

પણ ધ્યેયને પહોંચવા આત્માને વળગેલા અગણિત દોષને ટાળવા જે પ્રયત્ન થવો જોઇએ તે પ્રયત્નને બદલે બીજી બાબતમાં તેઓ ગૂંથી પડ્યા હોય તેમ જણાય છે. ભક્તિમાર્ગના અનુયાયીઓ ભક્તિને બહાને ખાનપાન આનંદભોગ અર્પણ કરી સુખ ભોગવે છે, ત્યારે યજ્ઞકાંડના અનુયાયીઓ યજ્ઞને ઓઠે માંસાહારાદિ કરવા પશુને મારવાનું વેદવિહિત ઠરાવી ખાનપાનમાં મસ્ત રહેતા હોય છે. એટલે તેમનું ધ્યેય ઉંચું હોય કે નીચું હોય, પણ સાધનોને ઓઠે તેઓ માત્ર આનંદ કરતા જણાય છે.

આ ઉપરથી એ વક્તવ્ય છે કે વેદો મત્સ્ય માંસ ને પશુહોમની રજા આપતા હોય તો એ વેદ ધર્મપુસ્તક તો નથી જ, તેમ તેમાં ઇશ્વરી અંશ પણ નથી. શ્રુતિ સ્મૃતિ ને પુરાણકારો આવી વસ્તુમાં જોડાતા હોય તો સમજી શકાય છે કે તેઓ ધાર્મિક પુરૂષો નથી પણ ધર્મને ઓઠે તેઓ પોતાનું જીવન ચલાવવા ઇચ્છતા હોય છે. ધાર્મિક પુસ્તકો તો જીવને દુઃખથી છોડાવતા ને પાપ ન થાય તેવા રસ્તા બતાવતા હોય છે.

કેટલાકો કહે છે કે વેદની અંદર જે મહીધર ભટ્ટે ટીકા કરી છે, તેમાં સુદ્ધા મૈથુન મત્સ્ય માંસ મદિરા એમ પાંચ મકારની વાત કરી છે, પણ સાયણાચાર્યે ટીકા કરી છે, તેમાં તેમ નથી. આ ખુલાસો ઠીક હશે, પણ આખા વેદની અંદર પશુહોમની વાર્તા મુખ્ય છે, તો પછી એ વેદ હોય તોપણ શું અર્થના? જે હિંસાપ્રધાન પુસ્તક હોય તે ધર્મપુસ્તકો નથી. તેને તેના અનુયાયીઓ ઇશ્વરકૃત માને, પણ વિચારક વર્ગમાં તેનું ઉચ્ચ સ્થાન નથી તેમાં ઉપદેશેલી હકીકતો સમાજના બળથી આજે રોકાઈ ગઈ છે. જે જમાનો અંધારામાં ચાલતો હશે, વા અનુયાયી વર્ગ અંધારામાં પોષાતો હશે તે જમાનામાં વેદની આજ્ઞા ભલે ચાલતી હોય, પણ આજે તો તેની આજ્ઞાનુ પાલન તદ્દન બંધ થઈ ગયું છે.

આવો યજ્ઞકાંડ કે જેમાં પશુહિંસાની વાત કરી, તેનો પ્રારંભ કરતાં જૈમિનિ ઋષિ કહે છે કે 'अथातो धर्मजिज्ञासा' હું હવે ધર્મને જાણવાની ઇચ્છા રાખું છું. પણ આખા કર્મકાંડમાં ધર્મનાં તત્ત્વો કઈ જગ્યાએ રહેલાં જણાય છે? શું આ સિવાય બીજી કોઈ વાત રહી છે કે? પશુને હોમવાની બાબતને તેઓ વેદોક્ત ક્રિયા અને ધર્મ માની રહ્યા હોય એમ જણાય છે, પણ જીવને નીચે જતાં ધરી રાખે તેવી 'ધર્મ'ની વ્યુત્પત્તિ વિદ્વાનોએ કરી છે; ત્યારે આ ઋષિઓએ આવી વ્યુત્પત્તિ કરી સમાજને કેવી શ્રેણીએ દોર્યા છે!

હવે આગળ જ્ઞાનકાંડ સંબંધી આપણે વિચારીશું.

પ્રકરણ પાંચમું

ઉત્તર મીમાંસા (વેદાન્ત) દર્શન

ચતુર્થ પ્રકરણમાં પૂર્વ મીમાંસા [illegible] દર્શનની વાત કરી, તે દર્શનના અધિષ્ઠાતા જૈમિનિ ઋષિ [illegible] ઉત્તર મીમાંસા દર્શનના પ્રતિપાદક [illegible] ઋષિઓ ભિન્ન ભિન્ન વચનો કહ્યાં છે [illegible] કરી હો, પણ તે [illegible] એમ કાં ન કહેવાય! [illegible] દર્શનમાં [illegible] अथातो धर्मजिज्ञासा [illegible] अथातो ब्रह्मजिज्ञासा' એ [illegible] તેમ હોય, પણ [illegible]

મીમાંસાથી ઉત્તરમીમાંસા દર્શન તદ્દન ભિન્ન શાખા પર રચાયું છે. તેમનો બન્નેનો સિદ્ધાંત જુદો પડે છે. પૂર્વમીમાંસા યજ્ઞયાગાદિ ક્રિયા પર ભાર મૂકે છે ત્યારે ઉત્તરમીમાંસા જ્ઞાન-આત્મવિચારણા ઉપર ભાર મૂકે છે, ઉપરાંત યજ્ઞયાગાદિને તે વખોડે છે. ભક્તિમાર્ગ, કર્મમાર્ગ ને જ્ઞાનમાર્ગના ઉત્પાદકો પોતપોતાના સિદ્ધાંતને વ્યાજબી માને છે, ઉપરાંત બીજા સિદ્ધાંતને વખોડે છે. એટલે જ્ઞાનમાર્ગના પિપાસુઓને કર્મમાર્ગ ગમતો નથી, તેમ ભક્તિમાર્ગ પણ ગમતો નથી. ભક્તિમાર્ગના અનુયાયીઓ જ્યારે ભક્તિને ઘેબર સમાન ગણે છે ને બીજા માર્ગને ઢોકળા તુલ્ય માને છે, ત્યારે આ લોકો માત્ર જ્ઞાનમાર્ગને ઘેબર સમાન ગણે છે. તેમને હિસાબે ભક્તિ ઢોકળા સમાન છે, જ્ઞાન એજ ઇષ્ટ છે. તેમ બ્રહ્મસૂત્રના (તત્ત્વના) અભ્યાસીઓ યજ્ઞયાગાદિ ક્રિયાને નરકમાં લઈ જનારી માને છે. જ્ઞાનમાર્ગના પ્રેમીઓ ઉપનિષદો, વેદાન્ત, ભગવદ્ ગીતા વિગેરે આત્મજ્ઞાનનાં પુસ્તકો ઉપર નજર ફેરવે છે.

વેદ ને વેદાન્તનાં તત્ત્વો વચ્ચે અંતર

વેદના અનુયાયીઓ કહે છે કે એક ઇશ્વર છે. રાજાની જેમ આ વિશ્વ ઉપર તે એકલો સત્તા ચલાવે છે. તે ઇશ્વરથી બીજા બધા જીવો ભિન્ન છે ને નીચા છે. બીજા જીવો આ વિશ્વથી કદાચ ઉંચે જાય તો બીજી બધી ગમે તેવી સ્થિતિમાં જઈ શકે છે, પણ ઇશ્વરની કક્ષામાં તેઓ જઈ શકતા નથી. કદાચ ઇશ્વરના ધામમાં જાય તોપણ તેના નોકરપણે ભલે રહે, પણ ઇશ્વરની કોટિમાં તેઓ આવી શકતા નથી. તાત્પર્ય એ છે કે ઇશ્વર ને બીજા જીવો જીવ છતાં તદ્દન પૃથક્ પૃથક્ ને ન્યારા ન્યારા રહે છે. ત્યારે વેદાન્તદર્શન કહે છે કે મૂલમાં એક બ્રહ્મ (કુટસ્થ) છે. તે કેવળ આત્મરૂપ છે, તેને હસ્ત પાદ મુખ કે મસ્તક કાંઇ પણ અવયવ નથી, તેમ તેની પાસે માયા-મલિન પડો પણ નથી. છતાં તેનામાં એક ઇચ્છા ઉત્પન્ન થાય છે તે ઇચ્છાવિશિષ્ટમાંથી એક ઇશ્વર થાય છે. એ ઇશ્વર ને માયા દંપતીની જેમ

આ વિશ્વ–આ સૃષ્ટિ–પેદા કરે છે. અત્યારે જે વિશ્વ દેખાય છે તે તેનું ઉત્પન્ન કરેલું છે. એટલે નાના મોટા સ્થૂલ સૂક્ષ્મ જે જીવો શરીરમાં દેખાય છે, તે બધાએ એ બ્રહ્મના અંશો છે. ઉત્તરમીમાંસા દર્શન કહે છે કે આ બધા જીવ જ્યાં ત્યાં દેખાય છે તે બધું એક બ્રહ્મ છે, તેના વિના બીજું કશું નથી. જડ–પુદ્ગલ, રજઃકણો, ઈંટો, ચુનો, પથ્થર, કાષ્ટ, તૃણ, પૃથ્વી, જલ વગેરે ભિન્ન ભિન્ન કે એકત્ર જે જે દેખાય છે, તે સર્વ એ એક છે. માત્ર દૃષ્ટિના ભ્રમથી આ વસ્તુ પૃથ્વી, જલ, ઈંટ, સ્ત્રીપુરુષ, પશુપક્ષી વિગેરે રૂપ દેખાય છે. વસ્તુતઃ તેમ નથી પણ એકજ એ એક છે, ને તે એક બ્રહ્મ છે. એટલે મૂલમાં એક બ્રહ્મ છે, ને તેમાંથી આ બધું થયું છે. (મૂળસૂત્ર) जन्माद्यस्य यतः ॥ જેના જન્મથી આ વિશ્વની શરૂઆત થઈ છે. જેમ બીજથી વૃક્ષ ને વૃક્ષમાંથી અનેક વૃક્ષો થાય છે, તેમ નર, અમર, પશુ, પક્ષી વિગેરે તેનાથી (બ્રહ્મથી) થયાં છે. ધારો કે આ બ્રહ્મ ન હોત તો શું આ વિશ્વ હોત ખરૂં કે? ખરી વાત એ છે કે આ વિશ્વની રચના બ્રહ્મ વિના નજ હોત એટલે વેદના અનુયાયીઓ ઈશ્વરને વિશ્વના [illegible] કર્તા વગેરે કહે છે, ત્યારે વેદાન્તના અનુયાયીઓ અશરીર એવું બ્રહ્મ છે, તેમાં [illegible] થાય છે, તેને વિશ્વ થવાનું કારણ માને છે વળી તેઓ કહે છે કે તે બ્રહ્મ નિર્ગુણ [illegible] જગતને [illegible]

एको देव सर्वभूतेषु गूढ सर्वव्यापी सर्वभूतान्तरात्मा ॥
कर्माध्यक्ष सर्वभूताधिवास साक्षी चेता केवलो निर्गुणश्च ॥

[illegible]

यस्मात् सर्वज्ञात् सर्वशक्तिरीश्वरात् सृष्टिस्थितिप्रलयाः प्रवर्तन्ते तद् ब्रह्म ॥

અર્થ—જે સર્વજ્ઞ સર્વશક્તિમાન તે ઇશ્વરથી ઉત્પત્તિ સ્થિતિ ને નાશ થાય છે, તેજ બ્રહ્મ છે.

यतो वा इमानि भूतानि जायन्ते येन जातिना जीवन्ति यत् प्रयन्त्यभिसंविशति तदपि जिज्ञास्य तद् ब्रह्म ॥

અર્થ—જે કારણથી આ બધા જીવો ઉત્પન્ન થાય છે ને જેનાથી જીવે છે ને જે જાય છે ને પેસે છે, તે જ બ્રહ્મ છે, તે તું જાણ.

एक एव हि भूतात्मा भूते भूते व्यवस्थितः ॥
एकधा बहुधा चैव दृश्यते जलचंद्रवत् ॥

અર્થ—જેમ ચંદ્ર એક છતાં અનેક સ્થલે ભિન્ન ભિન્ન જલાશયમાં જણાય છે, તેમ બ્રહ્મ આ વિશ્વમાં અનેક જીવોમાં જણાઈ રહ્યો છે.

બ્રહ્મની ઇચ્છા

તેઓ કહે છે કે એક વખતે બધુ શૂન્ય હતું, ત્યારે ન હતી પૃથ્વી, ન હતું જલ, ન હતો અગ્નિ કે પવન, એટલુંજ નહિ પણ આકાશ પણ ન હતું. જીવ, અજીવ, પશુ, માનવી, પાતાલ, સ્વર્ગ, સુર, અસુર, પર્વત, નદી, જલાશય એમ અનેક અગણિત વસ્તુઓ જે અત્યારે છે, તેમાંની કાંઈ ન હતી. તે વખતે એ બ્રહ્મમાં કલ્પના -ઇચ્છા થઈ, એટલે લીલા કરવાની વૃત્તિ તે બ્રહ્મે કરી. તેથી આ બધું બન્યું છે. એક મદારી પોતાની ઇચ્છાથી જેમ એક કરંડીયામાંથી અનેક વસ્તુઓ કહાડે છે ને લોકોને બતાવે છે, ને કેટલાક વખતને અંતરે તે વસ્તુને પોતાના કરંડીયામાં સમાવી લે છે, તેમ આ બધું વિશ્વ એ બ્રહ્મની કૃતિ છે. પ્રસંગ આવતાં તે બધુ તે પોતામાં સમાવી લેશે. એટલે તેમના કથન પ્રમાણે આ વિશ્વની ઉત્પત્તિ છે, સ્થિતિ છે, ને પ્રલય પણ છે. આ વિશ્વ આજે જેમ છે, તેમ ને તેમ તે રહેત

નથી. વેદાન્તીઓ બ્રહ્મને જેમ કર્તૃત્વનું અધિકારી ગણે છે, તેમ બીજા કેટલાકો બ્રહ્માને કર્તા તરીકે કહે છે, ત્યારે કોઇ વિષ્ણુને કહે છે, પણ વિશ્વનો કર્તા કે સંચાલક કોઈ પણ છે એ વાત આજકાલના બધા દર્શનીઓ સ્વીકારે છે.

આ વિશ્વ સત્ય નથી, પણ દેખાય છે

તેઓ કહે છે કે આ વિશ્વ દેખાય છે એ વાત ખરી, પણ પણ વસ્તુરૂપે તો નથી જ. મનુષ્યને નિદ્રા આવે છે, ને તેમાં સ્વપ્ન આવે છે, ત્યારે તે મનુષ્ય અનેક રાજવૈભવ લીલા આનંદ જોઇ આનંદિત થાય છે. સ્વપ્નમાં કેટલીક વખત જાય છે, ને જ્યારે જાગે છે ને જુએ છે, તો જેમ તેના હાથમાં કાંઈ આવતું નથી, તેમ આ વિશ્વની સ્થિતિ, સુખ, ને આનંદ પણ છે. જેમ તૃષાતુર મૃગ પાણી પીવા દોડે છે, ને દૂરથી એ મૃગતૃષ્ણા (ઝાંઝવાનું પાણી)ને પાણી માને છે, પણ એ પાણી નથી. તેમ આ વિશ્વ દેખાય છે, પણ વસ્તુ સ્વરૂપ નથી.

તેઓનો જ્ઞાનમાર્ગ

તેઓ કહે છે કે આ [illegible] અજ્ઞાનથી [illegible] જેમ [illegible] છે, ને અનેક જન્મમરણની [illegible] માં પડે છે પણ તે પોતાના [illegible] પ્રયત્ન કરે તો [illegible] છે. [illegible] ज्ञानान्मुक्ति [illegible] सदानिद् सदस अन्ति [illegible]

અલિપ્ત રહે છે, તેને કર્મબંધ થતો નથી. તેઓ જનક રાજાનો દાખલો આપે છે કે રાજા જનક સર્વ વૈભવ ભોગવવા છતાં માયામાં અલિપ્ત હતા, તેથી આ સંસારમાં તેમને ફરવું પડયું નથી. સંસારમાં જેઓ ફરે છે તે જીવો માયામાં ઉંડા ઉતરી જાય છે. પુત્ર પત્ની વિષયાદિમાં જીવો એકતાર થાય છે. આવો મનુષ્ય બ્રહ્મને કે બ્રહ્મદર્શક પુરૂષ–સજ્જનને, સજ્જનની સંગતિને ચાહતો નથી. તે હરહમેશાં માયાની જાળમાં વધારે ને વધારે ગુંથાતો જાય છે. એટલે તે મનુષ્ય જ્ઞાનનો અનધિકારી રહી દુર્ગતિમાં જાય છે. આથી તે જીવ પરબ્રહ્મ-સુખને પામતો નથી. આવા જીવો જગતમાં ઘણાય છે ત્યારે તેને નીચે પ્રમાણે જ્ઞાન થાય છે. તે સુગુરૂઓ તેને કહે કે, હે જીવ! તું સમજ કે 'तत्त्वमसि' તે (બ્રહ્મ) તું છે; એટલે તું બ્રહ્મ હતો ને છે; વળી એવું તેના મનમાં લાવવા કહે છે કે તું માન કે 'હું બ્રહ્મ છું' 'अहं ब्रह्मास्मि'. આમ જ્ઞાન થતાં અવિદ્યા-અજ્ઞાન આપોઆપ અદ્રશ્ય થાય છે. તેઓ કહે છે કે જેમ ઇયળ ભ્રમરનો ચટકો લેતાં ભ્રમરી થાય છે, તેમ તે જીવ બ્રહ્મજ્ઞાન થતાં બ્રહ્મરૂપમાં ભળી જાય છે. 'બ્રહ્મસૂત્ર'માં કહે છેઃ

यावदेव हि स्थाणाविव पुरुषबुद्धिं द्वैतलक्षणाम्
अविद्याम् निवर्तयन् कूटस्थदृक्स्वरूपमात्मानमहं
ब्रह्मास्मीति न प्रतिपद्यते तावत् जीवस्य जीवत्वम् ॥

(શાંકરભાષ્ય બ્રહ્મસૂત્ર, ૧-૩-૯)

અર્થ—જ્યાંસુધી સ્તંભ (સ્થાણુ) માં પુરૂષબુદ્ધિ છે, ત્યાંસુધી એ દ્વૈતબુદ્ધિ છે, એ અવિદ્યા છે; તે અવિદ્યાને મટાડી તટસ્થ જે બ્રહ્મસ્વરૂપ આત્મા છે, તે હું છું, એ જ્ઞાન જ્યાંસુધી ન પ્રાપ્ત થાય ત્યાંસુધી જીવનો જીવભાવ-દ્વૈતભાવ-મોહભાવ જતો નથી. એટલે આત્મ-બ્રહ્મજ્ઞાન થાય તો આ જીવનો જીવભાવ મટી જાય છે.

આ ઉપરથી વેદાન્ત દર્શનીઓનું એ કથન છે કે બ્રહ્મને જાણવાથી અંધકારની જેમ અજ્ઞાન આપોઆપ ખસી જાય છે. પછી તે

ગમે તેમ ફરે હરે, ખાએ ચાએ, પણ તેને ભય કરવાનો રહેતો નથી. પછી ભલે તે સંસારમાં જનકની જેમ રહે કે ઇચ્છામાં આવે તો અરણ્યમાં ત્યાગીની જેમ રહે, પણ તે પછી સંસારમાં પતિત થતો નથી. માનો કે તેને શબ્દ રૂપ સ્પર્શ ગંધ રસ જેવા વિષયો પસંદ છે, ને તે જીવ તેને અનુભોગે છે; તોપણ તેને બીહવાનું કાંઈ કારણ નથી: કારણકે તે મનુષ્ય બરાબર તત્ત્વને પામી ગયો છે. કેટલાકો ત્યાગ, ક્ષમા, શીલ, વિગેરે ચારિત્રને સેવે છે, ને કેટલાકો તેમ નથી કરી શકતા, તોપણ બ્રહ્મવિદ્ મનુષ્ય બધી રીતે આગળ વધે છે. તેમના હિસાબે જ્ઞાન એ સર્વોપરી છે, પછી તેને ત્યાગ હોય તો ભલે, ને ન હોય તોપણ ભલે.

ચારિત્રની બહુ અગત્ય નથી

તેઓ કહે છે કે તપ ત્યાગ કષ્ટ સંન્યાસ વિગેરે ઉપર જે ભાર મૂકે છે તે સામા જીવને મુઝવણમાં નાંખે છે, કારણકે તપ સંન્યાસ કરવાથી ઈન્દ્રિ જેવી પદવીમાં તે જીવ પાછો લોભાય છે, ને પાછું સંસારમાં ભટકવું થાય છે. એટલે ચારિત્રથી—ત્યાગથી મનુષ્ય પાછો સ્વપ્નની જંજાળમાં પડે છે, ને અજ્ઞાની જનો તેમાં વધારે [illegible] છે. અજ્ઞાનથી દેવ, ઇન્દ્ર, રાજા, ચક્રવર્તી વિગેરે થવાની ઇચ્છા [illegible] છે. એટલે આત્મા માત્ર એક જ્ઞાનને બરાબર પામી જાય તો તેને પછી કાંઈ [illegible] [illegible] નથી. જ્ઞાન થયા પછી તેને કોઈ પણ [illegible] [illegible] [illegible] **'ज्ञानाग्निना सर्वं [illegible] [illegible] [illegible]'** એક [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[illegible] પક્ષ ને વિષે શું કહે છે?

[illegible]

છતાં તેમાં જે ત્રુટિ લાગી આવે છે, તે વિષે સહજ કહેવા વિચાર થાય છે. એ ત્રુટિમાં બે મુદ્દાઓ છે. એક બ્રહ્મમાં કર્તૃત્વનું આરોપણ છે તે, અને બીજો મુદ્દો એ કે ચારિત્ર વિના એકલા જ્ઞાનથી જીવ એટલી ઉચ્ચ દશામાં કેવી રીતે જઈ શકે?

પ્રથમ બ્રહ્મ વિષે કર્તૃત્વની સ્થાપના કરવામાં આવે છે તે વાત વધુ પડતી કાં ન હોય? જો બ્રહ્મ શાંત ને તદ્દન નિરૂપાધિમય હતું, તો પછી તેને આવી જંજાળમાં પડવાનું કારણ શું? ઈશ્વરે (બ્રહ્મ-તત્ત્વે) ઈરાદાપૂર્વક ઇચ્છા ઊભી કરીને માયાનો સંગ ઉપસ્થિત કર્યો. પછી જીવ જડ એમ અનેક વસ્તુઓ પેદા કરી. આમ કરવાથી ઇશ્વરને શો લાભ મેળવવાનો હતો તેનો કોઈ પણ બુદ્ધિમાન્ પુરૂષ વિચાર કરશે તો અવશ્ય મુંઝાશે; કારણકે ઇશ્વરે (બ્રહ્મે) શા માટે આ વિશ્વરચના કરી ગુંચવણ કરી? એમ માની લો કે ઇશ્વરને એવો શોખ થયો કે કાંઈક કરી બતાવું, તો પછી એ શોખ કે લીલા કર-વાની ઇચ્છા જો બ્રહ્મમાં હતી તો એ બ્રહ્મ વસ્તુ ખરી છે કે નહિ? બ્રહ્મ-પૂર્ણ શુદ્ધ સ્થિતિ હોય ત્યાં એ દોષ ક્યાંથી? ને જો દોષ છે, તો પછી શુદ્ધતા-પૂર્ણતા ક્યાં રહે છે? વસ્તુતઃ પરસ્પર વિરોધી બે તત્ત્વો એક સ્થલમાં કેમ રહી શકે? બ્રહ્મની પવિત્રતા ને નિર્દોષતા જે જણાવી છે, તે બરાબર છે; પણ તેમાં ઇચ્છા પેદા થઇ તો ઇશ્વર (બ્રહ્મ)માં ઇચ્છાનો નાશ હતો, તો પેદા કેમ થઇ એ વાતની સાંધ મળતી નથી. તેમ છતાં તમારો સિદ્ધાંત તેમ હોય તો ભલે, પણ જ્યારે ઈશ્વરે વિશ્વને પેદા કરી જીવને આવી સ્થિતિમાં મૂક્યા તો પછી તેમાં જીવનો શો ગુન્હો?

ઇશ્વર ગુન્હેગાર કેમ નહિ?

બ્રહ્મે વિશ્વને બનાવ્યું છે, તેમ ભગવદ્‌ગીતા પણ કહે છેઃ

ईश्वरः सर्वभूतानाम् हृद्देशेऽर्जुन तिष्ठति ॥
भ्रामयन् सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥१८-६१॥

અર્થ—હે અર્જુન ! ઈશ્વર સર્વ ભૂતોના હૃદયદેશમાં રહે છે, ને યંત્ર ઉપર રહેલાની જેમ તે જીવોને માયાના સંગથી ભમાવે છે.

આ પૂરાવાથી એમ સિદ્ધ થાય છે કે બ્રહ્મ-ઈશ્વરે માયા બનાવી, જીવો બનાવ્યા, ને તેમાં તેઓ ફસાયા. આથી એ મથિતાર્થ નીકળે છે કે જીવો સ્વતંત્ર નથી. જો સ્વતંત્ર ને કર્તા હોય તો ઈશ્વર પોતે એકલો છે. હવે જીવો માયામાં ફસાયા તેમાં દોષ જીવનો શી રીતે! કારણકે માયા ઈશ્વરે જો ન કરી હોત તો એ જીવો તેમાં ક્યાંથી ફસાત ? ધારો કે ઈશ્વરને રમવાની ઈચ્છા થઈને લીલા વધારી, તો ઈશ્વર ગુન્હેગાર કેમ નહિ ? જીવો જ્યારે હતા નહિ, ત્યારે ઈશ્વરે જીવોને તૈયાર કર્યા, ને માયા કરી, ને એ બેને ભેગાં કર્યાં, ને એ બેને એક એકના ગ્રાહ્ય-ગ્રાહક બનાવ્યાં. જીવને માયાને લીધે પાપની ગતિ ઉત્પન્ન થઈ ને જીવ પાપ કરવા તૈયાર થયો. હવે એ ખરો ગુન્હો કર્તા તરીકે જીવનો છે કે ઈશ્વરનો છે!

આપણે તટસ્થ રીતિથી એટલું વિચારીએ કે એક [illegible] કોઈને મારવા તૈયાર થયો. પણ તેની પાસે મારવાનું સાધન નહીં, [illegible] તલવાર આપી તો [illegible] ગુનેગાર [illegible] કે આપનાર [illegible] છે? [illegible]

ગોધાની બાબત આ છે કે વેદાન્તીઓએ કર્તા તરીકે ઇશ્વરને ગોઠ-વ્યો ને ભોક્તા તરીકે–માર ખાનાર તરીકે જીવોને ગોઠવ્યા છે. કોઈ પણ સામાન્ય લેખક કે સામાન્ય પુસ્તકકાર જે ભૂલ ન કરી શકે, તેવી ભૂલો એ પુસ્તકકારે કરી છે. આવી ભૂલો અનેક છે, અને તે એકાદ દાખલાથી જોઈએ.

અસંબંધિત પુરાવો

આપણે જણાવી ગયા કે ઇશ્વર સર્વ ભૂતમાં છે, ને તે જીવોને ભમાવે છે. હવે તેની વિરૂદ્ધમાં ગીતાકાર શું કહે છે તે જોઈએ. (જુઓ ભગવદ્‌ગીતા, અધ્યાય ૫.)

> न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।
> न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥ १४ ॥
> नादत्ते कस्यचित् पापं न चैवं सुकृतं विभुः ।
> अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यति जंतवः ॥ १५ ॥

અર્થ—ઈશ્વર લોકના કર્તૃત્વને કે કર્મને સર્જતો નથી, તેમ કર્મફલના સંયોગને પણ મેળવતો નથી. આ બધું સ્વભાવથી વર્તે છે (૧૪). ઇશ્વર કોઇનું પાપ લેતો નથી, તેમ કોઇનું સુકૃત પણ લેતો નથી, જીવો પોતાના અજ્ઞાનથી આવરી ગયા છે તેથી મુંઝાય છે. (૧૫).

આમ એક જગ્યાએ ગીતાકાર ને ઉપનિષદો ઇશ્વરમાં કર્તૃત્વનું આરોપણ કરે છે, ત્યારે બીજી જગ્યાએ ગીતાકાર કહે છે કે ઇશ્વર કર્મ કે કર્તૃત્વને ઉત્પન્ન કરતો નથી; જીવો પોતાના અજ્ઞાનથી મુંઝાય છે. આ બે બાબતોમાંથી કઇ બાબત આપણે સાચી માનવી? વાચક બે બાબતોમાંથી કઈ બાબત સાચી સ્વીકારશે? આ વિશ્વની ઉત્પત્તિ સ્થિતિ ને પ્રલય જો ઇશ્વરને અધીન હોય તો કોઇ પણ જીવ સ્વતંત્ર નથી, પણ ઇશ્વરને વશ છે, ને જો ઇશ્વરને વશ જીવો છે તો તેઓ કેવી રીતે સ્વતંત્ર કર્મ કરી શકે? નહિ જ કરી શકે.

બ્રહ્મમાં હોય તે જીવમાં આવે કે બીજું આવે?

હવે એ પ્રશ્ન થાય છે કે જીવો બ્રહ્મમાંથી ઉતરી આવ્યા છે ને બ્રહ્મમાં જે તત્ત્વો છે, તે જ તત્ત્વો–તે જ અંશોના જીવો છે; તો બ્રહ્મમાં કેવલ જ્ઞાન, આનંદ, સુખ ને સહજ સ્વરૂપ છે. ત્યારે આ વિશ્વના જીવોમાં મલીનતા, અજ્ઞાનતા, કલેશ, દુઃખ, વિરૂપતા દેખાય છે. ચંદ્ર જેવો હોય તેવો ભિન્ન ભિન્ન જલાશયમાં દેખાય છે. જલમાં ચંદ્રનુ પ્રતિબિંબ મલીન હોય ને આકાશમાં ચંદ્ર ઉજ્જવલ હોય એમ કોઈએ જોયુ છે? ઉપનિષદ્ ને વેદાન્ત તત્ત્વોના અભ્યાસીઓ જોતા હશે કે આકાશમાં હોય તેવાજ ચંદ્રનુ પ્રતિબિમ્બ દર્પણમાં કે તેલ ઘી ને જલાશયમા પડે છે. ત્યારે આ વસ્તુ માનેલા સિદ્ધાંતથી અવળી જાય છે. બ્રહ્મ સ્વચ્છ ને પવિત્ર છે, ત્યારે જીવો તદ્દન અસ્વચ્છ ને દોષિત છે. બ્રહ્મના અંશરૂપ આ જીવો હોય તો બ્ર[illegible] જોઈએ. આ જીવો તેવા નથી એ વાત મો[illegible] [illegible] (જ્ઞાનની પાસે રહેનારાઓ) એમ પુ[illegible] [illegible] પ્રથમ તો [illegible] હતા, પણ પછી અશુદ્ધ થ[illegible] [illegible] કે પ્રથમ જો જીવો શુદ્ધ હતા તો પછી [illegible] [illegible] થવાનુ શું કારણ? વા કોણ કારણ? [illegible] અભિમાને [illegible] [illegible]

જગ્યામાં મૂકવાને બદલે તેઓ બિચારા જગતમાં—ચારે ગતિમાં દુઃખમાં સબડયા કરે છે, તેનો આધાર કોણ? તેનો બેલી કોણ? આપણુને દયા આવે છે, પણ આપણે તે જીવોને દુઃખમાંથી બચાવી શકતા નથી. ત્યારે ઈશ્વરમાં સર્વ તંત્રની સ્વતંત્રતા છે, ને તે ચાહે તેમ કરી શકે છે, તો પછી દુઃખમાંથી ઉપાડી સુખમાં કાં ન મૂકે? ઈશ્વરના કર્તૃત્વને અંગે આ બધી ગુંચવણ ઉભી થાય છે.

એકલા જ્ઞાનથી બ્રહ્મ કેમ થવાય?

બીજો મુદ્દો એ છે કે એકલા જ્ઞાનથી બ્રહ્મ થવાય છે તો તે કેવી રીતે બની શકે? જીવ અનંત કાલથી અજ્ઞાનથી રખડે છે, એમ ઘણા શાસ્ત્રકારો કહે છે. ઉંચે ચડવા માટે પ્રથમ જ્ઞાનની આવશ્યકતા છે એ બરાબર છે; પણ જ્ઞાન થયા પછી ત્યાગની જરૂર ખરી કે નહિ? તેમાં બ્રહ્મદર્શી જનો ના પાડે છે એ વાત સમજી શકાતી નથી. જ્ઞાન થયા પછી સંસારમાં રહે તોપણ તે મનુષ્ય સુખેથી બ્રહ્મ થઇ શકે છે, એ વાત સુઘટિત જણાતી નથી, કારણકે સંસાર એ જીવને ભટકાવનાર વમળ છે ને તેમાં રહેતાં કોઇ પરબ્રહ્મમાં પહોંચી શકતો નથી, એ વાત સૌ વિચારકો કહે છે. ત્યારે તમે કહો છો કે જ્ઞાન થાય તો (બ્રહ્મજ્ઞાન થાય તો) તેને કાંઇ પણ અડચણ આવતી નથી; સંસારમાં ગમે તેટલા ભોગો ભોગવે પણ તેની દશા અલિપ્ત રહે છે, ને સુખેથી મનુષ્ય ઉંચે ચડી શકે છે; આ વાત એક બાજુની છે, પણ સર્વ બાજુની નથી. જો ભોગોમાં એકતાર રહેતાં જ્ઞાન થતું હોય ને પરબ્રહ્મ સ્વરૂપમાં જવાતું હોય તો પછી જે જ્ઞાનીઓ આ સંસારથી છૂટા થઇ અરણ્યમાં રહી સંયમમાં તરબોળ થાય છે ને પ્રભુસ્વરૂપમાં નિમગ્ન થાય છે, તેનો અર્થ શો? તો શું તે વધારે પડતો બોજો નથી? વસ્તુતઃ સત્યજ્ઞાન થવા માટે સાચો ત્યાગ પણ કરવો જોઇએ. મનુષ્યને જ્ઞાન થવા માટે ઉપનિષદ્‌કારો જે બોધ આપે છે, તે જ્ઞાન શરૂઆતનું છે. આ સંસાર છે, આ બ્રહ્મ છે, આ વિષ છે, ને આ અમૃત છે, તેટલું સમજવાથી મનુષ્ય ઉંચે ચડી

બંધ કરે. ક્ષુલ્લક જીવથી માંડી મોટા જીવ સુધીના બધા સામે તેનો તિરસ્કાર ન હોય; અર્થાત્ તેઓ પ્રતિ કરૂણાભાવ હોય, તેની વાણીમાં મધુરતા હોય, ને અસત્યનો સંપર્ક ન હોય. એમ તેના જીવનમાં ક્ષમા, દયા, તિતિક્ષા સાથે સદાચારશીલતાનો સુવાસ હોવો જોઇએ. આવી સ્થિતિ હોવી તે પરબ્રહ્મમાં પહોંચવા બરાબર કહેવાય.

પ્રકરણ છઠ્ઠું

સાંખ્ય દર્શન

સાંખ્ય દર્શનના વિચારો આજે કદાચ બહુ પ્રચલિત નહિ હોય, પણ પ્રાચીન કાલમાં તે વિચારો વધારે જોરમાં હતા. બધાં બ્રાહ્મણ દર્શનોમાં તે દર્શન વધારે પ્રાચીન છે. આપણે ઉત્તરમીમાંસા અને પૂર્વમીમાંસા દર્શનની વાત કરી, પણ તે દર્શનો ત્યારપછી થયાં છે. એટલે સાંખ્ય દર્શન પ્રાચીન છે. તેના પ્રણેતા કપિલઋષિ હતા. આજે વેદાન્ત ઘણું મશહુર છે, પણ તે સાંખ્ય દર્શન ઉપરથી રચાયું છે એમ ઘણા સારા અભ્યાસીઓનું ધારવું છે. સાંખ્ય દર્શન એ વેદાન્ત દર્શનનો પાયો છે. સાંખ્ય દર્શન કહે છે કે જેને જીવ કહેવામાં આવે છે તે તો અકર્તા છે. જગત્ તેને ભલે કર્તા તરીકે જુએ, પણ આત્મા કોઇ પણ વસ્તુનો કર્તા છે જ નહિ. જોકે તે શરીરમાં રહી ઇન્દ્રિયો દ્વારા વિષયોને ગ્રહે છે, બીજાને પ્રેરણા પણ કરે છે, પણ તેનું અકર્તૃત્વ એ મુખ્ય વિષય છે. લોકો શંકા કરે છે કે તેમ હોય તો આ ખાય છે, પીએ છે, આપે છે, લે છે, ને આ સઘળો જે વ્યવહાર કરે છે તે બધાનો કર્તા કોણ છે? તેઓ ઉત્તર આપે છે કે આ શરીરમાં જીવ જો કે મુખ્ય છે, તોપણ તેની સાથે પ્રકૃતિ છે, તે પ્રકૃતિ જીવનું બધું કાર્ય કરે છે. લોકોને એમ લાગે છે કે આ બધી પ્રવૃત્તિનો સંચાલક જીવ છે, પણ તેમ નથી. જે પ્રકૃતિ જીવ

સાથે હમેશાં હસ્તાધ્યાસ કરી રહી છે તે પ્રકૃતિજ બધી પ્રતીતિની સંચાલક છે. જેમ ગૃહમાં પતિ છતાં ગૃહિણી બધો વ્યવહાર ચલાવે છે, તેમ આ પ્રકૃતિ માટે સમજવું. ગૃહિણી ગૃહમાં રહી જેમ નવાં નવાં ભોજન તૈયાર કરે છે, ને તેની સાથે અનેક આસ્વાદો ઉભા કરે છે, ત્યારે પુરૂષ (ગૃહપતિ) નવનવાં ભોજનને આસ્વાદને અનુભવે છે, પણ તેમાં તેનું જેમ થોડું પણ કર્તૃત્વ હોતું નથી તેમજ આ જીવ માટે સમજી લેવું.

જીવ અમૂર્ત છે ને વ્યાપક છે

તેઓ કહે છે કે જીવો બ્રહ્મ-મૂલપુરૂષની પ્રતિકૃતિ છે, વા કહો કે તેના પ્રતિબિમ્બો છે. મૂલપુરૂષ આકાશની જેમ અમૂર્ત છે [illegible] આ શરીરમાં જે જીવ તરીકે રહે છે, તે પણ [illegible] આકાશને જેમ કોઈ બંધ થતો નથી, તેમ આ જીવને [illegible] લોકો પુણ્ય-પાપ, ધર્મ-અધર્મ, બંધ-મોક્ષ [illegible] તેમની ખુશી, પણ તેઓ કહે છે કે [illegible] તેનું ફળ ઉપજે છે, એ વાત [illegible] નથી. [illegible] એટલે [illegible] જીવને કોઈ [illegible]

प्रकृतेः क्रियमाणानि, गुणैः कर्माणि सर्वशः ।
अहंकारविमूढात्मा, कर्ताहमिति मन्यते ॥ (મુક્તાવલી)

અર્થ—પ્રકૃતિના ગુણોથી આ બધી ક્રિયાઓ છે, તેમ છતાં હું પોતે આ બધું કરૂં છું એમ અહંકારથી ગ્રસાયેલો મૂર્ખ આત્મા માને છે, પણ સુજ્ઞ તત્ત્વજ્ઞો તેમ માનતા નથી.

તેઓ કહે છે કે આ જગત્ એક મહત્ તત્ત્વમાંથી થયું છે. એ મહત્ તત્ત્વ રજઃ તમ ને સત્ત્વ એવા ત્રણ ગુણના મિશ્રણથી પેદા થયું છે. એ મહત્ તત્ત્વને બુદ્ધિ પણ કહે છે. તેમાંથી ચિત્ત, અહંકાર ને મન એ ત્રણ ઉપસ્થિત થયાં. એમાંથી શબ્દ રૂપ ગંધ રસ સ્પર્શ એ પદાર્થો ઉત્પન્ન થયા છે. પછી તેને લગતી તેવી ઇન્દ્રિયો પેદા થઈ, જેવી કે કાન, ચક્ષુ, નાક, જીભ ને ચામડી. તેને આશ્રયરૂપ ને વિશ્વને આધારરૂપ પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ ને આકાશ એ તત્ત્વો પેદા થયાં. એમ ચોવીસ તત્ત્વો આ વિશ્વમાં છે, તેમ સાંખ્ય દર્શનીઓ કહે છે. વેદાન્ત દર્શને આ ચોવીસ તત્ત્વોને એક માયામાં સમાવી લીધાં છે, ત્યારે આ લોકોએ ચોવીસ તત્ત્વોથી રચિત આ જગત્ છે એમ સ્વીકારી લીધું છે.

આ ચોવીસ તત્ત્વોમાં એકએકથી કોણ અધિક છે અથવા ચડતા છે, તે વિષે કઠોપનિષદ્‌ની ત્રીજી વલ્લીમાં નીચે મુજબ કહ્યું છેઃ—

इन्द्रियेभ्यः पराह्यर्थाः अर्थेभ्यश्च परं मनः ।
मनसश्च परा बुद्धि बुद्धेरात्मा महान् परः ॥ १० ॥
महतः परमव्यक्तम् अव्यक्तात् पुरुषः परः ।
पुरुषान्न परं किंचित् सा काष्ठा सा परा गतिः ॥ ११ ॥

અર્થ—ઇન્દ્રિયો કરતાં અર્થો અધિક છે, અર્થથી મન પરમ છે, તેથી બુદ્ધિ વધારે છે, બુદ્ધિ કરતાં મહાન્ આત્મા છે, મહાન્ આત્મા કરતાં વધારે મહાન્ અવ્યક્ત છે, ને અવ્યક્તથી પુરુષ શ્રેષ્ઠ છે. પુરુષ કરતાં કોઈ બીજી ચીજ વધારે નથી. તેજ છેવટની ઉંચામાં ઉંચી સ્થિતિ (ગતિ) છે.

કલ્પનાથી માની બેઠા છો? જો તમો તેને અકર્તા તરીકે જોતા હો તો તેવો તે જણાતો નથી. આપણે જોઇએ છીએ કે તે જીવ શરીરમાં રહીને ઇન્દ્રિયોને, મનને, શરીરને, સર્વને પ્રેરણા કરે છે. આપણે અનુભવીએ છીએ કે જે પુરૂષ છે તે બધાને હુકમ કરે છે; ને પ્રકૃતિ ને ઇન્દ્રિયો તેને તાબે થઇ તેના કહ્યા પ્રમાણે હાજર રહે છે; ત્યારે તે જીવ આસ્વાદ લે છે, સ્પર્શે છે, સુંઘે છે, ખાય છે ને પીએ છે. હવે તમે એમ કહેશો કે તે તો બધું પ્રકૃતિ કરે છે, જીવ તો માત્ર ભોગનો અનુભવ લે છે, ત્યારે આપણે પૂછીએ કે જે પ્રકૃતિ કરે છે ને જીવ ભોગવે છે, તે બે વસ્તુ ક્યાં ભિન્ન પડે છે તે સમજાવો. બધાને અનુભવ થાય છે કે જે અંદર પ્રેરણા કરે છે તેજ ભોગવે છે. મન બુદ્ધિ ચિત્ત ને અહંકારને ઉત્પન્ન કરનારને પ્રકૃતિ કહો છો તે પ્રકૃતિ ને પુરૂષ જે ભોક્તા છે એ બે તત્ત્વો આપણામાં ક્યાં જુદાં છે ને કેવી રીતે તે જુદાં અનુભવાય છે? પ્રકૃતિ ચેતન છે, ને પુરૂષ પણ ચેતન છે, તો તે બન્ને ભિન્ન છે એમ કેમ કહી શકાય? પુરૂષને અક્રિય કહો તો પછી પ્રકૃતિ અક્રિય છે તેમ કેમ ન કહો? તમે કહેશો કે આ બધું પ્રકૃતિ કરે છે, તો પ્રકૃતિ પુરૂષ સાથે સંબંધ વિનાની છે કે સંબંધવાળી છે? જો પ્રકૃતિનો પુરૂષ સાથે સંબંધ છે તો પુરૂષની ઇચ્છા વિના (તેના હલન ચલન વિના) પ્રકૃતિ કેવી રીતે તેને આસ્વાદનો કે સ્પર્શનો આનંદ આપી શકે? પુરૂષ ને પ્રકૃતિનું જોડલું જો માનતા હો તો પ્રકૃતિ પુરૂષની ઇચ્છા વિના શું લાવી આપે એ સમજી શકાતું નથી. જો એમ કહો કે પ્રકૃતિ પોતાની ઇચ્છાથી બધુંયે કરે છે, અને પુરૂષ (આત્મા) નિષ્ક્રિય હોય તો તે આસ્વાદ કેવી રીતે લેઇ શકે? જ્યારે પુરૂષને અક્રિય તરીકે માનો તો જે પુરૂષ શરીરમાં રહ્યો છે તે હાલ્યા ચાલ્યા સિવાય કેવી રીતે સુખોપભોગ કરે છે તે શું કોઇએ જોયું છે કે? તે બોલે છે, ચાલે છે, ભોગવે છે એ બધી ક્રિયાઓ પુરૂષ જો કરે છે, તો પછી તેને અક્રિય કેવી રીતે કહી શકો? કાટ પર કે

પથ્થર પર ખાદ્ય પદાર્થ કે પેય પદાર્થ મૂકવામાં આવે છે, તે તેમ ને તેમ રહે છે, તેમ જો આ શરીરમાં રહેલા પુરુષ કે જીવ આગળ ભોગ્ય પદાર્થ કે ખાદ્ય-પેય પદાર્થ મૂકવામાં આવે ને તે શરીરધારી પુરુષ કાંઈ પણ હાથ, પગ, મુખ ને અન્ય ઇન્દ્રિયોદ્વારા ઉપભોગમાં ન લે ને પથ્થરની જેમ સ્થિર રહે તો એ કથન (કે જીવ અકર્તા છે) બરાબર છે; પણ આપણે બધા જોઈએ છીએ કે શરીરધારી જીવ કોઈ રીતે ખાવા પીવા ને ભોગની આવશ્યકતા છતાં તેમ રહી શક્યો નથી. આ ઉપરથી એમ સ્પષ્ટ સમજાય છે કે પુરુષ અકર્તા નથી, પણ જોઈતી સર્વ ચીજનો કર્તા છે. જે કર્તા છે, તેજ ભોક્તા છે, ને જે ભોગવે છે, તેજ વસ્તુને ઉત્પન્ન કરે છે. સાખ્ય દર્શનીઓ 'વદતો વ્યાઘાત'ની જેમ બોલે છે. વેદાન્ત તો પ્રકૃતિને-અવિદ્યાને માયા કહે છે, ને જડ કહે છે. એટલે પુરુષ એ માયા પર છે-દૂર છે, ને તેને લીધે દુઃખી થાય છે એમ કથન કરે છે ને માને છે [illegible] ત્યારે સાંખ્ય પ્રકૃતિને પણ ચેતન કહે છે. એટલે [illegible] [illegible] વિચારનું [illegible] થાય છે કે પુરુષ ચેતનમય [illegible] [illegible] ને પછી એને કયા કારણથી (કે [illegible] [illegible] ભિન્ન પાડવા વા ભિન્ન કહેવા એ [illegible] [illegible] ને તેને કર્તા [illegible] ને પુરુષ [illegible] [illegible] એ [illegible] વસ્તુમાં [illegible] ([illegible]) [illegible] વિના એ કે પ્રકૃતિ [illegible] [illegible] [illegible]

જે કરે છે તેને ભોગવતા આપણે જોઇએ છીએ. હવે ઇચ્છામાં આવે તેને પ્રકૃતિ કહો ને ઇચ્છામાં આવે તેને પુરૂષ કહો. કે પછી બેને ભિન્ન ભિન્ન કહી લોકોને કે પોતાના આત્માને મુંઝવો તો ભલે અને એક કહી આત્માને સમજાવો તોયે ભલે! સારાંશ એ છે કે પ્રત્યક્ષ સૌ કોઈ અનુભવે છે કે પુરૂષની પ્રેરણા સિવાય પ્રકૃતિ કે ઇન્દ્રિયો કોઈ પણ કાર્ય કરતી નથી, ને જે કરે છે તે પુરૂષની ઇચ્છાને લીધેજ થાય છે. ઇચ્છા સિવાય, લાલસા તૃષ્ણા–સિવાય ઇન્દ્રિયોએ આપેલા આસ્વાદો પણ પુરૂષ ભોગવી શકતો નથી.

બીજો મુદ્દો એ છે કે પુરૂષ આકાશની જેમ સર્વવ્યાપક છે, તે વાત પણ કોઈ રીતે ગળે ઉતરી શકે તેમ નથી. જીવ જો સર્વવ્યાપક હોય તો આકાશની જેમ એક શરીર હોવું જોઇએ, કે એક શરીરની જેમ એક પુરૂષ–એક જીવ હોવો જોઇએ. અથવા બધામાં એક સરખો અવાજ, હલનચલન ક્રિયા વગેરે હોવાં જોઇએ. પણ આપણા અનુભવથી સમજાય છે કે તેમ નથી. ભિન્ન ભિન્ન શરીરે ભિન્ન ભિન્ન જીવ છે, એમ આપણને દેખાય છે. 'એ' વ્યક્તિ લગ્ન કરવાને તૈયાર થતી હોય છે, ત્યારે 'બી' વ્યક્તિ મરવાની તૈયારીમાં હોય છે. 'બી' વ્યક્તિનો ત્રાસ મરણ વખતે કેટલો બધો હોય છે, તેનો 'એ' વ્યક્તિને થોડો પણ ખ્યાલ આવતો નથી. હવે જો આત્મા સર્વવ્યાપક હોય ને બધા એક હોય તો તેમાં જુદી જુદી લાગણી કેમ થાય છે? તે બધામાં એક લાગણી કાં ન હોય? એક કૃષિકાર કૃષિ કરી ધન પેદા કરે છે, ત્યારે એક અમલદાર તેની ખેતીની પેદાશમાંથી હિસ્સો લેવા છતાં તેને દુઃખ આપવામાં કચાશ રાખતો નથી. કૃષિકાર ને અમલદાર બેમાં એક જીવ હોય તો શા માટે એક બીજા સામસામે ખોટા આરોપ મૂકે છે? વસ્તુ એ છે કે ભિન્ન ભિન્ન શરીરમાં જુદી જુદી લાગણીઓ એક બીજાથી વિરૂદ્ધ જતી જણાય છે. તો એ પુરૂષ કે જીવ સર્વવ્યાપક હોવાનું સિદ્ધ ક્યાં થાય છે! એક પશુમાં લાગણી, વિકાર, વિચાર, વર્ત્તન છે, અને

તેનું નામ જ યોગ છે. આ સિદ્ધાંત સિદ્ધ કરવા માટે તેણે યમ નિયમ વિગેરે અંગો સમજાવ્યાં છે. એ બધામાંથી એક નાનો સિદ્ધાંત આ જગ્યાએ કહીશું. '**अहिंसायाम् प्रतिष्टायाम् (सत्याम्) तत्-संनिधौ वैरत्यागः**' યમ (વ્રત) સંબંધી વિવેચન કરતાં સાધકમાં પ્રથમ અહિંસા હોવી જોઇએ, પણ એ અહિંસા એવી હોવી જોઇએ કે સાધકની પાસે પ્રાણીમાત્ર પોતાની વૈરવૃત્તિ તદ્દન ભૂલી જાય.

આ ઉપરથી એ વક્તવ્ય છે કે પાતંજલ દર્શન સાંખ્ય દર્શનને અમુક અંશે વળગી રહેલું હોવા છતાં પોતાના મુખ્ય સિદ્ધાંત કર્મ-યોગને મોખરે કરી આગળ ધપ્યું છે. કેટલાકો એકલા શુષ્ક જ્ઞાનને વળગી રહ્યા છે, ને કેટલાકો અકર્તૃત્વને આગળ કરી ચન્યત્વને સેવી રહ્યા છે, ત્યારે પાતંજલ દર્શન યમ નિયમ જેવા અગત્યનાં તત્ત્વો ઉપર ભાર મૂકી પોતાના સાધ્યને સમજાવી રહ્યું છે.

પ્રકરણ આઠમું

ન્યાય દર્શન

આ દર્શન વસ્તુને સમજવામાં ને પ્રમાણોથી તેની પરીક્ષા કરવામાં આગળ પડતું સ્થાન લે છે. આ દર્શનમાં મુખ્યત્વે એક છતાં વિષયનું પ્રતિપાદન કરવામાં બે પ્રણેતાઓ થયા છે. એક કણાદ ઋષિ વૈશેષિક દર્શનના અધિષ્ઠાતા છે અને બીજા ન્યાય દર્શનના અધિષ્ઠાતા ગૌતમ ઋષિ છે. બન્નેમાં ભિન્ન ભિન્ન પદાર્થો મનાયેલા છે, છતાં વિદ્વાનોએ તેમને બેઉને છેવટે એકમાં ગણ્યા છે. ગૌતમ ઋષિએ ન્યાયદર્શનમાં સોળ પદાર્થની વાત કરી છે, ત્યારે કણાદે (અક્ષપાદે) સાત પદાર્થ (મૂળમાં છ પદાર્થ છે પણ પછી એક અભાવનો વધારો કર્યો છે) ની વ્યાખ્યા કરી છે. અક્ષપાદ કહે છે કે સાત પદાર્થના અભ્યાસથી ને તેને જાણવાથી મનુષ્ય સંપૂર્ણ બને છે,

મનુષ્યમાં લાગણી, વિચાર, વર્ત્તન ભિન્ન ભિન્ન પ્રકારનાં છે. એક વખતે બધામાં સરખી લાગણી થતી હોય તો સમજાય કે પુરુષ સર્વવ્યાપક છે. મનુષ્ય ને પશુ વચ્ચે કે પછી નાનાં નાનાં ક્ષુલ્લક પ્રાણીઓ વિષે અંતર છે, એટલું જ નહિ, પણ સમાન કક્ષાની બે મનુષ્ય વ્યક્તિઓ હોય તોપણ એકમાં જ્યારે પ્રેમ વધે છે, ત્યારે બીજામાં દ્વેષના ભડકાઓ ઉઠતા હોય છે. એક પશુ મનુષ્ય પાસે આશ્રય માગે છે, ત્યારે મનુષ્ય તેને જ પકડી તેના પર સ્વારી કરે છે; એક મનુષ્ય ગર્ભ ગાડીમાં હાથ પગ ઘસતો હોય છે, ત્યારે બીજો મનુષ્ય ગાડીની એની લાડી સાથે વાતો કરતો વાડીમાં ઘુમતો હોય છે.

જો આત્મા અકર્તા ને સર્વવ્યાપક હોય તો મનુષ્યો પશુ આ ને બીજાં બધાં પ્રાણીઓ આમ શાને ઉંચી નીચી સ્થિતિમાં? કોઈ એક સુખી નર્ગ આનંદ કરતો હોય છે, ત્યારે બીજો [illegible] કરતો હોય છે. એક ભલા ભોગવે છે, ત્યારે બીજો [illegible] છે. સમાજમાં ને સર્વ સ્થળે [illegible] જણાય છે, તો પછી અકર્તાને સર્વવ્યાપક [illegible] નિવાસ (ઉદ્ગમ કે પ્રભવ નિવાસ) [illegible] ભિન્ન ભિન્ન દશાઓ થઇ શકતા નથી.

[illegible] છે કે [illegible]માં અકર્તા ને [illegible] [illegible] કરે છે ને [illegible] [illegible] કર્તા ને [illegible] [illegible] મનુષ્ય [illegible] [illegible]

અકર્તૃત્વ ને સર્વવ્યાપકત્વ સિદ્ધાંત કોઈ પણ રીતે સત્ય હોય તો અનેકાંત દૃષ્ટિએ શુદ્ધ પરબ્રહ્મ કે સિદ્ધસ્વરૂપમાં હોઇ શકે છે, પણ માયા-કર્મ ને વિષયજન્ય વાસનાઓમાં એ સિદ્ધાંત જીવ સાથે કોઈ રીતે રહી શકતો નથી. આમ સ્થાપન કરવાથી મનુષ્યો પોતાની ઇચ્છા પ્રમાણે ચાલનારા થઇ ગયા છે તેનું પરિણામ તેમને ભોગવવું પડશે. ઉપરાંત વર્તમાન કાલમાં સત્ય માર્ગના વિઘાતક ને ઇશ્વરથી પણ નહિ બીનારા છે, એમ લોકો તેમને માટે કહેશે.

પ્રકરણ સાતમું

પાતંજલ દર્શન

પાતંજલ દર્શન પણ ષટ્ દર્શનમાંનું એક છે. આ દર્શનના અધિષ્ઠાતા પતંજલિ ઋષિ છે. તેમણે તેમના દર્શનમાં અષ્ટ અંગની હકીકત જણાવી છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ એ અષ્ટાંગ સિદ્ધ થવાથી જીવની મુક્તિ થાય છે, એમ પતંજલિ ઋષિ કહે છે. સાંખ્ય દર્શન જ્યારે આત્માના અકર્તૃત્વને પ્રતિપાદી રહ્યું છે, ત્યારે આ દર્શન અષ્ટાંગને સાધવાનો ઉપદેશ આપે છે ને તેથીજ જીવ પરમ પદને પામે છે, એમ કહે છે. કેટલીક બાબતમાં પાતંજલ દર્શને સાંખ્ય દર્શનનો સંગાથ કર્યો હોય તેમ જણાય છે, છતાં કેટલીક બાબતમાં સાંખ્ય દર્શનથી જૂદું પણ પડે છે; વિશ્વનો સૃષ્ટા કોઈ પણ હોય તેની સાંખ્ય દર્શન ના પાડે છે, એટલે સાંખ્ય દર્શનને કેટલાકોએ નિરીશ્વરવાદમાં દાખલ કર્યું છે. પાતંજલ દર્શન વિશ્વની ઉત્પત્તિમાં તેની સાથે મળતું થાય છે, પણ જીવની ગતિ ને કૃતિમાં તેની સાથે મળતું નથી. પ્રકૃતિ-પુરૂષ એ બે તત્ત્વો છે તેમ તે માનતું નથી. જીવને કર્મ છે, ને તે છૂટવાથી તેને શાન્તિ મળે છે, જીવ પૃથક્ પૃથક્ ને કર્મવશ છે

ને તે નિર્વાણને મેળવે છે. ગૌતમ ઋષિ સોળ પદાર્થને જાણવાથી નિર્વાણની પ્રાપ્તિ થવાનું કહે છે. કણાદ ઋષિએ આ વિશ્વના સર્વ પદાર્થોને સાત પદાર્થમાં સમાવી લીધા છે, ત્યારે ગૌતમે સોળ પદાર્થોમાં તેની વહેંચણી કરી છે. સાંખ્ય દર્શન આખા વિશ્વને પ્રકૃતિ ને પુરૂષ એ બેજ તત્ત્વમાં સમાવી લે છે, વેદાન્ત એક બ્રહ્મમાં આખા વિશ્વને સમાવી લે છે, ત્યારે જૈન દર્શન આખા વિશ્વમાં [illegible] દ્રવ્યો છે ને તેમાં બધું સમાઈ જાય છે, એમ કહે છે. એટલે ભિન્ન ભિન્ન દર્શનકારો પોતાની એકજ વસ્તુને જુદી જુદી રીતે સમજી રહ્યા છે. વૈશેષિક દર્શન ને ન્યાય દર્શન એ ભિન્ન ભિન્ન છે ને તેના પૃથક્ પૃથક્ કર્તાઓ છે, છતાં ઈશ્વર તથા જગતને વિષે તેઓ ઘણે ભાગે એક થાય છે તેથી અહીં એકજ દર્શન તરીકે તેઓને લીધાં છે. ન્યાય દર્શન ને વૈશેષિક દર્શન મૂળમાં ભિન્ન છતાં સામાન્યપણે તેના તે તત્ત્વ ઉપર અનેક વિદ્વાનોએ અનેક ગ્રંથો લખ્યા છે. [illegible] બુદ્ધિશાળી એ વિદ્વાનોએ ઘણી ઝીણવટથી વિષયોને ચર્ચ્યા છે. [illegible] પ્રમાણોને એ લોકોએ સ્વીકાર્યાં છે, પણ [illegible] જ્યારે બુદ્ધિમાં ન આવી શકે તેવી હોય ત્યારે અનુમિતિ [illegible] તેઓના આશ્રય લે છે, ને તેથી આ વિષયમાં [illegible] (ઈશ્વરની સિદ્ધિ [illegible] સિદ્ધિ પણ [illegible]) [illegible]

તેઓ કહે છે કે ઈશ્વરનું કર્તૃત્વ છે

[illegible]

ર્તા હોવો જોઇએ, નહિ તો ઘટ ન જ હોય. તેમજ આ વિશ્વ
(બ્રહ્માંડ) તેનો કોઇ કર્તા હોવાનો આપણને ખ્યાલ આપે છે.
આપણે ઇશ્વરને જોઇ શકતા નથી, પણ કાર્ય જોવાથી તેના કારણુ
ગામું આપણે જોવું જોઇએ, એટલે એવા અનુમાનથી ઇશ્વરના
ર્તૃત્વને તેઓ સિદ્ધ કરે છે.

एवं कर्त्ताऽपि कार्यमपीश्वरे लिंगं तथा हि ।
क्षित्यादिकं सकर्तृकं कार्यत्वात् घटवदिति ॥
(શંકરમિશ્ર)

અર્થ—કાર્ય જોવાથી કર્તાનો ખ્યાલ આવે છે, તેમજ ઇશ્વરમાં
લિંગ (અનુમાન) વિચારો. જેમ ઘટ કાર્ય છે, તેથી કર્તા તરીકે કુંભ-
કાર હોવા બાબતની આપણને ખાત્રી થાય છે.

તો પછી આ પૃથ્વી, પર્વત, નદી, સૂર્ય, ચંદ્ર ને આકાશીય
મંડલ આપણી આંખે કાર્ય તરીકે (ઘટની જેમ) જણાય છે તો
તેનો કર્તા હોવો જોઇએ. એટલે આ બધું ઇશ્વરે બનાવ્યું હોવું
જોઈએ. ઇશ્વર વિના એવો બીજો કોઇ સમર્થ આ વિશ્વમાં છે નહિ,
એટલે આપણે ઇશ્વરને સ્વીકારી લેવો એ ઇષ્ટ છે. વળી એ વસ્તુને
વધારે દૃઢ કરવા એક વિદ્વાન કહે છે કે—

विवादपदभूतम् भूभूधरादि बुद्धिमद् विधेयम् निमित्ता-
धीनात्मलाभम् यद् निमित्ताधीनात्मलाभम् तद् बुद्धिमद्
विधेयम् यथा मंदिरम् तथा पुनरेतत् तेन तथा ॥

અર્થાત્-અનુમાનના પાંચ અવયવથી આ પૃથ્વી વિગેરેનો કર્તા
સિદ્ધ છે એમ તેઓ સમજાવે છે. જો કે વિવાદનું સ્થાન છે, તોપણુ
પૃથ્વી પર્વતાદિ કોઈ બુદ્ધિમાનથી થયેલ છે; જેમ કોઈ લાભ મળે છે
પણ નિમિત્ત અધીન છે, તેમ નિમિત્ત અધીન આત્મલાભ છે તો
તે બુદ્ધિમાનનું કાર્ય છે. જેમ ગૃહ, મકાન, તેમ આ પણ છે,
એમ સમજો.

નૈયાયિકો ઈશ્વરને જોઈ શકતા નથી, પણ તેમને અનુમાન કરવાની ટેવ પડી ગઈ હોય છે, ને તેથી તે અનુમાનવડે ઈશ્વર હોવો જોઈએ એમ સિદ્ધ કરે છે. સુવર્ણકાર સુવર્ણને કસવા જેમ કસોટીનો ઉપયોગ કરે છે, તેમ આ લોકો અનુમાનને આગળ કરે છે.

ઈશ્વરમાં કર્તૃત્વ માનવા સાથે, જીવો અનંત છે, તેમ [illegible] આ દર્શન કહે છે. જીવનો મોક્ષ થાય છે, તે વિષે તેઓ કહે છે કે મોક્ષમાં જીવ પથ્થરની જેમ નિશ્ચેતન થઈ જાય છે, કારણ [illegible] એ જીવને સુખ કે દુઃખની લાગણી કરાવે છે. જીવ મોક્ષમાં [illegible] છે, ત્યારે બુદ્ધિ રહેતી નથી, એટલે જીવ શાન્તિમાં રહે છે. [illegible] જેમ આ બધા જીવો [illegible] થાય છે તેમ આ દર્શનકાર કહે [illegible] આ વિષની વ્યવસ્થા [illegible] ન હોય તો [illegible] નહિ, [illegible] ઈશ્વર હોવો જોઈએ એ બરાબર છે, જો જીવો પોતાના [illegible] [illegible] કે [illegible] કરે છે, પણ ન્યાયાધીશ [illegible] [illegible] ન્યાય તેની [illegible] આપે છે. ન્યાયાધીશની જેમ [illegible] [illegible] ન હોય તો જીવો પોતાનાં કર્મનો બદલો દુઃખ, [illegible] [illegible] જુદા નથી [illegible]. જીવોના કર્મો [illegible] [illegible] તે જીવને આપે છે. જીવો [illegible] [illegible] [illegible], પણ ઈશ્વર તેને [illegible] નથી. [illegible]

[illegible]

સાત પદાર્થ

[illegible]

આકાશ, કાલ, દિગ્, આત્મા ને મન એમ નવ વસ્તુને લીધી છે. આકાશ, કાલ, દિગ્ આ ત્રણ પદાર્થ તો નૈયાયિકો અનાદિ માને છે કારણ કુદરતી છે. પૃથ્વી જળ વિગેરે પદાર્થથી કાર્ય દેખાય છે, તો તેમાં ઇશ્વરનો હાથ છે એમ સમજાય છે, નહિ તો આમ બને કેમ?

ઈશ્વરનો બધામાં હાથ છે

સૂર્ય ચંદ્ર ગ્રહો વિગેરે આકાશીય પદાર્થો મનુષ્ય ને પશુના ઉપકાર માટે ઇશ્વરે કર્યા છે, કારણકે મનુષ્ય ને પશુ ઉપર તેની અપાર કરૂણા છે. પ્રકાશ, હવા, જલ, વૃક્ષ, અન્ન વિગેરે વસ્તુઓ ન હોય તો મનુષ્યને કેટલો બધો ત્રાસ પડે, ને તે ચીજોના અભાવે મનુષ્ય તથા પશુઓ પોતાનાં જીવનને કેવી રીતે ચલાવી શકે ? એટલે ઈશ્વરે બધી વસ્તુઓ મનુષ્યોના ઉપભોગ માટે આગળથી કરી આપી છે. જેમ સ્ત્રીના સ્તનમાં બાલકનો જન્મ થવા પહેલાં આગળથી દૂધ તૈયાર થાય છે, તેમજ જે બધી વ્યવસ્થા અનુકૂળતા ને ઉપયોગિતા માટે દેખાય છે, તે ઇશ્વરની અપાર દયાનું પરિણામ છે. ઇશ્વર ન હોય તો પત્ર પુષ્પ ફલ જે વૃક્ષો પર થાય છે તે ક્યાંથી થાત ? ધાન્ય ને જલનાં ઝરણાંઓ મનુષ્યો ને પશુઓ જે ભોગવી રહ્યાં છે, તે ન હોત તો ક્યાંથી ભોગવત ? આમ જે જે આરામો ને જોઈતી ચીજો મળી રહે છે, તે ઇશ્વરની કૃપાને આભારી છે. ન્યાય દર્શન પ્રમાણે વિશ્વમાં જે શાન્તિ, આબાદી ને સુલેહ સંપ છે તે બધાંમાં ઇશ્વરનો હાથ છે, તે ન હોત તો આમ હોત નહિ.

આટલી વાત કર્યા પછી હવે આપણે એ જોવાનું છે કે ઇશ્વર ન હોત તો આમ ન હોત એ વાત બરાબર છે કે કેમ ?

ઈશ્વરનું કર્તૃત્વ અને કરૂણા

ઇશ્વરના કર્તૃત્વ વિષે ને મહત્ત્વ વિષે ગમે તેટલી વાતો ન્યાયદર્શનકારે કરી હોય, પણ આપણે તે વિષયને સ્પષ્ટ કરવા અહીં માત્ર બે બાબતજ લઇએ. એક તો ઇશ્વરનું કર્તૃત્વ છે તે ને બીજી

બાબત તેની કરણા. ઈશ્વર જગતનો સ્રષ્ટા છે એ વાતનો સ્વીકાર અનેક દર્શનકારોએ કર્યો છે, ને જૈન દર્શનકારે તો તેની સામે બાજુમાં સખ્ત પુરાવા આપી વિરોધ બતાવ્યો છે. આ સ્થળે એ બધી બાબતો જતી કરી પ્રસંગને લગતી હકીકત કહીશું. પ્રથમ આપણે એ જાણવું જોઈએ કે ઈશ્વર સાવયવ (શરીરસહિત) છે કે નિરવયવ (શરીરરહિત) છે? ઈશ્વર જો શરીરધારી હોય, તો આપણા જેવો હોવો જોઈએ. આ વિશ્વમાં ઘણા બધા પદાર્થો કાર્યરૂપ છે. તો તેને બનાવતાં કોઈ વખતે કોઈએ તેને જોયો હોવો જોઈએ પણ આપણામાં કોઈને તેવો અનુભવ હોય તેમ જણાતું નથી. હવે શરીરરહિત ઈશ્વર છે એમ જો માનશો, તો આ પૃથ્વી પર્વત ને વિષની મનુષ્ય ઉપયોગી ચીજો શરીર વિના કેવી રીતે [illegible] બૌદ્ધમિયો ન્યાયદર્શનકારને પૂછે કે ગૃહ મંદિર [illegible] બાંધતા કારીગરો દેખાય છે કે જેઓ પોતાના હાથ પગ ને [illegible] ઉપયોગી એ બધી વસ્તુ બનાવતા હોય છે; પણ શરીર [illegible] બની છે કે જેના ઉપર આપણે વિશ્વાસ રાખીએ! [illegible]

[illegible]

બધાં રજઃકણો પૃથ્વી ને પર્વતો બનાવવા માટે જોઇએ તે લાવ્યા ક્યાંથી? તે બધાં રજઃકણો શેમાંથી ઉત્પન્ન કર્યા? કારણ તો હોવું જોઇએ ને? આમ અનેક પ્રશ્નોની હારમાળા ઉભી થાય છે. તેથી ઇશ્વર સૃષ્ટા છે, તેમ સિદ્ધ થઇ શકતું નથી. જે કુદરતી છે ત્યાં ઇશ્વરને સૃષ્ટા તરીકે ઉભો કરવો તેનો અર્થ શું? આકાશ કાલ દિશા જેમ સહજ છે, તેમ પૃથ્વી જળ અગ્નિ વાયુ સૂર્ય ચંદ્ર વિગેરે પણ કુદરતી છે, ને તે છતાં કોઇ પણ વસ્તુથી બન્યાં હોય તેમ જણાતું નથી. છતાં તે બધાં કોઇથી પણ બન્યાં છે એમ માનીશું તો અનેક પ્રશ્નોની હારમાળા ખડી થશે ને બુદ્ધિ ગુંચવણમાં પડી જશે.

ઇશ્વરનું કર્તૃત્વ ક્યાં દેખાય છે વા ક્યાં છે? વૃક્ષ ઉપર પત્ર થાય છે, પુષ્પ થાય છે, એ બધામાં ઇશ્વરનું કર્તૃત્વ જો માનીશું તો તેમાં બુદ્ધિમત્તા ક્યાં રહી? વરસાદ થાય તો પૃથ્વીમાં અનેક જાતની વનસ્પતિ થાય છે, પત્ર પુષ્પ ફલ વિગેરે આવે છે. જો ઇશ્વર કર્તા હોય તો જ્યારે દુષ્કાલ અનાવૃષ્ટિ વિગેરે વિરોધી સ્થિતિ ઉભી થાય છે, ને જ્યારે લોકો આંખો ફાડી વરસાદની રાહ જોતા હોય છે, ત્યારે ઇશ્વરની કૃતિ હોય તો દેખાવી જોઇએ, પણ એ રીતે તો ઇશ્વર કર્તા તરીકે લોકની આંખે દેખાતો નથી.

ઇશ્વરમાં કરુણા છે કે જેથી બધે સ્થળે વ્યવસ્થા દેખાય છેઃ આ કથન પણ સત્ય જણાતું નથી. જોકે મનુષ્યો સર્વ સ્થલે ઇશ્વરની કરુણા ઇચ્છે છે પણ ઇશ્વરની કરુણા ક્યાંયે જણાતી નથી. મનુષ્યો જ્યાં ત્યાં દૈવી માનુષીય કે કુદરતી દુઃખ સહન કરતા હોય તેમ જણાય છે. કેં જગ્યાએ અતિવૃષ્ટિ તો કેં જગ્યાએ અનાવૃષ્ટિ હોય છે, કાંતો ઉગેલા પાકને ઉંદર કે તીડ ખાઈ જઈ લોકોને ત્રાસ આપતા હોય છે. રાજાઓ પણ બેહદ જુલ્મ ગુજારતા દેખાતા હોય છે. ગરીબ મનુષ્યોને રહેવાને માટીનાં કોટડાં પણ ન હોય છતાં તેની ઉપર રાજાઓ મહેસુલને બહાને જુલ્મો વર્તાવતા હોય છે. કોઇ લોકો દેવાથી ડૂબી જતા હોય છે, ને કેંને ખાવાને પણ અન્ન

મળતું નથી. પશુઓ ઘાસચારા વિના ને જલ વિના ટળવળતા હોય છે. કે સ્ત્રી ને પુરુષો પોતાના સુખ માટે પતિ વિયોગે ને પત્ની વિયોગે ઝુરતાં હોય છે. આવું આપણી આંખે દેખાય છે. તો શું કે ઈશ્વરની તેમાં ક્યાંયે કરુણા છે? આટલાથી અટકતું નથી. તે ઉપરાંત મનુષ્યો ને પશુઓ ઉપર રોગ પ્લેગ કોલેરા અને અગણિત ઉપદ્રવો કુદરત કર્યા કરે છે. આવી સ્થિતિ મનુષ્યો જ્યારે [illegible] હોય છે, ત્યારે ઈશ્વર કયા ખૂણે રહે છે એ સમજી શકાતું નથી. ઈશ્વર જો જગતના હિતમાં ભાગ લેતો હોય ને દયાળુ હોય તો આવું કેમ બને છે? એ શું ઈશ્વર પોતાની દૈવી આંખે જોતા નથી? આનો ઉત્તર કદાચ એવો મળશે કે ઈશ્વર તેમાં શું કરી શકે? એ તેના જ હાથ-કર્મ છે. જેઓ જેવું કરે તેવું તેઓ ભોગવે છે. એ કર્મની કારીગરી છે. આમ જો ઉત્તર આપી સંતોષ માનતા હો [illegible] પછી સ્પષ્ટ એ છે કે ઈશ્વરને તેમાં [illegible] [illegible]

ઈશ્વર આમ ન્યાય કરી ચુકાદો આપે છે

[illegible]

મધ્યસ્થ વિચાર કરનાર આ વાતનો ખુલાસો એમ કરે છે કે આમાં ન્યાય કરવાને ઇશ્વરની કયાં આવસ્યકતા દેખાય છે? જીવ જે કાંઇ અધમતા કે પવિત્રતા આચરે છે, તેનું ફ્લ તેની સાથે મળી જાય છે, ને તેવો અનુભવ આપણને સૌને હોય છે. એક મનુષ્ય જ્યારે બીજાને ગાળ દે છે, ત્યારે તે સાંભળનાર મનુષ્ય તે ગાળનો બદલો ત્યાં તેને આપી દે છે. હવે તેમાં ઇશ્વરનો કયાં ખપ છે એ સમજાતું નથી. મનુષ્ય જેવું બોલે છે, તેવોજ તેનો પ્રતિશબ્દ તેના કાનમાં પડે છે. મનુષ્ય ગફલતથી ચાલે છે ત્યાંજ તેને વાગે છે. પુણ્ય ને પવિત્ર કાર્યો કરે છે, તેના બદલામાં આનંદ ને સુખો મળે છે; તે ઇશ્વિર આપે છે, તેવો ખ્યાલ આપણને આવતો નથી. મનુષ્ય ખેતરમાં ડાંગર વાવે છે, તો તેમાંથી આપોઆપ ડાંગર થાય છે. કોઈ કહેતું નથી કે તેમાંથી કોદરા થયા! પ્રાણી માત્ર ભલું કે ભુંડું કરે છે, તેનો બદલો તુર્ત કે વિલંબે તેમાંથીજ મળે છે. જે કાર્ય એકથી થઈ શકે છે, તેમાં બેને નાંખવાની જરૂર શી? જેમાં ઇશ્વરનો હાથ નથી છતાં તે ઇશ્વર કરે છે એમ કહેવું તે તો ઇશ્વર માથે વ્યર્થ આરોપ મૂકયા બરાબર છે. ગર્ભમાં બાળક આવ્યું ત્યારથી તે છેક વૃદ્ધ થઇ મરે છે ત્યાંસુધીમાં કોઇ જગ્યાએ ઇશ્વરની પ્રેરણા હોય કે શિખામણ હોય એમ સમજાતું નથી. તે જીવ પોતે જેવી સ્થિતિમાં હોય તેવી સ્થિતિનો નિર્વાહ કરતો હોય છે. એ શરીર લાંબું કે ટૂંકું, ખડબચડું કે સુંવાળું, શ્વેત કૃષ્ણ, સુવાસ કે દુર્વાસમય થયું, તે અંદરના જીવ સાથે જેવાં રજ:કણો મળ્યાં કે માતૃગર્ભથી જેવી શરૂઆત થઇ તેવું શરીર થાય છે, પણ એ શરીર ઇશ્વરે સારૂ કર્યું કે ખોટું કર્યું તેવું કોઇ વખતે જોવામાં આવતું નથી. ત્યારે કહેવાનું એ છે કે ઇશ્વરે કયારે આવીને જીવની અંદર પેસી ન્યાય કર્યો? જમીનમાં જે ચીજો વવાય છે, તેને આબોહવા મળતાં ને સંયોગ મળતાં જેમ ઉગી નીકળે છે, ને સદજે કારણમાંથી કાર્ય રૂપે થાય છે, તેમ આ જીવોને પોતાની ક્રિયાથી સુખ દુઃખ રૂપ ફ્લ આવી

ત્થી જોઇ, ત્યારે તેણે વરાહનું શરીર ઉત્પન્ન કર્યું, ને દાઢા વતી તે પૃથ્વીને બહાર કહાડી.

(૧૦) ઋગ્વેદમાં જણાવ્યું છે કે એક આત્મા સિવાય બીજી કોઇ ચીજ ચલાયમાન કે સ્થિર હતી નહિ. તે આત્માને વિચાર થયો કે હું જગતને બનાવું. ત્યારે તેણે સૂર્ય ચંદ્ર જ્યોતિર્મંડલ વિગેરેને બનાવ્યાં. **'यथा धाता पूर्वमकल्पयत् सूर्य्याचंद्रमसौ'**. પછી એક પુરૂષને બનાવ્યો. તેના મુખથી અગ્નિ બહાર નિકળ્યો. નાક ખુલ્લું થતાં શ્વાસ આવવા લાગ્યો, તેથી આકાશ થયું. પછી તેણે આંખો ખુલ્લી કરી, તેથી સૂર્ય ચંદ્ર ને જ્યોતિષ્ચક્ર થયાં. ત્યારપછી વૃક્ષો ને મનુષ્યો વિગેરે થયાં.

(૧૧) યજુર્વેદ કહે છે કે આ વિશ્વની શરૂઆતમાં માત્ર જલ જ હતું. તેને ઋતુ-સ્ત્રીને જેમ આવે છે તેમ આવી, ને તેમાં ગર્ભ રહ્યો, (પણ ગર્ભ મૂકનાર પુરુષ કોણ હતો?) ને તેમાં હિરણ્ય ગર્ભ-બ્રહ્મા થયા.

વિશ્વના કર્તાઓ કેટલા હતા, વા કોણ કોણ થયા તે વિષે જુદાં જુદાં પુસ્તકોમાંથી સર્વ અભિપ્રાય માત્ર દર્શાવી આપ્યા છે. હવે વાચકે તેના ઉપર શો અભિપ્રાય બાંધવો, તે તેઓ પોતે જ વિચાર કરશે કે વેદવિહિત વિચારનો સ્વીકાર કરવો કે ઉપનિષદ્ગત વિચારો માનવા કે જુદા જુદા પુરાણકારના વિચારો માનવા. ભિન્ન ભિન્ન વખતે જેમ જેમ દૃષ્ટિને ઠીક લાગ્યુ હશે, તેમ જુદાજુદા વિદ્વાનોએ આ વિચારો દર્શાવ્યા હોય તેમ લાગે છે. લોકોનું એમ ધારવું છે કે અઢારે પુરાણનો કર્તા વ્યાસ ઋષિ છે. જો એમ હોય તો એકજ વ્યક્તિ જુદાં જુદાં પુરાણમાં જુદું જુદું કેમ લખે? એટલે એકની જ કૃતિ બધાં પુરાણોમાં હોઇ શકે નહિ.

વ્યાસ ઋષિએ કે બીજી કોઇ વ્યક્તિએ, એ પુરાણોમાં બ્રહ્મા, વિષ્ણુ ને મહાદેવને કેવા રૂપમાં આલેખ્યા છે, તેનો માત્ર નમૂનો આ

મળે છે, જેમ ધાન્ય વિગેરે ઉત્પન્ન કરવામાં બીજા કોઈની આવ-
શ્યકતા દેખાતી નથી, તેમ જીવને ફળ પહોંચાડવામાં ઈશ્વરની
આવશ્યકતા રહેતી નથી.

પ્રકરણ નવમું

પુરાણોનાં મતો

[illegible] દર્શન એ જેમ દર્શનોતરી [illegible]
[illegible] છે, તેમ પુરાણો દર્શન નથી. [illegible]
[illegible] મોટા દેવો કર્તા છે, અને [illegible]
[illegible] કરે છે એમ પુરાણો [illegible]
[illegible] તે પુરાણનો [illegible]
[illegible] કામ નથી. પુરાણોમાં [illegible]
[illegible] એક પુરાણમાં [illegible]
[illegible]

સમજાવ્યા, ત્યારે બ્રહ્માએ ફરીથી ઉગ્ર તપ કરવો શરૂ કર્યો. તપ કરતાં ઘણા વખતે પણ ઇષ્ટસિદ્ધિ ન થઇ, ત્યારે બ્રહ્માને ક્રોધ થયો, ને આંખમાં જલજલીઆં આવી ગયાં. પાંપણ વાંકી વળી ગઇ. તેમાંથી મહાદેવ પેદા થયા. બ્રહ્માની આજ્ઞાથી મહાદેવે ભૂતપ્રેતાદિગણો બનાવ્યા. એ ભૂતપ્રેતો બહુ ક્ષુધિત થયા એટલે આ જગતના જીવોને ખાવા લાગ્યા.

(૨) બ્રહ્મવૈવર્ત પુરાણ કહે છે કે કોઇએ આખા બ્રહ્માંડની રચના કરી હોય તો તે શ્રીકૃષ્ણે કરી છે. તેની જમણી ભુજાથી વિષ્ણુ થયા છે, ને ડાબી ભૂજાની શિવ થયા છે. નાભિકમલમાંથી બ્રહ્મા થયા છે. આ ત્રણે દેવોએ કૃષ્ણની પૂજાભક્તિ કરી, આજ્ઞા મેળવી, સૃષ્ટિની રચના કરી છે.

(૩) શિવપુરાણ કહે છે કે આ બ્રહ્માંડમાં પહેલાં પ્રથમ થયા હોય તો શિવ થયા છે. તેના જમણા હાથથી વિષ્ણુ ને લક્ષ્મી થયાં ને ડાબા હાથથી બ્રહ્મા ને સરસ્વતી થયાં. પછી ગુણમિશ્રિત પ્રકૃતિને જોઇ, એટલે તેમાં રજો તમઃ ને સત્વ એ તત્ત્વો ઉત્પન્ન થયાં. તેઓના હિસાબે સત્વ પ્રકૃતિમાંથી દેવો થયા, રજોગુણથી ઇન્દ્રથયો, ને તમઃ તત્ત્વમાંથી પૃથ્વી જલ વિગેરે પદાર્થો ઉત્પન્ન થયા. પછી ક્રમવાર આ સૃષ્ટિ થઇ આવી છે.

(૪) દેવી ભાગવતમાં આ કરતા જુદું લખે છે ને કહે છે કે જગતભરમાં આદ્યશક્તિ જે કાલી દેવી થઇ છે તેણેજ શિવ (રૂદ્ર) કૃષ્ણ ને બ્રહ્માને પેદા કર્યા છે. પછી આ બધી સૃષ્ટિ થઇ છે.

(૫) મંડૂક ઉપનિષદ્કાર જણાવે છે કે કરોળીઓ પોતાના મુખથી લાળ ઉત્પન્ન કરી તેને લંબાવે છે ને પછી વખત થતાં સમેટી લે છે, તેમ આ એક અવિનાશી પુરૂષ છે. તે પોતાની ઇચ્છાથી સૃષ્ટિસંદર્ભ બનાવે છે, ને ઇચ્છા પરિપૂર્ણ થતાં તેનો વિલય કરી નાંખે છે.

તો માત્ર પુરાણકારોએ તે દેવોને કેવા રંગમાં મૂકયા છે. તેજ માત્ર કહેવાનું છે.

પુરાણકારે બ્રહ્માને આ સૃષ્ટિનો આદ્ય સર્જક બનાવ્યો. વિષ્ણુ ને મહેશ્વર તેના પછી થયા છે. પુરાણકાર કહે છે કે બ્રહ્મા ઘણો વિષયી હતો. તે પોતાની પુત્રી જે સરસ્વતી તેની સાથે ભોગમાં પડયો, પણ એટલેથી તેને તૃપ્તિ મળી શકી નહિ. તેની પુત્રી હરિણી થઈ ગઈ, ત્યારે તે હરણ થઇ તેની સાથે ભોગમાં સપડાયો. મહાભારત કહે છે કે બ્રહ્માએ આ વિશ્વમાં અનેક સ્ત્રીઓ બનાવી, તેમાં એક શતરૂપા સ્ત્રી બનાવી. પણ બ્રહ્માને તેમાં પ્રેમ લાગ્યો ને તે મુગ્ધ થયો. શતરૂપા તેને પિતા જાણી તેની પાસેથી નાસી છૂટવા લાગી. પ્રથમ પૂર્વ દિશામાં તે ગઈ, ત્યારે બ્રહ્માએ તે તરફ મુખ કર્યું. એમ ચારે તરફ શતરૂપા ગઈ, ત્યારે ત્યાં ત્યાં મુખ તેણે કર્યું. પછી શતરૂપા ઉર્ધ્વ દિશા તરફ ગઈ ત્યારે બ્રહ્માએ પાંચમું મુખ આકાશમાં કર્યું ને જોવા લાગ્યો. શિવપુરાણ કહે છે કે શિવે ક્રોધ કરી તે વખતે બ્રહ્માનું પંચમ મસ્તક છેદી નાંખ્યું. કહે છે કે બ્રહ્માએ ઘણાં વર્ષો સુધી વિષયોપભોગમાં પ્રવૃત્તિ કરી છે, તોપણ તેને તૃપ્તિ થઈ નથી. બ્રહ્માનું ચિત્ર આટલેથી પુરાણકારે અટકાવ્યું નથી, પણ તે કહે છે કે શિવને પરણાવવા સાથે ગયા, ત્યારે પાર્વતીનું સૌંદર્ય જોઇ બ્રહ્મા હેરત પામી ગયો, એટલુંજ નહિ પણ જે બ્રહ્મા પિતામહ કહેવાય છે તેનું રેતસ્ મોહાંધતામાં દ્રવી ગયું, ને એ રેતસ્ (વીર્ય) પૃથ્વી-પર પડ્યું, જેમાંથી દૈત્યો ને બટુકો ઉત્પન્ન થયા. આવી અનેક અશ્લીલ ને અસભ્ય વાર્તાઓ તે પુરાણોમાં જણાવી છે. પુરાણોમાં ઋષિઓ ને બ્રાહ્મણોએ જે બ્રહ્માની નિંદા આટલી બધી લખી છે, તે બ્રહ્માને સૃષ્ટિની રચના કરતાં આવડી તો પોતાના પાપથી છૂટવાની કે નાસવાની રીતિ ન આવડી?

બીજો દેવ વિષ્ણુ

બીજો દેવ જે વિષ્ણુ છે તે ...

કરતાં શિવની અધિકતા કરી છે. શંકરને પ્રસન્ન કરવા કૃષ્ણે સાઠ હજાર વર્ષ સુધી તપ કર્યો, ત્યારે શિવ તેના પર પ્રસન્ન થયો. એ શંકરને પાર્વતી ને ગંગા બે સ્ત્રીઓ હતી, છતાં અનેક સ્ત્રીઓના વિષયથી તે બચી શકયો નથી. પુરાણકારે એ મહાદેવની પરીક્ષા ઘણી વખત પાર્વતી પાસે કરાવી છે. એક વખત પાર્વતી પાસે મહાદેવને પૂછાવ્યું કે હે નાથ! આપની ગરદનમાં આ માળા શાની છે? મહાદેવે કહ્યું કે હે સ્ત્રી! આ માળા સ્ત્રીઓનાં મસ્તકોની હાર છે. આજ સુધી તારા જેટલા ભવ મારી સાથે થઈ ગયા છે તે બધા ભવનાં આ તારાં મસ્તકો છે. બીજી કોઇ સ્ત્રીનાં નથી. હું પોતે ત્યારથી આજસુધીમાં એકજ છું. શિવ કહે છે કે હે પાર્વતી! વૈકુંઠપતિ નારાયણ, તેની સ્ત્રી લક્ષ્મી, ને બીજા દેવર્ષિઓ, ઉપરાંત બ્રહ્મા, સૂર્ય, દેવો ને ઇન્દ્ર એ સર્વ મને પ્રસન્ન કરવા તપ તપે છે. (જુઓ શિવપુરાણ શ્લોક ૩૯, ૪૦, ૪૧).

विषयासक्तचित्तोपि, त्यक्तधर्मरुचिर्नरः ।
इह क्षेत्रे मृतो यो वै, संसारं न पुनर्विशेत् ॥ ४२ ॥

અર્થ—આ કાશી ક્ષેત્રમાં મનુષ્ય વિષયાસક્ત ચિત્તવાળો હોય ને ધર્મની રૂચિ ત્યજી દીધી હોય, તોપણ જો અહીં મૃત્યુ પામે તો સંસારમાં તે ફરીથી પ્રવેશ કરતો નથી. તાત્પર્ય એ છે કે કાશી-ક્ષેત્રમાં મનુષ્ય ગમે તેવો ખરાબ હોય પણ જો ત્યાં મરે તો તેને અપાર સુખ મળે છે! વિષયી મનુષ્યને વિષયમાં રસ હોય તો ત્યાં જઈ મરવું એ વધારે હિતાવહ છે'

શિવલિંગની મહત્તા

સ્કંધ પુરાણકારે તો શંકરના લિંગની હકીકત લખતાં હદ મૂકી દીધી હોય એમ લોકોને લાગશે. શંકર નગ્ન રહેતો હતો. શરીરે ભસ્મ ચોળતો હતો. હસ્તમાં મનુષ્યના મસ્તકનુ પાત્ર લેઇ ગૃહસ્થને ઘેરે ભિક્ષા લેવા જતો હતો. આવું બીહામણું રૂપ છતાં કહે છે કે

ઋષિપત્નીઓ તેના ઉપર મોહિત થઈ જતી હતી. એ શંકર ભિક્ષા લેવા ફરતો હતો ત્યારે ઋષિપત્નીઓ તેને જોવા નિર્લજ્જ થઈ તેની પાછળ પાછળ ફરતી હતી. આમ થવાથી ઋષિપત્નીઓ ઘરે હાજર ન રહેતાં ઋષિજનોને ક્રોધ થયો, ને તે મંડળે શંકરને શાપ આપ્યો. આથી શિવનું ગુહ્યાંગ તૂટી પડ્યું. પછી એ અત્યંત પાતાળ [illegible] ને સર્વ બાગમાં પ્રસર્યું, તેથી નર દેવ ને દાનવ સર્વે [illegible] મુંઝાયો. ઘણો ત્રાસ થયો એટલે સર્વ લોકો વિષ્ણુ પાસે ગયા. ત્યાંથી તેઓ બ્રહ્મા પાસે ગયા. બ્રહ્મા ને વિષ્ણુનું તેજ જેની આગળ [illegible] ગયું, એવા શંકર પાસે બધા લોકો આવ્યા. [illegible] કરવા લાગ્યા કે અમારાથી આ દુઃખ સહન થતું નથી. ત્યારે શંકરે કહ્યું કે તમે બધા જો તેનું પૂજન કરો તો [illegible]. [illegible] ને શંકરે ગુહ્ય પોતાનું લિંગ [illegible]. [illegible] લિંગ [illegible]

આ બધી ઋષિ શું મળે છે?

[illegible]

બતાવો. ત્યારે વિષ્ણુએ મોહિની નામની સ્ત્રીનું રૂપ ધર્યું, જેમાં શંકર ફસાયો. આવી આવી અનેક બાબતો ઉલટસુલટ પુરાણોમાં જણાવી છે. પુરાણો કહે છે કે બ્રહ્માનું મસ્તક શંકરે કાપ્યું, શંકરનું લિંગ ઋષિઓએ છેદી નાંખ્યું. આમ જો બન્યું હોય તો એ બ્રહ્મા ને શંકર જીવે કેવી રીતે? જો આ વ્યક્તિઓને મનુષ્યનાં શરીર હોય તો આવું અવયવ કપાય ને જીવી શકે તેમ બને નહિ. જો તેઓ દેવના શરીરમાં હોય તો તેઓનું અંગ કપાય શી રીતે? દેવના શરીરમાં તો અત્યંત શક્તિ હોય છે. લોકો કહે છે કે બ્રહ્મા ખરાબ હતો, તેથી દુનિયામાં તેનું દેવાલય નથી. ત્યારે વિષ્ણુ ને મહેશ્વર તેનાથી કયાં ઓછા ઊતર્યા છે? એ ત્રણ દેવોએ એકએકથી ચડે તેવાં ખરાબ કાર્યો કર્યા છે એમ પુરાણકારો બતાવે છે.

પુરાણોની અંદર આવી વાર્તાઓ વાંચવાથી સમાજ ઉપર શું અસર થશે? લોકો આથી શું તે દેવોની મહત્તાની કીંમત આંકશે કે તેઓની ઉપર સામી ખરાબ અસર થશે? આજના ઘણા સભ્ય લોકો આવી હકીકતને તુચ્છકારી કાઢે છે. ગમે તેમ હોય, પણ બ્રાહ્મણ વર્ગમાંની કોઈપણ વ્યક્તિએ વ્યાસ ઋષિને નામે, કે પછી ગમે તેના નામને ઓથે બ્રહ્મા વિષ્ણુ ને શંકરનાં પાત્રો સાથે આ બધી વાર્તાઓ ગોઠવી દીધી છે. ઘણું દુઃખ તો એ છે કે કોઇ પણ ઈતર સંપ્રદાયનો અનુયાયી વર્ગ બીજા દેવોની નિંદા ન કરી શકે ને જેવી ખરાબ ભાષામાં ને પદ્ધતિમાં ન મૂકી શકે તેવી ભાષામાં ને પદ્ધતિમાં બ્રાહ્મણવર્ગે પોતાના પૂજનીય દેવોને મૂકી દીધા છે; એટલુંજ નહિ પણ એવા દેવોને પાછા પરમેશ્વરની–વિશ્વ રચનારની કક્ષામાં મૂકયા છે.

બ્રાહ્મણ સાહિત્ય ઘણું વિશાળ છે, પણ તેમાં સત્ય વસ્તુ કહેવાને બદલે ઇશ્વર વિષે, જીવ વિષે ને સંસાર વિષે અનેક ગુંચ-વણવાળી વાતો ઉભી કરી છે. વેદ, ઉપનિષદો ને પુરાણોમાં એ ત્રણે વિષે જુદી જુદી વાતો છે. આ પુસ્તકમાં વેદ ને ઉપનિ-

છે, પણ બ્રાહ્મણ દર્શન ને પુરાણકારો જીવનાં પોતાનાં કર્મો ઉપર તેટલો ભાર મૂકતાં નથી. તે તો ઇશ્વરના કર્તૃત્વ વિષે ને તેની શક્તિ વિષેની વિચિત્ર હકીકતો કહેવામાં રોકાઇ ગયાં છે, એટલે જીવોનાં સુખદુઃખનાં કારણો પુણ્ય પાપ છે તેમ સાફ સાફ કહેવામાં ઘણી વખત તેઓ શિથિલતા બતાવતા જણાય છે.

પ્રકરણ દસમું

બૌદ્ધ દર્શન

બૌદ્ધ દર્શન બ્રાહ્મણનાં બધાં દર્શનોથી તદ્દન ભિન્ન છે, એટલે બ્રાહ્મણ દર્શનોના સિદ્ધાંતોથી આ દર્શનનો સિદ્ધાંત ઘણોજ અલગ પડે છે. આ દર્શનનો સ્થાપક ગૌતમ બુદ્ધ થયો. તે શ્રીમન્ મહાવીરનો સમકાલીન હતો. કર્મકાંડના વેગ સામે તેણે મોરચો માંડ્યો હતો, ને પશુહિંસા સામે ઘણો અણગમો બતાવ્યો હતો. બ્રાહ્મણ દર્શનો ગમે તેટલા જોસમાં હતાં છતાં એ દર્શનો સામે તેણે સખ્ત પ્રહારો કર્યા હતા ને ટક્કર ઝીલી હતી. બુદ્ધદેવનું જીવન કરૂણા ઉપર ઘડાયું હતું. સંસારની લાલસા સામે તેનું હૃદય ફ્રૂજતું હતું, એટલે સંસારનાં સુખસાહિત્યમાં મગ્ન થએલા લોકોને બચાવવા તેનું હૃદય ચાહતું હતું. મૃત્યુ વ્યાધિને દુઃખમાં ગ્રસ્ત થયેલા લોકોને જોઇ તેનું હૃદય વૈરાગ્યાન્વિત અને ઉદાસ બની જતું હતું. કરૂણા ભાવમાં ને કેટલીક રીતે વ્રતનિયમમાં બૌદ્ધ દર્શન જૈન દર્શન સાથે મળતું થાય છે. પાશ્ચાત્ય લોકોએ તેના સિદ્ધાંતો સાથે જૈન સિદ્ધાંતોને મળતા જોઇને નિશ્ચય કરી દીધો હતો કે બૌદ્ધ દર્શનમાંથી થયેલી જૈન દર્શન એક શાખા છે; એટલે જૈન દર્શન વસ્તુતઃ સ્વતંત્ર દર્શન નથી, પણ બૌદ્ધ દર્શનમાંથી નિકળેલ છે. આ વાત આજે બહુ તપાસને પરિણામે અસત્ય ઠરી છે. જૈન દર્શનની જેમ તેણે સંઘની સ્થાપના કરી હતી. જૈન દર્શને

પાપ ને કાયિક પાપ આ પ્રકારે ન કરવું. મન વાચા ને શરીરને તે પાપોથી મુક્ત કરવાં. તેને લગતો વિચાર મનુઋષિએ પોતાની સ્મૃતિમાં મૂક્યો છે, એટલે બૌદ્ધ પુસ્તકો પરથી મનુએ પણ જે તેની નોંધ લીધી છે તે શ્લોક નીચે પ્રમાણેઃ

માનસિક પાપ

परद्रव्येष्वभिधानं, मनसानिष्टचिंतनम् ।
वितथाभिनिवेशश्च, त्रिविधं कर्म मानसम् ॥

અર્થ—આ પ્રકારે પાપ મનથી થાય છે, તો હે ભિક્ષુકો! તમારે તે નહિ કરવું. પરદ્રવ્યની અભિલાષા કરવી, મનથી બીજાનું ખરાબ ચિંતવવું, ને અયોગ્ય માર્ગમાં ચાલવું, આ પાપો માનસિક છે; તો તમારે મનમાં તેમ થવા ન દેવું.

વાચિક પાપ

पारुष्यमनृतं चैव, पैशुन्यं चापि सर्वशः ।
असंबद्धप्रलापश्च, वाङ्मयं स्याच्चतुर्विधम् ॥

અર્થ—કઠોર બોલવું, અસત્ય બોલવું, ચાડી કરવી, ને અસંબદ્ધ બોલવું એ ચાર પાપો વાણીથી થઇ શકે છે, તો તેમ નહિ કરવું.

કાયિક પાપો

अदत्तानामुपादानं, हिंसा चैवाविधानतः ।
परदारोपसेवा च, शारीरं त्रिविधं स्मृतम् ॥

અર્થ—નહિ આપેલી વસ્તુઓને લેવી, વેદવિહિન હિંસા સિવાય હિંસા કરવી, ને પરસ્ત્રીનુ સેવન આ પ્રકારે પાપ શરીરથી કહ્યું છે.

આ જગ્યાએ મનઋષિએ વેદવિહિત હિંસાને વ્યાજબી ઠરાવી છે, પણ બૌદ્ધ લોકો તે વાતને સ્વીકારતા નથી. આ ઉપરથી સમજાય છે કે મનુસ્મૃતિકાર મનુ બૌદ્ધ સાહિત્ય પછી થયા છે. બીજું મનુએ વેદવિહિત હિંસાને મજબૂત ઠરાવી છે. જૈમિનિદર્શનમાં મનુઋષિ હિંસામાં કેટલો અગ્ર ભાગ ભજવે છે તે આપણે જણાવ્યું છે

[illegible] પુસ્તકમાં કહ્યું છે કે બુદ્ધદેવે [illegible] પ્રમાણે, પાંચ નિયમો પાળવા જોઈએ (૧) પ્રાણઘાત ન કરવો. (૨) ચોરી ન કરવી. (૩) વ્યભિચાર ન કરવો. (૪) અસત્ય ન બોલવું. (૫) કદી પણ માદક પદાર્થ ન લેવા. [illegible]

વખતે તેમણે ગુરૂની શોધ પણ કરી છે. જ્ઞાનપ્રાપ્તિને માટે થાય તેટલા ઉપાયો કર્યાં છે, પણ પછી કેટલાંક વર્ષને આંતરે વૈશાખ માસની પૂર્ણિમાએ દૂધનું પાયસ તે ભોજનમાં લે છે, ત્યારપછી બોધિવૃક્ષ (પિપળાના વૃક્ષ) નીચે તેમને જ્ઞાન થાય છે. ત્યારપછી સંબુદ્ધ, તથાગત, સુગત, ધર્મરાજ, મારજિત વિગેરે ઉપનામોથી બોધિસત્વ સંબોધાય છે. આ વખતે ૩૬ વર્ષની તેમની વય હતી. મહાવર્ગ પુસ્તક કહે છે કે સાત દિવસ સુધી એ જ્ઞાનનો રસ (મોક્ષ રસ) પીતા તથાગત બેસી રહ્યા હતા. ત્યાં છેલ્લી રાત્રિના છેલ્લા પ્રહરમાં તે બોલ્યા કે—

यदा हवे पातु भवन्ति धम्मा, आतापिनो झायतो ब्राह्मणस्स।
विधूपयं तिट्ठति मारसेनं, सुरियोव ओभासयति मंतलिखे ॥

અર્થ—જ્યારે ધ્યાનસ્થ ને ઉત્સાહી બ્રાહ્મણને ધર્મજ્ઞાનનો સાક્ષાત્કાર થાય છે, ત્યારે તે મારની સેનાનો વિધ્વંસ કરી નાંખે છે, ને આકાશમાં સૂર્યની જેમ તે પ્રકાશ પામે છે.

એક વખત નેરંજરા નદીના કીનારા પર હતા ત્યારે બુદ્ધદેવ બોલ્યા કેઃ—

किच्छेन मे अधिगतं हलंदानि पकासितुं।
राग दोस परे तेहि नायं धम्मो सुसंबुद्धो ॥ १ ॥
पटिसोतगामिं निपुणं गंभिरं दुदस्सं अणुं ।
रागरत्ता न दक्खन्ति तमो खन्देन आवुताति ॥ २ ॥

અર્થ—અતિ પ્રયત્નથી મને આ માર્ગનું જ્ઞાન થયું છે, પણ તે કહેવામાં કાંઇ અર્થ નથી, કારણ, રાગ ને દ્વેષથી રોકાયેલા લોકો વસ્તુને બરાબર જાણી શકશે નહિ. (૧) આ જ્ઞાન લોકની સામી બાજુએ જનાર છે, તેમ ઘણું ગંભીર દુરધિગમ્ય ને સૂક્ષ્મ છે. રાગ દ્વેષથી આસક્ત મનુષ્યો તેથી એ વસ્તુ (જ્ઞાન)ને પામી શકતા નથી. (૨)

આ ઉપરથી એમ કહેવાનું છે કે તેમને જ્ઞાન થયું તે લોકો

ખ છે, ત્યાં કેવા કેવા સંયોગો ને પદાર્થો છે, એ સંબંધી બુદ્ધદેવ
ાંઇ પણ બોલ્યા નથી. જો જ્ઞાન થયું હોય તો એમણે કહેવું જોઇએ
પૃથ્વી કે સ્વર્ગ આ પ્રમાણે છે. બ્રાહ્મણ પુસ્તક પ્રમાણે ને જૈન
ાહિત્ય પ્રમાણે શિવ રાજર્ષિ થયો તેણે બહુ તપસ્યા કરી, સ્વભાવમાં
ુધારો થવાથી ને તપસ્યા થવાથી તેને દિવ્ય જ્ઞાન થયું, તેથી તેણે
ાત દ્વીપ ને સપ્ત સમુદ્રો જોયા. આમ અનેક ઋષિએ જોયું છે ને
ી બતાવ્યું છે. પણ બુદ્ધદેવને તેવું જ્ઞાન થયું હોય તેમ જણાતું
ાથી. જૈન દર્શનમાં જ્ઞાન થયાને અંગે અનેક વ્યક્તિઓની વાત
ાહી છે. તેમાં સ્વર્ગ નરક જીવ અજીવ વિગેરે શું ચીજ છે, જે ચર્મ
ચક્ષુથી જોઈ-સમજી શકાતું નથી તેને તેઓ કહી શકયા છે, વા
સમજાવી શકયા છે. દલીલ ખાતર માનો કે પૃથ્વી, સ્વર્ગ, નરક કશું
નથી પણ તે વસ્તુને સિદ્ધ કરવામાં તેઓ કેવી દલીલો આપી શકયા
છે. ચર્મચક્ષુ ઉપર આધાર રાખવાથી દષ્ટિને અગોચર વસ્તુ દષ્ટિ-
ગોચર થઇ શકતી નથી. ત્યાં તો દિવ્ય જ્ઞાન ઉપર આધાર રાખવો
જોઇએ, ને તેમાં આ ચર્મચક્ષુ કાર્ય પણ કરતી નથી એમ સમજવું
જોઇએ. ત્યાં આંતર બુદ્ધિને આગળ વધારવી જોઇએ, તો જ એ
દિવ્ય જ્ઞાનનો અનુભવ આવે છે. પાપ ને મોજશોખની ખાતર અધમ
માર્ગે જવાની જો તેમણે ના પાડી છે, તો પછી તેનું પરિણામ
કેટલું બધું ખરાબ સહન કરવું પડે છે તે વાત તેમણે કહેવી જોઇતી
હતી. પણ તે વિષે લેશ પણ બુદ્ધદેવ કહી શકયા નથી. એટલે કે
પાપનાં પરિણામ સહન કરવા માટે નરકો છે, ને સુખના ઉપભોગ
માટે સ્વર્ગો છે, એ વાતનો વિચાર બુદ્ધદેવે કરી બતાવ્યો નથી.
પરલોક છે, તો પરલોકમાં કયાં કયાં સ્થાનો છે, વા મોક્ષ છે, તો
મોક્ષમાં કેવી સ્થિતિ છે, આ સંબંધી વાત તેમને કરવી ગમી નથી,
એટલે એવી બાંજગડમાં પડવાનો તેમનો વિચાર હોય તેમ જણાતું નથી.

તેમનો જ્ઞાનપ્રકાશ લોકોએ માન્યો હોય, તેમની દષ્ટિમાં વિશાલતા

(યથાતથ) સ્વરૂપને સમજી નથી શકતા તે વિષય આપણે તેમનાં જ શબ્દોમાં કહેવો જોઈએ.

अनमतग्गोयं भिक्खवे ! संसारो पुब्बाकोटि न पञ्ञायति ।
अविज्जानीवरणानं सत्तानं तण्हासंयोजनानं सन्धावतं संसरतं ।

અર્થાત્—અહો ભિક્ષુઓ ! આ સંસાર અનાદિ છે. અવિદ્યાથી ઢંકાયેલા અને તૃષ્ણાથી ગતિ પામેલા સંસારમાં ભટકતા પ્રાણીઓની પૂર્વ સ્થિતિ શું હતી તે સમજી શકાતું નથી. (અંગુત્તર નિકાય).

[illegible]

सव्वं अथीति खो कच्चान ! अयमेको अंतो, सव्वं नत्थीति अयं दुत्तियो अंतो, एते ते उभो अंते अनुपगम्म मझ्झेन तथागतो धम्मं देसेति । अविज्जा पच्चया संखारा ॥

અર્થ—હે કાત્યાયન ! સર્વ છે (આત્માદિ નિત્ય છે) એ એક છેડો છે, ને સર્વ નથી એ એક બીજો છેડો છે. આ બે બાબતના છેવટમાં ન જતાં (તથાગત એટલે હું જતો નથી) વચલા માર્ગમાં ઉપદેશ કરે છે. જેમકે અવિદ્યાથી સંસ્કારની ઉત્પત્તિ વિગેરે. (સંયુક્ત નિકાય)

આ ઉપરથી સમજી શકાય છે કે પોતે હા કહેતાં મુંઝાય છે, એટલે આત્મા જેવું તત્ત્વ છે તેમ કહેવાની હિમ્મત ચાલતી નથી. તેમ એ વસ્તુ નથી તેમ કહેવામાં દિલમાં અકળામણ આવે છે. આથી મધ્યમ માર્ગ તેમણે પસંદ કર્યો હોય એમ પોતે કબૂલ કરે છે. એટલે એ સ્પષ્ટ થાય છે કે કોઇ અતીંદ્રિય જ્ઞાન કે દિવ્ય જ્ઞાનનો તેમનામાં વિકાસ થયો હોય તેમ જણાતું નથી. કોઇ પણ તરફ નિશ્ચયાત્મક કહેતાં બુદ્ધદેવ મનમાં શંકા વિતર્ક કરતા હોય એમ લાગે છે.

વક્તવ્ય એ છે કે તે વખતે અનેક વિચારકોમાં આત્મા, જડ, લોક, પરલોક વિગેરે સંબંધી ભિન્ન ભિન્ન વિચારણાઓ ચાલતી હતી. એક તરફ જૈન દર્શનના વિચારોની મૂશલધારાઓ ચાલતી હતી તેમ બીજી તરફ બ્રાહ્મણ ધર્મને અંગે ભિન્ન ભિન્ન દર્શનોમાંથી અનેક જુદી જુદી ઘટનાઓ ચાલતી હતી. એક પક્ષ નિત્યવાદ સ્થાપન કરતો અને બીજો અનિત્યનો પક્ષ લેતો હતો, ત્યારે કોઇ મધ્યમ રહેતો હતો. આવી સ્થિતિમાં બુદ્ધ પોતે મુંઝાય એ સહજ હતું, કારણકે અતીંદ્રિય જ્ઞાન બુદ્ધને થયું ન હતું. જો થયું હોત તો આવી મુંઝવણ હોવાનો પ્રસંગ આવત નહિ. જેને સાચું જ્ઞાન છે, તે મનુષ્ય કોઇ પણ રીતે દ્દઢતા ઉપર આવી જાય છે, ને તે સંબંધી

[illegible] ન હતી. [illegible] અનિર્ણયાત્મક રીતે [illegible] આગળ નહિ [illegible]

[illegible] अनु[illegible] [illegible] [illegible] ॥

[illegible]

સમુત્પાદનું યથાર્થ જ્ઞાન મેળવવું જોઇએ, ને પ્રજ્ઞાને પૂર્ણતા તરફ લેઈ જવી જોઇએ. પ્રજ્ઞાવડે નિર્વાણપ્રાપ્તિ છે. (બુદ્ધ ધર્મ ને સંઘઃ વ્યાખ્યાન બીજું)

આ ઉપરથી તથાગત શું કહેવા માંગે છે તે વાચક બરાબર સમજી જશે. ધર્મસ્થિતિ ઉપર ને ધર્મનિયમ ઉપર રહેવા તથાગત સમાજને સારો ભાર આપી કહે છે એ નિઃસંશય છે. પણ સાથે એ કહે છે કે આ વિશ્વ રહેશે કે પ્રલય થશે, જીવ ને શરીર જુદાં કે એક, ને તે પરલોકમાં જશે કે નહિ, ને જશે તો કયાં જશે, એ બધી વાતને પ્રશ્નમાં લાવવા જ તે ના પાડે છે. ત્યારે શું એમ નથી સમજાતું કે એ વાત પોતે બરાબર સમજી શકયા જ નથી? જો જીવ ને પરલોક નથી, તો પછી ધર્મ કરવાની આવશ્યકતા કયાં રહે છે? અર્થાત્ ધર્મ કરવો કોણે ને શા માટે? એટલે જીવ વસ્તુ સાબીત ન થાય તો ને પરલોક ન હોય તો ધર્મ સાંભળવો શા માટે? ધર્મ કરવો શા માટે? આમ અનેક પ્રશ્નોની હારમાળા મનુષ્યની બુદ્ધિ આગળ આવી ઉભી રહેશે. હકીકત એ છે કે તથાગત ધર્મનિયમ, ધર્મસ્થિતિ વિગેરેની કારણકાર્યપરંપરા જાણે છે, તો પછી જીવ શું છે, કયાં જાય છે, એ વાતની સ્પષ્ટતા કાં ન કરી શકયા? જીવ પાપ કરે છે તે ખોટું કહે છે. ધર્મ કરે છે તે સારૂં કહે છે, પણ તેમ કરવાથી કયાં જવાય છે, એ વાતને કેમ બુદ્ધદેવ કહેતા નથી? વસ્તુ એ છે કે ત્યાંસુધી તેમને દિવ્ય જ્ઞાન કે અતીંદ્રિય જ્ઞાન નથીજ; જો અતીંદ્રિય જ્ઞાન હોત તો એ હકીકત કહી શકત. બુધ્ધે સમાજને ધર્મ કરવા વિશાળ ને સારો સંદેશો આપ્યો છે, પણ એની સાથે જીવની હયાતી ને પરલોક માટે વિશ્વસ્ત દલીલો પૂરાવા ને પ્રમાણો આપ્યાં હોત તો સમાજ ધર્મ કરવા ઉત્સાહિત થાત.

અન્ય દર્શન સાથે બૌદ્ધ દર્શનની સરખામણી

પરલોક હો કે ન હો, જીવ કયાં જશે કે શું થશે, તે વાતનો ખ્યાલ છોડી પાસેથી બુદ્ધદેવ છોડાવવા માગે છે એ વાત ખરી છે,

વેદાન્ત દર્શનના અવ્યવસ્થિત કથનનો સહજ ઇશારો

વેદાન્ત દર્શન એક સરખી વાત કરતું નથી. એક સ્થલે ઉચ્ચમાં ઉચ્ચ જ્ઞાનની વાત કરે છે, ત્યારે એક સ્થલે છેક છેલ્લા પાટલે જઇ બેસે છે. જ્યાં પક્ષપાત છે, ત્યાં એ વસ્તુ બરાબર સમજાતી નથી; પણ મધ્યસ્થ ભાવે વાંચવાથી કંઇક તેની તુલના કરી શકાય છે. ઉત્તર મીમાંસા દર્શનના વિચારકો એમનાં માનેલાં પુસ્તકોને પ્રસ્થાન-ત્રય કહે છે. તેમાં ભગવદ્ગીતા, ઉપનિષદો ને બ્રહ્મસૂત્ર મીમાંસા એ ત્રણનો સમાવેશ થાય છે. ઉપનિષદોમાં ભિન્ન ભિન્ન જગ્યાએ ભિન્ન ભિન્ન વાતો કરી છે, એટલે હવે તેના માત્ર થોડા પુરાવા રજુ કરીએ. એક જગ્યાએ અનાદિવાદને પૂરવાર કરે છે, ત્યારે બીજી જગ્યાએ બ્રહ્મમાં વિકાર ઉત્પન્ન કરે છે.

માંડુક્ય ઉપનિષદ્‌ના અલાત શાન્તિ પ્રકરણમાંથી અનાદિવાદની સ્પષ્ટતા

स्वतो वा परतो वाऽपि, न किंचिद् वस्तु जायते ।
सदसत् सदसत् वापि. न किंचित् वस्तु जायते ॥२२॥

એમ કહે છે કે પોતાથી કે પરથી પણ લેશ પણ કોઇ વસ્તુ ઉત્પન્ન થતી નથી. તે વસ્તુ સત્ હોય કે અસત્ હોય કે પછી સદ્ અસદ્ (મિશ્ર) હોય, પણ ઉત્પન્ન થતી વસ્તુ છેજ નહિ. મતલબ એ કહેવા માંગે છે કે કોઇ પણ વસ્તુ ઉત્પન્ન થઇ નથી, વા થતી નથી. જેમ જે વસ્તુ છે તે વસ્તુ તેમની તેમ છે. અથવા ઘટમાંથી પટ થતો નથી, પટમાંથી ઘટ થતો નથી, તેમ વસ્તુ પોતાના સ્વભાવમાં જેમ છે તેમ છે. તેને સિદ્ધ કરવા તેના પછીનો શ્લોકઃ

हेतुर्न जायतेऽनादेः फलं चापि स्वभावतः ।
आदिर्न विद्यते यस्य तस्य ह्यादिर्न विद्यते ॥२३॥

અર્થ—જે અનાદિ વસ્તુ છે તેને કારણ હોતું નથી, તેમ સ્વભાવથી ફલ પણ હોતું નથી. જેની આદિ નથી, તેની ખરેખર આદિ છે જ

સિવાય બીજું કોઇ નથી. જો બીજો કોઈ હોય તો ભય થવાનું કારણ છે. પણ તેમ તો નથી જ (૨). હકીકત એ છે કે બ્રહ્મ હો કે પ્રજાપતિ હો કે પછી વિરાટ્ ભગવાન્ હો, પણ તે એકલો એક વખતે હતો. જ્યારે જગત્ તદ્દન શૂન્ય હતું, ત્યારે તે કોઈ એવી સ્થિતિમાં ને સ્થાનમાં હશે કે એકદમ ભડકી ઉઠ્યો ને ગભરાયો. હવે સમજવાનું એ છે કે તે બ્રહ્મ હો કે પરમેશ્વર હો પણ તેને ભય હોય શેનો? આવી સ્થિતિની જ્યારે વાત ઉપનિષદ્કાર કહે છે, ત્યારે મનુષ્ય વિચાર કરે છે કે આ સ્થિતિ નિર્દોષ પ્રભુને હોય ખરી? કે પાપી જીવને આ સ્થિતિ હોય? હવે જે નિર્દોષ ને અવિકારી બ્રહ્મ હતું, તેમાં વિકાર ઉત્પન્ન થવાની વાત ઉપનિષદ્કાર કહે છે:

स वै नैव रेमे तस्माद् एकाकी न रमते स द्वितीयं ऐच्छत्। स ह एतावान् आस यथा स्त्रीपुमांसौ संपरिष्वक्तौ स इयम् एव आत्मानं द्वेधा अपातयत् ततः पतिश्च पत्नी च अभवतां.................॥ ३ ॥

અર્થ—તે વિરાટ્ આત્મા આનંદ પામતો ન હતો. એકલો હતો તેથી તેને ગમતું ન હતું. કોની સાથે આનંદ કરવો કે રમવું? તેથી બીજાની ઇચ્છા કરી. એ આત્માએ પછી સ્ત્રીપુરૂષને તૈયાર કર્યાં, એટલે તેણે આત્માને બે ભાગમાં વહેંચી નાખ્યો. પતિ તરીકે મનુને બનાવ્યો ને પત્ની તરીકે શતરૂપા કન્યા તૈયાર કરી. લોકો શંકા કરે તો કહે છે કે એક દ્વીપમાંથી જેમ બે ભાગ થાય છે, તેમ એ આત્માએ પોતાનું પતન કર્યું ને સ્ત્રીપુરૂષની જેમ ભોગમાં જોડાયો.

ત્યારપછી તે જે કહેવા ઇચ્છે છે તે એ છે કે એ મનુને શતરૂપાથી અનેક પ્રાણીગણોની ઉત્પત્તિ થઈ શતરૂપાને એવો ખ્યાલ આવ્યો કે હું તેના શરીરથી ઉત્પન્ન થઇ છુ ને તે મારી સાથે પુરૂષની જેમ સંયોગ કરશે તે સારી વાત નથી: તો મારે ક્યાંક સંતાઇ જવું. એમ વિચારી તે પુરૂષના ખરાબ સંગથી છૂટવા માટે તે ગાય થઇ ગઇ પણ મનને

તેણે ગાભ (સાંઢ)નું શરીર લીધું, ને તે ગાય સાથે સમાગમ કરવા તૈયાર થયો. શતરૂપા પોતે શરમાઈ પણ મનુને શરમ ન આવી. શતરૂપા ત્યાંથી અશ્વિની થઈ ત્યારે તે મનુ અશ્વ થયો. પછી તે ગર્દભી થઈ ત્યારે મનુ ગર્દભ થયો. એમ શતરૂપાએ જે જે યોનિમાં સ્ત્રીપણે અવતાર લીધો તે તે યોનિમાં મનુએ પુરુષ થઈ તેની સાથે ભોગ કર્યો. આમ કહી તે પુસ્તકકાર કહેવા ઇચ્છે છે કે તેમ કરવાથી આ પશુગણ ન હતો તેની તેમણે ઉત્પત્તિ કરી ને પછી આ આખા જગત્‌ની ઉત્પત્તિ થઈ.

ત્યારપછી તે નીચે મુજબ કહે છેઃ

सोऽवेदहं वाव सृष्टिरस्मि अहं इदं सर्वं असृक्षी इति ततः सृष्टिः अभवत........ ॥ ५ ॥

અર્થ—તેણે જાણ્યું કે હું ખરેખર આ સૃષ્ટિરૂપ છું, કારણ આ સૃષ્ટિની ઉત્પત્તિ મેં કરી. ત્યારપછી સૃષ્ટિ થઈ ને તે સૃષ્ટિનો ઉત્પાદક હોવાથી પ્રજાપતિ કહેવાયો.

હવે માંડૂક્ય ઉપનિષદ્ ને બૃહદારણ્યક ઉપનિષદ્‌ના આ પરસ્પર વિરોધી વિચારોથી વાચક સમજશે કે આ બેમાં કયું ઉપનિષદ્ સત્ય હશે, વા કયા ઉપનિષદ્‌નું કથન માનવું? કારણ, બ્રહ્મ જેવું પૂર્ણ શુદ્ધ તત્ત્વ તે પછી મર્ત્ય થવા ઇચ્છે છે, તો તે અમૃત તત્ત્વ છે તેમ કોણ કહી શકશે? અમૃત તત્ત્વ હોય તે મૃત્યુ લેવા કે મર્ત્યમાં આવતું નથી. છતાં જ્યારે તેને મર્ત્યમાં દાખલ કરે છે, તો તે અમૃતનો દાવો લાવે છે એ વાત સત્ય નથી જ. બ્રહ્મમાં જ્યારે વિષયની ઇચ્છા પેદા થઈ તો પછી બીજા પ્રાણીની શું હકીકત કહેવી? જે કાંઈ તદ્દન ભસ્મીભૂત થઈ ગયું હોય ને તે પછી બળે, એ માનવું જેટલું સંભવિત છે, તેટલું બ્રહ્મ થયા પછી તેમાં વિષયની ઉત્પત્તિ થવી એ સંભવિત છે. અર્થાત્ જેને બ્રહ્મ કહેવામાં આવે છે, તેમાં એ ઇચ્છા સંભવિત નથી. બ્રહ્મને જે અનાદિ તત્ત્વ કહેવામાં આવે છે, તે વાત પણ ટકતી નથી. શતરૂપા પોતે શરમાઈ પણ મનુ પોતે ન શરમાયો એ

પણ કેટલો બધો દુઃખદ વિષય છે ? શતરૂપા પોતે પિતા સાથે વર્તતાં સંક્ષોભ પામી પણ તેને ઉત્પન્ન કરી જનક તરીકે કહેવરાવ્યા છતાં પોતાની પુત્રી સાથે ખરાબ આચરણ કરવામાં બ્રહ્મ પિતા કેમ શરમાયો નહિ હોય ? આજે સમાજમાં આવી સ્થિતિ જો કોઇ જગ્યાએ થાય તો તેને માટે સમાજમાં કોઇ સ્થાન રહેતું નથી. તોપછી આ પ્રજાપતિને માટે સ્થાન ક્યાંથી હશે ? ઉપનિષદ્ એટલે જ્ઞાનનો ખજાનો, તેમાં પણ બીભત્સ વાર્તાઓ આવે, તો પછી ઉપનિષદ્ આત્માની સમીપ છે એ અર્થ ક્યાં રહે છે ? પુરાણમાં પણ બ્રહ્મની જગ્યાએ બ્રહ્માને કલ્પ્યો છે, કે જેણે શતરૂપા બનાવી ને તેની પાછળ તે બ્રહ્મા પડ્યો. પુરાણકાર કહે છે કે બીજા દેવોએ તેનું મસ્તક એક પછી એક દિશામાં જતાં કાપી નાખ્યું. હવે જો એ વાત બરાબર હોય તો સૃષ્ટિની ઉત્પત્તિ ત્યાંથી જ અટકી જાય છે, પછી આગળ વધી શકતી નથી. ઉપનિષદ્કાર કહે છે કે આ સૃષ્ટિની ઉત્પત્તિ બ્રહ્મે કરી, ને ત્યારપછી આ બધી વસ્તુ થઇ. તો પ્રશ્ન એ છે કે પુરાણકારનું કથન સત્ય છે કે ઉપનિષદ્કારનું વચન સત્ય છે ? એ બેમાં પહેલાં કોણ થયું ? ઉપનિષદ્કારો પહેલાં થયા કે પુરાણકારો પહેલાં થયા ? બ્રહ્મ તત્ત્વમાંથી બ્રહ્મા (નર)ની કલ્પના થઇ કે નર (બ્રહ્મા)માંથી નપુંસક બ્રહ્મની કલ્પના ઉભી થઇ ? આવી વાતો વાંચી મનુષ્યો મુંઝાય છે. લોકોની દૃષ્ટિએ પુરાણકારોએ અતિશયોક્તિ કરી છે એમ જણાય છે, ત્યારે ઉપનિષદ્કારે પણ તેવી જ બાલિશ વાતો કરી છે. શતરૂપા સ્ત્રી બનાવી ને તેની સાથે ઇશ્વર, મનુદ્વારા આખલો, અશ્વ, ગર્દભ વિગેરે નરજાતિના અવતારો લે છે, ને તેની સાથે રમણ કરે છે, આવી વાત સામાન્ય વ્યક્તિથી કોઇ પુસ્તકમાં લખાઇ હોય તો લોકો તેને હસી કહાડે છે ને મૂર્ખમાં ગણે છે. ત્યારે અહીં ઉપનિષદ્કારે ઇશ્વરને ભોગના પૂરની વહેની નદીમાં નાખીને મૂકી દીધો એ કેટલું બધું આશ્ચર્ય છે ! ઇશ્વર એટલે બ્રહ્મ-પરબ્રહ્મ જેની શુદ્ધ ને પવિત્ર દશા, તેને જ આ વિશ્વની ગટરનો નાયક બનાવ્યો ! શાસ્ત્રકારો

જ્ઞાનમાં આવે છે. વસ્તુ એ છે કે આત્માને માનવા છતાં આત્મા નિત્ય છે ને તે હેતુપૂર્વક છે કે અહેતુપૂર્વક છે એ વાત સ્પષ્ટ કરવા બુદ્ધનું હૃદય ના પાડે છે. તેમનું હૃદય કાંઈ પણ કહેવા જતાં ને તે નિર્ણયપૂર્વક કહેવા જતાં મુંઝાય છે. અલબત્ત હૃદય વલોવાય છે, પણ કાંઈ સમજણ પડતી નથી.

ઉપરના દર્શન સાથે બૌદ્ધ દર્શન ક્યાં ભિન્નતા રાખે છે તે વાત કહી. સાથે એ વાત કહી કે અતીંદ્રિય જ્ઞાન ન હોવાથી બુદ્ધદેવ અનેક જગ્યાએ મુંઝાયા છે ને સ્પષ્ટ ખુલાસો આપી શક્યા નથી. આ સાથે એક વાત એ પણ જાણવાયોગ્ય છે કે બુદ્ધના વિચારો ને કથનો ઘણી વખત જૈન (આર્હત) દર્શનની સાથે મળતા આવે છે, તેથી લોકો કહે છે કે તેમાંથી જૈનની એક શાખા થઈ છે. પણ વસ્તુતઃ તેમ નથી. તે બંનેમાં કેટલું બધું અંતર છે, તે હવે પછી જણાવવામાં આવશે. કેટલીક વખત બુદ્ધ ગૃહસ્થો આગળ બોધ આપે છે તે ઘણો જ્ઞાતવ્ય છે. બુદ્ધ કહે છે કે, ગૃહસ્થો! હું કહું છું તે તમે સમજો. આ જગતમાં લોકો શીલ પાળે છે, પણ પણ તેમાં ભેદ છે તે આ પ્રમાણેઃ

જે મનુષ્ય એમ કહે છે કે હું મોટો સદાચારી છું, બીજાઓ દુઃશીલ છે, પાપી છે, આમ જે પોતાની સ્તુતિ ને પરની નિંદા કરે છે, તે હીનશીલ છે. મધ્યમ શીલવાન્ મનુષ્ય તે છે કે જે આમ સ્તુતિ–નિંદા કરતો નથી. જેનામાં પ્રજ્ઞા સાથે શીલ (સદાચાર) હોય તે જ ઉત્તમ શીલવાન છે. આપણને બીજા ભવે સુખ મળે એવા વિચારથી જે પાળવામાં આવે છે, તે હીન છે. મોક્ષ મળે તે ઉદ્દેશથી પાળવામાં આવે તો તે મધ્યમ છે, ને સર્વ પ્રાણીના હિત માટે પાળવામાં આવે તે ઉત્તમ છે. વળી બુદ્ધદેવ તે વિષયને વધારે સ્પષ્ટ કરી ચાર ભાગમાં વહેંચી નાખે છે.

તે કહે છે કે જે અવિદ્વાન્ મનુષ્ય પાપીઓનો સહવાસ કરે છે, શીલવંત લોકના સહવાસમાં રહેતો નથી, પોતાના નિશ્ચમનની

પરવા કરતો નથી, પોતાના મનમાં નિરંતર પાપના વિચારો કર્યા કરે છે, ને વળી પોતાની દષ્ટિઓનું દમન કરતો નથી, તે મનુષ્ય શીલમાં હાનિભાગી ગણાય છે. (૧). બીજા પ્રકારનો મનુષ્ય આ છેઃ જે મનુષ્ય શીલસંપત્તિથી આનંદિત થાય છે, ધ્યાન-સમાધિને સાધ્ય કરવા ઇચ્છતો નથી, ચાલુ શીલથી સંતુષ્ટ રહે છે, પણ વધારે પ્રયત્ન કરતો નથી. આ શીલ સ્થિતિભાગી છે. (૨). જે પુરુષ શીલસંપન્ન ઉપરાંત વધારે આગળ સમાધિ સાધવા પ્રયત્ન કરે છે, તે શીલ વિશેષભાગી છે. (૩). જે ભિક્ષુ માત્ર શીલથી જ તૃપ્તિ માનતો નથી પણ સતત વૈરાગ્યની પ્રાપ્તિના ઉપાયોમાં લાગ્યો રહે છે, તે શીલ નિર્વેદભાગી છે. (૪).

આમ તથાગતે પોતાના ભિક્ષુઓને ઘણો સારો બોધ આપ્યો છે, ને વસ્તુ સમજાવવા ઘણો પ્રયત્ન કર્યો છે. વળી કોઈ જગ્યાએ ભિક્ષુઓને ક્ષમા રાખવા પણ કહ્યું છે. એક કુલાંગના સ્ત્રી હતી તે જેમ બહારથી સારી દેખાતી હતી, પણ તેણીને દાસીએ કોઈ વખત સતાવી ત્યારે તેણીએ ક્રોધ કર્યો, તેમ હે સાધુઓ! તમે પ્રસંગ મળતાં ક્રોધથી ઉદ્દીપ્ત થશો નહિ આમ કેટલીક જગ્યાએ તથાગતનો જ્ઞાનવિશિષ્ટ બોધવિષય સમજાય છે, ને આને લગતી હકીકતો જૈન દર્શનમાં છે, તેથી કેટલીક વખત એ બે દર્શનોમાં સામ્ય દેખાય છે, પણ જરા આગળ વધીએ ને વધારે સ્પષ્ટ કરીએ તો બન્નેમાં કેટલું બધું અંતર છે તે જણાઈ આવશે.

જૈન દર્શન સાથે કેટલું અંતર?

તથાગતે કેટલાક પાપો કાયાથી ન કરવાં સમજાવ્યા, કેટલાંક વાણીથી ન કરવાં કહ્યા, ને કેટલાક પાપો મનથી ન કરવા કહ્યાં. દશ પાપો ન કરવા સંબંધી ઉલ્લેખ આપણે આગળ બતાવી ગયા. હિંસા, અદત્તાદાન, વ્યભિચાર એ કાયિક પાપ, અસત્ય, ચાડી, કઠોર ભાષણ ને બડબડાટ એ વાચિક, પરદ્રવ્યમાં તૃષ્ણા, દ્વેષ ને

નાસ્તિકતા એ માનસિક; એ દશ પાપોને ત્રણ સ્થાનમાં બુદ્ધ કહે છે. ત્યારે તે વિષયને જૈન દર્શન બારીકાઈથી સમજાવે છે કે હિંસા, અસત્ય, અદત્તાદાન વિગેરે પાપો મનથી વાણીથી ને શરીરથી એમ ત્રણે રીતે થાય છે. એ પાપો કરવાથી થાય છે, ઉપરાંત કરાવવાથી પણ થાય છે, ને અનુમોદન આપવાથી પણ થાય છે. એટલે બૌદ્ધ દર્શને જે વાત કરી છે, તે ઘણી ઉપરટપકે સ્થૂલ દૃષ્ટિથી ને લોક-દૃષ્ટિમાં આવી શકે તેવી રીતે કરી છે, ત્યારે જૈન દર્શન ઘણું આગળ વધી ગયું છે, એમ આપણને વિચાર કરતાં લાગશે. જે પાપ શરીરથી લાગે છે તે પાપ મનથી ચિંતવવાથી પણ લાગે છે, ને તેજ પાપ વાણી દ્વારા પણ થાય છે. એક દાખલો લઈએ. વ્યભિચારનું પાપ બુદ્ધે માત્ર શરીરથી થાય છે તેવું સમજાવ્યું છે; ત્યારે આપણે વિચારીએ કે વ્યભિચાર જો શરીરથી થાય છે તો તે શું મનથી નથી થતો? મનથી વ્યભિચાર થાય છે એવું આજે સૌ કોઈ સારા અભ્યાસીઓ સમજી ગયા છે, ને તે વિષે ગાંધીજીએ ઘણી સ્પષ્ટતાથી ખુલાસો પણ કરેલો છે. તેમજ હિંસા જેમ શરીરથી થાય છે, તેમ મનથી પણ થાય છે. મનુષ્યો આજે મનમાં ઘણી વખત એક બીજાનું ખરાબ ઇચ્છે છે, તો તે શું મનની હિંસા નહિ કહેવાય? હકીકત એ છે કે જૈન દર્શને એ વિષયને સમજી શકાય તેવી રીતે સમજાવ્યો છે, ત્યારે બૌદ્ધ દર્શને એ વિષયને માત્ર સ્થૂલ સ્વરૂપમાં દર્શાવી સમેટી લીધો છે. વસ્તુ એ છે કે હિંસા, ચૌર્ય, વ્યભિચાર મનથી વાણીથી ને શરીરથી થાય છે, તેમજ કૃત કારિત ને અનુમતિથી પણ થાય છે. પણ આવી વિસ્તૃત સમજણ બુદ્ધ જેવા જ્ઞાની કેમ વિચારી શક્યા નહિ હોય? જૈન દર્શને આવી હકીકતને બહુ વિસ્તારથી સમજાવી છે, અને આજનો સમાજ આ હકીકતને સારી રીતે સમજે છે.

તથાગતે મનુષ્યની હિંસાથી થતા હિંસાના પાપનો વધારે ખ્યાલ આપ્યો હશે, પણ તે સિવાય અનેક ક્ષુદ્ર પ્રાણીઓ છે તેનો

કરી બનાવેલ ભોજન ખરેખર સાધુઓએ લેવું ન જોઇએ, ને જો લેવામાં આવે તો જીવ ઉપર દયા રહેતી નથી, પણ ઉદરભરણનો સ્વાર્થ ઉભો થાય છે. જૈનો પોતાના સ્વાર્થને માટે તેને તિલાંજલિ આપે છે, ત્યારે બીજાઓ તેમાં ઝૂકી પડયા છે. પોતાનો સિદ્ધાંત જૈનો પ્રાણાંત થતાં જતો કરતા નથી, ત્યારે બૌદ્ધો ને બ્રાહ્મણોએ પેટના સ્વાર્થ આગળ એ સિદ્ધાંતને નેવે મૂકયો છે.

તાત્પર્ય એ છે કે બાદ્ધ દર્શન ઘણું આગળ વધ્યું છે એમ સમાજ માને, પણ જૈન દર્શન જેટલું અહિંસા સિદ્ધાંતમાં આગળ વધ્યું છે, તેના કેટલામે અંશે પણ બૌદ્ધ દર્શન આવી શકતું નથી. મનુષ્યો મનુષ્યની ઉપર દયા લાવે છે, કદાચ પશુ ઉપર દયા લાવતા હશે; પણ શ્વાન, સર્પ, વિંછી, માંકડ, જૂ, પતંગ, તીડ, જેવા ક્ષુદ્ર જીવો ઉપર ને ઈંડાં ઉપર સામાન્ય મનુષ્યો દયા કરતા હોય એમ ઓછું જણાય છે. કારણ મનુષ્યો તેની ઉપર સ્વાર્થાંધતાથી કે અર્થ વિના ઘણી વખત ઘાતકી રીતે વર્તતા હોય છે. વિશેષ એ છે કે મનુષ્યો ધર્મના સંબંધનો દાવો લાવવા છતાં તેના ઉપર દયા રાખતા જણાતા નથી. મનુષ્યોમાં જીવત્વ છે તો તે ક્ષુદ્ર પ્રાણીઓમાં જીવત્વ શું નથી? અહિંસા તત્ત્વને જો સમજ્યા હો તો જેટલી મનુષ્યો ઉપર દયા રાખી શકાય છે વા તેનું સંરક્ષણ થાય છે તેટલું હલકાં પ્રાણીઓનું સંરક્ષણ કેમ થતું નથી? બૌદ્ધ દર્શનીઓથી કે આજના સમાજમાં આગળ વધેલા લોકોથી એ વસ્તુને અહિંસાનો દાવો લાવવા છતાં કેમ ભૂલી જવાય છે? મોટાં પ્રાણીઓ જેટલાં દયાપાત્ર છે, તેટલાં બલ્કે તેથી વિશેષ ક્ષુદ્ર જીવો દયાપાત્ર છે, એ ભૂલી જવુ જોઇતું નથી. અહિંસાની વાતો કરનાર અહિંસા તત્ત્વને સમજ્યા નથી. તેઓ કહે છે કે હિંસા શસ્ત્ર ઘણું ખરાબ ને અનિચ્છનીય છે ને લોકોનો સત્યાનાશ કહાડનારૂં છે, તો એ હિંસા-શસ્ત્ર બિચારાં ક્ષુદ્ર પ્રાણીઓ ઉપર વાપરવું એ શું અનિચ્છનીય નથી! શું વ્યવહારમાં ઉતારવાલાયક છે? શું એ હિંસા શસ્ત્ર મર્દાન નિર-

પગથી જીવોનું કાસળ કઢાવનું નથી? જૈન દર્શને જ્યારે મનુષ્યો ઉપરાંત ક્ષુદ્ર પ્રાણી માટે સંરક્ષણનો ઝંડો ઉઠાવ્યો, ત્યારે ઇતર દર્શનીઓ ને અન્ય જનતા તેની સામે હસવા લાગી ગયા, પણ શું એ નથી સમજાતું કે દયા સામે હસનાર મનુષ્યો પોતાની નિર્બળતા બતાવે છે ને પોતાની પામરતા સમજાવે છે? કયા મનુષ્યોને સુખ નથી જોઈતું? આંખે દેખી શકાય છે કે સૌ કોઈ સુખને ઇચ્છે છે, પણ એથી કેમ કહી શકાય કે શ્વાન સર્પ વિંછી ને માંકડ જેવાં પ્રાણીઓ ઉપદ્રવ કરનાર છે માટે તેને મારી પછી સુખે રહેવું સારું છે? જેટલો સુખ સગવડવાળો માર્ગ, મનુષ્યો! તમે તમારે માટે શોધો છો, તેટલો સુખ સગવડવાળો માર્ગ તે જીવોને શું જોઈતો નહિ હોય? શું તમે એમ કહી શકો છો કે માત્ર મનુષ્યોમાંજ જીવ છે ને બીજામાં જીવ નથી? જો સર્પ વિંછી ને માંકડ જેવાં પ્રાણીઓ સમાજને ઉપદ્રવ કરનાર ને અહિતકારક છે, તો આજે કેટલાક મનુષ્યો એવા છે કે જેના કરતાં વધારે ત્રાસકારક ને મનુષ્યોનો સંહાર કરનાર બીજા ભાગ્યે જ હશે, તો તેની સામે એ શસ્ત્રો કેમ અજમાવતા નથી! અહિંસાનો દાવો લાવનાર મનુષ્યો એવા સ્વાર્થ પર ન હોવા જોઇએ કે ઠીક લાગે ત્યાંજ એ સૂત્રનો ઉપયોગ કરે. એ સૂત્રને જો બરાબર સમજ્યા હોય તો પોતાના જીવ સ્વરૂપથી શરૂ કરી સઘળાં પ્રાણી [illegible] ને સ્થૂલ સુધી એ સૂત્રનો ઉપયોગ કરવો ઘટે. આટલી [illegible] છે તે અહિંસા સૂત્ર વાપરનારને તે વસ્તુને સમજનાર [illegible] માટે છે. જ્યાં જે મનુષ્યસ્વભાવ સહજે વિચિત્ર ને સ્વાર્થ-[illegible] ને સ્વાર્થપટુ છે, એને માટે આ કથન નથી. ✓

વૈદિક દર્શન હિંસા શસ્ત્ર સામે પોકાર કરતું હતું, પણ એ સ્થૂળ [illegible] એમ જણાય છે. જૈન દર્શન ક્ષુદ્ર જીવો ઉપરાંત સ્થાવર [illegible] રક્ષણનો પણ દાવો લાવે છે. જગત્ ભલે એ સામે કદાચ [illegible] પણ જૈનો ધારે છે કે જે સત્ય છે તે સત્યજ રહેવાનું [illegible] નાના નગીર સામે જ નજર રાખે છે, તેઓ આ વસ્તુને

અમલમાં ન મૂકી શકે એ સંભવિત છે, પણ જગત્ સિદ્ધાંત શું છે એ તો મનુષ્યે સમજી લેવો જોઇએ. આજના કેટલાક સારા અભ્યાસીઓ, સત્ય ને બ્રહ્મચર્યના પાલન માટે ને તેના સંરક્ષણ માટે જે વ્યાખ્યાનો કરી રહ્યા છે, તેનાં વ્યાખ્યાનો અહિંસા વિષે ઘણે ભાગે જતા કરતા હોય છે, અથવા ન સમજતા હોય એમ લાગે છે. સત્ય ને બ્રહ્મચર્ય એ મનુષ્યોના દિવ્ય ગુણો છે, ને મનુષ્ય તેથીજ શોભે છે. પણ સમજવું જોઇએ કે સત્ય ને બ્રહ્મચર્ય ગુણની ઉત્પાદક અહિંસા જો મનુષ્યના જીવનમાં ન હોય, તો તે ગુણો સાર્થક થતા નથી. મનુષ્યો બધા સ્થાવર ને સૂક્ષ્મ જીવોનું સંરક્ષણ કરી શકે નહિ એ બરાબર છે, પણ તેથી કરી મનુષ્યે ઉતરતાં ને નાનાં પ્રાણી બહુ અગત્યનાં નથી તેવું સમજી તેના પર ઘાતકી વ્યવહાર ચલાવવો એ ઇષ્ટ નથી. શ્વાન, સર્પ, વિંછી કે વાનર, મનુષ્યના સ્વાર્થને નુકસાન કરે છે એટલે તેને સાફ કરી મનુષ્યનો માર્ગ મોકળો કરી આપવો એ સ્વાર્થપટુ અહિંસા છે, પણ સાચી અહિંસા નથી. અલબત્ત, મનુષ્ય પોતાના સ્વાર્થને વધારે વહાલો કરે છે, પણ તેથી તેનો નાશ કરવો એ અક્કલ બહારની વાત છે. તો એવાં પ્રાણીઓ મનુષ્યોને દુઃખરૂપ હોય તો તેને એવી રીતે મૂકવાં જોઇએ કે તેનો નાશ થાય નહિ ને મનુષ્યો પોતાના સ્વાર્થને સાચવી શકે, અને તોજ અહિંસા તત્ત્વ સમજાયું છે એમ કહી શકાય.

આજે કેટલાક લોકો વ્યવહારમાં ઘણું સ્થળે સત્યને પ્રથમ મૂકે છે, પણ સત્યની પહેલાં અહિંસાને સ્થાન આપવું એ વધારે ઇષ્ટ છે. અહિંસા વિના એકલું સત્ય ને સત્ય નથી પણ અસત્ય છે. અહિંસા સાથે સત્ય હોય તો સત્ય સારું લાગે છે. અહિંસાનું પ્રથમ સ્થાન એ માટે છે કે સ. માનવ વ્યક્તિ પોતાના જીવને પ્રથમ ચાહે છે, ને પોતાના જીવ માટે સર્વસ્વ કુરબાન કરે છે. ત્યારે એ રસ્તે શું ખ્યાલ નથી આવતો કે સૌને પ્રથમ જીવવું પ્રિય છે ? જેમ સ કોઇ મનુષ્યને પોતાનો જીવ ને પછી સ્વાર્થ વહાલો છે

તેમજ પશુ જેકે ઘણા અજ્ઞાન ને બુદ્ધિહીન છે તોપણ તેઓ બધાં ખાનપાન ને સગવડ સાથે જીવવું વધારે પસંદ કરે છે. તેના જીવિતનો નાશ મનુષ્યો પોતાને હાથે ન થવા દે એ તેમની શક્તિની અંદરનો વિષય ને બુદ્ધિનો વિષય છે. શંકા એ થાય છે કે મનુષ્યોએ આવી અગત્યની વાતોને શા માટે ફેંકી દીધી હશે ? ને વિદ્વાનોએ કે ધર્મના કેટલાક સંસ્થાપકોએ પણ કેમ ભૂલ કરી હશે? સમાધાન એ છે કે મનુષ્યો સહજે સ્થૂલ વૃત્તિને સેવતા હોય છે. વળી બહુધા નિષ્ઠુર વૃત્તિવાળા ને સ્વાર્થપટુ હોય છે. આથી ક્ષુદ્ર પ્રાણીઓના સંરક્ષણનો સવાલ અટકી પડયો છે.

બૌદ્ધ દર્શને બીજાં દર્શનોને મુકાબલે આવાં ક્ષુદ્ર પ્રાણી ઉપર દયા રાખવાનો ખ્યાલ કદાચ કર્યો હોય, પણ સ્થાવર જીવોનો ખ્યાલ તેણે કર્યો નથી. તેમ તેણે કરવું, કરાવવું, અનુમોદવું, મન, વાણી ને શરીર એમ નવ કોટિએ (પ્રકારે) જૈન દર્શન પ્રમાણે ઊંડો ને વિસ્તૃત વિચાર પણ કર્યો નથી. બૌદ્ધ દર્શને અહિંસા સિદ્ધાંત સ્થાપન કર્યો, પણ એ અહિંસા સ્થૂલ સ્વરૂપમાં રહેલી જણાય છે.

આર્હત (જૈન) દર્શન

આર્હત દર્શન બીજા દર્શન કરતાં સમાજમાં કોઈ અનોખી ભાત પાડે છે. આ દર્શને અનેક વિષય ઉપર બીજા દર્શનો કરતાં કાંઈ જુદોજ પ્રકાશ પાડી બતાવ્યો છે. આ દર્શનનો મસ્થાપક વર્ધમાન (મહાવીર) હતો. તે પહેલાં આ દર્શનના તેવા અનેક મસ્થાપકો થયા છે, છતાં તે સર્વનો સિદ્ધાંત એકજ રહ્યો છે. આ દર્શન કહે છે કે વિશ્વ અનાદિ છે, અને તેનો કોઈ કર્તા નથી આ વિશ્વ ક્યારેય નાશ પામ્યું હતું નહિ, નાશ પામતું નથી ને નાશ પામશે નહિ. એટલે આર્હત દર્શનના કથન પ્રમાણે આ વિશ્વ, ઈશ્વરના કર્તૃત્વ સિવાય, ત્રણે કાલે આજ સ્થિતિ પ્રમાણે રહે છે. જો વિશ્વ નાશ પામે તો તેનો કર્તા જોઈએ, પણ તેમ તો થતું નથી આ

વિશ્વની અંદર જીવ ને જડ ઘણા કાળથી ચાલુ છે. એ જડ ને જીવને કોઇએ ઉત્પન્ન કર્યાં નથી, તેમ તેનો નાશ થતો નથી. જૈન દર્શનના કથન પ્રમાણે જે ઇશ્વર છે તે તદ્દન શુદ્ધ ને પવિત્ર છે, ને તે શરીર-રહિત છે. તેનામાં ક્યારે પણ વેદાન્ત દર્શન પ્રમાણે ઇચ્છા ઉત્પન્ન થતી નથી. તેને નથી થતો ભય કે નથી ગમતાં, વેદાંત દર્શન કહે છે તેમ, ક્રીડા વિલાસ હાસ્ય વિગેરે દોષોમાંનો એક પણ દોષ. એ ઇશ્વર એક નથી, પણ અનેક છે. જેઓ આ વિશ્વજંજાળથી તદ્દન છૂટી જાય છે તેઓ બધા તે ઇશ્વરની કક્ષાએ પહોંચે છે. તે ઇશ્વરમાં રાગ ઇર્ષ્યા કામ ક્રોધ નથી, તેમ તેઓ હવે ફરીથી આ શરીરમાં નહિજ આવવાના. તેઓ ત્યાં એક સરખો આત્મીય સ્વભાવનો આનંદ ઝીલે છે. આ સંસારસ્થ જીવોથી તેઓ તદ્દન ભિન્ન ને પૃથક્ છે. કદાચ લોકો માની બેસે કે ત્યાં તેમને કાંઇ કાર્ય હોય નહિ, તો તેમનો વખત કેમ જતો હશે? આ કલ્પના સંસારસ્થ વિષયગ્રસ્ત મનુષ્યોની કાં ન હોય? કારણ વિષયગ્રસિત જીવોને નિર્વિષયી મુક્તાત્માનો આનંદ સમજાતો નથી. મનુષ્યના વ્યવહારનો આનંદ ક્ષણિક પણ પરિણામે ત્રાસજનક હોય છે; છતાં મનુષ્યો તેને આનંદ તરીકે જુએ છે. ખરી વાત એ છે કે શરીરથી થતો આનંદ એ આનંદ નથી પણ શોક છે, ત્રાસ છે, ત્યારે એ ઇશ્વરો જે શુદ્ધ પરબ્રહ્મ રૂપે છે, તેમને શરીર નથી, એટલે શરીરથી થતો ખટખટારો-શ્રમ ત્રાસ વિગેરે નથી એ તો સ્પષ્ટ છે. એક ચેતન છે, તે માત્ર જ્ઞાનમય છે. જે જ્ઞાન છે, તેજ આનંદ છે, ને જે જ્ઞાન છે, તે અખંડ છે. આનંદ પણ અખંડ છે. હવે જે જ્ઞાનમય ચેતન છે તે એક અખલિત ધારા રૂપે આ વિશ્વને જોઇ રહ્યું છે. આજે મનુષ્યો સર્વ રીતે તૈયાર થઇ રહ્યા છતાં દેશ પરદેશ ને દૂર દૂરના સ્થાનની વાતો જાણવા જેમ આતુર છે, અથવા જાણવામાં જેમ આનંદ માને છે, તેમ ને ઇશ્વર ત્યાં રહ્યા છતાં વિનાપરિશ્રમે સહજે વિશ્વના સર્વ મંગલો સ્ત્રી પુરુષ વચ્ચેના, રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના, શત્રુ શત્રુ વચ્ચેના, રાજા પ્રજા વ[illegible]

છે તેમ કહેવાય. ન્યાયદર્શન કહે છે કે જીવ વિશ્વથી મુક્ત થાય છે, ત્યારે તે જીવમાંથી બુદ્ધિતત્ત્વ નાશ પામે છે એટલે તે જીવનો મોક્ષ કહી શકાય છે. જ્યાંસુધી બુદ્ધિ જીવ સાથે રહે છે, ત્યાંસુધી જીવને દુઃખસુખ ઇષ્ટઅનિષ્ટ ધર્મઅધર્મ વિગેરે ગુણની લાગણી થાય છે. એટલે ત્યાંસુધી તે જીવ અમુક્ત (સંસારસ્થ) છે. બૌદ્ધ દર્શને આ વિષે મૌન પકડયું છે. જૈનદર્શન કહે છે કે લોકો ગમે તે કહે પણ જીવ સર્વ રીતે કર્મથી છૂટી જતાં ધનુષ્યમાંથી બાણની જેમ પૂર્વ પ્રેરણાથી સીધો ઉર્ધ્વ ગતિમાં જાય છે. જોકે કર્મરહિત થતાં જીવ આકાશની જેમ સર્વવ્યાપકતા મેળવી શકે છે, પણ તેમ થવું તે તેનો સ્થિતિસ્થાપક ગુણ નથી. તેનો (જીવનો) સહજ ગુણ એ છે કે જ્યાંસુધી કર્મવશ હોય છે, ત્યાંસુધી તે જીવ શરીરવ્યાપક રહે છે, પણ શરીરથી જ્યારે છૂટો થાય છે, ત્યારે તે સહજે ઉર્ધ્વ ગતિ-ભણી વળે છે. એરંડાનો દાણો તાપથી તપતાં ઉછળીને જેમ બહાર પડે છે ને ઉંચો ઉછળે છે, તેમ આ જીવ કર્મરહિત થતાં સહજે ઉર્ધ્વ ગતિએ જાય છે.

સંસાર-સ્વરૂપ

આર્હત (વીતરાગ) દર્શન કહે છે કે આ વિશ્વ વિશાળ છે. આપણે જ્યાં રહીએ છીએ, તેના ઉપર દૂર દૂર ઘણે સુધી આ વિશ્વ છે તેમજ આપણી નીચે ઘણી જગ્યા સુધી પણ વિશ્વ છે. એટલે ઉર્ધ્વ અધઃ ને તિર્યક્ એ ત્રણે દિશામાં જીવ ને જડ ચારે તરફ ફેલાયેલા છે. જીવ ને જડ એ બન્ને મળવાથી સંસાર છે. જ્યાં જીવ છે ત્યાં જડ છે, ને જ્યાં જડ છે ત્યાં જીવ પણ છે. બન્ને એકબીજાને મળીને આશ્રય આશ્રિત થઇને રહ્યા છે. છતાં જીવ છે તે જડ થતા નથી ને જડ ક્યારે પણ જીવ બનતા નથી. એટલે આ દર્શન કહે છે કે આ વિશ્વમાં જીવ અસંખ્ય નહિ પણ અનનાનત છે. અસંખ્યનો અર્થ એ છે કે ગણી શકાય નહિ, પણ કેટલીક વખતે તેનો અંત આવી શકે છે, ત્યારે અનંત શબ્દની વ્યાખ્યા એ છે કે બહુ વખત

જતાં પણ તેનો છેડો આવી શકતો નથી, એટલે આ વિશ્વ અનેક જીવોથી વ્યાપ્ત છે. જીવો પોતાના દોષોથી આ સંસારમાં ભમી રહ્યા છે. આ વિશ્વમાં જીવો પૌદ્‌ગલિક સુખોમાં તરબોળ થયા છે, એ સુખથી છૂટવાની ઇચ્છા થતી નથી. નાના નાના જીવો પોતાના જીવન પ્રમાણે એ સુખમાં ભટકી રહ્યા છે. મનુષ્યો જેમ જેમ વિકાસ પામતા ગયા તેમ તેમ તેઓ વધારે સુખ માટે શોધખોળ ને પરિભ્રમણ કરવા લાગ્યા છે. આ વિષયો છે તેજ સંસાર છે, ને જે સંસાર છે તેજ વિષયો છે. આહાર મૈથુન ભય ને પરિગ્રહમાં સૌ નાના મોટા જીવો ડુબકાં ખાતા હોય છે. એ વિષયોને અંગે ને તેને ભોગવવાને અંગે મનુષ્યો અગણિત પાપને દોષને વહોરી રહ્યા છે. મનુષ્યોમાં ને ક્ષુદ્ર પ્રાણીઓમાં એ દોષો સ્પષ્ટ જણાય છે, એટલે આ વિશ્વ આ જીવોથી ક્યારે પણ મુક્ત થવાનું નહિ. સમાજમાં કેટલાક બહુ સારા અભ્યાસી હોય ને સુજ્ઞ હોય, પણ આ દોષની (સ્વછંદની) પરંપરાથી મુક્ત ન થાય ત્યાંસુધી તેઓ ઇશ્વરની કક્ષામાં જઈ શકતા નથી. ✓

ભારતનાં દર્શનો

ઉત્તરાર્ધ

જૈન માર્ગ

જૈન દર્શન કહે છે કે આ વિશ્વમાંથી થોડા જીવો મુક્ત થવાને સાચી રીતે અભિલાષા કરતા હોય છે. સામાન્ય રીતે જીવોમાં અગ-ણિત દોષો હોય છે તેથી તેઓ એકદમ ચારિત્રમાં આવી શકતા નથી, એટલે એ દોષોથી છૂટી જવાને પવિત્ર આચાર-ચારિત્રની જીવને આવશ્યકતા હોય છે, ને એ ચારિત્રપથમાં પગ મૂકવા પ્રથમ જ્ઞાન ને દર્શનની આવશ્યકતા છે. એટલે પ્રથમ જીવે યથાતથ્ય જ્ઞાન માટે પ્રયત્ન કરવો રહ્યો. જ્ઞાન એ જીવને સાચી સમજણ આપવા માટેનો દીવો છે. જ્ઞાન નથી તો ચારિત્ર નથી. જ્ઞાન હોય ને ચારિત્ર ન હોય તોપણ જીવ સંપૂર્ણ સુખ કે શાન્તિ મેળવી શકતો નથી. કેટલાક મનુષ્યો એકલા જ્ઞાનની અગત્ય સ્વીકારે છે, ત્યારે કેટલાકો એકલા ચારિત્રની આવશ્યકતા સ્વીકારે છે. પણ અંધ ને પંગુ મનુષ્યના ન્યાયે બન્નેની આવશ્યકતા જૈન દર્શન સ્વીકારે છે. એક પૈડાથી ગાડું જેમ ચાલી શકે નહિ, તેમ એક વસ્તુથી મોક્ષ થઈ શકતો નથી. પણ **ज्ञानक्रियाभ्याम् मोक्षः** જ્ઞાન ને ક્રિયાથી મોક્ષ છે. જ્ઞાન વિના મૂર્ખ મનુષ્યો સામો દુઃખનો વધારો કરે છે, ત્યારે જ્ઞાન જીવને દુઃખથી ઉંચે લાવી શકે છે. તેથી આ જગ્યાએ પ્રથમ જ્ઞાનની વાત કરીએ છીએ.

પ્રકરણ પહેલું

જ્ઞાનવિભાગ પહેલો : નવ તત્ત્વ વિચારણા

જૈન દર્શન જે જ્ઞાનની વાત કરે છે તે સંપૂર્ણ ને શુદ્ધ જ્ઞાન જીવ સાથે છે, પણ તે જ્ઞાન થવા પહેલાં સંપૂર્ણ ચારિત્રની જરૂર છે. એ ચારિત્ર થવામાં પ્રથમ સામાન્ય અક્ષરજ્ઞાન ને તત્ત્વજ્ઞાનની આવશ્યકતા છે. આથી પ્રથમ જીવતત્ત્વ વિષે યત્કિંચિત વિચાર જણાવીએ છીએ. તે નવ તત્ત્વ જીવતત્ત્વ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ. આ નવ તત્ત્વને ઓળખવાં એ જ્ઞાનનું પ્રથમ પગથીયું છે.

જીવતત્ત્વ વિચારણા

જીવ, જગતમાં દ્રવ્ય (વસ્તુ) રૂપે અનંત છે. તેનો મૂલસ્વભાવ જોઇએ તો બધા એકજ છે. સ્વભાવ, લક્ષણ ને જાતિ એ ત્રણેમાં બધા જીવો જ્ઞાનથી–પ્રદેશથી અરૂપ અદશ્ય ગુણથી સરખા છે. કારણ, એક જીવને જેવું લાગે છે તેવુંજ બીજાને લાગે છે. જેમ એક જીવ સુખને લાભને હિતને પસંદ કરે છે, તેમજ બીજો જીવ પણ લાભને સુખને હિતને ઇચ્છે છે. તેથી દ્રવ્ય (વ્યક્તિ) પણે બધા જીવો ભિન્ન ભિન્ન છે. કારણ, જ્યારે એક જીવ બાલક હોય છે ત્યારે બીજો જીવ વૃદ્ધ હોય છે, એક અભ્યાસ કરતો હોય છે ત્યારે બીજો નિદ્રામાં આનંદ લેતો હોય છે, એક સ્ત્રીપણે હોવાથી પુરુષના પ્રેમને ચાહતો હોય છે ત્યારે એક જીવ પુરુષ હોવાથી સ્ત્રીના સુખની અભિલાષા કરતો હોય છે. એક પશુમા શ્વાન હોય છે, ત્યારે રાજા તરીકે એક જીવ સત્તાના ઘેનમા ઘૂમતો હોય છે એક દેવ જેવા સુખનો આસ્વાદ લેતો હોય છે, ત્યારે એક ભંગી થવાથી ઘણા દયામણા ને દુઃખી હૃદયે લોકોની અશુચિ ઉઠાવતો હોય છે. આમ આખા વિશ્વની વિવિધતા શું નથી દેખાતી? જો દેખાતી હોય તો એ જીવો એક છે

કે જુદા છે? સૌની ભિન્ન ભિન્ન ક્રિયાથી સમજાય છે કે તે બધા જીવો વ્યક્તિ (દ્રવ્ય) તરીકે જુદાજ છે. એક હોય તો બધાની ક્રિયા સરખી હોવી જોઇએ. પણ આપણા અનુભવથી સમજાય છે કે તેમ નથીજ. વેદાન્ત દર્શન જ્યારે બધા જીવને એક કહે છે, ત્યારે જૈન દર્શન ભિન્ન ભિન્ન ક્રિયાના કારકથી ભિન્ન ભિન્ન કહે છે; જોકે જૈન દર્શન જાતિની અપેક્ષાએ (લક્ષણ-સ્વભાવમાં એક છે તેથી) બધા જીવોને એક કહે છે, પણ વ્યક્તિ તરીકે નહિ. વેદાન્ત દષ્ટિને કોઈ અપેક્ષાએ મળતું એમાં જૈનો ખોટું માનતા નથી. વેદાન્ત એક દષ્ટિથી વાત કરી સમાજને મુંઝવણમાં નાંખી દે છે, ત્યારે જૈન દર્શન અનેકાન્ત દષ્ટિથી વાત કરી (બન્ને બાજુનો ખ્યાલ કરી) જગતને વિશાળ વાતાવરણમાં લેઈ જાય છે. જૈનો કહે છે કે જીવ દ્રવ્ય (વ્યક્તિ)થી એક છે છતાં પ્રદેશ (ઝીણા ઝીણા અવયવ)થી અસંખ્યાત્મક સ્વરૂપે છે. જીવ પોતાના સ્વરૂપમાં જ્ઞાન વિશ્વાસ ને આનંદમય છે, પણ કર્મસંગથી અજ્ઞાન અવિશ્વાસુ ને ક્લેશમય થયો છે. આ જીવો કર્મસંગથી અનેક જુદી જુદી યોનિમાં (જન્મમાં) ભમે છે. આર્હત દર્શને જીવોને ભટકવાનાં સ્થાનો જોયાં છે. અન્ય દર્શનીઓ સમુચ્ચય રૂપે વિચારો સમજાવે છે, પણ બહુ સ્પષ્ટતા કરતાં તેઓ અચકાય છે. આ લોકો કહે છે કે જીવો અનંત છે ને તેને રહેવાનાં સ્થાનો આ પ્રમાણે છે.

જીવો કોને કોને કહેવા?

કેટલાક જીવો મનુષ્યના ભવમાં છે, જેઓ મનુષ્યમાં સ્ત્રી ને પુરૂષ રૂપે જણાય છે. કેટલાક જીવો તિર્યંચમાં છે, જેને જલચર, સ્થલચર, ખેચરપણે આપણે સૌ જોઇએ છીએ. જલમા રહે છે તે મગર, દેડકાં, કાચબા વિગેરે છે. સ્થલમા ચાલે છે તેવા જીવો ગાય, ભેંસ, અશ્વ, બકરાં, ઘેટાં, ઉંટ, હાથી, ગેંડા, શ્વાન, વ્યાઘ્ર, સિંહ વગેરે પ્રાણીઓ લોકોને ઉપયોગી તેમજ ત્રાસ આપનારાં છે સ્થલમાં રહેવા છતાં કેટલાક પ્રાણીઓ છાતીયે ચાલે તેવા ઉરઃપરિસર્પો છે

જેવા કે સર્પ, અજગર વિગેરે. સ્થલમાં રહેવા છતાં ભુજથી ચાલે તેવા ભુજપરિસર્પ જીવો છે, જેવા કે નોલ, કોલ, ખીસકોલી, ગરોળી, ઉંદર વિગેરે. આકાશમાં (ખે) ચાલે તે ખેચર પ્રાણીઓ છે કે જેને ઉડવાને પાંખ હોય છે. તેવાં પ્રાણીઓ મોર, કબુતર, ચકલાં, ચામાચીડીયાં, વાગોલો, વિગેરે પ્રાણીઓ છે. આપણે આ બધાંને આંખથી દેખીએ છીએ. આનાથી ઉતરતી બીજી જીવોની જાતિઓ છે. જૈનો કહે છે કે જલચર સ્થલચર ને ખેચર પ્રાણીઓને પાંચ ઇંદ્રિયો ઉપરાંત મન હોય છે. મન એટલે વિચાર કરવાને એક શક્તિસંપન્ન તત્ત્વ છે, જે તત્ત્વ સઘળા મનુષ્યોને છે. પણ તફાવત એ છે કે મનુષ્યોનું મન વધારે વિકસિત ને કેળવણીમાં લેઇ જવાય તેવું હોય છે, ત્યારે ઉપરનાં તિર્યંચોને મન છે છતાં તેવું ને તેટલું કુદરતી રીતે વિકસિત હોતુ નથી; જોકે અમુક પશુઓને ને પક્ષીઓને કદાચ ઉસ્તાદ કેળવણી આપે છે તો તે પ્રાણીઓ સમજે છે. આટલી વાત આપણે મનુષ્ય ને તિર્યંચ પંચેંદ્રિય વિષે કરી.

તેનાથી ઉતરતાં બીજાં પ્રાણીઓ

ઉપર જે વાત કરી તે પંચેદ્રિય ને મનવાળા જીવોની કરી, પણ જેનામાં મન નથી ને ઇન્દ્રિયો ઓછી (વિકલ) છે તેના વિષે હકીકત કહીએ. બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ને ચાર ઇન્દ્રિયવાળા જીવો આ પૃથ્વી પર પોતાના નિર્ભાગ્યને લીધે અપર્ણુ ઇન્દ્રિયપણે હોય છે, જોકે લોકો તેના સંરક્ષણનો કે દયાનો ખ્યાલ કરતા નથી, પણ તે જીવો પોતાની હલકી યોનિમાં જીવપણે જીવી રહ્યા છે. બેઇંદ્રિય જીવો જલમાં હરતા ફરતા ઝીણા શરીરપણે હોય છે તે પોરા બીજા જીવો જેવા કે જલની અંદર કોડા છીપમાં કીડારૂપે હોય છે પૃથ્વીમાં વરસાદને વખતે લાખો અળસીયા થાય છે, મનુષ્યને ઘણી વખતે ઉદરમાં કૃમિ વિગેરે થાય છે, ને રેશમના કીડા [illegible] આ ઉપરાંત ને જાતિના જે જીવો હોય છે તે બેઇંદ્રિય છે આ જીવનું લક્ષણ જૈન દર્શન કહે છે કે તેમને એક શરીર હોય ને [illegible]

હોય છે, તેથી તે બેઇન્દ્રિય જીવ કહેવાય છે. શરીર, જીભ, ને ગંધ ગ્રહણ કરવાની શક્તિ વિશિષ્ટ ઇન્દ્રિય નાક જેને હોય છે, તે જીવ ત્રણ ઇન્દ્રિય કહેવાય છે, જેવા કે કીડીઓ, મંકોડા, માંકડ, જૂ, વગેરે. આવી જાતિઓમાં જેટલા જીવો છે તે બધા ત્રણઇન્દ્રિય કહેવાય છે. તેઓ મનુષ્યના શરીરના સ્વેદથી વા તેના સંગથી એમ સંકડાશ વિગેરેના સંયોગથી પેદા થાય છે. ત્રણ ઇન્દ્રિય ઉપરાંત ચક્ષુઇન્દ્રિય જેને વધે છે તે જીવો ચતુરિન્દ્રિય કહેવાય છે; જેવા કે માખી, તીડ, પતંગ, મચ્છર, ભ્રમર-ભ્રમરી, વિંછી વિગેરે જીવો જેઓ કેટલાક રસમાંથી પેદા થાય છે, કેટલાક જમીનમાંથી પેદા થાય છે, કેટલાક ખેતીમાં ઉગતા છોડને નુકસાન કરે છે, કેટલાક મનુષ્યોને ત્રાસ આપે છે; એ જીવો ઉપર મનુષ્યો ઘણી વખત સ્વાર્થને અંગે કે વિનાસ્વાર્થે પણ ઘાતકી વર્તન ચલાવે છે. તેમણે જાણવું જોઇએ કે તે જીવો જોકે હલકી યોનિમાં છે, પણ જેઓ ઘાતકી વર્તન ચલાવે છે તેના જેવાજ તેઓ છે, એ વાત સુજ્ઞ મનુષ્યે ભૂલવી જોઇતી નથી. મનુષ્યના હિસાબે પશુઓ ને પક્ષીઓ ઉતરતી સ્થિતિમાં છે એટલે હલકા જીવો ગણાય છે, તેમ પશુઓ ને પક્ષીઓની સરખામણી આ બે, ત્રણ, ચાર ઈંદ્રિયોવાળા જીવો ક્ષુદ્ર છે. આથીએ ઉતરતી પંક્તિમાં બીજા જીવો છે, જેને કેટલાકો માનવા ખુશી નથી, પણ જૈન દર્શન તેને વિશિષ્ટ સ્થિતિમાં જીવ ગણે છે. તે જીવોને આપણે આ સ્થલે સમજાવીએ.

પૃથ્વી, જલ, અગ્નિ, પવન ને વનસ્પતિ આ વિશ્વભરમાં દેખાય છે. આ વસ્તુઓનો સૌ કોઇ ઉપયોગ કરે છે. મનુષ્યોને પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ ને વનસ્પતિ વિના કોઇ રીતે ચાલતું નથી. આ વાત જૈન દર્શનના નાયકો સારી રીતે જાણે છે, પણ તેઓ એટલું વિશેષ જાણે છે કે એ બધી ચીજો જીવમય છે, ને એ જીવો પોતાનાં ઘણાં કનિષ્ટ કર્મને લીધે એ સ્થિતિ પામ્યા છે. કોઇ એ ચીજોનો ઉપયોગ જુગાથી કરે કે નાખુશીથી

કહે છે કે આવી બધી પ્રવૃત્તિ જીવ વિના બીજા કોઇને (જડને) હોતી નથી માટે તેઓ બધા જીવ છે.

દેવ ગણ

આર્હત દર્શન કહે છે કે આ બધી જીવોની જે જાતિઓ કહી, તે ઔદારિક જાતિની હકીકત કહી. પણ આ સિવાય બીજી જીવોની જાતિઓ છે, તેને શરીરમાં મૂલમાં કે છેવટમાં અશુચિનું નામ કે નિશાન નથી. તે જાતિને શરીર ઔદારિક નથી પણ વૈક્રિય છે, એટલે તે જીવોનાં શરીરમાં લીંટ લાળ પેશાબ મળ લોહી શુક્ર પરૂ સ્વેદ વિગેરે ઉત્પન્ન થતાં નથી, તેમ તેના શરીરમાં દુર્ગંધ કે દુઃશ્વાસ પણ થતા નથી. આ લોકો મનુષ્યના પ્રમાણમાં ઘણા ઉચ્ચ છે, તેમજ આચાર વિચાર ને રીતિમાં મનુષ્યો કરતાં ઘણા ચઢીયાતા છે. આ લોકો મનુષ્યક્ષેત્રથી ઘણા દૂર છે ને ઘણા દૂર રહે છે. તેઓ મનુષ્યના સંગમમાં આવવા ચાહતા નથી. આવા લોકોને જૈન દર્શન દેવ ગણમાં ગણે છે. આ દેવ જાતિના લોકો કેટલાક પાતાલમાં, જમીનમાં ને ઘણાં રમણીય ભવનોમાં રહે છે. કેટલાકો ઉંચે આકાશમાં સ્વર્ગીય વિમાનોમાં રહે છે. દેવોમાં પણ ઘણી જાતિઓ છે. તેઓ એક એકથી ઘણા ચડતા હોય છે. સ્વભાવમાં, લેશ્યા (પ્રકાશ)માં, વિચારમાં, શક્તિમાં, ભાગ્યમાં, વૈભવમાં જેમ જેમ ઉપર જવાય છે, તેમ તેમ તેઓ વધારે ઉચ્ચ ને ઉચ્ચ હોય છે એટલે ચડતા હોય છે. આજના લોકો, ને ઘણા આગળ વધેલા લોકો આ વસ્તુને કદાચ અવગણી કહાડશે, પણ માનસશાસ્ત્ર ને વિજ્ઞાન શાસ્ત્રના અભ્યાસથી એ વસ્તુ સમજી શકાય તેમ છે એ જીવોમાં વર્ત્તમાન કાલે તપઃ સંયમ યોગ જેવો કોઇ ઉદ્યોગ નથી ને તેવી પ્રવૃત્તિ કરવા તેઓ થોડા પણ તૈયાર નથી. પણ પૂર્વકૃત સંયમ તપ કષ્ટનાં ઉદાર દેકો–વૈભવો દેવભવમાં તેઓ ઘણા આનંદ સાથે અનુભવે છે. આ દેવયોનિમત દેવો જેમ જેમ ઉતરતા દરજ્જાના ને ઉતરતા ભાગ્યના હોય છે, તેમ તેમ તેઓ વિષયાસક્ત ને વધારે મોહઘેલા

હોય છે. પણ જેમ જેમ ઉપર વધારે જવાય છે, તેમ તેમ તેઓ વધારે વિષયરહિત થાય છે, તે કુદરતી (સાત્વિક) આનંદ ભોગવના હોય છે. મનુષ્યો જેમ વધારે કેળવાયેલા ને વધારે ઉચ્ચ ને શિષ્ટ સ્વભાવના હોય છે, તેમ તેઓ સામાન્ય જનતાથી છેટે રહે છે, ને સામાન્ય સંસર્ગમાં આવવા રાજી હોતા નથી, તેમ દેવો પણ જેમ વધારે ઉંચા ને ઉત્કૃષ્ટ કોટિના હોય છે તેમ તેઓ ઉતરતી પંક્તિના આત્માથી વધુ દૂર રહે છે. આ સ્થળે એ સમજાવવાનો આશય છે કે મનુષ્યો કરતાં બીજા કોઇ જીવો ઉંચા હોય તો તે માત્ર દેવો છે.

નેરયિકો

દેવો સિવાય મનુષ્યાકારે બીજા જીવો છે, જેને આ દર્શનકાર નેરયિક તરીકે ઓળખાવે છે. તે નેરયિક (નારક) જીવો આ વિશ્વના અધ:ભાગમાં રહે છે. આ જીવો ઘણા પાપી હોવાથી નારક કહેવાય છે ને મનુષ્યના સ્થાનથી ઘણા અધ:સ્થાનમાં રહે છે. તે જીવોમાં સ્ત્રી કે પુરુષ એવી જાતિ નથી, પણ નપુસક જાતિમાં તે જીવો છે, અર્થાત્ એ બે જાતિ કરતા આ નપુસકમાં વધારે મોહ છે. ઘણા મોહમાં ગ્રસ્ત છતાં તેમને મોહના ઉદયને મટાડવા થોડી પણ સગવડ નથી, અર્થાત્ તેઓ ઘણા દુ:ખી છે ત્યાં જીવો ઉપર ઘણો ત્રાસ વર્તાય છે પારમાધાર્મિકો તેમને હમેશા દુ:ખ ને કલેશ આપવા તૈયાર રહે છે. ઉપરાત તે ભૂમિમા કુદરતી ઠંડ તાપ ક્ષુધા તૃષા અપાર હોય છે. શરીરમાં હમેશાં ખણજ રાગ તાવ શૂળ ચાલુ હોય છે. ને ઉપરાંત જ્યાં પારમાધાર્મિકો નથી, ત્યા તે નારકીઓ પરસ્પર લડતા હોય છે. તેઓમા ઇર્ષ્યા દ્વેષ કલેશ ... ... વિગેરે પુષ્કળ હોય છે. અહીં જેમ શ્વાનો પાડા આપસમા પરસ્પર એક બીજાને જોતાં તૂટી પડે છે, ને મારામારી ... છે, તે કરતાં અનતગુના વૈર ને દ્વેષ તે નારક જીવો પરસ્પર ... ... થાય પણ એ દ્વેષ વૈરથી તેઓ ... કરતા નથી ... ... માનવુ એમ છે કે મનુષ્ય ભવમા કે પશુ ભવમા ...

ણિત પાપો કર્યા હોય તેનું ફલ નારકપણે તે જીવો ભોગવે છે. અહીં એક ખૂન કરે છે, તો તેને મનુષ્યનો કાયદો ફાંસી આપે છે. કદાચ મનુષ્યના કાયદામાં સુધારો થાય વા દયાનું પગલું લેવામાં આવે ને તે આરોપી છુટી જાય પણ કુદરતનો કાયદો અટલ ને અચલ છે. હજારોનો બદકે અગણિત મનુષ્યોનો સંહાર કરનાર મનુષ્ય આ વિશ્વમાં કદાચ છૂટી જાય છે, પણ કુદરતને ત્યાંથી તે પાપ કરનાર છૂટી શકતો નથી. એટલે એક ખૂન કરનારને જો ફાંસી મળે છે, અથવા તેનો પ્રાણ લેઇ લેવામાં આવે છે, તો પછી અગણિત મનુષ્ય ને પશુને સાફ કરનાર વ્યક્તિનો કેટલી વખત કુદરત પ્રાણ લેવાને તૈયાર હોવી જોઇએ એ વાચક પોતેજ સમજી જશે. પાતાલમાં દુઃખ ભોગવવાનાં આવાં સ્થાનો છે એ કદાચ સમાજ કબૂલ નહિ કરે, પણ પાપ કરનારને બદલો હોવો જોઇએ કે નહિ તેનો તો ખ્યાલ કરશે ને ?

દેવોમાં ને નેરયિકોમાં તફાવત

શાસ્ત્રકાર કહે છે કે આ સાત પાતાલ (નરક) છે, તેમાં અગણિત અગણિત જીવો પૂર્વકૃત કર્મનો બદલો લેવા ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થતાં જીવો મૂછ ઉંડે છે ને અગાધ અશ્રુનો વર્ષાદ રેડે છે, પણ ત્યાંથી કોઇ રીતે છુટી શકતા નથી. આ જીવો મુખેથી આહાર કરતા નથી, શ્વાસોશ્વાસથી ને શરીરનાં ઝીણાં છિદ્રોથી આહાર લેછે, છતાં ઘણાં ખરાબ પુદ્ગલો તેમના શરીરમાં આવે છે. દેવો પણ મુખથી આહાર કરતા નથી પણ શરીરના રોમથી આહાર કરે છે, પણ તફાવત એ છે કે તે આહાર ઉંચો ને સરસ લે છે. દેવોને ને નારકોને શરીર વૈક્રિય છે. દેવોનું શરીર ઘણુ ઉચ્ચ ને સૌંદર્યવિશિષ્ટ છે, ત્યારે નારકોનુ શરીર ઘણુ કનિષ્ટ દુઃગચ્છનીય ને આંખને અપ્રિય લાગે તેવુ હોય છે. દેવો ઘણા સુખમાં છે, ત્યારે નેરયિકો ઘણાજ દુઃખમા છે. દેવો ને નેરયિકો બન્ને મનુષ્યની દષ્ટિથી ઘણા દૂર છે. એટલે પ્રમાણથી જોનારાઓને એ જીવો છે એવો વિશ્વાસ આવવા

ગંભત નથી. કોઈ નિશાન પણ મનુષ્યોની બુદ્ધિમાં આવતું નથી એટલે દેવો આટલા બધા સુખમાં છે ને નૈરયિકો ઘણા દુઃખમાં છે એ હકીકત કાં મનુષ્યોએ (ધર્મનાયકોએ) ઉપજાવી કહાડી ન હોય એમ ઘણા મનુષ્યોનું આજે ધારવું છે. પણ આર્યભૂમિના ઘણા પ્રાચીન આર્યજનોનું કથન છે કે મનુષ્યો ઘણા વખતથી એ વાતનો ભલે સ્વીકાર કરતા ન હોય પણ મનુષ્યોના વર્તનના (કાર્યના) કારણકાર્યભાવની દલીલો મેળવશો તો સમજાશે કે એ વસ્તુ છે ને એ નિઃસંશય છે.

સારાંશ

આર્હત દર્શન કહે છે કે આ પ્રમાણે વિશ્વમાં જીવો છે. આપણી દૃષ્ટિમાં આવે છે તે પૃથ્વી જલ આદિના જીવો પાંચ સ્થાવર છે ને બેઇન્દ્રિય ત્રીન્દ્રિય ચતુરિન્દ્રિય (જે વિકલેન્દ્રિય કહે-વાય છે) જલ સ્થલ ને આકાશમા ચાલનાર પશુઓ ને પક્ષીઓ ને મનુષ્યો આ બધા જીવો છે. ઉપરાત મનુષ્યના શરીરથી નિકળતી સર્વ અશુચિમા તે તે જાતિના તેવા તેવા રંગમા જીવો થાય છે. તે જીવો પેશાબમા, વડી નીતિ (વિષ્ટા)મા, વીર્યમાં, પરુમાં, લોહીમાં, મુખમાંથી નિકળતી દરેક અશુચિમાં થાય છે આ જીવોને સમાજ ન માને પણ શાસ્ત્રકારો કહે છે કે તેમા જીવો છે. આ બધા જીવો છે ને આકાશ પાતાળમાં જે દેવો ને નારકો (નૈરયિકો) છે તે બધા જીવો છે. આ ઉપરાંત આકાશમા જ્યાં જ્યા દૃષ્ટિ ફરે ત્યા ત્યા જીવો ખીચો ખીચ છે. જે દૃષ્ટિમા નથી આવતા ને ખીચોખીચ છે તે બધા ઘણા સૂક્ષ્મ છે. તે જીવો મનુષ્યોની હીલચાલથી કે પ્રયત્નથી મરતા નથી, એટલે તેના મરવામા મનુષ્યો કારણભૂત નથી પણ હીલચાલથી, [illegible]થી, પ્ર[illegible]થી, જે જીવો સમક્ષ છે, જણાય છે, અનુભવાય છે ને મરે છે, તેના મનુષ્યો નિમિત્તભૂત છે. મનુષ્યો [illegible] ક્રિયા કરવામા નિમિત્ત થાય છે, ત્યા ત્યા તેના [illegible] [illegible] છે એ જવાબદારીનુ [illegible] મનુષ્યો કહું અનુભવે છે [illegible]

પણ મનુષ્યોથી સમન્વય છે. આ સ્થળે કહેવાનું એ છે કે આ વિશ્વમાં ક્યાં ક્યાં ને કોણ કોણ જીવ છે, તે પૂરતું અત્ર કથન થયું છે.

અજીવ તત્ત્વ વિચારણા

જ્ઞાનીઓ કહે છે કે વસ્તુને વસ્તુરૂપે ઓળખવી તે જ્ઞાન છે, વસ્તુમાં અવસ્તુનો આરોપ કરવો તે અજ્ઞાન છે, એમ મનુષ્યો માને છે; તો પછી અજ્ઞાનને શા માટે હડધૂત કરી જ્ઞાનને સત્કાર સાથે ન બોલાવવું ? આ વિશ્વમાં જીવ ને જડ ખીચોખચ ભર્યા છે, પણ જીવને જડ કહેવું ને જડને જીવ કહેવો એ જ અજ્ઞાન છે. જીવ ને જડને ઓળખવા જોઇએ. જીવમાં જીવવાની તાલાવેલી છે ત્યારે જડને તેમાંનું કશુંએ હોતું નથી. જીવમાં આહારની ઇચ્છા છે, ત્યારે જડમાં તેમ કાંઇ નથી. આજે મનુષ્યો વેગને લીધે ઉંચા નીચા થતા જડને જીવ કહી નાંખે છે, પણ જડ તે જીવ થઈ શકે નહિ. એટલે આપણે આ સ્થળે એ સ્પષ્ટ કરીએ છીએ કે ઉપર જે જીવ પદાર્થની વાત કરી તે જીવ પદાર્થમાં ખાવાની ભોગની ભયની ને સંગ્રહ કરવાની તૃષ્ણા (વૃત્તિ) છે, ત્યારે જડમાં તેવી કાંઇ વસ્તુ હોય નહિ એટલે તે જડ છે. જે જડ છે તે આંખથી ઇન્દ્રિયોથી ને બુદ્ધિથી ગમ્ય થાય છે. આર્હત દર્શનકાર જડ પદાર્થની વ્યાખ્યા આ પ્રમાણે કરી તેને બે જાતિમાં વહેંચી નાંખે છે. એક જડ મૂર્તિમત (દષ્ટિગોચર) છે, ત્યારે કેટલાક જડ અમૂર્તિમન્ત (અરૂપ) છે. જે જડ અમૂર્તિમંત છે, તેમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય ને કાલ એમ ચારને લીધા છે. આકાશાસ્તિકાય દ્રવ્ય ને કાલ દ્રવ્ય એ બે પદાર્થો અરૂપ છે છતાં મનુષ્યોમાં તેનો વ્યવહારદષ્ટિએ ઉપયોગ થાય છે એટલે જનતા તેને સારી રીતે પીછાને છે. આકાશ એટલે ખાલી જગ્યા જેમાં લોકો બેસે છે, ઉઠે છે, આવ જા કરે છે, ચીજોને મૂકે છે, અને ગૃહ મકાન ઉભા કરે છે. કાલ એટલે વખતને લોકો જાણે છે ધર્માસ્તિકાય ને અધર્માસ્તિકાય એ બે દ્રવ્યો મનુષ્યોના ને જડના સર્વના ઉપયોગમાં છૂપી રીતે આવે

સંભવ નથી. કોઈ નિશાન પણ મનુષ્યોની બુદ્ધિમાં આવતું નથી. એટલે દેવો આટલા બધા સુખમાં છે ને નેરયિકો ઘણા દુઃખમાં છે એ હકીકત કાં મનુષ્યોએ (ધર્મનાયકોએ) ઉપજાવી કહાડી ન હોય એમ ઘણા મનુષ્યોનું આજે ધારવું છે. પણ આર્યભૂમિના ઘણા પ્રાચીન આર્યજનોનું કથન છે કે મનુષ્યો ઘણા વખતથી એ વાતનો ભલે સ્વીકાર કરતા ન હોય પણ મનુષ્યોના વર્તનના (કાર્યના) કારણકાર્યભાવની દલીલો મેળવશો તો સમજાશે કે એ વસ્તુ છે ને એ નિઃસંશય છે.

સારાંશ

આર્હત દર્શન કહે છે કે આ પ્રમાણે વિશ્વમાં જીવો છે. આપણી દૃષ્ટિમાં આવે છે તે પૃથ્વી જલ આદિના જીવો પાંચ સ્થાવર છે ને બેઇન્દ્રિય ત્રીન્દ્રિય ચતુરિન્દ્રિય (જે વિકલેન્દ્રિય કહેવાય છે) જલ સ્થલ ને આકાશમાં ચાલનાર પશુઓ ને પક્ષીઓ ને મનુષ્યો આ બધા જીવો છે. ઉપરાંત મનુષ્યના શરીરથી નિકળતી સર્વ અશુચિમા તે તે જાતિના તેવા તેવા રંગમાં જીવો થાય છે. તે જીવો [illegible]મા, વડી નીતિ (વિષ્ટા)માં, વીર્યમાં, પરુમાં, લોહીમાં, [illegible]થી નિકળતી દરેક અશુચિમાં થાય છે. આ જીવોને સમાજ ન માને [illegible] શાસ્ત્રકારો કહે છે કે તેમાં જીવો છે. આ બધા જીવો છે ને [illegible] પાતાળમા જે દેવો ને નારકો (નેરયિકો) છે તે બધા જીવો છે. [illegible] આકાશમા જ્યાં જ્યાં દૃષ્ટિ કરો ત્યાં ત્યાં જીવો ભરેલા [illegible] દૃષ્ટિમા નથી આવતા ને ખીચોખીચ છે તે બધા [illegible] જીવો મનુષ્યોની હીલચાલથી કે પ્રયત્નથી મરતા નથી, [illegible] મનુષ્યો કારણભૂત નથી. પણ હીલચાલથી, [illegible] જીવો સમજાય છે, જણાય છે, અનુભવાય [illegible] મનુષ્યો નિમિત્તભૂત છે. મનુષ્યો જ્યાં જ્યાં [illegible] થાય છે, ત્યાં ત્યાં તેના ઉપર જ્ઞાનથી [illegible] મનુષ્યો કરવું અનુભવે છે તેવ[illegible]

[illegible]

અષ્ટમ તત્ત્વ વિચારણા

[illegible]

છે, પણ સામાન્ય જનતા એ વસ્તુને ઓળખી શકતી નથી. મનુષ્યો, પ્રાણી માત્ર ને સ્થૂળ ને ઝીણા ઝીણા પરમાણુઓ જે આવાગમન કરે છે, તેમાં ગુપ્ત રીતે અનુકૂળ પવનની જેમ વા મત્સ્ય ને જલની જેમ જે વસ્તુ અનુકૂળ મદદ કરે છે, તે ધર્માસ્તિકાય છે. તે બધાને અટકી જવામાં કે સ્થિર થવામાં, શ્રમિત થયેલા મનુષ્યને વિશ્રામની (વિસામાના ઓટલાની) જેમ વા શ્રમિત (થાકી ગયેલ) પક્ષીને વૃક્ષની જેમ, મદદ કરે છે તે અધર્માસ્તિકાય છે. એ ચાર પદાર્થો અજીવ છે, પણ અરૂપ છે. જે પુદ્ગલસમૂહ છે તે જડ છે પણ ઇન્દ્રિયગોચર છે. ઘટ પટ ઈંટો ચુનો પથ્થર પાટ સ્થંભ આમ જેટલા પદાર્થો દૃષ્ટિમાં આવે છે તે બધા જડ છે. ઉપરાંત પ્રભા, છાંઇ, પ્રકાશ, ઉદ્યોત, અભ્રપટલ, હવા, વાદળ, ધૂમ્ર, વિગેરે પુદ્ગલ છે તે જડ છે, તેમાં ચેતન નથી–જીવન નથી. તેને સુખ કે દુઃખ, ઇષ્ટ કે અનિષ્ટ એવી કશી લાગણી થતી નથી. આ પુદ્ગલને વધારે ઓળખવા માટે તેઓ કહે છે કે જેમાં વર્ણ (રંગ) છે, ગંધ છે, રસ છે, સ્પર્શ છે, ને સંસ્થાન (આકૃતિ) છે. તે બધા જડ છે, આખા વિશ્વમાં દેખાય છે. તે બધામાં રંગ છે, તે કૃષ્ણ નીલ રક્ત પીત કે શુક્લ હોય છે. જો ગંધ હોય છે તો સારી ગંધ હોય છે ને ખોટી ગંધ પણ હોય છે, પણ એમાંથી એક ગંધ ન હોય તેવું કોઇ પુદ્ગલ નથી. તેમાં રસ હોય છે, તો પાંચમાંથી કોઇ પણ રસ તો હોય છે જ. તીખો, કડવો, તુરો, ખાટો ને મધુર એ પાંચ રસ ભિન્ન ભિન્ન પદાર્થમાં વ્યાપી રહ્યા છે સ્પર્શ વિના કોઇ પણ પુદ્ગલો રહેતા નથી મખમલનાં સુંવાળો સ્પર્શ છે, પથ્થરમાં કઠણ સ્પર્શ છે, લોઢામાં ભારે સ્પર્શ છે, રૂના પોતો [illegible] છે, શીત, સ્નિગ્ધ (ચીકણો) સ્પર્શ છે. કેટલાંમાં રુક્ષ સ્પર્શ છે [illegible] ને આમ ઉ[illegible] છે આમ કોઇ પણ સ્પર્શ પુદ્ગલ [illegible] હોય [illegible] પણ [illegible] આકાર વિના [illegible]
[illegible]

આકારે, કોઇ ત્રિકોણ, કોઇ ચતુષ્કોણ ને કોઇ દીર્ઘ એટલે લાંબી લાકડીના આકારે હોય છે. આમ વિશ્વભરમાં પુદ્ગલો કોઈ સ્થૂલ રૂપમાં છે, તો કોઇ સૂક્ષ્મ રૂપમાં છે. આકાશમાં વાદળાંમાં જેમ અનેક આકારો ક્ષણે ક્ષણે બને છે, તેમ અનેક પુદ્ગલો જુદા જુદા વખતે અનેક પરિવર્તનો ને આકારો લેતાં હોય છે. અન્ય દર્શનીઓએ આવી બાબતમાં બહુ વિચાર કર્યો નહિ હોય, પણ જૈન વિચારકોએ આ સંબંધી ઘણો ઉંડો અભ્યાસ કર્યો હોય એમ જણાય છે. જૈન દર્શન કહે છે કે આકાશ જેમ વિશ્વવ્યાપક છે તેમ ધર્માસ્તિકાય પણ વિશ્વવ્યાપક છે. જ્યાંસુધી વિશ્વની સીમા પૂર્વ પશ્ચિમ દક્ષિણ ને ઉત્તર લાગેલી છે, ઉપરાંત તે ઉપર ને નાચે લાગેલી છે, ત્યાંસુધી ધર્માસ્તિકાય ને અધર્માસ્તિકાયની સીમા લાગેલી છે. આકાશની સીમા તો લોક ઉપર છએ દિશામાં ઘણી આગળ વધેલી છે. આકાશ જેમ એક દ્રવ્ય રૂપે છે, તેમજ ધર્માસ્તિકાય ને અધર્માસ્તિકાય બન્ને ભિન્ન ભિન્ન એક એક દ્રવ્યરૂપે છે. એટલે તેઓ એક સ્કંધ કે જથા રૂપે છે. એ ત્રણે દ્રવ્યો એક બીજામાં સેળભેળ છતાં એક બીજામાં ભળી જતાં નથી. એ ત્રણે દ્રવ્યો એક બીજામાં વ્યાપક છતાં પોતાના ભિન્ન ભિન્ન ગુણથી પૃથક્ પૃથક્ રહ્યા છે. કાલ દ્રવ્ય અરૂપ છે, અને આ ત્રણ દ્રવ્યની જેમ સ્થાયી નથી પણ વહેણ રૂપ છે; તેથી તેની પાછળ અસ્તિકાય શબ્દ વળગાડયો છે.

પુદ્ગલાસ્તિકાય દ્રવ્યની વિશેષ સમજણ

આખા વિશ્વમાં આકાશની જેમ ધર્માસ્તિકાય ને અધર્માસ્તિકાય એ બે દ્રવ્યો મનુષ્યોને જણાતાં નથી છતાં છે. એ બે દ્રવ્યો ન હોત તો આ બધા જીવ ને જડ પદાર્થો છે તે પ્રવૃત્તિ કરી શકત નહિ, તેમ આશ્રય પણ કરી શકત નહિ; એટલે જીવ ને જડ દ્રવ્યો એ ત્રણેનાં (ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય ને આકાશાસ્તિકાયનાં) અભિન્ન–આધેય રૂપે રહ્યા છે, ને એ ત્રણ દ્રવ્યો જીવ ને જડના આધાર–આશ્રય સ્વરૂપે છે. આ ત્રણ દ્રવ્યો જ્યારે વ્યાપક ને એક રૂપે છે, ત્યારે જીવ ને જડ દ્રવ્યો

આમતેમ જ્યાં ત્યાં ભટકતાં અસ્થિર રૂપે ને વ્યાપ્ય રીતે છે. કર્મને વશી જીવો નાનાં મોટાં શરીર લેઈ વિશ્વની અનેક જગ્યાએ છે, તેમ આ પુદ્ગલ જ્યાં ત્યાં વિશ્વની અનેક જગ્યાએ છે. પૃથ્વી, જલ, અગ્નિ ને વાયુની સર્વ જગ્યામાં ચેતન છે ને અનેક છે, તોપણ જે દેખાય છે તે બધાં પુદ્ગલો છે. એ પુદ્ગલોમાં જીવો વ્યાપક થઈ રહ્યા છે. એ પુદ્ગલો ન હોત તો જીવો એકલા શેમાં રહેત? તે મનુષ્યોનાં શરીરો ને અવયવો જે દેખાય છે તે બધાંયે પુદ્ગલો છે; અંદર રહી ઇન્દ્રિયદ્વારા ને શરીરદ્વારા જે હીલચાલ કરે છે તે જીવ છે. પણ સ્થૂલ શરીર જે છે ને તેમાં જે ગંધ રસ સ્પર્શ ને સંસ્થાન (આકૃતિ) છે, તે પુદ્ગલ છે. એટલે જેમાં મનુષ્ય પશુ પક્ષી વિગેરે જીવો છે, તે પુદ્ગલો છે. પુદ્ગલ ને જીવ એ બે વસ્તુને પૃથક્ કરી બરાબર સમજી શકાય તો જ તેને જ્ઞાન કહી શકાય છે. જેમ તરવાર ને મ્યાન એ બે વસ્તુ જુદી છતાં આશ્રય–આશ્રિત રૂપે જણાય છે, તેમજ વિશ્વના નાના મોટા જીવોનાં જે શરીરો છે તે આશ્રય છે ને પુદ્ગલો છે, ને તેમાં જે આશ્રિત છે તે ચેતન છે–જીવ છે. આશ્રય એકપણે દેખાવા છતાં આશ્રય આશ્રિત થાય નહિ, તેમ આશ્રિત આશ્રય થાય નહિ.

એ પુદ્ગલની સ્પષ્ટતા

એ પુદ્ગલને સમજવા માટે વિશેષ સ્પષ્ટતા કરવી જોઈએ. એક સજીવ પુદ્ગલ છે, એક નિર્જીવ પુદ્ગલ છે, ને એક વિસમ (એટલે સહજે ખસી જાય તેવું) પુદ્ગલ છે. એટલે પુદ્ગલોને ત્રણ જાતિમાં વહેંચ્યાં છે. મનુષ્ય, જલચર, સ્થલચર, ખેચર, ત્રણ વિકલેન્દ્રિય, પાંચ એકેન્દ્રિય, નારક, દેવ વિગેરે જાતિના જીવો કહ્યા છે ને જીવો જે પુદ્ગલોને ગ્રહણ કરી પોતાના શરીર ઇન્દ્રિય ને નાના નાના અવયવ સ્વરૂપે પરિણમાવે છે, ને પુદ્ગલો સજીવ (પ્રયોગસા) [illegible] જાતિના [illegible] એ જીવો મરી ગયા પછી તેના શરીર ને [illegible] [illegible] સ્વરૂપે પડી રહ્યા છે, ને બધા પુદ્ગલો નિર્જીવ [illegible]

સુવર્ણ ચાંદી મોતી વિગેરેમાં એક વખતે જીવો હોય છે, ત્યારે તે સજીવ પુદ્દગલમાં ગણી શકાય છે; પણ તેને નિર્જીવ કરી લોકોએ વપરાશમાં લીધાં એટલે તે નિર્જીવ પુદ્દગલમાં જાય છે. તેમજ ત્રાંબું, પીત્તળ, કાંસું વિગેરે અનેક લોકોપયોગી ચીજો એક વખતે ચેતનમય હતી. લોકોએ તે બધીને નિશ્ચેતન કરી પોતાના વપરાશમાં લીધી. કાષ્ટ પથ્થર લોઢ વિગેરે ચીજો સજીવ હતી, પણ લોકોએ સડક, પાટા, હળ, રેલ્વે, પૂલ, ગૃહ વિગેરે બાંધવામાં તે બધી ચીજોને ઉપયોગમાં લીધી, ત્યારે તે પુદ્દગલોને સજીવ કહી શકાય નહિ, પણ તે બધાને નિર્જીવ પુદ્દગલો કહી શકાય છે. એમ જ અન્ન શાકભાજી જલ ઔષધિ વિગેરેને લોકો પોતાના ખાનપાન ભોગ ઉપભોગમાં પણ નિર્જીવ કરી વાપરે છે. એ બધાં પુદ્દગલો નિર્જીવ છે, એમ મનુષ્યના અનુભવમાં આવે છે. એટલે જીવ સાથે જે પુદ્દગલો છે તેને જૈન દર્શન પ્રયોગશઃ પુદ્દગલ કહે છે, કારણકે જીવોએ પોતાના બલથી શરીરરૂપે ને ઇન્દ્રિયરૂપે ગ્રહ્યા છે. જીવ ગયા પછી જે પુદ્દગલો રહે છે તે નિર્જીવ પુદ્દગલો છે.

ત્રીજી જાતિ વિસ્રસા પુદ્દગલ

વિસ્રસા પુદ્દગલ આપણી નજરે આવે છે, પણ આપણે તે વિષે બહુ ધ્યાન આપતા નથી. આકાશમાં અનેક વાદળાં થાય છે, તે અનેક ભિન્ન ભિન્ન રંગો પકડે છે. મનુષ્યો જોતા હશે કે કોઈ વખત મેઘધનુષ્ય થાય છે, તેમાં કેટલા બધા રંગો થાય છે, ને કેવા આકાર વિગેરે થાય છે. તે બધા વિસ્રસા પુદ્દગલો છે. એટલે થાય છે, સહજ વખત રહે છે, ને થોડા વખતમાં જ એકદમ વિલય પામે છે. એમજ સૂર્ય ચંદ્ર ને દીવાની જે જે પ્રભાઓ પડે છે, તે પણ તે જાતિનાં પુદ્દગલો છે. મનુષ્ય, પર્વત, વૃક્ષ, સ્તંભ વિગેરેની છાયા પડે છે તે પણ તે જાતિનાં પુદ્દગલો છે. વિસ્રસા પુદ્દગલોનું લક્ષણ એ છે કે મનુષ્યોની આંખમાં આવે ને હસ્તથી પકડવા જતાં હાથમાં ન આવે તેઃ સમજો કે તે પુદ્દગલો વિસ્રસા (વિસ્રસઃ) છે એમજ મેઘની

ગર્જનાના શબ્દો, કાટકાના શબ્દો, તોપના શબ્દો, બંદૂકના શબ્દો ભાષાના શબ્દો એ બધાં વિસસા પુદ્‌ગલો છે. તાત્પર્ય એ છે કે આ બધાં પુદ્‌ગલો છે, જડ છે, પણ જીવ નથી એમ બુદ્ધિમાં ઉતારવું જોઈએ. એ પુદ્‌ગલના કારણ સ્વરૂપે એક એક પરમાણુઓ આ વિશ્વમાં અનંત અનંત છે, તેમજ પરમાણુદ્વયો (દ્વયણુકો) પણ અનંત છે. એમ ત્ર્યણુક, ચતુરણુક, એક એકથી વધી સંખ્યાતાણુક, અસંખ્યાતાણુક સ્કંધ ને અનંતાણુક સ્કંધો અનંત છે. આ બધું ઉતાવળથી સમજી ન શકાય, પણ વિચારીએ કે એક તસુ જેટલી જગ્યામાં અનંતાણુક એવું આજના વૈજ્ઞાનિકો શોધીને સમજી ગયા છે. એક પથ્થરના નાનામાં નાના ખંડમાં અનંતાનંતાણુકો છે, તો પછી એક મોટી શિલામાં ને એવી એવી અગણિત શિલામાં કેટલા પરમાણુઓ અણુઓ હશે, એ તો સ્થૂલ બુદ્ધિથી પણ સમજી શકાય તેવો વિષય છે. એટલે આ વિશ્વ-બ્રહ્માંડ જેમ અનંતાનંત જીવથી વ્યાપ્ત છે તેમજ જડના સ્કંધ, દેશ, પ્રદેશ ને એકલા અગણિત પરમાણુઓથી પણ ભરચક છે. આ વસ્તુનો વિચાર કરો કે ન કરો, સમજાય કે ન પણ સમજાય, પણ વિશ્વની અંદર આ બંને વસ્તુ રહેલી છે એ વસ્તુ ચોક્કસ છે, ને જ્યારે ત્યારે આ વિશ્વના મુસાફર (જીવ) ને અવશ્ય જ્ઞાતવ્ય છે.

પુણ્ય તત્ત્વ વિચારણા

જીવ ને અજીવ તેના સ્વભાવથી ભિન્ન ને વિલક્ષણ છતાં અને તેઓ પરસ્પર મળી ગયા છે. તેમ થવાનું કારણ શું છે? અહીં દર્શનકાર તેનો ખુલાસો કરે છે કે જીવ કર્મવશ થઈ શરીરધારી થયો છે. શરીરમાં રહ્યા છતાં જીવ, મન વાણી ને શરીરથી કાર્ય પણ પ્રગતિ કરતો હોય તેવો તેનો સ્વભાવ પડી ગયો છે. અહીં [illegible] પ્રગતિ વિના રહી શકતો નથી. એ પ્રગતિ [illegible] કારણ [illegible] છે [illegible] જીવ નિષ્ક્રિય (પ્રગતિરહિત [illegible]

તેને લેશ પણ સુખ કે દુઃખ ભોગવવાનું રહેતું નથી. પણ તેમ જીવ રહી શકતો નથી, કારણકે પૂર્વકૃત કર્મથી ને ઘણા લાંબા કાલના કર્મથી, પરંપર કલ્પના (વૃત્તિ)થી, જીવ નિવૃત્તિ નહિ લેતાં પ્રવૃત્તિ કરતો આવ્યો છે. એ પ્રવૃત્તિ તે કેટલીક વખતે શુભ કરે છે, ને કેટલીક વખતે અશુભ પણ કરે છે. જ્યારે શુભ પ્રવૃત્તિ જીવે કરી ત્યારે તેનું ફલ શુભ આવ્યું ને જ્યારે અશુભ કરી ત્યારે તેનું ફલ અશુભ આવ્યું. આજે સમાજમાં કેંક લોકો સુખી દેખાય છે, ત્યારે કેંક લોકો અત્યંત દુઃખી જણાય છે. કેંક ઘણા સુખી ને થોડા દુઃખી, ત્યારે કેંક ઘણા દુઃખી ને થોડા સુખી, એમ ન્યૂનાધિક સુખ-દુઃખની સ્થિતિમાં સમાજ કે વ્યક્તિ દેખાય છે. એમજ પશુઓ ને પક્ષીઓ કેંક ઘણા સુખી ને થોડા દુઃખી તો કેંક ઘણા દુઃખમાં ને થોડા સુખમાં હોય છે. આ જગ્યાએ આર્હત દર્શન કહે છે કે તેમાં જીવોની ભલી-ભૂંડી પ્રવૃત્તિ એજ કારણ છે. કારણ ન લેઇએ તો કાર્ય કેવી રીતે આવ્યું એ સમજી શકાતું નથી. એક મનુષ્ય ઘઉં વાવે ને કોદરા લે તેમ બનતું નથી, તેમ કોદરા વાવે ને ઘઉં લે તેમ પણ બનતું નથી. આંબો વાવે ને બાવળ થાય તેમ દુનિયા જોતી નથી. એમ કારણ કાર્યનો સંબંધ સ્પષ્ટ છે, એટલે જે કારણ-માં હોય તેજ કાર્યમાં આવે છે, ને કાર્યથી કારણ સમજાય છે.

શરીરથી, વાણીથી ને મનથી મનુષ્યો કે કોઈ પણ જીવો સારી કે ખોટી પ્રવૃત્તિ કરે છે. જે પ્રવૃત્તિ છે તે અજીવ છે; એટલે જીવને તે અજીવનો સંયોગ થયો. એકલો જીવ તો લેશ પણ પ્રવૃત્તિ કરી શકતો નથી. જેઓ મુક્તાત્મા છે, તેઓ તદ્દન નિષ્ક્રિય છે અથવા પ્રવૃત્તિરહિત છે. જેઓ સંસારગ્રસ્ત છે તેઓ પ્રવૃત્તિ આધીન છે ને પ્રવૃત્તિના ઉત્પાદકો છે. જે પ્રવૃત્તિ કરવી ને પ્રવૃત્તિમાં રુચિ કરવી તે બધા અજીવ પદાર્થો છે. પુણ્ય (પવિત્ર) પ્રવૃત્તિ શુભ છે ને સુખકારક છે, પાપ (અપવિત્ર) પ્રવૃત્તિ અશુભ ને અસુખકારક છે. પવિત્ર પ્રવૃત્તિ એ કારણ છે ને તેનો બદલો જે

છે, તો શુભ વર્ણ ગંધ સ્પર્શનાં પુદ્‌ગલ–રજકણનો બંધ પાડે છે. પોતાના સ્વાર્થમાં સૌ કોઇ મનુષ્યો વાપરે છે પણ તેમાં નિકૃષ્ટ સ્વભાવ ને મલિન વૃત્તિ હોવાથી સહજે અશુભ પુદ્‌ગલોનો તેઓ બંધ પાડે છે. મન વચન ને શરીરનો મનુષ્યો કે ઇતર પ્રાણીઓ પોતાની ઇચ્છા પ્રમાણે ગમે ત્યાં ઉપયોગ કરે છે, પણ તેમાંથી રોકી સારી સ્થિતિમાં તેનો ઉપયોગ કરે તો તે પ્રાણીઓ પુણ્ય ફલ ઉત્પન્ન કરે છે.

મનુષ્યોને મન હોય છે, તેથી નિકૃષ્ટ પ્રાણીઓને મન હોતું નથી. જોકે પશુ–પક્ષીઓમાં (ગાય બળદ અશ્વ મોર કબૂતર વગેરેમાં) મન હોય છે, પણ મનુષ્યો કરતાં તેઓ ઉતરતા છે. લોકો પોતાના મનને ગમે તેવા વિચારમાં લેઇ જાય છે ને સહજે ઇતર પ્રાણીઓનું બુરૂં ઇચ્છે છે, તેના કરતાં તેઓ સારા વિચારો કરે, બીજાઓ પ્રતિ સ્નેહભાવથી જુએ, સ્વાર્થ નહિ હોવા છતાં તે પ્રાણીઓનું સારૂ ઇચ્છે, સૌજન્ય ને સૌમનસ્યને આવકાર આપે, મનને સારી રીતે પ્રવર્તાવે, તો શુભ પુદ્‌ગલ–પુણ્યનો બંધ પાડે છે. એમજ વાણીથી મધુર બોલવાથી વા કોઇ સજ્જન ઉપકારી ગુણી જનની પ્રશંસા–સ્તુતિ કરવાથી ને વાણીમાં દુષ્ટતા, નીચતા, કુટિલતા, કર્કશતા, સ્વાર્થ નહિ લાવવાથી પ્રાણી સહજે પુણ્યને ઉત્પન્ન કરે છે. શરીરને પણ દુષ્ટ કાર્યમાં–હિંસા શૌર્ય વિષય કે કેસ હડસેલો ધક્કો ચપડ મારવી વિગેરે પાપી કાર્યોમાં–ન જવા દેવાથી જીવો પુણ્યને બાંધે છે. હવે નમસ્કાર કરવાથી પુણ્ય શી રીતે થાય છે તે કહીએ. નમસ્કાર એ કોમલતાનું પ્રતીક છે. મનુષ્યો અહંભાવી હોય છે ને હૃદયમાં અપાર ઘમંડના તણખાઓ ઉડાડતા હોય છે, એટલે મોટામાં મોટી વ્યક્તિ સામે પણ મસ્તકથી ખમાથી કે આંખથી નમ્રતા બનાવતા નથી. આ પ્રવૃત્તિ મનુષ્યોને કોઇ આવા દુર્ગુણમાં લેઇ જાય છે. આથી શાસ્ત્રકારો કહે છે કે મનુષ્યોએ સદ્‌ગુણમા જવું હોય તો અવશ્ય સર્વ સાથે કોમલતા–નમ્ર ભાવ રાખવો જોઇએ. કોઇ સ્વાર્થ ભાવે કે મોટા છે તે સારૂ નહિ, પણ સહજે નમતા ભાવે સૌની સામે

શિર નીચું રાખવાથી ને હસ્તકમલને નમ્રતામાં સ્થાપવાથી મનુષ્યો પવિત્ર ભાવને ઉત્પન્ન કરે છે. મનુષ્યો વિનાસ્વાર્થે આવી નમ્રતા રાખતા નથી, બલ્કે ઉદ્ધતાઇ ને ઘમંડના પગથીએ ચડે છે. પણ સમજણપૂર્વક એ વસ્તુને છેડે તો મનુષ્ય કાંટાના બીછાનાને ઉખેડી ફુલના બીછાનાને પાથરે છે.

તેનું પરિણામ

આવી પવિત્ર લાગણી સેવવાથી તેનું શું પરિણામ આવે છે, એમ જો કોઇ પ્રશ્ન કરનાર તૈયાર થાય તો શાસ્ત્રકાર કહે છે કે તે પ્રાણી પોતાના આવતા ભવમાં જીવતાં સુધી શાતા અનુભવે છે. તે જીવ રોગગ્રસ્ત કે દુઃખી થતો નથી. તે મનુષ્યયોનિમાં કે દેવયોનિમાં અવતરે, પશુમાં જન્મ લે નહિ; પણ લે તો જ્યાં યુગલ ધર્મ પશુઓ છે તેમાં અવતાર લે છે ઔદારિક, વૈક્રેય ને આહારક શરીર તે મેળવે છે. તૈજસ ને કાર્મણ તો હોય છે, ઉપરાંત અંગોપાંગો સારાં મેળવે છે. શરીરબળ અસ્થિસંચય (સંહનન) પહેલું મેળવે છે, ને સંસ્થાન સમચતુરંસ્ર પણ પહેલું મેળવે છે. શરીરમાં વર્ણ ગંધ રસ ને સ્પર્શ શુભ પ્રાપ્ત કરે છે. તેને આ જન્મમાંથી આવતા જન્મમાં લેઇ જવા દેવના ને મનુષ્યજન્મનાં આમંત્રણ (અનુપૂર્વી કર્મ) આવે છે. એટલે સત્કાર સાથે તે પ્રકૃતિઓ તેને લેઇ જાય છે. પુણ્ય પ્રકૃતિથી શરીરપ્રમાણ વ્યવસ્થિત ને નિયમિત (અગુરુલઘુ કર્મથી) હોય છે. ને જીવથી બીજાઓ દબાય છે, પણ પોતે [illegible] બીજાથી દબાતો નથી. એમજ પુણ્યના બળથી તે જીવ ઉચ્છ્વાસ, ઉદ્યોત, આતાપ, સારી ચાલવાની ગતિ મેળવે છે એ જીવ એ ગતિએ પુણ્યના અનુક્રમેપૂર્વી ઉદયના ઉદય પ્રકૃતિઓ [illegible] દેવતવમાં [illegible] છે તે મેળવે છે, ને આ [illegible] [illegible] દિવસ ગર્ભ [illegible] [illegible]
[illegible]

પાપ તત્ત્વ વિચારણા

પુણ્ય પાપની વ્યાખ્યા સૌ લોકો સામાન્ય પ્રકારે સમજે છે. પુણ્ય એટલે સારૂં વર્તન ને પાપ એટલે ખરાબ વર્તન એમ મનુષ્યો માને છે, પણ અમલ કરવાનો પ્રસંગ આવે છે ત્યારે મનુષ્ય વ્યામોહમાં કે બુદ્ધિના વિભ્રમમાં એ વાત ભૂલી જાય છે. પાપ એ પ્રાણીમાત્રને અધઃસ્થાનમાં લેઇ જનારી ખરાબ ચીજ છે. વિશ્વભરમાં આજે ને ગમે તે કાળે પ્રાણીમાત્ર રખડતાં ને દુઃખી થતાં હોય તો તેમાં પાપ ખાસ કારણ છે. જીવો દુઃખના ડુંગરોમાં દબાય પણ પાપવૃત્તિને દબાવી શકતા નથી. એ એમની અનંતકાળથી પડેલી એક ખાસીયત છે. એ જીવનને વિકસાવવાનો ખાસ કોઇ રસ્તો હોય તો બુદ્ધિશિષ્ટ મનુષ્યજન્મ છે. જોકે બુદ્ધિદ્વારા મનુષ્યો પોતાનું અહિત ઘણું કરી રહ્યા છે એ હકીકત ખાસ આંખે તરે છે, તોપણ સારા માર્ગમાં જવા માટે ને સારામાં સારી વસ્તુ સમજવા માટે બુદ્ધિની આવશ્યકતા છે, એમ આજે સૌ કોઇ વિચારકો સમજે છે. એટલે તત્ત્વદર્શી કહે છે કે આવા બિહામણા ને ખતરનાક પાપથી છૂટાય તો છૂટવું એ ઇષ્ટ છે. એ પાપનાં સ્થાનકો અઢાર છેઃ (૧) જીવહિંસા, (૨) અસત્ય ભાષણ, (૩) ચૌર્ય, (૪) વિષય (પુરૂષ સ્ત્રીની પરસ્પર ઇન્દ્રિયજન્ય લોલુપતા), (૫) અર્થ (વસ્તુમાં તૃષ્ણા), (૬) ક્રોધ, (૭) માન, (૮) માયા, (૯) લોભ, (૧૦) રાગ, (૧૧) દ્વેષ, (૧૨) કલેશ, (૧૩) બીજાને ખોટું આળ આપવું, (૧૪) પિશુનતા (ચાડી કરવી તે), (૧૫) પાછળ નિંદા કરવી, (૧૬) સન્માર્ગમાં નાખુશી, વિમાર્ગમાં ખુશી, (૧૭) માયા સાથે અસત્ય ભાષણ, (૧૮) મિથ્યાદર્શન શલ્ય (સત્ય વસ્તુમાં અવિશ્વાસ).

જીવહિંસા એ મોટું પાપ કેમ ?

આ પાપસ્થાનકનાં નામો ઇતર લોકો સ્વીકારે કે ન સ્વીકારે પણ આર્હત દર્શનકાર કહે છે કે આ પાપોથી જીવ શુદ્ધ માર્ગમા

આવી શકતો નથી. બ્રાહ્મણ સાહિત્યમા અઢાર પાપનાં સ્થાનની હકીકત છે, ને તેઓ અઢાર પાપસ્થાનકનું પરિણામ ખોટું છે તેમ કહે છે પણ આ દર્શનકારો કહે છે કે જ્યાંસુધી આ સ્વભાવથી મુક્ત ન થાય ત્યાંસુધી મનુષ્ય પાપુ શારીરિક કે માનસિકસુખને પામી શકતો નથી. આજે મનુષ્ય જીવન જીવવા છતાં ઘણા એ દુ:ખી ને કષ્ટમય જીવન ગુજારતા જણાય છે. વિચારકો કહે છે કે હિંસા એ મહાન્ પાપ છે નાનામાં નાના જીવથી શરૂ કરી [illegible] ફરતા ફરતા

એ મોટો અધર્મ છે. બીજું પાપ **અસત્ય** બોલવું તે છે. અસત્ય બોલવાથી મનુષ્યના સામાન્ય વ્યવહારમાં પણ સ્ખલના થાય છે. એક બીજાને એક બીજાનો વિશ્વાસ રહેતો નથી. કોઇ પણ કાર્યમાં ડખલ થાય છે, હૃદયમાં મલિનતા વાસ કરે છે, અને અનેક અપરાધો અસત્ય ભાષાથી ઉભા થાય છે. ત્રીજું પાપ **ચોરી** કરવાનું છે. ચોરી એ મનુષ્યજીવનમાં મોટો દુર્ગુણ છે. શાસ્ત્રકારો એને દુર્ગુણ કહે છે. ઉપરાંત સમાજમાં તે બદી ઘણી નિંદનીય ને અપ્રિય છે. સમાજે મનુષ્યને વ્યવસ્થામાં રાખવા માટે ચોરી કરનારને ગુન્હેગાર ગણ્યો છે. ઉપરાંત તેના માટે જુદા જુદા પ્રસંગે જુદી જુદી શિક્ષાઓ યોજી છે, પણ મનુષ્ય તૃષ્ણાના પૂરમાં તણાતો ચૌર્યકર્મ કરવા ધસે છે. **વિષય** એ ઇન્દ્રિયજન્ય લોલુપતા છે. એ ચતુર્થ પાપસ્થાનક છે. પુરુષો કે સ્ત્રીઓ સહજે એ વિકારને વશ થઇ જાય છે. નાના નાના ક્ષુદ્ર જીવો પણ એ વિષયના પાપમાંથી બચ્યા નથી. મનુષ્યોનું તો શું કહેવું ? દેવોમાં પણ વિષયતૃષ્ણાની પ્રવૃત્તિ છે. એ વિષય જ જીવ માત્રના ભ્રમણનું મુખ્ય કારણ છે. એ નથી તો કોઇ પણ પાપ નથી, ને એ છે તો કોઇ પણ પાપ કે એનાં છૂપા કે જાહેર પ્રસંગવશાત્ પાપનાં ઝરણો ચાલી રહ્યાં છે. પાંચમુ અર્થ કે **પૈસાની** તૃષ્ણા એ પાપ છે. સામાન્ય રીતે પણ મનુષ્યજીવનમાં પૈસાની તૃષ્ણા ભયંકર હોય છે. મનુષ્યમાં જેમ જેમ સમૃદ્ધિની ને વિચારની પ્રગતિ વધતી હોય છે, તેમ તેમ તેના જીવનમાં ઘોડાપૂરની જેમ તૃષ્ણા દોડતી હોય છે. મનુષ્ય એને ડહાપણ માને છે, ને પોતાના જીવનને કોઈ ઉચ્ચ સ્થાનમાં કે કૈલાસમાં જતું હોય એમ જુએ છે; પણ એ પાપનું સ્થાન છે. એનાથી જીવનમાં શાન્તિ કે ધૈર્યનો અવકાશ નથી; ઉલટું વિવેક, મહત્તા, સૌજન્ય, શીલ, વિગેરે સદ્ગુણો એ પારિગ્રહ રૂપ પાણીના ઘોડાપૂરમાં તણાઇ જાય છે. એ સદ્ગુણો જતાંની સાથે મનુષ્ય દૌર્મનસ્ય નીચતા ધૂર્તતા વિગેરેના દાસ થાય છે. આ પાંચ પાપો (પાપનાં સ્થાનકો) શરીરની પ્રવૃત્તિમાં સહજે હોય છે.

ફસાવી ક્ષણે ક્ષણે પાપ કરવા દડાને ગેડીની જેમ ધકેલતા હોય છે. એટલે કે જીવ માયા ને લોભના પંજાથી છૂટી શકતો નથી. **રાગ ને દ્વેષ** એ પાપો અહર્નિશ જીવના વિચારમાં વારાફરતી પોતાનું સ્થાન લેતા હોય છે. જીવ કેટલીક વખત ઘણો જ રાગને વશ થઈ જાય છે, ત્યારે તે, સ્ત્રી કે મિત્ર કદાચ ભુંડું બોલતાં હોય તોપણ, તેની સાથે એકમેકની જેમ વર્તે છે. તેની બધી બાજુ તેને સવળી લાગે છે. તેના દોષ હોય તોપણ તેને ગુણ સમ જુએ છે. જીવમાં પાછો દ્વેષ જ્યારે એ સ્થાન લે છે, ત્યારે તેની આંખે મિત્રો પણ શત્રુ થાય છે. સ્વાર્થ કે સ્નેહ છૂટી જતાં સ્ત્રી તે પુરુષને ડાકિની સમ લાગે છે. એમ જ જીવ આખી દુનિયા સાથે રાગ ને દ્વેષના પાસા નાંખ્યા કરે છે, ને રાગદ્વેષથી સુખ કે દુઃખનાં ખાનામાં જીવ અથડાતો હોય છે. **ક્લેશ** એ પાપસ્થાનક બારમું છે. જીવને ક્લેશ ઘણી વખત થાય છે, એ પણ સમજી શકાય તેવો વિષય છે. જીવ પોતાના શાન્ત સ્વભાવમાં રહે તો સહજે આત્મીય સુખ અનુભવી શકે છે. પણ એ સ્વભાવમાં નહિ રહેતાં પાસેના કે બીજા કાંઇ અડચણ કરે કે કાંઈક હા ના થાય ત્યાં એ જીવ એકદમ તૂટી પડે છે, ને કાંઇનું કાંઈ બોલવા કે બડબડવા લાગી જાય છે. ગમે તેમ આડું અવળું ઉભું કરી જીવ ક્લેશના ચોતરે ઉભો રહે છે. એ ક્લેશ કોઈ વખતે જીવ હૃદયમાં રાખે છે ને કોઇ વખત લજ્જા મૂકી લોક સાથે પણ કરે છે. પણ તેના મગજમાં ક્લેશનો ઉપડેલો ઝંઝાવાત એકદમ શાન્ત પડતો નથી. એટલે કે એ ક્લેશ જીવને ગમે તે તોફાનમાં નાંખી દે છે ને કોઈ મુંઝવણમાં ઉતારી નાંખે છે. **અભ્યાખ્યાન પાપ** તેરમું છે. મનુષ્યના મગજમાં ક્લેશ થાય છે, ત્યારે તે સહજે અસ્વસ્થ થાય છે, ને બીજાના દોષ ઉપર નજર નાંખે છે. બીજાના દોષ ન હોય તોપણ તેને ખરાબ રૂપમાં બહાર કેમ મૂકવો એ રસ્તો શોધતો હોય છે. કપડું સારું હોય તેને જોઇ કોઇને સારું લાગે છે, પણ જ્યારે તેમાં કાંઈ ડાઘ કે ધાબું પડે ત્યારે તેને જોનાં મનુષ્યો દૃષ્ટિ પાછી ખેંચી

પાપસ્થાનક છે. મનુષ્યો મૃષા ભાષા વાપરે છે, પણ સાથે એવી માયાનો ઉપયોગ કરે છે કે તે મૃષા છે તેમ ઇતર મનુષ્ય સમજી શકે નહિ. ઐતિહાસિક દાખલો જે મનુષ્યોને કર્ણે પહોંચ્યો છે તે કહીએ. એકે પૂછ્યું કે અશ્વત્થામા મરાયો એ વાત શું બરાબર છે કે? ત્યારે ઉત્તર આપનારે તેને કહ્યું કે અશ્વત્થામા મરાયો છે એ વાત સાચી છે. ત્યારે પેલાએ ફરી પૂછ્યું કે નર કે કુંજર? ત્યારે તેણે કહ્યું કે નરો વા કુંજરો વા, નર હોય કે હસ્તી હોય! આમ મનુષ્યો માયા સાથે મૃષા ભાષા વાપરે છે તે સત્તરમું પાપ છે. **મિથ્યા દર્શન શલ્ય** અર્થાત્ સત્યમાર્ગમાં અવિશ્વાસ એ શલ્યસમ અઢારમું પાપસ્થાનક છે. તત્ત્વાર્થદર્શકો આવા વિચાર સેવનારને પણ પાપી ગણે છે. જેનો આત્મા સંશયવ્યાકુળ છે, તે બન્ને બાજુએથી પોતાના વિનાશને નોતરે છે. જ્યાં ન્યાય છે, સદાચાર છે, ત્યાગ છે, કોઇ પણ જીવને અહિતરૂપ વિવેચન નથી, ને સંપૂર્ણ નિઃસ્વાર્થનાં ઝરણાંઓ વહેતાં હોય છે, તેમાં જ્યારે જીવ સંશય લાવે છે કે એમ હશે કે નહિ? હોય તો તેનો શું પૂરાવો? કોણે ત્યાં જઇને જોયું છે? કોઈ ખબર આપવા આવ્યો હોય તેમ કોઈને ખબર નથીઃ વિગેરે વિચારોથી યદ્વા તદ્વા મનુષ્યો બોલે છે, ત્યારે જ્ઞાની જનો કહે છે કે તે તેની વાણીનો ખોટો વ્યય કરે છે, ને પોતાના વિનાશને નોતરે છે. સ્વર્ગ કે નરક સ્થાનો દેખાતાં નથી એ વાત ખરી છે, પણ અહીં મનુષ્યક્ષેત્રમાં મનુષ્યોમાં પાપ ને પુણ્યનાં કારણો દેખાય છે એ તો સ્પષ્ટ છે. અથવા મનુષ્યો સુખદુઃખ ભોગવતા જણાય છે એ પણ સ્પષ્ટ છે. અહીં પાપી લોકો સુખી દેખાય છે ને ધર્મિષ્ઠ લોકો દુઃખી દેખાય છે, એમાં પૂર્વકૃત કર્મનો હિસ્સો છે એમ સમજાય છે. અહીં એક ખૂન કરનાર તુર્ત પકડાય છે ને અગણિત ખૂન કરનાર સમર્થ હોવાથી પ્રત્યક્ષમાં શિક્ષા પામતો નથી. પણ બીજા ભવે તે નથી શિક્ષા પામવાનો તેમ કેમ કહી શકાય? એમ હોય તો મનુષ્ય માત્રમાં કારણકાર્યનો જે વ્યવહાર

તેને મળે છે. તેનો સ્વર પણ બહુ ખરાબ હોય છે. એકેંદ્રિય દ્વીંદ્રિય ત્રીંદ્રિય ચતુરિંદ્રિયના ભવમાં તે જીવો ઉત્પન્ન થાય છે. જ્યાં જાય ત્યાં બીજા મનુષ્યથી દબાઈ જાય છે ને પાછો પડે છે. બહુજ નીચ ગોત્રમાં તેનો જન્મ થાય છે. જ્યાં જાય ત્યાં લાભ, દાન, ભોગ, ઉપભોગ ને વીર્ય મેળવવામાં તેની સામે વિઘ્નો આવે છે. તેને સુખ કે પુણ્ય ભોગવવા મળતું નથી. જ્યાં ત્યાં તે જીવ નિઃશ્વાસો મૂકે છે. પૂર્વ કર્મને લીધે સ્થળે સ્થળે પરિતાપ પામે છે. જીવની પાસે જે જ્ઞાન છે, તે જ્ઞાનને આવરણ કરતી અનેક પ્રકૃતિઓ તેના વિકાસની સામે આવે છે, એટલે જ્ઞાન થવા ન દે. અજ્ઞાનમાં રહ્યો રહ્યો જીવ મુંઝાય છે. એમજ આત્મીય દર્શન થવામાં નિદ્રા, નિદ્રાનિદ્રા, વિગેરે ઉંઘ રૂપ પ્રકૃતિઓ પડદા ખડા કરે છે. તે પાપને લીધે વારંવાર જીવ શરીરમાં રોગ, શોક, દુઃખ અનુભવતો હોય છે. આ ઉપરાંત જીવ ઘણો કષાય વિષય ને અજ્ઞાનની પ્રકૃતિઓને અસહ્ય રીતે સહન કરતો હોય છે. તેને શરીરબલ ને શરીરસૌંદર્ય ઘણા હલકા પ્રકારનું મળે છે. આમ પૂર્વકૃત કર્મને લીધે તેને પાપની પ્રકૃતિઓ ભોગવવી પડે છે. તે ભોગવવા ખુશી નથી, પણ કેવી રીતે છૂટી શકે? કર્મ કરતી વખતે જેવું બલ વાપર્યું હોય છે તેવા જ બલથી તે પ્રકૃતિઓ જીવ ઉપર હલ્લો કરતી આવે છે. દડાને જેટલા જોરથી મનુષ્યો પછાડે છે, તેટલા જ જોરથી તે દડો ઉંચો ઉછળે છે. તેમજ જીવોએ કરેલાં પાપો દડાની જેમ નિર્જીવ છતાં સામી ક્રિયા રૂપે જીવના અસંખ્યાત પ્રદેશ સાથે ચોંટે છે.

આસ્રવ તત્ત્વ વિચારણા

જૈનો કહે છે કે જીવ જે પાપ કરે છે તે પાપ, જીવ જાણે એક તલાવ હોય ને અંદર જેમ જલ આવે, તેમ અંદર આવે છે. આસ્રવ=આ-અંદર, સ્રવ-આવવુ. પાપનું અંદર આવવું તેને આસ્રવ કહે છે. જે કર્મ આવે છે તેનો આશ્રય જીવ છે, એટલે જીવના અસંખ્ય અવયવો પ્રદેશ રૂપે ગણાય છે. તે પ્રદેશો ઉપર કર્મો આશ્રિત

બંધ થાય છે. હિંસા ન કરવી, અસત્ય ન બોલવું વિગેરે વિગેરે ન કરવું એટલે અહિંસાનું પાલન કરવું, બોલવું પડે તો સત્ય બોલવું, અદીધું લેવું નહિ, વિષયપ્રવૃત્તિ કરવી નહિ, પરિગ્રહ-અર્થ વસ્તુ રાખવી નહિ, એમ જ જે જે માર્ગે જીવ અસંયમમાં જાય તે તે બધા માર્ગો બંધ થતાં સંયમ-સંવર થાય છે. સંસારથી જીવને અટકવું હોય ને શ્રમ લાગ્યો હોય તો સંયમમાં આવતાં જીવને સહજે શાન્તિ મળે છે. જીવ પોતાના સ્વભાવમાં શાન્ત છે, પણ આસ્રવ-કર્મના આવતા વહેણથી અશાન્ત ને દુઃખી થયો છે. સંવર થતાં જીવ પોતાના મૂલ સ્વભાવમાં આવી જાય છે. આ સંવર-સંયમમાં રહેતા જીવે પોતાના રીતિ રીવાજો અહિંસક વૃત્તિવાળા રાખવા જોઇએ. એ સંવરના મુખ્ય પાંચ ગુણ છે. તેમાં પહેલો ગુણ ચાલતી વખતે દૃષ્ટિમાં ઉપયોગ રાખવો જોઇએ. (૧). બોલવામાં શાન્ત, નિર્દોષ, હળવી ને સત્ય ભાષા વાપરવી જોઇએ. (૨). ભોજન લેવામાં પટ્કાયના જીવની હિંસા ન કરતાં, દાતાર સામે અવિવેક અને ગરીબાઈ નહિ બતાવતાં, સુઘડતા સાથે પ્રવૃત્તિ રાખવી જોઇએ. (૩). એમજ નાની મોટી વસ્તુઓ ને પોતાનાં ઉપકરણો પુસ્તકો પાત્ર વિગેરે લેવામાં મૂકવામાં દયાભાવ રાખવો જોઇએ કે રખે કોઈ જીવ તેમ કરતાં હણાય. (૪). વડી નીત (ઝાજરૂ), પ્રશ્રવણ (પેશાબ), નાક ને ગળામાંથી નિકલતી અશુચિ, એમજ શરીરની બીજી અશુચિ પરિઠવવામાં દયાનું લક્ષ રાખવું જોઇએ. (૫). એ પાંચ સમિતિથી સંવર ભાવ આવે છે. ઉપરાંત પ્રતિકૂલ અથડામણો (પરિષદો) જીવ સામે ખડા થાય તે વખતે સંવર ભાવ રાખવા માટે જીવે એ અથડામણો સહેવી જોઇએ, પણ તેમાં વિકાર ન થવા દેવો જોઇએ. એટલે અસંયમો ભંગાણ કરવા આવે, પણ સંવર (સંયમ) નો ઉપાસક ઉચ્ચ કક્ષાગત જીવ એ ભંગાણમાં ન પડતાં આગળ પસાર થાય છે. આવા પરિષદો સહે તે મુનિ પોતાની ઉપર મૂકાયેલા ધર્મોને સાચવી લે છે, તે ધર્મો આ—

જેમ ઘણી ધૂળ ભરાય છે, તેમ આ જીવ મકાનમાંનાં બારી બારણાં સમ ચાલુ પાપના માર્ગરૂપ બારીઓ ને બારણાં બંધ કરવાં જોઇએ, ને પછી અંદર રહેલી ઘણા વખતની ધૂળને કાઢવા કોઇ જાડી સાવરણીથી પહેલાં જાડો કચરો કહાડવો જોઇએ, ને પછી ઝીણી સાવરણીથી સાફ કરવા ફરી ફરી વાળવું જોઇએ, અને તોજ તે મકાન સાફ થઇ શકે છે. સંવર તત્ત્વથી, બારી બારણાંથી આવતી અપાર ધૂળને-આવતાં કર્મને જેમ રોકી શકાય છે, ને નિર્જરાતત્ત્વથી અંદર ભેગી થયેલી ધૂળને સાવરણીથી કહાડી નંખાય છે, તેમ આત્માની અંદર ભેગા થયેલા કર્મને દૂર કહાડી શકાય છે. એટલે સંવર ને નિર્જરા બે પદાર્થો કર્મને રોકવા ને કહાડવા માટેનાં જબરદસ્ત હથિયારો (સાધનો) છે. જીવ ઉપર ઉપરાઉપરી અનેક કર્મોના થરો ચડી ગયેલા છે, તે કહાડવા જ્ઞાનીજનો કહે છે કે અપાર ઉદ્યોગની આવશ્યકતા છે. એ ઉદ્યોગ કરવાને બીજી કોઇ ચીજની જરૂર નથી, પણ મહાન્ તપની જરૂર છે. જૈન દર્શન કહે છે કે અગણિત ભવથી સંચિત થયેલાં પાપો સખ્ત તપસાધના સિવાય કોઇ પણ રીતે ખસી જતાં નથી. બુદ્ધદેવે આવી સખ્ત તપસ્યાઓ કરી હશે, પણ છેવટે એથી શાન્તિ ન મળવાથી તેમણે તેવી તપસ્યા કરવાની ના કહી દીધી, ને કહી દીધું કે તેનો કાંઇ અર્થ જ નથી. બ્રાહ્મણ સાહિત્યે કેટલેક અંશે એમાંથી અમુક બાબત સ્વીકારી હોય, પણ ઘણી જગ્યાએ તેમ કરવા ઇન્કાર કરી દીધો છે. ત્યારે મહાવીર દર્શને તેમ કર્યું નથી, એટલે બીજાઓની જેમ લોચા વાળ્યા નથી. શ્રીમન્ મહાવીરે પોતે પોતાના જીવનમાં સખ્ત કર્મ ન છૂટવાથી એવો સખ્ત તપનો પ્રયોગ અજમાવ્યો હતો, ને તે પણ કર્મનાં દલો તોડવા માટે, નહિ કે લોકોમાં જશ મેળવવા માટે કે પોતાના જીવનના કાર્યક્રમો જણાવવા માટે.

વસ્તુ એ છે કે રેકર્ડમાં સંગીતના તત્ત્વો જેમ ઉતરી જાય છે, તેમ આત્મ (જીવ) ના અવયવ (પ્રદેશ)માં કર્મના થરો ઉપર

ઉપરી જામી ગયા છે, ને એને કઢાડવા માટે તપસ્યાની અગત્ય મહાવીર દર્શન જોએ છે. તપસ્યા ન થાય તો કર્મ-નિર્જરા થતી નથી. કોઇ પણ સૂક્ષ્મ એવો સવાલ પૂછે કે સુખે સુખે અમે તો કર્મને કઢાડીને મોક્ષે પહોંચીશું, પણ અમે એવું વ્યર્થ દુઃખ સહન કરીશું નહિ. આ અવાજ તેના દિલમાંથી ભલે નિકળતો હોય ને તેમ કરવાથી તેનો આત્મા સતાપાતો હોય, પણ વસ્તુ એ છે કે સામાન્ય જનોના કથન પ્રમાણે જો વસ્તુ ખરી હોય તો સમર્થ ને સર્વજ્ઞ એવા મહાવીરે નાહક પોતાના જીવનમાં સખત તપનો અખતરો કર્યો, ને લોકોને તપસ્યા કરવાની રચના કરી? [illegible] એ છે કે લોકોને કદાચ [illegible] ની અભિલાષા હોય તો તે [illegible] ને સમતાથી કર્મ [illegible] તેમાં એ કર્મ [illegible]

બીએ છે; ભૂખને સહન કરવી એ કપરૂં કાર્ય છે. ઉપવાસ કરવાને વખતે ઘણાઓ થરથર કંપે છે, એટલે તલવારની જેમ એ તપ તીક્ષ્ણ છે. ઉનોદરિકા એટલે ખાતાં ખાતાં પૂરેપૂરૂં પેટ ન ભરવું, અર્ધ ભોજન લેવું, તેથી એ ઓછું લેવું; એમ છેવટે એક કોળીયા જેટલું ઓછું ખાવું તેને ઉનોદરિકા કહી શકાય છે. ત્રીજા તપમાં વૃત્તિસંક્ષેપ તપ આવે છે, એટલે જેટલાં દ્રવ્યો (ચીજો) ખાવામાં આવતાં હોય તેમાંથી ઓછાં કરી દેવાં, એ પણ તપ છે. મનને તેટલા દ્રવ્યમાંથી પાછું ખેંચી લેવું ને થોડામાં થોડા દ્રવ્યથી ચલાવી લેવું તે વૃત્તિસંક્ષેપ. રસપરિત્યાગ તે દૂધ, દહીં, ઘી, સાકર, ગોળ, વિગેરે સ્વાદિષ્ટ મધુર પદાર્થોમાંથી મન પાછું વાળી લેવું તે. કાયક્લેશ એ પાંચમું તપ છે. શરીરને કષ્ટ થાય તેમ આસન વાળી સ્થિર રહેવું અથવા એક આસને સ્થિર ઉભું રહેવું વિગેરેથી શરીર જેમ કષ્ટ પામે તેમ કરવું તે તપ છે. પ્રતિસંલીનતા એટલે જેમ બને તેમ ઇન્દ્રિયોને ગોપવવી, કષાયોને ને યોગોને (મન વાણી ને શરીરને) ગોપવવાં. આમ કરવું તે તપ છે. આ તપ છ બાહ્ય તપ છે, એટલે કોઇ પણ નજરે જોઇ શકે છે.

આંતર તપ

બીજા છ તપ આ છેઃ પ્રાયશ્ચિત્ત (૧), વિનય (૨), વૈયાવૃત્ય (૩), સ્વાધ્યાય (૪), ધ્યાન (૫) ને કાયોત્સર્ગ (૬), આ તપ આંતર હૃદય સાથે ઉંડા વૈરાગ્યથી ને વિચારથી આવે છે. ઉંડાં આથાં ને ચીકણાં કર્મને તોડનાર ઉપરના છ કરતાં આ તપ જોરદાર છે. એક સાચી અગ્નિની ચીણગારી મૂકવાથી કાષ્ટની વખારો ગમે તેટલી હોય તોપણ સાફ થઈ જાય છે. આ તપનો અર્થ નીચે પ્રમાણે છે.

પ્રાયશ્ચિત્ત એટલે લાગેલાં પાપોને ટાળવા અધિકારીએ (વડાએ) આપેલ શિક્ષાને વિચારપૂર્વક વહન કરવી તે. તે જ્યારે તપવિશેષ કે ક્રિયાવિશેષ હોય ત્યારે તેને વિધિ સાથે કરી લેવું ને પ્રાયશ્ચિત્ત છે. ગુરુ

બંધ તત્ત્વ વિચારણા

બન્ધ એ શી વસ્તુ છે એવી મનુષ્યને જિજ્ઞાસા થાય તો ઉત્તર એ છે કે દોરીને બીજી દોરીથી ભેગી કરી બાંધીએ તો તે બંધ કહેવાય છે, તેમ એક સાંકલને બીજી સાંકલમાં પરોવીએ તોપણ બંધ થાય છે. એમ એક પુદ્‌ગલ બીજાં પુદ્‌ગલ સાથે પોતાની પ્રકૃતિથી એકઠાં થાય છે, વા મનુષ્યો તેમ કરે છે, તો તે બંધ થયો કહેવાય છે. એ પ્રમાણે શાસ્ત્રકારના કથન પ્રમાણે જીવ સાથે કર્મ પુદ્‌ગલનું જે ભેગું થવું તે બંધ છે. કર્મનાં રજકણો પોતાની મેળે જીવને વળગતાં નથી, તે પોતે પોતાના સ્વભાવમાં જડ છે; એ પુદ્‌ગલોમાં જીવન નથી, પ્રેરણા નથી, ઈચ્છા નથી, પણ જીવ પોતેજ પોતાની કલ્પના, વૃત્તિ-પ્રવૃત્તિ વિગેરે ચેષ્ટાથી એ કર્મ રજકણોને ખેંચે છે. વિશ્વમાં દેખાય છે કે ચુંબક પોતે સબલ હોવાથી સોયને પોતા ભણી ખેંચે છે; સોયને જવાની ઈચ્છા કે શક્તિ થોડી પણ નથી, પરન્તુ ચુંબક પોતે બલવાન હોવાથી સોય તેના ભણી ધસી જાય છે. ચુંબક ને સોય (લોહ) એ બન્ને તો નિર્જીવ છે ને પુદ્‌ગલ છે, પણ ધારો કે પૃથ્વી પર કોઇ વસ્તુ પડી છે, તે વસ્તુ પોતાની મેળે મનુષ્યના હાથમાં જતી નથી, પણ એ મનુષ્ય જ્યારે પોતાનો હાથ વસ્તુ ઉપર નાંખે છે ત્યારે એ વસ્તુ તેના હાથમાં જાય છે; એટલે વસ્તુ પોતાની મેળે મનુષ્યના હાથમાં જતી નથી, પણ જ્યારે મનુષ્ય પોતે તેને પકડવા પ્રયત્ન કરે છે, ત્યારે તે ચીજ તેના કબજામાં આવે છે; તેમ કર્મનાં રજકણો પોતે જડ હોવાથી જીવની પાસે જતાં નથી, પણ જીવ જ્યારે પ્રવૃત્તિવશ થાય છે, ત્યારે તે રજકણો તે પ્રવૃત્તિને લીધે ચોંટે છે. એટલે એ રજકણો–પુદ્‌ગલોનો જીવના પ્રદેશ સાથે બંધ પડે છે. જેમ શરીર ખેંચેલા આહારને શરીરપણે પરિણમાવે છે, તેમ વાસનાકર્મથી ખેંચેલાં પુદ્‌ગલોને કર્મપણે જીવ પરિણમાવે છે. જીવ વાસનાવાળો હોવાથી હમેશાં નવનવીન વાસના ઉત્પન્ન કરે છે, ને પછી તે વાસનાથી ઉત્પન્ન કરેલાં કર્મ

જથ્થામાં હોય કે મોટા જથ્થામાં હોય તે કર્મપ્રદેશ બંધ છે. પ્રકૃતિ એટલે મૂળ સ્વભાવવાળી એક ચીજ જે કર્મનો જથ્થો છે તે. એ ચીજ કયાંસુધી રહે? એટલે જ્યાંસુધી રહે ત્યાંસુધી તેની સ્થિતિ (કાળ) એ ચીજ સારી કે ખોટી અસર કરે, પણ સખ્તપણે કરે કે ધીમી રીતે કરે તે તો તે ચીજ જે માપમાં હોય તે. આમ ચાર રીતે કર્મપ્રકૃતિ જીવ સાથે એકમેક દૂધમાં જલની જેમ રહી વર્તે છે.

આમ જ્યાંસુધી જીવ કર્મના સંબંધમાં રહ્યો છે, ત્યાંસુધી જીવ કર્મથી છૂટવાની વૃત્તિને મેળવી શકતો નથી; પણ જ્યારે બંધનો સંબંધ તદ્દન છૂટી જાય છે, ત્યારે એ મોક્ષસ્વરૂપમાં બરાબર આવે છે.

મોક્ષ તત્ત્વ વિચારણા

જૈન દર્શન કહે છે કે દ્રવ્યથી–વસ્તુથી એક જીવ છે, પણ તેના અવયવો–પ્રદેશો અસંખ્યાત છે. એ દરેક પ્રદેશમાં કર્મના અગણિત થરો ઉપરાઉપરી જમાવટ કરી રહ્યા હોય છે. અબરખના પડમાંથી જેમ બીજા અગણિત થર નિકળે છે, તેમ કર્મનાં પડો જીવ ઉપર અગણિત રહ્યાં હોય છે. અબરખ વસ્તુ સ્થૂલ છે, ત્યારે આ કર્મના અવયવો એટલા બધા ઝીણા છે કે પ્રયત્ન કરતાં પણ દષ્ટિગોચર થતા નથી. એ પ્રદેશોમાંથી કર્મથરો જ્યારે તદ્દન ખસી જાય છે, ત્યારે એ પ્રદેશમય જીવ–આત્મા તદ્દન હળવો થાય છે, અથવા બંધ-નથી તદ્દન છૂટો થાય છે. આમ કર્મરહિત થાય છે, ત્યારે તે મુક્તાત્મા કહેવાય છે. જૈન દર્શનના હિસાબે મુક્તાત્માઓ અનંત છે. નૈયાયિક દર્શન પ્રમાણે ને જૈમિનિ દર્શન પ્રમાણે જો એક જ ઇશ્વર હોય ને એક જ મુક્તાત્મા હોય ને બીજાઓને તેની કક્ષામાં જવાનો હક ન હોય, તો પછી આ વિશ્વમાં જે લોકો ત્યાગ ને સદાચારનું પાલન કરે છે તેનો કાઇ અર્થ જ રહેતો નથી. જૈન દર્શન કહે છે કે જેઓ તદ્દન કર્મકલંકથી રહિત થાય છે તેઓ અવશ્ય મુક્તાત્મા થાય છે. અગણિત અગણિત મુક્તાત્માઓ એકત્ર થાય તોપણ કોઈ નીને અવકાશ થતી નથી. પુદ્ગલનો વિસ્તાર થાય તો સંકડાશ થાય

છે, પણ મુકતાત્માઓમાં પુદ્ગલનો અંશ નથી, તેથી જ થોડી પણ અશાંતિ નથી. દીપની પ્રભામાં બીજા અનેક દીપની પ્રભાઓ જે સમાય છે, તેમ મુકતાત્માઓ એક બીજામાં સમાઇ ગયા છે. દીપ પ્રભા તો પુદ્ગલ છે, તથાપિ એકબીજામાં સમાય છે; અહીં તો પુદ્ગલનો અંશ નથી, એટલે પરસ્પર અનંત અનંત મુકતાત્માઓ પોતાના સાહજિક શુદ્ધ સ્વરૂપમાં જ્ઞાન દર્શન સાથે આનંદમાં રહ્યા છે.

અહીં તિર્યગ્લોકમાં જેટલું મનુષ્ય ક્ષેત્ર છે, તેટલા વિસ્તારમાં ઉપર–છેક લોકાગ્ર ઉપર–મુકતાત્માઓ રહ્યા છે. અહીં જે જગ્યાએથી શરીરરહિત મુકતાત્મા થાય છે, તેની સીધી શ્રેણિએ ઉંચે આકાશમાં તે મુકતાત્મા ચાલ્યો જાય છે. છેક લોકાગ્રની ઉંચી સપાટીએ આવી જાય છે ને ત્યાંજ અટકીને રહે છે, કારણકે ત્યાંસુધી જ ધર્માસ્તિકાય દ્રવ્ય છે. જ્યાંસુધી ધર્માસ્તિકાય હોય ત્યાંસુધી જ જીવો આવજા કરી શકે છે. મનુષ્ય ક્ષેત્ર અઢી દ્વીપ છે, તેમાંજ મનુષ્ય [illegible] ગમે તે જગ્યાએ રહી તેવો ત્યાગભાવ લેઇ શકે છે અઢી દ્વીપ [illegible] મનુષ્યો નથી. એટલે ત્યાંથી તેમનાથી મોક્ષમાં જવાતું નથી [illegible] ક્ષેત્ર જેટલા યોજનમાં વિસ્તીર્ણ છે, તેટલા યોજન વિસ્તારમાં [illegible] ત્માઓને રહેવાનું સ્થાન છે મતલબ એ [illegible] કે એ અઢી દ્વીપ [illegible] લાખ [illegible] યોજનમાં છે, તેટલી જ [illegible] ઉપર [illegible] મુકતાત્માઓ રહ્યા છે.

મોક્ષ કોણ કોણ પામી શકે ?

[illegible]

તીર્ણું તો થાય છે. તેમ પુરૂષના હિસાબે સ્ત્રીઓ મોક્ષે ઓછી જાય , પણ જાય છે ખરી. તેમજ નપુંસક તેના હિસાબે ઓછા જાય છે ણ જાય છે ખરા. જૈન વેશમાં (ચોલપટ, ચાદર, મુખવસ્ત્રિકા, જોહરણ, પાત્ર, ઝોળી રાખતાં) મોક્ષે જાય છે, તેમ અન્ય વેશ લિંગ)માં મોક્ષે જાય છે. જૈન દર્શનનો એવો આગ્રહ નથી કે માત્ર સ્વયંલિંગ-અમારા વેશમાંજ મોક્ષ થાય છે; પણ તફાવત એ છે કે અન્ય વેશમાં એટલી સામગ્રીની અનુકૂળતા ન હોવાથી ઓછા થાય છે, ત્યારે જૈન વેશમાં સામગ્રીની ઘણી અનુકૂળતા હોવાથી મોક્ષ જલદી થાય છે. જૈન વેશ (સ્વયંલિંગ)માં એક સો આઠ મોક્ષે જાય છે, ત્યારે બાવા યોગી સંન્યાસીમાં તેટલા વખતમાં દશ મોક્ષે જાય છે, ને ગૃહસ્થ વેશમાં માત્ર ચાર મોક્ષે જાય છે. મોક્ષે જવામાં વેશ કે સ્ત્રી નપુંસકનું ચિહ્ન (અવયવ) રોકતાં નથી, પણ જીવને રોકે છે માત્ર કષાય ને મોહોદય. જો એ ન હોય તો ગમે તે વેશમાં જીવ ખુશીથી મોક્ષમાં જઇ શકે છે. સ્વયંબુદ્ધ તે પોતાની મેળે આત્મજ્ઞાન પામી મોક્ષે જાય છે. તેને જ્ઞાન થવામાં કોઈની મદદ હોતી નથી, પોતાના આત્મીય વિકાસથી તેઓ મોક્ષે જાય છે. પ્રત્યેક બુદ્ધ તે કોઇ વસ્તુને જોઇ કોઇની સૂચના થયા વિના (બોધ વિના) મોક્ષે જાય છે. બુદ્ધબોધક તે ઉપદેષ્ટા-ગુરૂના બોધથી જાય છે. તીર્થંકરોએ સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકાનાં મંડળો સ્થાપ્યા પછી તેનાંના કેટલાક જીવો ક્રમેક્રમે મોક્ષ મેળવે છે. કેટલાક જીવો તેમ થયા વિના (તેમાં દાખલ થયા વિના) પોતાની આત્મજાગૃતિ થતાં મોક્ષે જાય છે. મોક્ષમાં કોઇ કોઇ વખતે એક જાય છે, કોઇ કોઈ વખતે એકી સાથે અનેક પણ જાય છે. આમ મોક્ષમા જવામાં સયોગવશાત્ પંદર કારણો જણાયાં છે, પણ મૂલ સ્વરૂપમા કારણ માત્ર એકજ છે કે જીવ સઘળા કષાય અજ્ઞાન ને વિષયાંકુરરહિત થઈ જતાં મોક્ષમાં ચાલ્યો જાય છે, પછી ભલે તે ગમે તે જગ્યામાં હોય, ગમે તે વેશમાં હોય, ગમે તે શરીરમાં હોય. શરીર, વેશ કે ભૂમિ, જીવને નિર્વાણના

મળતાં મોક્ષે જવામાં વિઘ્ન કરી શકતાં નથી. નિર્દોષના મેળવા[illegible] શરીર વેશ ને ભૂમિ સંયોગવશાત્ અમુક અંશે પ્રત્યક્ષરૂપ [illegible] એમાં શંકા નથી, પણ ધારો કે પૂર્ણતા મેળવતાં એ વિઘ્નો વિઘ્ન[illegible] થઇ શકયાં નહિ, તો પછી મોક્ષમાં જતાં એ અડચણ કેમ કરી શકે!

મોક્ષે જવામાં યોગ્યતા

કેટલાકો એમ માની બેસે કે બધા જીવો મોક્ષમાં જાય છે તેમ છે, પણ જૈન દર્શન કહે છે કે તેમ નથી. મોક્ષમાં જવાની યોગ્યતા તેનામાં હોવી જોઇએ. જો યોગ્યતા ન હોય તો મોક્ષમાં જવાતું નહિ. એ યોગ્યતા નીચે જણાવે છે.

પ્રથમ તે મનુષ્ય શરીરમાં હોવો જોઇએ. મનુષ્ય શરીર વિના [illegible] ઉચો યોગ ને તપ થતાં નથી. (૧). તેનુ શરીર વજ્રઋષભ નારાચ સં[illegible] નન હોવુ જોઇએ. બીજા સંહનનમાં તેવું અગાધ ને અમેય [illegible] હોતું નથી, અર્થાત્ એ સંહનનમાં ઘણું જ બલ હોય છે. એના [illegible] સિવાય મનુષ્ય એવું કષ્ટ સહન કરી શકતો નથી. (૨). તેનુ[illegible] અપ્રમાદ દશા [illegible] જોઇએ, એટલે એક પણ ઇન્દ્રિયની [illegible] [illegible] ન જોઇએ. (૩). તેનામાં વેદ (મોહ) [illegible] [illegible] જોઇએ નહિ. (૪). ક્રોધ, માન, [illegible] [illegible] ઉચ્છેદ થવાં જોઇએ (૫). આવાં [illegible] [illegible] ના ગૌણ કારણો તેને મળી આવે છે. [illegible] દશા, યથાખ્યાત ચારિત્ર, [illegible] [illegible] તીર્થ, એ બધાં [illegible] [illegible] કેવલ દર્શન પ્રાપ્ત થાય છે [illegible] [illegible]

[illegible]

પ્રકરણ બીજું

જ્ઞાનવિભાગ બીજો : કર્મપ્રકૃતિનું સ્વરૂપ

જૈન દર્શન કહે છે કે જીવને જ્ઞાન હોય તો કર્મપ્રકૃતિનું સ્વરૂપ કેવું છે તે તેનાથી સમજી શકાય, એટલે હવે બીજા વિભાગમાં કર્મ-સ્વરૂપનો વિચાર કર્યો છે.

જીવ ને જડ એ બે પદાર્થોની જેવી જૈન દર્શનકારે વહેંચણી કરી છે, તેવી વહેંચણી અન્ય દર્શનકારોએ કરી નથી. જીવ જગતમાં છે, છતાં કેવી કેવી ગતિમાં ને કેટકેટલી ઇન્દ્રિયોમાં છે તે વાત જૈન દર્શનકારે બહુ સ્પષ્ટ કરી છે. અન્ય દર્શનીઓ એ વાતને સામાન્ય દૃષ્ટિએ સમજાવે છે. જૈન દર્શન કહે છે કે પાંચ ઇન્દ્રિયોમાં સર્વ જીવોનો સમાવેશ થાય છે. એકેન્દ્રિયમાં પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ ને વનસ્પતિને કહે છે. બેઇન્દ્રિયમાં જલમાં રહેતા કેટલાક જીવો જેવા કે પોરા, શંખ, કોડા, છીપ, સ્થલમાં રહેતાં અલસીયાં, શરીરનાં કૃમિ વિગેરેને કહે છે. એમ ત્રીંદ્રિયમાં, ચતુરિંદ્રિયમાં ને પંચેંદ્રિયમાં ભિન્ન ભિન્ન ભાગમાં જીવો કહ્યા છે, તેમ ઇતર દર્શનો કહેતાં નથી, એટલે જાતિવાર સ્પષ્ટ કરતાં નથી. જેમ જીવની અસ્પષ્ટ વ્યાખ્યા કરી છે, તેમજ કર્મ વિષે પણ તેઓ બહુ વ્યાખ્યા આગળ વધારતા નથી. જૈન દર્શન એ વિષે બહુ ઝીણવટ ને વિચાર સાથે વિચાર-કોનું લક્ષ દોરે છે.

આ વિષની વ્યવસ્થાનો સઘળો ભાર ઇશ્વર ઉપર ઘણા લોકો મૂકે છે, ત્યારે જૈન દર્શન જીવ ઉપર એ બધો ભાર મૂકે છે. ઘણી વખત લોકો જીવનાં કર્મ ઉપર ભાર આપે છે, પણ જીવ કર્મ ક્યારે ને શા શા હેતુથી કરે છે એ વાત કરી શકતા નથી, ત્યારે જૈન દર્શન એ હકીકત સમજાવવા પૂરતો પ્રયત્ન કરે છે. જૈનો કહે છે કે જીવ પોતાની ઘણા (અનંત) કાલની ટેવ પડી ગઈ છે, તેને સુધારી

શકતો નથી, તેનું પરિણામ તેને ભોગવવું પડે છે. ઇશ્વરે જો જીવની આવી સ્થિતિ કરી હોય તો અવશ્ય ઇશ્વરે જીવને સુખી કરવા માટે પ્રયત્ન કરવો જોઇતો હતો, પણ મનુષ્યો ઘણી વખત કબૂલ કરે છે કે ભાઇ! ઇશ્વર શું કરે? આપણે જ એવાં કર્મ કરીએ છીએ ને પછી ઇશ્વરને દોષ આપીએ, તો ઈશ્વર ક્યાંથી આવે ને શું કરે! વસ્તુ એ છે કે જીવ પોતેજ અગણિત કર્મની જાળ વધારી પોતાના સુખ ને શાન્તિવાળા જીવનને ઘુંચવી રહ્યો છે. જો એ જીવો પેરે ક્યાં ને કેવી રીતે એ કર્મો કરે છે તે સમજે તો અવશ્ય એ કર્મ કરતાં અટકે. એટલે આ જગ્યાએ એ કર્મપ્રકૃતિના સ્વરૂપને સમજવા યત્ન કરવામાં આવે છે.

આઠ કર્મનું સામાન્ય સ્વરૂપ

ઔધિક દષ્ટિએ કર્મ એક જાતરૂપ છે, ને તે જીવના ઉપર, પશુ ઉપર લાધેલા બોજાની જેમ, બોજારૂપ પડ્યો છે. એ કર્મ જાતરૂપે એક છતાં તેનો જુદો જુદો સ્વભાવ જોવાથી તેને આઠ પ્રકારમાં વહેંચી નાંખ્યાં છે. તે આઠ પ્રકારને આઠ કર્મપ્રકૃતિ કહે છે. (૧) જ્ઞાનાવરણીય, (૨) દર્શનાવરણીય, (૩) વેદનીય, (૪) મોહનીય, (૫) આયુષ્ય, (૬) નામ, (૭) ગોત્ર ને (૮) અંતરાય. કહે છે કે જીવ જ્ઞાનમય છે પણ તે જ્ઞાનસ્વભાવને પુદ્ગલો [illegible] [illegible] છે જે પુદ્ગલોએ [illegible] [illegible] આવરણીય કર્મપ્રકૃતિ કહે છે (૧). [illegible] [illegible] છે, પણ તે જીવને જે [illegible] [illegible] કહેવાય છે. (૨) [illegible]

[illegible]

જીવ સહજે નિર્બંધ ને સ્વતંત્ર હતો એટલે જેમ કોઇ મનુષ્ય નિરંકુશપણે વર્તે તેમ જીવ હતો, પણ તેને જે પુદ્‌ગલોએ મનુષ્ય, પશુ, પક્ષી, નારક ને દેવના આયુષ્યમાં બાંધી લીધો તે આયુષ્ય કર્મ છે. (૫). જીવ, અંગોપાંગ, સંહનન, સંસ્થાન, વર્ણ, ગંધ વિગેરેથી રહિત હતો, પણ તેને જે જાતિનાં પુદ્‌ગલોએ એ સંહનન સંસ્થાન વર્ણ વિગેરેમાં જકડી લીધો, તે પુદ્‌ગલો નામ કર્મ તરીકે પ્રસિદ્ધ થયાં છે. (૬). જીવ ઉચ્ચ કે નીચ એવી કોઇ સ્થિતિમાં ન હતો, પણ જે પુદ્‌ગલોએ તેવી સ્થિતિમાં જકડયો તે પુદ્‌ગલો ગોત્ર કર્મ છે. (૭). એમજ જીવ સર્વશક્તિમાન્ ને સ્વતંત્ર હતો, પણ જે પુદ્‌ગલોએ જીવની સર્વ શક્તિ રોકી રાખી તે પુદ્‌ગલોને અંતરાય કહે છે. (૮).

જ્ઞાનાવરણીય કર્મ

જીવ શુદ્ધ ચેતનમય છે, ને એ દ્રવ્ય રૂપે છે. જ્ઞાન તેનો ગુણ છે. જ્ઞાન ને ચેતન એકમેક રહ્યાં છે. ગુણ ને ગુણી જેમ જુદાં પડી શકે નહિ તેમ ચેતન ને જ્ઞાન એ જુદાં થઇ શકતાં નથી. દીપમાં પ્રકાશ તેનો ગુણ છે તેમ ચેતનમાં જ્ઞાન તેનો ગુણ છે. દીપને ઓળખાવનાર બીજી કોઇ ચીજની જરૂર નથી પણ તેના પ્રકાશથી દીપ ઓળખાય છે, તેમ જીવને ઓળખાવનાર કોઇ બીજી ચીજ નથી, પણ તેનામાં જે જ્ઞાન છે તે જીવને ઓળખાવે છે. એ જ્ઞાન જીવમાં હોવાથી જીવ જડ થઇ શકતો નથી. ધારો કે એ જ્ઞાન જીવમાંથી ચાલ્યું જાય તો જીવ જડ થાય કે નહિ? એમ થાય તો એમ બને, પણ એમ કોઇ વખત બનતું નથી એમ બને તો અગ્નિમાં ઠંડી કેમ ન આવે? ચંદ્રમામાં ગરમી કેમ ન થાય? એવા પ્રશ્નો સહજે એક પછી એક કોઇ પણ કરી શકે છે. વસ્તુ એ છે કે જેમ તે બની શકતું નથી તેમ જીવમાંથી જ્ઞાન ગુણ જતો નથી ને જડ થતો નથી. ત્રણે કાળે જીવમાં જ્ઞાન રહ્યું છે. છતાં જો જ્ઞાન જીવમાં જણાતું ન હોય તો એ ગુણ જ્ઞાનાવરણીય કર્મનો છે. જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનનું આવરણ કરનાર છે. સામાન્યમાં સામાન્ય જ્ઞાન ને વિશેષમાં વિશેષ

જ્ઞાન એ જ્ઞાનાવરણીય કર્મથી જીવોમાં આચ્છાદિત દેખાય છે. ઘડામાં મુકાયેલા દીપનો પ્રકાશ બહાર જવા ન આપતો હોય તો એ ઘડ છે. એ ઘટ બંધ હોવાથી દીપ બહાર પ્રકાશ આપતો નથી એ વાત બરાબર છે, પણ તેથી દીપ નથી એવો અર્થ થતો નથી. એ ઘડાને દીપની જેવી સ્થિતિ છે, તેવી જીવના જ્ઞાન ને જ્ઞાનાવરણીય કર્મની સ્થિતિ છે. એ ઘટ જો ફૂટી જાય તો દીપ બહાર ને સર્વત્ર પ્રકાશ આપી શકે છે. જ્ઞાનાવરણીયનાં પુદ્‌ગલો જો જીવના જ્ઞાન પરથી ખસી જાય તો જીવમાં રહેલ એ જ્ઞાન જીવ ને બીજા બધા પદાર્થને જાણી શકે છે; પણ એ જીવ ઉપર પડદો નાંખ્યો છે, તેથી જીવ જ્ઞાની છતાં અજ્ઞાન દશામાં-મૂઢ દશામાં ફાંફાં મારે છે, પુનઃ પુનઃ ભૂલ કરે છે.

જ્ઞાનની સમજણ

હવે એ જ્ઞાનાવરણીય કર્મના પુદ્‌ગલો જીવના જ્ઞાન [illegible] કેવી રીતે રોકી રહ્યાં છે તે વિચારીએ. જૈન દર્શન કહે છે કે [illegible] તત્ત્વ એક છતાં તે થોડા અંશે કે ઘણા અંશે ને એમ [illegible] અંશે રોકાય છે તેથી તે જ્ઞાનના અંશ પ્રમાણે ભેદ પાડ્યા છે [illegible] જેમ જ્ઞાનના ભેદ છે તેમ તેને આવરણ કરનાર પ્રકૃતિના પણ [illegible] છે. જ્ઞાનના બે ભેદ છે: પ્રત્યક્ષ જ્ઞાન ને પરોક્ષ જ્ઞાન. પ્રત્યક્ષ [illegible]

પરોક્ષ જ્ઞાનની વ્યાખ્યા

પરોક્ષ જ્ઞાનના બે ભેદ છેઃ એક મતિજ્ઞાન છે ને બીજું શ્રુત જ્ઞાન છે. મતિ–બુદ્ધિથી સમજાય છે, તે મતિજ્ઞાન છે. એ મતિ એકલી રહીને કાર્ય કરે છે, તોપણ તેને મદદગાર ન હોય તો તે કરી શકતી નથી પાંચ ઇન્દ્રિય ને એક છઠ્ઠું મન તે મતિને સમજણ લેવામાં સહાયતા આપે છે. જેમ ચક્ષુ આગળ કોઇ પણ વસ્તુ આવી તે વખતે જીવ મતિદ્વારા એ વસ્તુને વિચારે, આંખ કાળી રાતી શ્વેત વસ્તુ છે એમ કહે, પણ મતિથી નિર્ણય કરે કે કાળી છે પણ સારી છે, વા કાળી છે પણ સારી નથી. જેમ દૂધ આંખ આગળ આવ્યું; હવે એ દૂધ કોનું છે, ભેંસનું છે કે ગાયનું છે કે વનસ્પતિનું છે, એ ખ્યાલ બુદ્ધિ કરે છે કે આંખ કરે છે? એ જગ્યાએ સમજવું કે જેટલું કાર્ય આંખથી થાય છે તેટલુંજ આંખ કરે છે, ને તે ઉપરાંત જે કાર્ય મતિનું છે તેટલું કાર્ય મતિ કરે છે. એટલે મતિ ઇન્દ્રિયો દ્વારા બરાબર વસ્તુને સમજીને નિર્ણય કરે છે તે જ્ઞાન કહેવાય છે. એ જ્ઞાન મતિજ્ઞાન છે. એમજ કાનથી શબ્દ સાંભળી હૃદયમાં સ્થિર કરી નિર્ણય કરે કે આ શબ્દ પશુનો છે વા મનુષ્યનો છે; તેમાંય સ્ત્રીનો છે વા પુરુષનો છે; વળી પોતાના બાલકનો છે કે પરનો છે એમ નક્કી કરે, તે શબ્દનું મતિજ્ઞાન છે. એમ કાનથી શબ્દ, ચક્ષુથી રૂપ, નાસિકાથી ગંધ, જીભથી રસ ને ત્વચાથી સ્પર્શનું ભાન થાય છે. ઇન્દ્રિય ને અર્થ (પદાર્થ) એ બે ભેગાં થતાં જો તેમાં તે વખતે મતિ ન હોય તો તે વસ્તુ શું છે તે સમજાતું નથી. એટલે એ બે ભેગાં થતા તેના ઉપર બુદ્ધિ જે વિચાર ચલાવે છે તે મતિજ્ઞાન છે. જીવ માત્રમાં મતિજ્ઞાન છે, પણ તેને જે પુદ્‌ગલો–રજકણો રોકે છે, તે મતિજ્ઞાન–આવરણ છે. એ મતિજ્ઞાનના આવરણથી મનુષ્ય વિચાર કરવાની કે સમજવાની શક્તિને ગુમાવી બેસે છે. ધારો કે મનુષ્ય પાસે ઇન્દ્રિયથી ગ્રહાય તેવો શબ્દ આવ્યો, પણ સમજી ન શકે કે તે શબ્દ કોનો છે, પણ તે જગ્યાએ

બીજો કોઇ મનુષ્ય તુર્ત કહી નાંખે કે આ શબ્દ શીનો છે; [illegible] જે સમજી શકે છે તેનું મતિજ્ઞાન તેટલું નિર્મલ છે, ને જે [illegible] શકતો નથી તેની મતિ એટલી મેલી છે. એ મતિજ્ઞાન જેને [illegible] અંશે નિર્મલ હોય છે, તેટલે અંશે તે માનવ સાચા વિચાર [illegible] આવી જાય છે, ને જેને જેટલે અંશે મલીન હોય છે તે સાચા વિ[illegible] ઉપર આવી શકતો નથી. એટલે એના ઉપર મતિજ્ઞાન આવરણ [illegible]

પરોક્ષ જ્ઞાનનો બીજો ભેદ શ્રુતજ્ઞાન છે. એ શ્રુતજ્ઞાન [illegible] મનુષ્યોને હોય છે. અક્ષરજ્ઞાનથી-વિદ્યાથી ને પુસ્તકોથી જે [illegible] મેળવાય છે તેને શ્રુતજ્ઞાન કહે છે. અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, [illegible] અનેક ભાષામાં લખેલાં પુસ્તકોના અભ્યાસથી મનુષ્યો પધારે [illegible] જાણે છે ને તેના અનભ્યાસથી ઓછું જાણે છે. એ ભાષામાં [illegible] દર્શકનો આવે છે. એને જાણવા લોકો બહુ પ્રયત્ન કરે છે. [illegible] કેટલાક તેમાં બહુ આગળ વધે છે, ને કેટલાક પાછળ રહી જાય [illegible] [illegible]

[illegible]

આજે અગણિત મનુષ્યો લોકોને વિસ્મય પમાડતા હોય છે, પણ અતીન્દ્રિય (દિવ્ય) જ્ઞાન આગળ તેઓ સૂર્યના પ્રકાશ આગળ ખદ્યોત (આગિયા)ના જેવા છે.

પ્રત્યક્ષ જ્ઞાનની વ્યાખ્યા

જૈન દર્શન જે પ્રત્યક્ષ જ્ઞાનની વાત કરે છે, તેવું પ્રત્યક્ષ (અતીંદ્રિય) જ્ઞાન હોવાની જૈમિનિ દર્શન ના કહે છે. બૌદ્ધ દર્શન એ વિષે મૌન પકડે છે. જૈન દર્શન કહે છે કે જીવ (આત્મા) જેમ જેમ સ્વચ્છ ને પવિત્ર થાય છે, તેમ તેમ તે જ્ઞાનનો અધિકારી થાય છે. તે દિવ્ય જ્ઞાનના ત્રણ ભેદ છે. અવધિજ્ઞાન (૧), મનઃપર્યવજ્ઞાન (૨), ને કેવળ જ્ઞાન (૩). અવધિ શબ્દનો અર્થ મર્યાદાની અંદર પણ પ્રત્યક્ષ જ્ઞાન છે. ચક્ષુથી માઇલના માઇલ સુધી કદાચ દેખાય, પણ તે બરાબર નહિ; તેમ જે દેખાય છે તે બરાબર હોય કે બીજું પણ હોય, પણ ચોક્કસ નહિ. ત્યારે આ અવધિજ્ઞાન એવું છે કે દષ્ટિની જેમ હૃદયથી, અંતરથી, આંતર પ્રકાશથી, માઇલના માઇલ સુધી ને યોજનના યોજન સુધી દૂર દેખાય છે. કોઇ વ્યક્તિ નીચે તેટલું જુએ છે, તેમ કોઇ વ્યક્તિ નીચેની જેમ ઉર્ધ્વ દિશામાં પણ જુએ છે. આમ ત્રણે દિશામાં જોતાં જે જે વસ્તુઓ કે બાબતો દેખાય છે, તે બરાબર ને ચોક્કસ હોય છે. હજારો વખત તપાસતાં તે અન્યથા થતી નથી. જેમ પુસ્તકનો અભ્યાસ દૃઢ કર્યા છતાં જે પત્ર ઉપર કલમ કે લીટી ધારી હોય પણ જોવા જતાં તે પત્ર ઉપર ને તે જગ્યાએ તે વિષય નિકળે નહિ, નિકળે તો બીજી બાજુમાં કે બીજા પત્ર ઉપર કે પછી ગમે તે સ્થાનમાં; એટલે શ્રુતજ્ઞાનનો અભ્યાસ દૃઢ કર્યા છતાં જેમ એ દૃષ્ટિ કે સ્મૃતિની ભૂલવણી થાય છે, તેવી ભૂલવણી આ જ્ઞાન (અવધિજ્ઞાન) વાળાને થતી નથી. મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાનમાં કેટલાક નિષ્ણાત હોવા છતાં તેમાં ભૂલ ખાય છે, એ વાત આજે સૌ કોઇ જાણે છે. તેમ અવધિજ્ઞાનવાળો ભૂલ કરતો નથી. મનઃપર્યવજ્ઞાનનો અર્થ એ છે કે મનુષ્ય જેમ પોતાના દરનમાં કેરી કે

સોપારીને સ્પષ્ટ જુએ છે ને તેમાં કાંઇ ભૂલ હોતી નથી, તેમ અવધિજ્ઞાનવાળી વ્યક્તિઓ જગત્‌માં જેટલા ભાગમાં પદાર્થને જુએ છે તે બરાબર જુએ છે, અને નિઃશંકિત જુએ છે. સામાન્ય મનુષ્ય કે મતિ–શ્રુતજ્ઞાનવાળો મનુષ્ય હાથમાં જે ચીજ જુએ છે તેમાં સંશય હોય છે, પણ અવધિજ્ઞાનવાળાને સંશય હોતો નથી. જૈન દર્શન પ્રમાણે અવધિજ્ઞાન આકાશમાં કેટલાંએ સ્વર્ગ સુધી, પાતાળમાં કેટલીએ નરક સુધી ને તિર્યગ્ દિશામાં કેટલાએ દ્વીપો ને સમુદ્રો સુધી જોઇ શકે છે. અવધિજ્ઞાનનું એટલું બધું બલ છે. સામાન્ય મનુષ્ય જોઇ શકે તો સામી ભીંત સુધી કે ખુલ્લા મેદાનમાં તો ક્ષિતિજ સુધી જોઇ શકે છે, ત્યારે આ અવધિજ્ઞાનવાળો મનુષ્ય દૂરમાં દૂર અગણિત યોજન સુધી જોઇ શકે છે.

મનઃપર્યવ જ્ઞાન

મન પર્યવ જ્ઞાનની વ્યુત્પત્તિ તેના નામ ઉપરથી સમજ્ય [illegible] તેમ કે મન પર્યવ એટલે મનના [illegible] પરિવર્તનો ([illegible] [illegible] મનઃપર્યવ [illegible] મન [illegible] પંચેન્દ્રિય [illegible] તેમના મનના [illegible] [illegible] અનુમતિ [illegible]

વિચારે છે, કેમ વિચારે છે, એમ મનુષ્યોને મનમાં થયા કરે છે, ત્યારે મનઃપર્યવ જ્ઞાન જેને હોય છે તે આવી વસ્તુઓને સ્વાભાવિક રીતે જ જાણી શકે છે.

કેવલ જ્ઞાન

એટલે દાન આપવા ન દે. જીવ કોઈને પણ આપવા ઇચ્છા કરે કે આ વ્યક્તિને હું અન્ન, જ્ઞાન કે નિર્ભયતા આપું, પણ તે અંતરાય કર્મ તેમ કરતાં અંતરાય કરે અર્થાત્ આપવા ન દે. **લાભાંતરાય :** જીવને ઉપર્યુક્ત લાભ મળતો હોય, કોઇ આપવા ચાહતો હોય,પણ તે (લાભાંતરાય) પ્રકૃતિ જીવને જ્ઞાન નિર્ભયતાનો લાભ લેવા ન આપે. **ભોગાંતરાય :** જીવ ખાનપાન, ભોગ, પોતાની આત્માની વિભૂતિ કે આનંદ વિગેરે ભોગવવા ઇચ્છે પણ ઉપરની પ્રકૃતિ જીવને એ ભોગવવા ન આપે. **ઉપભોગાંતરાય :** જીવને અનેક બાહ્ય કે આંતર વસ્તુનું સુખ ભોગવવાની ઇચ્છા વારંવાર રહે છે, પણ તે પ્રકૃતિ વારંવાર વિઘ્ન નાંખીને ઉભી રહે છે. બાહ્ય દશામાં ભોગવતાં જીવને કાંતો દર્દ જ્વર ખાંસી વિગેરેની વ્યાધિ થાય કે પછી બીજી કોઇ ઉપાધિ થાય, તેથી જીવ એ વસ્તુનો ઉપભોગ લેઇ શકે નહિ. તેમ જીવ આત્મીય આનંદ કે અપાર સુખ ભોગવવા ચાહતો હોય પણ તે પ્રકૃતિ તેને એવી વિમુખ દશામાં નાંખી દે કે તે આનંદ તે લેઇ શકે નહિ. **વીર્યાંતરાય :** આ પ્રકૃતિ જીવની સર્વ શક્તિમત્તા કે અપાર બળને રોકી રાખે છે. જીવ આ સર્વ બંધનોથી છૂટી ગમે તેવા સ્થાને સ્વતંત્રપણે રહેવા ઇચ્છતો હોય વા અગાધ અદમ્ય પુરૂષાર્થ કરવા ચાહતો હોય, પણ આ પ્રકૃતિ જીવની ઉપર એવી દમદાટી ચલાવે છે કે જીવ સિંહની આગળ મૃગની જેમ ઢીલોપોચો થઇ જાય છે. આ પાંચ પ્રકૃતિઓથી અંતરાય રાજા જીવ ઉપર અપાર જોર કરી રહ્યો છે.

અંતરાય બાંધવાનાં કારણો

જીવો બીજાઓને દાન આપતાં અંતરાય-વિઘ્ન નાંખે છે, એટલે કોઇ વ્યક્તિ કોઇને અન્ન વસ્ત્ર નિર્ભયતા કે જ્ઞાન આપતી હોય ત્યારે આ તટસ્થ જીવ તેમ થતાં દેખી અસૂયા લાવે છે, ઇર્ષ્યા કરે છે, તેની આંખમાં ખટક ઉભી થાય છે. તે વખતે ગમે તે રીતે તે જીવ આપવામાં રોકી પાડે છે. એટલે દાનાંતરાય કરવાથી દાનાંતરાય પ્રકૃતિ બંધાય છે. જેમ કોઇ લાભ મેળવતો હોય કે તેને લાભ

ભગવાની તૈયારી હોય, તેમાં તે મનુષ્ય પથ્થર નાંખી ઉભો રહે [illegible] એમ લાભમાં અંતરાય કરવાથી લાભાંતરાય કર્મ બંધાય છે. એ[illegible] જ્યારે ભોગો ભોગવવા હોય તે વખતે તેના ભોગમાં જે પ્રકાર[illegible] છે ને એક રીતે તેનો વિયોગ કરાવે છે, તો ભોગાંતરાય કર્મ [illegible] બંધાય છે. એમજ ઉપભોગમાં અંતરાય કરવાથી ઉપભો[illegible] [illegible] વીર્યમાં અંતરાય કરવાથી વીર્યાંતરાય કર્મ [illegible]

ભોગવવાની રીતિ

[illegible]

ઉપસંહાર

[illegible]

પ્રકરણ ત્રીજું

જ્ઞાનવિભાગ ત્રીજો: જીવસ્થાનકની સમજણ

વીતરાગ દર્શન કહે છે કે સંસારને પામેલા જીવો કર્મને-રાગ દ્વેષને વશ હોવાથી અનેક ભિન્ન ભિન્ન સ્થળે ઘૂમી રહ્યા છે. તે બધા જીવો કેવા કેવા સ્વભાવને વશ છે, એ બધી વસ્તુનો ખ્યાલ કરી તેમને ચૌદ સ્થાનકોમાં વહેંચી નાંખ્યા છે. વૃક્ષને જેમ મૂળથી ટોચ સુધીમાં જુદા જુદા ભાગો છે, તેમ કોઇ જીવો સંસારવૃક્ષના મૂળ સ્થાને છે, કોઇ તેથી ઉપર, કોઇ તેથીએ ઉપર, એમ ટોચ-અગ્ર-સ્થાન પર કોઇ જીવો ગયેલા છે; જેમ નીચે મૂળમાં, કંદમાં, થડમાં જીવો છે તે વધારે ખરાબ છે, ને તેથી જેમ ઉંચે ઉંચે જવાય છે તેમ જીવ ઉચ્ચ સ્થાનમાં જાય છે, અથવા જેમ જમીન પરથી ઉપર જવા નિસરણી હોય છે, તેમ આ જીવસ્થાનકો નિસરણીનાં પગથિયાં રૂપ છે. જમીન છે તે મૂળસ્થાનક છે, ને તેના પર નિસરણીનાં તેર પગથીઆં વટાવ્યા પછી ઉપર જેમ માળ આવે છે, તેમ મોક્ષ-સ્થાન છે. જમીન પર જીવોને રહેવાનું જેમ મૂળસ્થાન છે, તેમ પહેલા જીવસ્થાનકમાં જીવોને રહેવાનું મૂળસ્થાન છે. તેર પગથીઆં પર જીવો ઘટતા ઘટતા હોય છે. છેક ઉપર જવાય તો તેને પછી નીચે પડવાનો પ્રસંગ આવતો નથી. પણ છેક ઉપર જવાય નહિ ને વચમાં રહેવાય ત્યાંસુધી તેને નીચે પડવાનો ભય છે.

જીવનસ્થાનક કે ગુણસ્થાનક ?

જીવસ્થાનક શબ્દ ખાસ સિદ્ધાંતમાં વપરાયેલો છે, ત્યારે તેજ શબ્દને ગુણસ્થાનક તરીકે ગ્રંથકારોએ ગ્રંથોમાં વપર્યો છે. સિદ્ધાંતમાં જ્યાં ત્યાં જીવસ્થાનક છે, ત્યારે ગ્રંથમાં ને ત્યારપછીના અનેક પુસ્તકોમાં બધાએ ગુણસ્થાનક શબ્દ વાપર્યો છે એટલે આજે સામાન્ય વાંચનામાં કે અભ્યાસમાં બહુ નહિ વધેલાઓમાં તેને માટે

ગુચવાડો થાય છે. જીવસ્થાનક શબ્દ ઉપરથી સમજાશે કે એ [illegible]
જીવનાં સ્થાનકો છે, નહિ કે ગુણનાં. જીવો તે તે સ્થાન પર રહે છે,
નહિ કે ગુણો તે તે સ્થાન પર રહ્યા છે. ગુણ તો [illegible]
[illegible] જીવ ન હોય તો એકલા ગુણ કેવી રીતે રહે? એટલે [illegible]
[illegible] જીવસ્થાનક શબ્દ બરાબર છે. ગુણસ્થાન [illegible]
[illegible] અર્થસૂચક શબ્દ છે. ગ્રંથકારોને તેમ [illegible]
[illegible] શંકા કરે છે કે પહેલા જીવસ્થાનો [illegible]
[illegible] ગુણસ્થાનક કહેવાથી શો અર્થ [illegible]
[illegible] મિથ્યાત્વમાં શા [illegible]
[illegible]

ચૌદ જીવસ્થાનકનું સ્વરૂપ

મિથ્યાત્વ એટલે સત્યથી તદ્દન અવળી બાજુ, જેને અવિદ્યા અજ્ઞાન કહીએ તો ચાલે. એ અજ્ઞાન સાથે જીવને રહેવાનું જે સ્થાન છે તે **મિથ્યાત્વ** જીવસ્થાનક છે. આ સ્થાનકે જીવો અનંત અનંત છે. પૃથ્વી જલ વિગેરે ચાર એકેંદ્રિય જીવો અસંખ્ય અસંખ્ય ગણનામાં છે, પણ તે સ્થાને તે ઉપરાંત વનસ્પતિ જીવો છે, જેઓ અનંત-અનંતની સંખ્યામાં છે. વિકલેન્દ્રિય જીવો મિથ્યાત્વમાં છે. ઉપરાંત નારક તિર્યંચ પંચેન્દ્રિય મનુષ્યો ને દેવો પણ આ સ્થાનકે છે. જેઓ આ સ્થાનકમાં છે તેઓને હૃદયમાં સહજે સત્ય વાત ઉપર તિરસ્કાર ને અણગમો હોય છે. જગતમાં જેઓ ન્યાયશીલ ને સત્યવાદી છે તેઓનાં જે કથનો છે, તે ઉપર આ જીવોને વિશ્વાસ નથી. જ્ઞાની જનોનું એ કથન છે કે આ જીવ જે અસંખ્યાત પ્રદેશી છે તે સ્થાયી છે, નિત્ય છે, પર્યાયથી ઉચ્ચનીચ ગતિમાં ફેરફાર થાય છે, પણ વસ્તુરૂપે તેનો ફેર થતો નથી. તે જીવ ક્યારેય નાશ પામશે નહિ. જે જે કાર્યો તે કરે છે તે ભલાં કે ભૂંડાં હશે તો તેનું પરિણામ તે જીવને અવશ્ય ભોગવવાનું છે. આ જીવોને એ વાત ઉપર વિશ્વાસ નથી આવતો. જેમ ઉદ્ધત મનુષ્ય ગમે તેટલું ઋણ કરી મજાહ કરી લે છે, પણ તે ઋણ ચુકવવું પડશે તેવું તે મૂર્ખ મનુષ્ય સમજતો નથી, તેમ આ મિથ્યાત્વયુક્ત જીવ જે જે પ્રસંગોમાં ને જ્યાં જ્યાં મળ્યો ત્યાં ત્યાં સ્વચ્છંદપણે ને ઉદ્ધતાઇથી બટક્યો છે, ને હિંસા અસત્ય ચૌર્ય વિષય પરિગ્રહમાં આનંદ માન્યો છે એ આનંદ સત્ય નથી, ક્ષણિક છે, અવશ્ય તેનો બદલો આપવો પડશે, એ વાત તેના હૃદયમાં ઉતરતી નથી. એ જીવોનું મિથ્યાત્વ છે. એ તેની અવળાઈ છે. આજ તેની અવિદ્યા છે. વળી ન્યાયશીલ પુરુષો કહે છે કે આ સંસાર જે ચાલી રહ્યો છે તે જીવોની ક્રિયાના બળે ચાલી રહ્યો છે. જીવો જે ઉત્થાન કર્મ વીર્ય પુરુષ પરાક્રમ વિગેરે કરે છે, તેને લીધે જીવોને નરકમાં તિર્યંચમાં મનુષ્યમાં ને દેવમાં જવું પડે છે. એક

[illegible] ની [illegible] સામગ્રી પાણી વિશેષ [illegible] મેળવવા [illegible]
[illegible] ને પશુઓનો સંહાર કરી નાખે છે. [illegible]
[illegible] ની સંપત્તિ ને પ્રાપ્ત કરે છે. પણ અહીંથી તે [illegible]
[illegible] મનુષ્ય [illegible] નહિ વિચારું [illegible]
[illegible] નથી મળતી, પણ [illegible]

[illegible]

[illegible] ની વિશેષ [illegible]

[illegible]

છે કે વાત ખોટી છે, જીવ માત્ર કાલ્પનિક વસ્તુ છે; કદાચ માનો તો તેને માટે પરલોક છે એ વસ્તુ ખોટી છે. જીવ છે, સંસાર છે, કર્મ છે ને મોક્ષ છે, એ વસ્તુનો એ જીવ સર્વથા ઈન્કાર કરે છે. તેથી ઉતરતો બીજા નંબરનો જીવ એ વસ્તુનો કેટલાક અંશે સ્વીકાર કરે છે; જીવ છે, પરલોક છે, એ વાત ખરી છે એમ તે માને છે, પણ આવાં કર્મ કરે તો આમ થાય, ને આમ કરે તો આમ થાય, એ બધી વાત વધુ પડતી છે એમ તે કહે છે. ત્રીજો નંબર કહે છે કે જીવ છે એ બરાબર છે પણ સર્વવ્યાપક છે ને આકાશની જેમ નિષ્ક્રિય રહે છે, ચતુર્થ મનુષ્ય બધી વાતોને માને છે પણ નાની નાની બાબતમાં તફાવત છે એમ કહે છે. એટલે વીતરાગ દર્શન જે જે વાતો કહે છે, તે તે વાતોની ગાઢ મિથ્યાત્વી ના કહે છે. તેનાથી ઉતરતા નંબરો એમ થોડી થોડી વાતોનો સ્વીકાર કરીને બીજી બાબતનો ઈન્કાર કરે છે. આમ સત્ય હકીકતને જેઓ અસત્ય કહે છે, તે જીવો પહેલા જીવસ્થાનકે છે; એવું જૈન દર્શનનું કથન છે. વિરોધી દર્શનો જૈન દર્શનને મિથ્યાત્વ દર્શન કહે છે, તેથી કાંઈ જૈન દર્શનને દુઃખ નથી. સત્ય વાત એ છે કે ગમે તે દર્શનમાં હોય પણ જીવ, સંસાર, કર્મ ને મોક્ષ છે એ વાતનો જે કોઇ સ્વીકાર કરે તેને સમ્યગ્દર્શન છે. પણ જીવો મોહની ગાઢ દશામાં ગુંથાએલા હોવાથી એ વસ્તુનો યત્કિંચિત્ સ્વીકાર કરે છે, વા સંયોગના બલે રૂબરૂ હા પાડે છે, પણ હૃદયમાં કહે છે કે આ સર્વ ઢોંગ છે, માત્ર લોકને છેતરવા માટેની આ બધી યુક્તિઓ છે. એમ પછી પણ બોલે છે. તેજ જીવોનુ મિથ્યાત્વ છે. અંતરમાં ગાઢ અનતાનુબંધ કષાય ચતુષ્કનું જોર હોવાથી તેઓ તેમ કરે છે ધંતુરો ખાધો હોય ને મનુષ્ય શ્વેત વસ્તુમાં પીળાશ જુએ છે, તેને શ્વેત શ્વેત ધામતું નથી. તેમ આ જીવસ્થાનકમાં રહેલા જીવો ગુણ—ન્યાયમા અવગુણ-અન્યાય જુએ છે. આ જીવસ્થાનકે પણ જીવો ઘણા છે, ને પ્રેરા કાલ રહેવાનું જીવ [illegible] પડયું છે. અહીંથી કેટલાક જીવો

[illegible] ગુણસ્થાનકે ગયા હોય ને પાછા આવ્યા હોય તેમને [illegible] કહે [illegible] છે એટલે આ ગુણસ્થાનક, ઉપરનાં [illegible] [illegible] ગુણોને માટે મૂળ મુખ્ય ને પહેલું રસ્તા [illegible]

બીજું સાસ્વાદન ગુણસ્થાનક

[illegible] આવ્યું છે. જમીન પરથી ઉપર [illegible] આ સ્થાનક છે. આ સ્થાનો [illegible] ગુણસ્થાનકથી) આવતા નહિ, પણ [illegible] પડતાં પડતાં આ [illegible] [illegible] છે, ને [illegible]

સ્થાનમાં આવેલ જીવો પોતાના સ્વભાવનું મહાન પરિવર્તન કરી નાંખે છે. જેમ ફૂલમાંથી મીઠાશ સાથે સૌરભ સ્ફૂરે છે, તેમ આ જીવોમાં આંતર પરિવર્તન થતાં સૌજન્ય દયાના સૌરભ સમ ગુણોથી ખીલે છે. અહીં જીવોને સદ્‌માર્ગની બરાબર સમજણ પડે છે, ત્યારે તેઓ કહે છે કે આ સંસાર પરિણામે સુખરૂપ નથી. પહેલા જીવસ્થાનકના ને આ જીવસ્થાનકના જીવમાં મહાન્ તફાવત હોય છે. પહેલાવાળા જીવો સંસારને અમૃતમય માને છે, ત્યારે ચતુર્થ સ્થાનકવાળા જીવો વિષમય માને છે. પહેલાવાળાઓ જે જે વિરુદ્ધ બોલે છે તેથી તદ્દન સવળી બાજુનું આ જીવો બોલે છે ને કહે છે કે જીવ છે, સંસાર છે, કર્મ છે ને મોક્ષ છે. આમ આ જીવોના હૃદયમાં પ્રતીતિ આવે છે. તેમને પૂરતો વિશ્વાસ છે કે અવશ્ય કર્મ છે, ને તેનું પરિણામ સારું નથી, ત્યારે પહેલાવાળાને તેમાંનું કાંઈ લાગતું નથી. એટલે પ્રથમ સ્થાનકના કરતાં આ જીવો ઘણા સુપાત્ર ને ભવભીરૂ હોય છે. તેમને કર્મથી છૂટવાની ઈચ્છા રહ્યા કરે છે, હૃદયમાં મુમુક્ષુતા જાગે છે, પણ આ જીવસ્થાનકના જીવો આરંભ ને પરિગ્રહને હલાહલ વિષ માનવા છતાં કોઈ રીતે છોડી શકતા નથી. છોડવાની ઇચ્છા તેઓને થાય છે, પણ તેઓ તેમ કરી શકતા નથી. કારણ એ છે કે પહેલા કષાય ચતુષ્કની પ્રકૃતિ શિથિલ થાય છે, પણ ઉપરની ત્રણ કષાય ચતુષ્ક પ્રકૃતિ ઘણી જોરમાં છે, એટલે બીજી કષાય ચતુષ્ક પ્રકૃતિ થોડા પણ ત્યાગમાં પ્રવેશ કરવા દેતી-નથી.

અહીં ગ્રંથી ભેદ થાય છે

આ જીવસ્થાનકે જીવ આવે છે, ત્યારે દર્શનમોહની પ્રકૃતિ જે પહેલા જીવસ્થાનકે જોરમાં હતી, તે ઢીલી પડે છે. ઉપશાન ને પ્રકૃતિનો ઉપશમ થાય છે ને ક્ષય પણ થાય છે. એટલે મહર્ષિઓના અભિપ્રાયે અનંતાનુબંધ ચતુષ્ક ને દર્શનમોહની ત્રિક (ત્રણ) એમ સાત પ્રકૃતિઓનો ક્ષયોપશમ ઉપશમ ને ક્ષાયક થાય છે. પંચસંગ્રહ, કર્મપયડી, વિગેરે ગ્રંથના અભિપ્રાયે આજે અનેક ભેદો ને મહર્ષિઓ

એ વાતનું સમર્થન કરી રહ્યા છે, ને વિવાદનું એક મોટું
સ્થાન ઉપસ્થિત કરી શક્યા છે, એટલું જ નહિ પણ એ
બરાબર સમજવાને બદલે મોટી ગુંચવણમાં નાંખી દીધા છે
વસ્તુ આઠમા નવમા ગુણસ્થાનકમાં બને છે તેને ચતુર્થ
માં નાખી છે ને ચતુર્થમાં બને છે તેને પહેલામાં નાંખી છે.
પહેલા ચોથા ને આઠમા ગુણસ્થાનકમાં જે તફાવત છે તે
સ્થિતિ છે એ બુદ્ધિમાં સમજવાને એક મોટી મુંઝવણ ઉભી
પણ એવી વાત કરવામાં આવે તે માત્ર એક
સાબિત કરવામાં આવે, એટલે બીજા પુરાવાની
એ સ્વાભાવિક છે. ચતુર્થ ગુણસ્થાનકે યથાપ્રવૃત્તિકરણ
યથાપ્રવૃત્તિકરણ

તો તદ્દન આત્મામાં છે. એટલે સૂર્ય અભ્ર સહિત હોય તોપણ ઉદ્યોત આપે છે ને તે ઉદ્યોતને થોડો ઉદ્યોત કહે છે.

દર્શનમોહની ત્રીજી સ્થિતિ

હવે જીવને સમ્યક્ દર્શન પ્રાપ્ત થયું, પણ તે સમ્યક્ દર્શન કેવું છે? જે દર્શનમોહની ત્રણ પ્રકૃતિઓ છે, તેમાંની મિથ્યાત્વ મોહનીય પ્રકૃતિ પહેલા જીવસ્થાનકે જીવોને રહી. સમ્યક્ મિથ્યાત્વ (મિશ્ર) મોહનીય ત્રીજા જીવસ્થાનકે રહી. હવે રહી માત્ર સમ્યક્ત્વ મોહનીય. ચતુર્થ જીવસ્થાનકે જીવને સમ્યક્ત્વ એટલે વીતરાગદર્શિત માર્ગ પ્રાપ્ત થયો, એ વાત બરાબર છે, પણ તેની સાથે જે મોહનીય શબ્દ છે તેનો અર્થ રહી જવો ન જોઇએ, એટલે સમ્યક્ત્વ છતાં જીવ મોહનીયથી મુંઝાય છે. એટલે આ પ્રકૃતિ કે આવરણ સાતમા જીવ સ્થાનકસુધી જીવને ખસતું નથી. વીતરાગનાં વચનો સર્દહતા છતાં તેમાં શુદ્ધ ભાવ-શુદ્ધ સમજણ જીવ પામી શકતો નથી, તેથી સમ્યક્ત્વ મોહનીય કહ્યું છે. એકલું સમ્યક્ત્વ હોય ત્યાં મોહનીય ન હોય. એકલું સમ્યક્ત્વ હોય તો વીતરાગનાં વચનો જે જે નયથી ને જે જે દષ્ટિથી કહ્યાં છે તે બરાબર સમજાય છે. પણ એવી નિર્મલ સ્થિતિ આ સ્થલે નથી. આકાશમાં સૂર્ય છે તેની આડે જેમ ઝાખાં આછાં વાદળાં હોય છે, તેમ સમ્યક્ત્વને મોહનીય છે. મિથ્યાત્વ મોહનીય આષાઢ માસનાં જલભરેલા વાદળાઓની જેમ સૂર્ય સમ્યક્ત્વની આડે કાર્ય કરે છે. પાતળા કે આછા વાદળાં બીલકુલ ન હોય ને સ્વચ્છ સૂર્ય સમ સમ્યક્ત્વ આઠમા જીવસ્થાનકે થાય છે. એવી સ્થિતિ આ ચતુર્થ જીવસ્થાનકે નથી એટલે મોહનીય સહિત હોવાથી સમ્યક્ત્વમાં વધઘટ થાય છે, તેમ મલીનતાના ભાગ પાતળા થઇ સમ્યક્ત્વની ઉપર આવવાથી એ મલીનત્વ, સમ્યક્ત્વ મોહનીયમાં ગણાય છે. મોહનીય એકલું રહે ને સમ્યક્ત્વ જો ત્યાંથી ચાલી જાય તો ચતુર્થ જીવસ્થાનકનું તે જીવને રહેતું નથી, પણ મિથ્યાત્વમાં જીવ ચાલ્યો જાય છે.

ચતુર્થ ઈશ્વરસ્થાનકની યથાતથ્ય સ્થિતિ

આ ઈશ્વરસ્થાનકનો [illegible] કરતાં ઘણી ઉચ્ચ દશામાં રહેલ છે. તે પશ્ચિમ ઈશ્વરસ્થાનક કરતાં ઉન્નતી સ્થિતિમાં છે. [illegible] ધર્મનો પ્રતિ અપૂર્વ વિશ્રામ તેના હૃદયમાં આવે છે, [illegible] [illegible] [illegible] ને ઉપાધિમાં [illegible] ઉપયોગ કરે છે, [illegible] [illegible] છે કે [illegible] ને પશ્ચિમની [illegible] [illegible] [illegible] [illegible] નહિ. [illegible] તેના ઉપર [illegible]

[illegible]

પાંચમું દેશવ્રતી જીવસ્થાનક

આ જીવસ્થાનકે જીવો સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી આવે છે. સમ્યક્ત્વ મેળવ્યા પછી વ્રત લેવાની રૂચિ તે જીવો કરે છે. કેટલાક જીવો સમ્યક્ત્વ લીધા પછી સીધા સર્વવ્રતી (છઠ્ઠા) જીવસ્થાનકે જાય છે, ત્યારે કેટલાક જીવો દેશવ્રતી જીવસ્થાનકને પસંદ કરે છે. તેઓ કહે છે કે સર્વવિરતિભાવ ઘણોજ ઉત્તમ છે, પણ તેટલે સુધી જવાની અમારામાં શક્તિ નથી; એટલે થોડાં નાનાં વ્રતો અમે સ્વીકારીશું. એટલે એ જીવો સમ્યક્ત્વદર્શનપૂર્વક બની શકે ત્યાંસુધી મોટી હિંસા, મોટું અસત્ય, મોટું ચૌર્ય વિગેરેનો ત્યાગ કરે છે, ને આત્મામાં એ સદ્વ્રતો–અહિંસા સત્ય અચૌર્ય વિગેરેને સ્થાપે છે. તેઓ અન્યાય ને અનીતિથી અર્થોપાર્જન બંધ કરે છે. ગૃહસ્થાશ્રમનો પ્રેમ તેઓ છોડવા ઇચ્છે, પણ છોડી શકતા નથી. ચતુર્થ જીવસ્થાનક કરતાં આ જીવો વધારે સદ્ભાવ ને સદ્વર્તનમાં આવે છે. ઘણી હિંસા વિગેરે મોટા આસ્રવોને છોડે છે. આંતર આત્મામાં ત્યાગ (સર્વવિરતિ) ભાવ ઉપર તેઓ પ્રેમ રાખે છે. એમ પણ ઇચ્છે છે કે એવો વખત ક્યારે આવે કે સર્વ સંસારભાવને મૂકી દઈએ? સમ્યક્ત્વ આવ્યા પછી જેમ બને તેમ વિરતિભાવનો સ્વીકાર કરે છે, પણ ઘણા પ્રમાણમાં ઘણો ઓછો સ્વીકાર કરે છે. ચતુર્થ જીવસ્થાનકવાળા વિરતિભાવ જાણે છે પણ સ્વીકારતા નથી ને પાલન પણ કરતા નથી, ત્યારે આ જીવસ્થાનકવાળો જાણે છે, સ્વીકારે છે ને પાલન કરે છે. કેટલાક સમ્યક્દષ્ટિમન્યમાન જીવો વ્રત ત્યાગને ધિક્કારે છે ને કહે છે કે વ્રત લેવાથી શું ફાયદો છે! અગમ્ય જ્ઞાનીઓએ તે પતું છે. તેઓ કહે છે કે "યથાતથ્ય જેમ સમજવું જોઈએ તેમ હજુ સમજ્યો છે ક્યાં? આ તો ખાલી ડફાસો છે. સમજ્યા પછી ત્યાગ તો એની મેળે આપોઆપ અંદરથી આવી જાય છે. એ ત્યાગ કંઈ બનાવ્યો બનાવાતો હશે કે? એ તો બધાયે ઢોંગ છે." આમ કેટલાક અભિમાનથી જકડાયેલ લોકોને વ્રત અંગીકાર કરતાં પાછા

સ્તાં જીવ ઘણો આગળ વધ્યો છે, પણ સાતમાની અપેક્ષાએ આ જીવસ્થાનકે જીવો ઉતરતા છે. છઠ્ઠા જીવસ્થાનકે જીવો ઘણા છતાં આચાર ને પરિણામમાં ચઢઊતરના માર્ગે ઘણા છે, એટલે સામાન્ય જીવ કેટલા આચારમાં હોય છે; ને ક્રમવાર ધીમે ધીમે થોડા થોડા આગે વધતાં વધતાં ઘણા સારા આચારમાં પણ હોય છે. જેમ આકાશમાં ચંદ્ર એકમનો છે, ત્યારપછી બીજ ત્રીજ એમ અનુક્રમે પૂર્ણિમા સુધીનો પણ છે; એમ આચારમાં અને પરિણામમાં છઠ્ઠા જીવ-સ્થાનકના જીવો ચઢઊતરવાળા છે. જેમ ચંદ્ર એકમનો છે છતાં ચંદ્ર કહેવાય છે, તેમ આ જીવ છઠ્ઠા જીવસ્થાનકમાં પણ શરૂઆતમાં હોય છતાં તેને છઠ્ઠું જીવસ્થાનક કહેવાય છે. છઠ્ઠા જીવસ્થાનકમાં ચારિત્ર ને નિર્ગ્રંથતાના ઘણા ભેદો છે એમ શાસ્ત્રકારો કહે છે. ચારિત્ર છતાં તેમાં અતિચારો સેવાય છે. જેમ જેમ ઉચ્ચ કક્ષામાં જાય છે તેમ તેમ જીવો એ અતિચારને લાગવા દેતા નથી. અર્થ એ છે કે છઠ્ઠું જીવસ્થાનક સાધુ સ્થિતિનું છે, તોપણ તેમાં જીવના સ્વભાવની વિષમતાને લીધે આચાર ને પરિણામમાં ન્યૂનાધિકતા હોય છે. છઠ્ઠા જીવસ્થાનકનું જીવન પાંચમા કરતાં ઘણું સારૂં છે, તેનો અર્થ એ છે કે એ જગ્યાએ પ્રત્યાખ્યાનીય ત્રીજી ચોકડી શિથિલ થાય છે. જે ચોકડી પાંચમા સ્થાનકવાળા જીવને પૂર્ણ પ્રત્યાખ્યાન થવા દેતી ન હતી, તે ચોકડી અહીં સદ્ અધ્યવસાયથી શિથિલ થાય છે. તથાપિ અહીં સંજ્વલન કષાય ચતુષ્કય રહે છે. એટલે આ કષાય સાધુને નડે છે, પણ થોડા દિવસ જતાં (લગભગ વધુમાં વધુ અર્ધ માસ સુધી) એ કષાય શિથિલ થાય છે. એવો કષાયનો ગુણ ત્યારપછી વધારે રહેતો નથી, પણ ત્યાંસુધી તો રહે છે.

સાતમું અપ્રમત્ત જીવસ્થાનક

આ જીવસ્થાનકની સ્થિતિ છઠ્ઠા કરતાં ઘણીજ ઉચ્ચ છે. આ સ્થાનકે જીવ પોતાની ચપળતા ને ઇન્દ્રિ[illegible] ગુણોની મારામારી

માત્ર એકલો ક્ષાયક ભાવ કે એકલો ઉપશમ ભાવ નથી, તે બન્ને ભાવો છે, પણ મિશ્ર રીતે છે. જેમ એક વૃક્ષ હોય છે ને તેને મૂલ કંદ થડ ને ડાળીઓ હોય છે, તેમ આ જીવસ્થાનકરૂપ એક વૃક્ષ છે, ને મિથ્યાત્વ તેનાં મૂલ સમ છે. બીજું ને ત્રીજું જીવસ્થાનક કંદ સમાન છે. ચતુર્થથી સાતમા સુધીનાં જીવસ્થાનકો થડ સમાન છે. આમાંથી બે ડાળીઓ નિકળી તે એક ઉપશમ ભાવ ને બીજી ક્ષાયક ભાવની, એટલે થડ સમાન જીવસ્થાનકોમાં જીવ ઘણી વખત આવ જાવ કરે છે, ચડ-ઉતર કરે છે. પણ ત્યાંથી ઉપર વધેલો અને તદ્દન એક સ્પષ્ટ ભાવમાં ગયેલો જીવ તેટલી વખત પડતો નથી. ઉપશમ ભાવને પામેલો પડે છે, પણ તે બહુ સ્વલ્પ વખત, એટલે કે કદાચ પાંચ વખત વધુમાં વધુ જાય છે, પણ સાતમા સુધીનો જીવ જો પતનનું સ્થાન સંભાળે તો ઘણી વખત સંભાળે છે. એટલે કે ગ્રંથકારો ગમે તેટલું મરડતા હોય, પણ વિશુદ્ધ નયની અપેક્ષાએ સાતમા સુધી એકલો ઉપશમ કે ક્ષાયક ભાવ નથી. આ જગ્યાએ સંજ્વલનના કષાયની એક (ક્રોધ) પ્રકૃતિને છટ્ઠા કરતાં વધારે દબાવે છે.

આઠમું નિવૃત્ત બાદર કષાય (અપૂર્વકરણ) જીવસ્થાનક

આ જીવસ્થાનકમાં પ્રવેશ કરતાં જીવ બાદર કષાય જે સંજ્વલનની ચાર પ્રકૃતિઓ છે, તેમાંથી બે પ્રકૃતિ (ક્રોધ ને માન)ને હઠાવે છે. સાથે જીવ અપૂર્વકરણમાં કદિએ આવ્યો નથી એવા સ્થાનમાં પહેલવહેલો પ્રવેશ કરે છે. આ જગ્યાએ આવતાં સનત મૂલ પ્રકૃતિઓ જે જીવને સંસારમાં અથડાવે છે તે પ્રકૃતિઓને, વૃક્ષના મૂલને જેમ માણસ કુહાડીથી ઉખેડી નાંખે છે તેમ, જીવ અનંત વિશુદ્ધતર પ્રશસ્ત વિચારના દઢતર ધ્યાનથી મૂલતઃ ઉખેડી ફેંકી દે છે. મોહ રાજાની દુર્ધર્ષ ને ઘન પ્રકૃતિઓ આ આત્માનું અપૂર્વ જેમ તેજ આપોઆપ નાસવા લાગે છે. જેમ નરકપાલ સમીપે નૈરયિકો ધ્રુજવા લાગે છે, તેમ આ જગ્યાએ એ પ્રકૃતિઓ ધ્રુજી ઉઠે છે. મૂલ માલિક જાગતાં ચોરોની જેમ તે પ્રકૃતિઓ નાસે છે. આ જગ્યાએ

[illegible]

છે, પણ જીવ તેને નિર્મૂલ કરતો નથી. ચુલામાં અગ્નિ હોય તેને જોય કોઈ તદ્દન કહાડી નાંખીને ચુલો સાફ કરે છે, ત્યારે કોઈ એ અગ્નિને રાખથી ઢાંકી દે છે એટલે કે રાખમાં બારે છે. બન્નેમાં અગ્નિની પ્રવૃત્તિ જણાતી નથી, પણ પ્રસંગ મળતાં ઢંકાએલો અગ્નિ વાયુના રાખથી ઉપસ્થિત થાય છે, ત્યારે ચુલામાંથી કહાડી નાંખેલો અગ્નિ વાયુનો ઉપદ્રવ થતાં પણ ઉપસ્થિત થતો નથી. ઉપશમ ભાવ ને ક્ષપક ભાવનો એવો સ્વભાવ છે. એટલે આ જીવસ્થાનકે અનંતાનુબંધ કષાય ચતુષ્ક ને દર્શનમોહ ત્રીક એ સાતનો ક્ષય, ક્ષપક ભાવમાં પ્રવેશેલો જીવ કરી નાંખે છે. અપ્રત્યાખ્યાનીય ને પ્રત્યાખ્યાનાવરણીય ને સંજ્વલનની પ્રકૃતિઓનો નાશ કરવાના ઉદ્યોગમાં જીવ મચ્યો હોય છે, પણ ત્યાં તે પ્રકૃતિઓ તદ્દન નિર્મૂલ થતી નથી. ઉપશમ ભાવમાં જે જીવ પ્રવેશ કરે છે, તે ઉપરની સાત પ્રકૃતિઓનો નાશ નહિ કરતાં ઢાંકી દે છે. એટલે એ જીવનો ઉદ્યોગ દેખાવમાં બરાબર છે, પણ અંદરખાને પોલો છે. એ પ્રકૃતિનો ઉદય થતાં જીવનું પતન થાય એ સ્વાભાવિક છે. ઉદય થતાં જીવ જો સાવધાન થઈ જાય છે તો નાશ કરવા પ્રયત્ન કરે છે, ને આગળ વધે છે એમાં શક નથી. આ સ્વરૂપ આઠમા જીવસ્થાનકનું સિદ્ધાંતકાર કહે છે, તેમજ પંચસંગ્રહમાં પણ આઠમા જીવસ્થાનકની વ્યાખ્યામાં કહ્યું છે. ચતુર્થ જીવસ્થાનકની વ્યાખ્યા કરવામાં માત્ર પંચસગ્રહકારે ગુચવાડો કર્યો છે. બન્ને પક્ષકારોની વ્યાખ્યા જેમ જોવામાં આવી છે, તેમ સમજાવવા અહીં પ્રયત્ન કર્યો છે.

નવમું અનિવૃત્ત બાદર કષાય જીવસ્થાનક

આઠમા જીવસ્થાનકમા અધ્યવસાયો જે નિર્મળ છે, તે કરતાં આમાં વિશેષ ને વિશેષ નિર્મળ થતા જાય છે. આ જગ્યાએ જીવની દશા ઘણી ઉંચે જતી જાય છે. છતાં જ્ઞાની જનો એમ કહે છે કે બાદર (સંજ્વલન) કષાયનો લોભ રહે છે. એટલે સંજ્વલનની બીજી પ્રકૃતિઓ ઘટતી જાય છે પણ લોભ ઘટતાં ઘટતાં થોડો પણ રહે છે.

[illegible]

[illegible]

[illegible]

રહે છે. અહીંથી જો જીવ ઉપર વધ્યો તો એ પ્રકૃતિ દબાઈ જાય છે, ને જો કદાચ પાછો પડ્યો તો એ લોભથી (ઉપશમ હોવાથી) નીચે આવી જાય છે. એટલે એ લોભ ત્યાં છૂપો રહી કાવતરું કરી જીવને ફસાવવા પ્રયત્ન કરે છે. જો જીવ ન ફસાય તો આગળ વધે છે.

અગીઆરસું ઉપશાંત કષાય વીતરાગ જીવસ્થાનક

આ જીવસ્થાનકે માત્ર એકજ માર્ગ છે. દશમા જીવસ્થાનક સુધી બે રસ્તાઓ હતા, ઉપશમ ભાવ ને ક્ષાયક ભાવ. અહીં જે આવે છે તે ઉપશમ ભાવમાં હોય તે આવે છે. અહીં મોહકર્મની જેટલી પ્રકૃતિઓ હતી, તે બધી દેખાતી નથી, ઉદયભાવમાં નથી, પણ અગ્નિની જેમ આચ્છાદિત (ઢંકાએલી) છે, વસ્તુતઃ નાશ પામી નથી. આ જીવસ્થાનકવાળા વીતરાગ કહેવાય છે, કારણકે મોહનીય કર્મનો દેખીનો અભાવ છે. રાગદ્વેષનાં કારણો ને ક્રોધ માન માયા ને લોભનો અંશ પણ અહીં નથી. આ જીવસ્થાનકથી આગળ વધવાનો સીધો માર્ગ નથી. જેમ છઠ્ઠાથી સાતમા, આઠમા, નવમા, દશમા જીવસ્થાનકે જવાય છે, તેમ અગીયારમાથી બારમા જીવસ્થાનકે જવાતું નથી. ત્યાંથી અવશ્ય તેને આગળ વધતાં અટકવું પડે છે. આ સ્થળે અંતર્મુહૂર્ત સ્થિતિ પૂર્ણ થતાં ચરમ સમયમાં જો આયુષ્ય પૂર્ણ કરે છે, તો તે જીવ અનુત્તર વિમાનમાં જાય છે, ને આયુષ્ય કર્મ અવશેષ હોય છે, તો જીવ ત્યાંથી અવસ્ય નીચે ઉતરે છે. જેમ નીચેથી ઉપર ચડતો ચડતો જતો હતો, તેમ ઉપરથી નીચે ક્રમે ક્રમે ઉતરી પડે છે ને દશમા જીવસ્થાનકે આવે છે. પછી નવમે, છઠ્ઠે, પાંચમે, ચોથે ને બીજે જાય છે. વચમાં ત્રીજું છોડી દે છે. ત્રીજે જવાનો તેનો માર્ગ નથી. વચમાં દશમાથી ચોથા સુધીમાં જતાં જતાં અટકી જાય તો અટકી જાય છે, વા એટલામાં કોઈ પણ જીવસ્થાનકમાં જીવ પોતાની જગ્યા કરી લે છે. પણ તેમ ન થઈ શકે તો છેવટે પહેલા જીવસ્થાનકે પણ જીવ આવી પહોંચે છે. એક ભવમાં જીવ ઉપશમ શ્રેણી બે વખત કરે તો કરી શકે છે, પણ પછી ક્ષપક ભાવમાં જઈ

[illegible]

[illegible]

[illegible]

છે, તેથી વીતરાગકષાય જીવસ્થાનો બે ગણાય છે. આ દશામાં આવવાની શરૂઆત ક્ષપક શ્રેણી આઠમે થાય છે. એ શ્રેણી ઉપર ચઢવું એ જીવનો સહજ ગુણ છે. ક્ષપક શ્રેણી પર આવેલો જીવ બને આઠમે હોય પણ તે પાછો જવાનો નહિજ, એટલે ક્રમે કરી બારમે તે જીવ આવી જાય છે. ઉપશમની શરૂઆત પણ આઠમે થાય છે, પણ તે જીવ અગિયારમામાં આવતાં રેલ્વેના ધક્કાની જેમ અટકી જાય છે. પછી તેનો માર્ગ આગળ હોતો નથી. બારમા જીવસ્થાનકનો માર્ગ આમળ હોય છે ને તે ત્યારપછી તેરમા જીવસ્થાનકે પહોંચી જાય છે. આઠમામાં આવવાને જીવ અપ્રમત્તતાને સેવે છે તેથી આવે છે. એટલે આઠમામાં આવવાને અપ્રમત્તતાજ સ્પષ્ટ કારણ છે. અપ્રમત્ત થવાને ચોથું પાંચમું ને છઠ્ઠું જીવસ્થાનક કારણ છે. એટલે આમ એકબીજાના કારણ રૂપ જીવસ્થાનકથી ઉપર જવાય છે. ઉપર જવામાં નીચેનાં કારણો છે.

બારમા જીવસ્થાનકે સર્વથા મોહનીયની પ્રકૃતિઓ નાશ પામે છે. તેની સ્પષ્ટતા એમ કરે છે કે આઠમા જીવસ્થાનકે દર્શનમોહ ત્રીક ને અનંત અનુબંધ ચતુષ્કનો ક્ષય થાય છે. ત્યારપછી બીજા ચતુષ્ક ને ત્રીજા ચતુષ્કનો ક્ષય થતાં થતાં ચતુર્થ કષાયચતુષ્કનો ક્ષય થવા પ્રસંગ આવે છે. એ વખતે નોકષાયની જે નવ પ્રકૃતિઓ છે તેમા નપુંસક ને સ્ત્રીવેદનો ક્ષય થવાની શરૂઆત થાય છે. ત્યારપછી હાસ્ય ષટ્ક ને પુરૂષવેદનો ક્ષય થાય છે. બારમાના છેવટમાં ને તેરમાની શરૂઆતમાં જ્ઞાનાવરણીય દર્શનાવરણીય ને અંતરાય એ ત્રણ કર્મનો એ મોહનીય કર્મની સાથે વિલય થાય છે. ઘાતી કર્મનાં દલો વિલય કરવામાં જીવ આ સ્થળે અગાધ પુરૂષાર્થ કરવામાં રોકાયો હોય છે.

તેરમું સયોગી કેવલી જીવસ્થાનક

જીવ બારમું ઉલ્લંઘી તેરમામાં જ્યાં પ્રવેશ કરે છે ત્યાં કેવલ જ્ઞાન, કેવલ દર્શન, સહજ સ્વરૂપ ને સર્વશકિતમત્તા તેને બેઠી પડે છે. તેરમા જીવસ્થાનકે આવતાં જીવ આ વસ્તુ મેળવી કૃતકૃત્ય થાય

વલ દર્શન સાથે વિચરતા કેવલીઓને ત્રણે યોગની પ્રવર્તના રહે છે. જેટલો વખત જીવવાનો હોય તેટલો વખત ત્યાં કહાડતાં સ્વલ્પ કાલ માત્ર પાંચ હ્રસ્વ અક્ષર ઉચ્ચાર કરતો વખત) શેષ રહે છે ત્યારે મન વાણી ને શરીરના યોગો એકદમ બંધ થાય છે.

ચૌદમું અયોગી જીવસ્થાનક

ઘણા જીવોને મૃત્યુ વખતે બેભાન દશા હોય છે, તેમ ઘણાઓને ઉપયોગ કે લક્ષ્ય રહેતાં નથી; તેમ મોક્ષગામી જીવોને અંતિમ વખતે શું થતું હશે કે? એમ કદાચ કોઇ શંકા લાવે તો ઉત્તર એ છે કે તેમ બનતું નથી પણ એ જીવો ઘણા ઉપયોગમાં હોય છે. એનું જીવન આંતર દશામાં હોય છે, એટલું જ નહિ પણ અંતરાત્મમય ઉપયોગ હોય છે. કર્મ જીવનો ઉપયોગ ભૂલાવે, ને બેભાન કરાવે, તોપણ તે કર્મજ છે. ત્યારે આ જ્ઞાની જનોને એ કર્મનો નાશ થયો હોય છે, એટલે બેભાન દશા તો કોઈ રીતે તેમને આવતી નથી. સતત ઉપયોગ વર્તતો હોય છે. આ જીવસ્થાનકમા એ જીવો માત્ર સ્વલ્પ કાળ હોય છે. તે વખતે મનયોગ જે વર્તતો હતો તે અહીં આવતાં બંધ થાય છે. પછી તે જીવો વચનયોગને બંધ કરે છે, ત્યારપછી તેઓ કાયયોગને બંધ કરે છે, શ્વાસોચ્છ્વાસ બંધ થાય છે. આ વખતે ચતુર્દશમા જીવસ્થાનકમાં પ્રવેશતા જીવો સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતી શુક્લ ધ્યાનમાં પ્રવેશ કરતા હોય છે. ને ધ્યાનમા ને એ જીવસ્થાનકમાં એ જીવો રહેતાં, છેવટે ચરમ સમયમા નિકળવાની તૈયારીમાં સૂક્ષ્મ ક્રિયા જે હતી તેને ત્રોડતા, સમુચ્છિન્ન ક્રિયા અનિવૃત્ત શુક્લ ધ્યાનના ચતુર્થ પાદમાં પ્રવેશ કરે છે. ત્યાં તેટલા વખતમાં તે જીવો આયુષ્ય પૂર્ણ કરે છે. સાથે વેદનીય નામ ને ગોત્રનો ક્ષય કરી આદારિક તૈજસ ને કાર્મણ એમ ત્રણે શરીરનો પણ એજ સાથે સ ગ ત્યજી ઉર્ધ્વ શ્રેણી અતિ અકિનમાયી ધૃતની જેમ કરે છે. એક સમયની પણ ઢીલ કીધા વિ : એક નમયે જ્ઞાનના ઉપયોમ—આત્મીય વિચાર ને જગતના સર્વ પ૮ ૨ જાણવા સાથે ઇચ્છિત સ્થાને તેઓ પહોંચી

[illegible]

[illegible]

[illegible]

કેવલ દર્શન સાથે વિચરતા કેવલીઓને ત્રણે યોગની પ્રવર્તના રહે છે. જેટલો વખત જીવવાનો હોય તેટલો વખત ત્યાં કહાડતાં સ્વલ્પ કાલ (માત્ર પાંચ હ્રસ્વ અક્ષર ઉચ્ચાર કરતો વખત) શેષ રહે છે ત્યારે મન વાણી ને શરીરના યોગો એકદમ બંધ થાય છે.

ચૌદમું અયોગી જીવસ્થાનક

ઘણા જીવોને મૃત્યુ વખતે બેભાન દશા હોય છે, તેમ ઘણાઓને ઉપયોગ કે લક્ષ્ય રહેતાં નથી; તેમ મોક્ષગામી જીવોને અંતિમ વખતે શું થતું હશે કે? એમ કદાચ કોઇ શંકા લાવે તો ઉત્તર એ છે કે તેમ બનતું નથી પણ એ જીવો ઘણા ઉપયોગમાં હોય છે. એનું જીવન આંતર દશામાં હોય છે, એટલું જ નહિ પણ અંતરાત્મમય ઉપયોગ હોય છે. કર્મ જીવનો ઉપયોગ ભૂલાવે, ને બેભાન કરાવે, તોપણ તે કર્મજ છે. ત્યારે આ જ્ઞાની જનોને એ કર્મનો નાશ થયો હોય છે, એટલે બેભાન દશા તો કોઈ રીતે તેમને આવતી નથી. સતત ઉપયોગ વર્તતો હોય છે. આ જીવસ્થાનકમાં એ જીવો માત્ર સ્વલ્પ કાળ હોય છે. તે વખતે મનયોગ જે વર્તતો હતો તે અહીં આવતાં બંધ થાય છે. પછી તે જીવો વચનયોગને બંધ કરે છે, ત્યારપછી તેઓ કાયયોગને બંધ કરે છે, શ્વાસોચ્છ્વાસ બંધ થાય છે. આ વખતે ચતુર્દશમા જીવસ્થાનકમાં પ્રવેશતા જીવો સુક્ષ્મ ક્રિયા અપ્રતિપાતી શુક્લ ધ્યાનમાં પ્રવેશ કરતા હોય છે. તે ધ્યાનમા ને એ જીવસ્થાનકમાં એ જીવો રહેતાં, છેવટે ચરમ સમયમાં નિકળવાની તૈયારીમાં સૂક્ષ્મ ક્રિયા જે હતી તેને ત્રોડતાં, સમુચ્છિન્ન ક્રિયા અનિવૃત્ત શુક્લ ધ્યાનના ચતુર્થ પાદમાં પ્રવેશ કરે છે. ત્યાં તેટલા વખતમાં તે જીવો આયુષ્ય પૂર્ણ કરે છે. સાથે વેદનીય નામ ને ગૌત્રનો ક્ષય કરી આદારિક તૈજસ ને કાર્મણ એમ ત્રણે શરીરનો પણ એકી સાથે સગ ત્યાગ ઉર્ધ્વ ગતી અગ્નિ અગ્નિમાથી ધૃમની જેમ કરે છે. એક સમયની પણ પાંચચુંક લીધા વિના એક સમયે જ્ઞાનના ઉપયોગ–આત્મીય વિચાર ને જગતના સર્વ પદાર્થ જાણવા સાથે ઇચ્છિત સ્થાને તેઓ પહોંચી

એમ પ્રશ્ન થાય તો ખુલાસો એ છે કે કેટલાક જીવો સમ્યક્ત્વ પામી સમ્યક્ત્વને છોડી દેતા નથી. મનુષ્યભવ પ્રાપ્ત કરી દેવભવમાં તે સમ્યક્ત્વી જાય, ને ત્યાંથી મનુષ્ય ભવમાં આવે, ને એમ ફરી દેવ ભવમાં જાય. મનુષ્ય ને દેવ ભવમાં છાસઠ સાગરોપમ થાય ત્યાંસુધી સમ્યક્ત્વની સ્થિતિ કોઇ કોઇ જીવો ચાલુ રાખે છે. એટલે દેવના બે કે ત્રણ ભવ થાય તેટલામાં છાસઠ સાગરોપમ થાય છે. મનુષ્યભવની સ્થિતિનો વિષય છાસઠ સાગરોપમમાં ગણ્યો નથી. દેવના આયુષ્ય પાસે મનુષ્યનું આયુષ્ય ઓછું હોવાથી તે આયુષ્યની ગણના કરી નથી. સમ્યક્ત્વની સ્થિતિ દેવના ભવ બે કે ત્રણ ચાલુ થાય તેથી ગણી છે, બીજી એની સ્થિતિ નથી.

પાંચમા જીવસ્થાનકની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત છે, ઉત્કૃષ્ટ ક્રોડ-પૂર્વમાં કાંઇક ન્યૂન છે. આ જીવસ્થાનકે જીવો અસંખ્યાતા છે. વ્રતધારી જીવન આ જીવસ્થાનકે છે. વધુમાં વધુ જીવે તો પૂર્વક્રોડ જીવે છે, ને તેઓ શ્રાવક પર્યાય પાળે છે. શ્રાવક વ્રતધારી નૈરયિકો કે દેવો નથી, પણ તિર્યંચ ગર્ભજ પંચેન્દ્રિય સંજ્ઞી જીવો છે ને મનુષ્યો છે. મનુષ્યોની સંખ્યા અસંખ્યાત નથી, પણ તિર્યંચો અસંખ્યાતની સંખ્યામાં છે, તેથી અસંખ્યાત જીવો કહ્યા છે. અઢી દ્વીપની અંદર ને બહાર તિર્યંચો છે જેઓ પૂર્વજન્મ સંભારે છે, ને ત્યાં ધર્મ પામે છે. ત્યાં શ્રાવક વ્રતો તેમને સ્મૃતિ આવે છે, તે ત્યાં ફરીથી એ વ્રતોને સ્વીકારે છે, ને ઘણા વિચારપૂર્વક તેનું પાલન કરે છે. જૈન દર્શનની એ સમજણ છે કે અઢી દ્વીપ બહાર ઘણા તિર્યંચો પૂર્વજન્મના પતનથી દુઃખ સાથે એ વસ્તુને સંભારે છે ને સ્વીકારે છે.

છઠ્ઠા જીવસ્થાનકમાં માત્ર મનુષ્યો છે. જેઓ સાધુઓ થાય છે, તેમને એ જીવસ્થાનક સ્પર્શે છે. ત્યાં સ્થિતિ બે રીતિએ કહી છે. એક પરિણામથી, બીજી વર્તનથી. પરિણામ આશ્રયી જઘન્ય એક સમય છે ને વર્તન અંગે અંતર્મુહૂર્ત છે. ત્યારપછી જીવસ્થાનક છઠ્ઠું બદલાય છે. ઉત્કૃષ્ટ બન્નેમાં પૂર્વક્રોડ છે. આથી સમજી શકાશે કે પરિણામ ને

દર્શન કહે છે કે તે જીવો પોતાને દુઃખ થાય છે તે બરાબર
જે છે, પણ કોણ દુઃખ આપે છે તે સમજી શકતા નથી. એટલે
જીવોને અજ્ઞાન કે ગાઢ મિથ્યાત્વ છે. હવે અહીં એ પ્રશ્ન થાય છે કે
જીવો કોઇ વખતે મિથ્યાત્વથી છૂટશે કે નહિ? તો સમાધાન એ
કે જેઓ અભવ્ય છે, તેઓ મિથ્યાત્વદર્શનથી કયારે પણ છૂટવાના
ી. જો કે તે જીવો એકેન્દ્રિય ઉપરાંત દ્વીન્દ્રિય ત્રીન્દ્રિય ચતુરિન્દ્રિય ને
ચેન્દ્રિય છે, તે જીવો ઉપરમાં ઉપર ઉચ્ચ સ્થાનમાં જઇ શકે છે,
ણ જેઓ અભવ્ય છે તેઓ આત્મસ્વરૂપમાં આવી શકતા નથી.
એ આવવાને ઇચ્છતા નથી, એટલે તેમનું મિથ્યાત્વ અનાદિ ને
નંત છે. ગમે તેટલો કાળ જશે તોપણ તેઓ તે સ્થાન-સ્વભાવને
ડવાના નહિ. બીજા જીવો ભવ્ય છે, તેઓ વર્તમાન કાળે કદાચ
મિથ્યાત્વી હોય પણ તેઓમાં જે ભવ્યતા છે તે વસ્તુ સમજાવે છે
 કોઈ પણ વખતે તે જીવો સન્માર્ગ ઉપર આવશે ખરા. આજે
તેઓ પોતાનાં કર્મથી કદાચ ઘણા કર્મનિષ્ટ હોય, વા લોકોની દૃષ્ટિમાં
દુર્ભવ્ય જેવા પણ દેખાય, પણ વખત મળતાં તેઓ અવશ્ય સંસારથી
છૂટી મોક્ષમાં જવાને પ્રયત્ન કરવાના. ત્રીજા મિથ્યાત્વી જીવો એવા
છે કે જે વીતરાગના કથન ઉપર આવીને સમ્યક્ત્વી થાય છે, પણ તેઓ
કર્મવશાત્ પાછા વિષય કષાય ને અજ્ઞાનને વશ થાય છે, એટલે સમ્ય-
ક્ત્વ પામી પાછા મિથ્યાત્વી થાય છે. એટલે પહેલો પ્રકાર
અભવ્ય જીવો મિથ્યાત્વી છે તે, ને બીજો પ્રકાર ભવ્ય જીવોનો છે પણ
તેઓ હાલમાં મિથ્યાત્વી છે. ત્રીજો પ્રકાર તો એ છે કે જેઓ
એક વખતે સમ્યક્ત્વી હતા પણ વર્તમાન કાલે સમ્યક્ત્વથી ખસ્યા
છે એટલે મિથ્યાત્વી છે. એટલે વર્તમાન કાલે ત્રણ પ્રકારના જીવો
મિથ્યાત્વ જીવસ્થાનકે છે. આ ત્રણ પ્રકારના જીવો મિથ્યાત્વ જીવ-
સ્થાનકે હોવા છતાં ગમે તે ગતિમાં ને ગમે તે જાતિમાં હોય છે.
એનો અર્થ એવો નથી કે સમ્યક્ત્વી હોય તે જીવો હમેશાં ઉચ્ચ ગતિ-
માં ને ઉચ્ચ જાતિમાં હોય છે. અભવ્ય જીવો મિથ્યાત્વ જીવસ્થાનકને

બારમા જીવસ્થાનકની સ્થિતિ જઘન્ય ને ઉત્કૃષ્ટ માત્ર અંતર્મુહૂર્ત છે. અહીં માત્ર ક્ષપક શ્રેણી છે, એટલે ક્ષપક શ્રેણીના જીવનો હિસાબ ઉપર જે કહ્યો છે તે અહીં સમજી લેવો. અહીં જીવને મોહનીય કર્મનો નાશ કરવા સાથે ત્રણ કર્મનો નાશ કરવાનો હોય છે, એટલે એટલો વખત અહીં વધારે થાય છે.

તેરમા જીવસ્થાનકે જીવો જઘન્ય અંતર્મુહૂર્ત રહે છે ને ઉત્કૃષ્ટ પૂર્વ ક્રોડ વર્ષમાં નવ વર્ષ ન્યૂન રહે છે. જીવો અહીં કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે. અંતકૃત કેવલી હોય તો અંતર્મુહૂર્ત રહી આયુષ્ય પૂર્ણ કરી મોક્ષમાં ચાલ્યા જાય છે, પણ નવ વર્ષમાં દીક્ષિત થઈ તુર્ત તેઓ કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે ને જેમને પૂર્વ ક્રોડનું આયુષ્ય ગાળવાનું હોય છે તેઓ તેટલાં વર્ષ જીવે છે. એટલે તેરમા જીવસ્થાનકે તેટલી સ્થિતિ હોય છે. અહીં જીવો જઘન્ય બે ક્રોડ કેવલી ઉત્કૃષ્ટ નવ ક્રોડ કેવલી હોય છે. ચૌદમા જીવસ્થાનકની સ્થિતિ જઘન્ય ને ઉત્કૃષ્ટ સરખી છે. અહીં જીવો માત્ર પાંચ હ્રસ્વ અક્ષર ઉચ્ચાર થતાં જેટલો વખત થાય તેટલો વખત ટકે છે. તેરમા જીવસ્થાનકે જીવોની સંખ્યામાં આ જીવસ્થાનકની સંખ્યા ગણી લેવી.

ચૌદ જીવસ્થાનકના જીવોની ન્યૂનાધિકતા

ઉપર કહેલા જીવસ્થાનકના જીવોની સંખ્યા ઉપરથી સમજી જવાશે કે કયા સ્થળે સર્વથી ન્યૂન છે ને કયા સ્થળે સર્વથી વધારે છે; છતાં વધુ સ્પષ્ટતા કરીએ. ઉપશાંત મોહના જીવો (આઠમા નવમા દશમા ને અગિયારમાના) સર્વથી ન્યૂન છે. તેથી ક્ષપક ભાવના (આઠમા નવમા દશમા ને બારમા જીવસ્થાનકના) જીવો સંખ્યાતગુણ વધારે છે. તેથી સયોગી કેવલી જીવસ્થાનકના જીવો સંખ્યાતગુણ અધિક છે. તેઓ પૃથક્ક્રોડ ઓછામાં ઓછા હોય છે. તેથી અપ્રમત્ત યતિઓ સંખ્યાતગુણ અધિક છે. તેથી પ્રમત્ત યતિઓ સંખ્યાતગુણ વધારે છે. તેથી દેશવિરતિ પાંચમા જીવસ્થાનકના જીવો (જેમાં મનુષ્ય ઉપરાંત તિર્યંચ ગર્ભજ હોય છે) અસંખ્યાતગુણ અધિક

તે જીવો ધારે છે. જીવો એક નમોક્કાર સહિત પ્રત્યાખ્યાન પણ એકાસણમાં એવું કરે છે. વિશેષ આગળ વધે તો અગિયાર શ્રાવક પ્રતિમાઓ પણ તે આદરી શકે છે. છઠ્ઠે જીવસ્થાનકે જેઓ ત્યાગી છે, તેઓ પન્નર પ્રકૃતિનો ક્ષયોપશમ કરે છે. એટલે શ્રાવક જીવસ્થાનક કરતાં એક ચોકડીનો વધારે ક્ષયોપશમ કરે છે. તેમ ત્યાં સંસારનો ભાવ મટ્યો છે; તેથી એ ચોવીશમાંથી બાવીશ ક્રિયા તેમને લાગતી નથી, પણ તેમાંની બે લાગે છે, તે આરંભિકા ને માયાપ્રત્યયિકા. આ જીવસ્થાનકે આરંભ નથી તો કેમ લાગે છે, એમ શંકા થશે તો એ સંબંધી સમજણ એ છે કે તે જીવો (સાધુઓ) પચન પાચન અનુ-મોદન વિગેરે જોકે કરતા નથી, પણ શરીરને અંગે તો તેઓને પ્રમત્તતા છે તેથી એ ક્રિયા લાગે છે. તેઓ શરીરને કારણે વિહાર, અશન ને ભોજન કરે છે, તેમાં હિંસા થવા સંભવ છે, તેમ તેમને કષાય ભાવ છે, તેથી જ્ઞાની જનો કહે છે કે તેમને આરંભિકા ક્રિયા લાગે છે. ઘૃતકુંભ હોય તેમાંથી ઘૃત કહાડી લીધું હોય, તોપણ એ કુંભમાંથી ઘૃતની નિશાની જતી નથી; તેમ આ જીવસ્થાનકે આરંભ છોડ્યા છતાં આરંભ થાય તેવાં કારણો પ્રમાદ ને કષાય તે જીવોને છોડતાં નથી. સાતમા જીવસ્થાનકે અપ્રમત્તતા હોય છે, તેથી આરંભિકા ક્રિયા તે જીવોને સ્પર્શતી નથી, પણ એક માયાપ્રત્યયિકા રહે છે. છઠ્ઠે બે હતી, તેમાંની અહીં એક રહે છે. આઠમા, નવમા, દશમા જીવસ્થાનકે ઉપશમ ભાવ ને ક્ષપક ભાવ ભિન્ન ભિન્ન રીતે હોય છે એટલે મોહનીય કર્મની પ્રકૃતિઓ ઘણી વિલય પામવામાં હોય છે. એ સંબંધી આગળ વાત આવી ગઈ છે. એ ત્રણે જીવસ્થાનકે પ્રકૃતિઓનો નાશ થતાં થતાં માયાને લોભ થોડા થોડા રહે છે, તેથી વીતરાગો કહે છે કે તે જીવસ્થાનકે એ ચોવિસમાંથી ત્રેવિસ નહિ લાગતાં એક માયા-પ્રત્યયિકા તો લાગે છે. એટલું લાગવાનું કારણ એ છે કે એ પ્રકૃતિનો સત્તા પણ ઉદય ભાવ છે. હવે ત્યાંથી આગળ વધીએ તો અગિયારથી ચૌદમા સુધીનાં જીવસ્થાનકોમાં એ ચોવિસમાંની એક પણ ક્રિયા જીવોને

પણ સાચી સત્યપથમાં આવવા ખાસ કરશે. થોડા જ્ઞાનથી જેની બુદ્ધિ દુર્વિદગ્ધ થઈ ગઈ છે તેને માટે તો કોઇ કરવાનું નથી. વિશેષ નહિ તોપણ વાચકો જીવસ્થાનક સ્વરૂપનો વિચાર કરી પોતાનું સ્થાન શું છે તે વિચારી લે.

પ્રકરણ ચોથું

જ્ઞાનવિભાગ ચોથો : ષટ્ દ્રવ્યનું સંક્ષેપમાં વિવેચન

છ દ્રવ્યોની સમજણ જેની અંદર છે, તેને દ્રવ્યાનુયોગ કહેવામાં આવે છે. જૈન દર્શનમાં ચાર અનુયોગો કહ્યા છે, તે હસ્તીના પાદની જેમ છે. હસ્તીને ઉભા રહેવામાં ચાર પાદની આવશ્યકતા છે, તેમજ જૈન દર્શનને સ્થિત કરવામાં આ દ્રવ્યાનુયોગાદિ ચારે યોગોની આવશ્યકતા છે. જીવને જ્ઞાન મેળવવામાં જૈન દર્શને જો ભાર આપ્યો હોય તો આ ચાર અનુયોગને હૃદયગત સ્થાપવા જોઇએ. તેમાં પણ દ્રવ્ય વિષે ઘણું સારૂં સમજવાને જિજ્ઞાસુએ અભ્યાસ કરવો જોઇએ. કારણ, દ્રવ્ય એ શું ચીજ છે, તે ઓળખાય તો આત્મા પણ એક દ્રવ્ય છે અને તેને સમજવા જીવ અવશ્ય પ્રયત્ન કરે. આ આખા વિશ્વમાં સઘળાં દ્રવ્યો છે, પણ તેને ઓળખનાર જો જીવ નથી, તો પછી એ દ્રવ્યો કોને કામનાં છે? એટલે સઘળાં દ્રવ્યોનો ઉપભોક્તા ને જ્ઞાતા હોય તો એક જીવ દ્રવ્ય છે. એ જીવ સાથે બીજાં કયાં કયાં દ્રવ્યો છે, તે આ ષટ્ દ્રવ્યના વિવેચનથી સમજાશે. નવ તત્ત્વ, કર્મ-પ્રકૃતિ, ને જીવસ્થાનક વિષે જે હકીકત સમજાવી છે તે જેટલી અગત્યની છે, તેટલું આ દ્રવ્યો વિષે જાણવું અગત્યનું છે. જૈન દર્શન કહે છે કે વસ્તુને વસ્તુરૂપે બરાબર ઓળખાય તો તે જ્ઞાન છે. વિપરીત રૂપે ઓળખાય તો તે જ્ઞાન નથી, પણ અજ્ઞાન છે. વેદાન્ત દર્શને માત્ર, આખા વિશ્વમાં રહેલી એકજ વસ્તુ સ્વીકારી છે ને તે એક માત્ર બ્રહ્મ છે. તે સિવાય બીજી કોઈ ચીજ નથી. રામાનુજાચાર્યે બ્રહ્મ

...કાશ એ બે દ્રવ્યોને જૈન દર્શન સિવાય બીજા કોઈ સ્વીકારતા નથી. ...કાશ જેમ વ્યાપક છે, તેમ એ બે દ્રવ્યો વ્યાપક છે, એટલે લોકને વ્યાપીને રહ્યા છે. એ ત્રણે દ્રવ્યોમાં જીવો ને પુદ્ગલો સર્વ વ્યાપીને રહ્યા છે. એ પાંચે ઉપર કાલ દ્રવ્યે પોતાની સત્તા પક્ષીની પાંખની જેમ પ્રસારી છે. કાલ દ્રવ્ય દિવસ ને રાત્રિની દૃષ્ટિએ અઢી દ્વીપમાં છે, તેમ કહ્યું છે, પણ વસ્તુ રૂપે તો આખા લોકમાં કાલ વ્યાપીને રહ્યો છે. એ દ્રવ્યો પોતપોતાના અસંખ્ય પ્રદેશાત્મક સ્વરૂપે (પુદ્ગલ એથી અનંત પ્રદેશાત્મકપણે) જ્યારે સ્થાયી છે, ત્યારે કાલ દ્રવ્ય પોતાના એક પ્રદેશાત્મક—અવયવ રૂપે છે.

લોકનો વિષય

જૈન દર્શન પ્રમાણે આ આખો લોક છે તેમાં એ ૭ દ્રવ્યો રહ્યાં ... લોક સિવાય એકલો અલોક છે તેમાં માત્ર એકલું આકાશ ...ય છે. એને અન્યદર્શનીઓ શૂન્ય કહે છે. આ લોકની સીમા જેટલા યોજનની છે તેટલામાં જ જીવ પુદ્ગલો વિગેરે રહ્યાં છે. લોકની સીમા મૂકી આગળ ઉપર કે નીચે પૂર્વ કે પશ્ચિમમાં એ જીવ પુદ્ગલો જતાં નથી. કારણ, જૈન દર્શનનું એ કથન છે કે લોકની સીમા ઉપરાંત ધર્માસ્તિકાય દ્રવ્ય નથી. જો અલોકમાં એ ધર્માસ્તિકાય દ્રવ્ય હોત તો જીવો ને પુદ્ગલો ગયાં હોત, પણ તેમ થયું નથી, થતું નથી ને થશે પણ નહિ.

કર્તા ને ભોક્તા કોણ?

આ ૭ દ્રવ્યોમાં કોણ કર્તા ને કોણ ભોક્તા છે, વા કયું દ્રવ્ય ... કોણ ગ્રાહક છે ને કોણ ગ્રાહ્ય ... વિષયી છે ને કયા વિષયો છે, અથવા કોણ ગ્રાહક છે ને કોણ ગ્રાહ્ય ... છે, એમ શંકા થાય તો જૈન દર્શન કહે છે કે, એ બધાંમાં એક જીવ દ્રવ્યજ કર્તા ને ભોક્તા છે. પોતેજ ગ્રાહક ને વિષયી છે, જ્યારે બીજાં બધાં દ્રવ્યો ગ્રાહ્ય ને વિષયો છે. કારણ, જીવ દ્રવ્ય એક ચેતનવંત છે, ત્યારે બીજાં દ્રવ્યો જડ છે. જડને કોઈ પણ જાતિની સમજણ લાગણી

કે જ્ઞાન છેજ નહિ જે છે તે બધું જીવને છે. એટલે જીવ દ્રવ્ય સર્વ દ્રવ્યોનો ઉપયોગ કરનાર છે બીજા દ્રવ્યો જીવ દ્રવ્યને ઉપયોગમાં આવે છે, મદદ કરે છે ને પોતાની સ્થિતિ પ્રમાણે રહે છે. જીવ કર્મસંગથી પુણ્ય ને પાપનો કર્તા થયો છે. ને તેથી સુખ ને દુઃખનો ભોક્તા પણ થયો છે. વસ્તુત નિશ્ચયદૃષ્ટિએ પુસ્તકોનાં કથન પ્રમાણે જીવ પોતાના સહજ ગુણનો રસિક છે પોતે આત્મા આનંદમય છે. હકીકત એ છે કે જીવ સિવાયના બધાં દ્રવ્યો જડ છે, ને જડ હોવાથી અકર્તા ને અભોક્તા છે, ત્યારે જીવ દ્રવ્ય કર્તા ને ભોક્તા છે.

છ દ્રવ્યની વિશેષ વ્યાખ્યા : ધર્માસ્તિકાય ને અધર્માસ્તિકાય

આ બે દ્રવ્યો વિશ્વ–લોકવ્યાપક છે. આ બે દ્રવ્યોને કોઈ પણ ઇન્દ્રિયથી પકડી શકાતાં નથી. તેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ને સંસ્થાન વિગેરે નથી. ઇન્દ્રિયોથી જે પકડી શકાય છે તે પુદ્‌ગલો છે, ને તેમાં વર્ણ ગંધ રસ ને સ્પર્શ વિગેરે છે. આ બે દ્રવ્યો છે એમ સામાન્ય જનતાને પ્રતીતિ આવતી નથી, તેથી જૈન દર્શન સિવાય બીજાં દર્શનોએ સ્વીકાર કર્યો નથી, છતાં જૈન દર્શન કહે છે કે તે વસ્તુ છે. વળી તે કહે છે કે બન્ને તે વસ્તુ આંખથી જોવામાં આવે નહિ પણ તેના ગુણથી એ વસ્તુ છે એમ પ્રતીતિ આવે છે. જૈન દર્શનનું માનવું છે કે આખા વિશ્વમાં જે જડ ને ચેતન પદાર્થો હિલચાલ કરે છે તે ધર્માસ્તિકાયને લીધે કરી શકે છે. તે દ્રવ્ય ન હોય તો જીવ ને જડ બીલકુલ આવજા કરી શકે નહિ. જીવ ને જડ ચાલે છે તેમાં ધર્માસ્તિકાય દ્રવ્ય ગુપ્ત રીતે મદદ આપે છે. જલમાં મત્સ્યો પોતાની પ્રેરણાથી ચાલે છે પણ તેમાં જલ તેમને અનુકૂલ મદદગાર છે; જો જલ ન હોય તો મત્સ્યો બન્ને પોતાની પાંખ ને પગ પછાડે, પણ આગળ વધી શકે નહિ. પાખું પોતાની પાછળ પીછાંમાં પવન ભરાવાથી ચાલે છે, જો પીછાં ન હોય તો પાખુ ઈ શકે નહિ

જેમ આ પ્રાણીગણ ને પુદ્ગલો જગત્માં જ્યાં ત્યાં ચાલે છે, તે ધર્માસ્તિકાય ન હોય તો ચાલે નહિ. એટલે ધર્માસ્તિકાય દ્રવ્ય જીવ ને જડને ચાલવામાં જલ મત્સ્યની જેમ સહાય આપે છે. અધર્માસ્તિકાય આથી ઉલટી દિશામાં કાર્ય કરે છે; એટલે કે જીવ ને જડને જ્યારે અટકવું હોય ત્યારે તે અધર્માસ્તિકાય અટકાવે છે ને સ્થિતિ આપે છે. અશ્વ ચાલતાં ચાલતાં શ્રમિત થઈ જાય છે, ત્યારે પૃથ્વી જેમ આશ્વાસન આપે છે, તેમ અધર્માસ્તિકાય દ્રવ્ય જીવ ને જડને વિસામાની જેમ વિશ્રાન્તિ આપે છે. આ બે દ્રવ્યો જીવ જડને ગતિ ને સ્થિતિ આપવામાં ગુપ્ત રીતે કાર્ય કરે છે. વસ્તુતઃ કોઇના કારણ કે કાર્ય રૂપે આ બે દ્રવ્યો નથી. ઘટમાં કુંભકારની જેમ નિમિત્તરૂપે કારણભાવ તે બે દ્રવ્યોમાં છે, પણ ઉપાદાનરૂપે તેમનામાં કારણતા નથી. એ બે દ્રવ્યોનો વિનાશ કે ઉત્પત્તિ તેમના મૂલ સ્વરૂપમાં નથી, તથાપિ જીવ ને જડના ગમનાગમનને લીધે પર્યાયરૂપે ઉત્પત્તિ ને વિનાશ ચાલુ છે. આથી સ્પષ્ટ હકીકત એ છે કે દ્રવ્ય રૂપે તે બન્ને દ્રવ્યો ધ્રુવ છે ને પર્યાય રૂપે અધ્રુવ છે, અથવા નિત્ય ને અનિત્ય છે.

આકાશાસ્તિકાય

આ દ્રવ્ય ઉપરનાં બે દ્રવ્યોથી તદ્દન ભિન્ન છે. સર્વ મનુષ્યવર્ગ આ દ્રવ્યને ઓળખે છે. આ દ્રવ્ય સર્વ દ્રવ્યનો આધાર છે. જેમ કોઈ મુસાફર સરાઇનો આશ્રય માગે છે, ને સરાઈ(ધર્મશાલા) મળતાં તેમાં આશ્રય લે છે, તેમ સર્વ દ્રવ્યો આકાશ દ્રવ્યનો આશ્રય લે છે. દૂધમાં સાકર સમાય છે, તેમ બધાં દ્રવ્યો તેમાં સમાય છે. આકાશ અમૂર્ત-અરૂપ છે, ઇન્દ્રિયોથી ગ્રાહ્ય નથી, તથાપિ તેનાં લક્ષણથી તે વસ્તુ છે એમ સૌ કોઇને પ્રતીતિ આવે છે જ્યાં જ્યાં દ્રવ્ય છે, ત્યાં ત્યાં ગુણ છે. ગુણ ગુણી વચ્ચે અવિનાભાવ સંબંધ છે. ગુણ ગુણી વચ્ચે અન્યત્વ છે, પણ પૃથક્ત્વ નથી. એટલે ગુણ ને ગુણી બે વસ્તુ એક બીજાથી અન્ય-ભિન્ન છે, પણ બે ભિન્ન રહેતા નથી; જેમ દૂધ ને તેની શ્વેતતા વચ્ચે સ્થિતિ છે તેમ; અર્થાત્ દ્રવ્યમાં ગુણ

દૂધમાં ચેતનાની જેમ છે. એ બે ભિન્ન પડતા નથી. ધર્માસ્તિકાયનો ગુણ ગતિ આપવાનો છે, અધર્માસ્તિકાયનો ગુણ સ્થિતિ આપવાનો છે, તેમજ આકાશનો ગુણ અવકાશ આપવાનો છે. આકાશ દ્રવ્ય બે રીતે વહેંચાયેલું છે. એક લોકાકાશ છે ને બીજું અલોકાકાશ છે. જ્યાંસુધી લોકની હદ છે ત્યાંસુધીમાં જે આકાશ છે તે લોકાકાશ છે. એ સિવાયનું જે આકાશ છે તે અલોકાકાશ છે. લોકાકાશ દ્રવ્યના અસંખ્યાત પ્રદેશ (અવયવ) છે. અલોકાકાશના અનંત અવયવ છે. જેમ ઉપર બે દ્રવ્યો કહ્યાં તેમ આકાશ પણ દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે. કારણ તે વસ્તુ વસ્તુરૂપે સત્ છે અને કાલમાં તે વસ્તુ નાશ પામવાની નથી, પણ પર્યાયની અપેક્ષાએ આકાશ અનિત્ય છે.

જૈન દર્શન અપેક્ષાથી નિત્યાનિત્ય વસ્તુનો સ્વીકાર કરે છે, પણ અપેક્ષા વિના નહિ. ત્યારે બ્રહ્મનું દર્શન ને બૌદ્ધ દર્શન એક એક અપેક્ષાથી વસ્તુને જુએ છે, કારણ કે દર્શન આકાશાદિ કેટલીક વસ્તુને નિત્ય કહે છે ને બૌદ્ધ દર્શન અનિત્ય કહે છે, ત્યારે જૈન દર્શન બન્ને બાજુનો ખ્યાલ કરી વસ્તુ માત્રને નિત્ય ને અનિત્ય કહે છે. એટલે અહીં આકાશ દ્રવ્ય દ્રવ્યરૂપે નિત્ય છે ને પર્યાય રૂપે અનિત્ય છે. જેમ ઘટાકાશ, પટાકાશ, મઠાકાશ, નગરાકાશ, નદ્યાકાશ, દુર્ગાકાશ વિગેરે ઘટ પટ વગેરે વસ્તુઓના સંબંધના લીધે કહેવાય છે, તેમ જીવ ને જડના ગમનાગમનને લીધે તેનું પરિવર્તન થાય છે, તે અપેક્ષાથી કહેવાય છે. વસ્તુતઃ આકાશ તો અમૂર્ત છે. તેનો ફેરફાર તો કાંઈ થતો જ નથી. દૂધમાં જલ જેમ સમાય છે, અથવા ભિન્ન છતાં એકમેક દેખાય છે, તેમ ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય ને લોકાકાશાસ્તિકાય એ ત્રણે દ્રવ્યો એકત્ર રહ્યાં છે, અથવા કહો કે અરસપરસ વ્યાપીને રહ્યાં છે. આ ત્રણે દ્રવ્યો સંખ્યામાં એક એક છે, પણ અનેક નથી.

કાલ દ્રવ્ય

આ દ્રવ્ય ઉપરનાં ત્રણ દ્રવ્યોની જેમ અમૂર્ત છે એટલે અરૂપ

રહ્યું છે. જીવ ને જડની ઉપર કાલ દ્રવ્ય પોતાની સત્તા ચલાવે છે. બીજાં દ્રવ્યો અસંખ્યાત ને અનંત પ્રદેશ રૂપે છે, ત્યારે આ દ્રવ્ય માત્ર એક પ્રદેશરૂપે છે. તેની સાથે બીજા પ્રદેશો વળગેલા હોતા નથી. નદીના જલની જેમ કાલ દ્રવ્ય હંમેશાં વહેણરૂપે ચાલે છે. એક સમય વર્તમાન કાલે છે, તે જ્યારે ચાલી જાય છે, એટલે તુર્ત બીજો સમય આવે છે. એમ એક પછી એક સમય વહેણરૂપે ચાલે છે. કાલ દ્રવ્યના અનંત સમય આજસુધી ચાલી ગયા છે ને હજી પણ જૈન દર્શનના કથન પ્રમાણે અનંત સમય એકેકની અંતરે આવશે. પણ તે સમયો સ્થિતિ રૂપે રહેતા નથી, એટલે તેને 'અસ્તિકાય' કહેવામાં આવ્યો નથી. કાલ દ્રવ્ય બીજાં દ્રવ્યોની જેમ કદાચ ઉપયોગમાં ન આવવાથી એ વસ્તુ છે એમ લોકો નહિ માને, પણ અનુભવનો વિષય છે કે કાલ એવી કોઈ ચીજ ન હોય તો મોડું થયું, વહેલું થયું એવું માપ શા આધારે નિકળે ? અર્થાત્ એ વસ્તુ રૂપે છે, પણ અવસ્તુ નથી. સૂર્યચંદ્રના ગમન ઉપરથી કાલનું માપ નિકળ્યું છે, એમ આજે વ્યવહારમાં ચાલે છે. જૈન દર્શન પ્રમાણે એ પદ્ધતિ અઢી દ્વીપમાં છે, પણ બહાર નથી. પણ એથી એ અર્થ નથી નિકળતો કે કાલ અઢી દ્વીપ બહાર નથી. અઢી દ્વીપ બહાર મનુષ્ય નથી પણ પશુઓ નારકો ને દેવો અસંખ્ય છે. તેઓ આયુષ્ય પૂર્ણ કરીને મતાંતર કરે છે. તેમ જ્યાં જ્યાં પુદ્ગલો છે, તેની ઉપર પણ કાલ પોતાનું પરિવર્તન ચલાવે છે. પુદ્ગલો એક વખત એકત્ર થાય છે, ને તે પછી વેરાઈ પણ જાય છે. એટલે એ રીતે કાલ આખા લોકમાં જીવને જડ ઉપર ફરી વળ્યો છે. કાલ દ્રવ્યનો તે જ ગુણ છે કે જે બધાં દ્રવ્યો ઉપર વર્તે છે. કાલ દ્રવ્યથી નિત્ય છે પણ પર્યાયથી અનિત્ય છે. ધર્માસ્તિકાયાદિ દ્રવ્યની જેમ કાલ દ્રવ્ય એક નથી પણ અનેક છે. જેટલા સમય તેટલાં કાલ દ્રવ્ય છે. એ કાલ બીજાં દ્રવ્યોને પરિણમાવવામાં નિમિત્ત રૂપ કારણ છે, પણ ઉપદાન નથી. કાલ દ્રવ્ય અમૂર્ત હોવાથી કોઈનું કારણ થતું નથી.

તેના પર્યાયો

કાલ દ્રવ્ય મનુષ્યોના ઉપભોગમાં આવતુ નથી, તેમ તે નિર્જીવ છે, છતા મનુષ્યોને તેના વિના ચાલતુ નથી મનુષ્યો ક્ષણે ક્ષણે કે ઘડીએ ઘડીએ કહે છે કે, એ કેમ નથી આવ્યા? ક્યારે આવશે? કેટલો વખત થયો? એ મનુષ્ય ક્યારે જન્મ્યો? એ ક્યારે મૃત્યુ પામ્યો? આમ મનુષ્યોમાં કાલ માટે ગણના થાય છે આ જ કાલ છે, ને એ કાલનો પર્યાય આ છે સમય, નિમેષ, કાષ્ઠા (૧૫ નિમિષ), કલા (૨૦ કાષ્ઠા), નાડી (ઘડી=વીસ કલાથી થોડું વધુ), મુહૂર્ત, દિવસ, રાત્રિ, પક્ષ, માસ, ઋતુ, અયન, વર્ષ, યુગ, વિગેરે. આ બધી ગણતરી વ્યવહારમાં લોકોના ખ્યાલમાં આવવા માટે થાય છે નિમિષનુ માપ આંખના પલકારા ઉપરથી ને મુહૂર્ત દિવસ રાત્રિ વિગેરેનુ માપ સૂર્યની ગતિ ઉપરથી નિકળી શકે છે આ બધા કાલના પર્યાયો છે. આ પર્યાય ઉપરથી કાલ દ્રવ્યનો ખ્યાલ [illegible] કેટલા અનંત [illegible] છે તેનો ખ્યાલ [illegible] આ બધા ઉપરથી એ ખ્યાલ [illegible]

પુદ્ગલાસ્તિકાય

[illegible] સર્વ [illegible] કેટલી [illegible] છે. [illegible] વિગેરે [illegible] ઉપરનાં [illegible] ગંધ [illegible] જૈન [illegible]

જૈન તેને પુદ્ગલનો ગુણ કહે છે. આકાશ અમૂર્ત ને અગુરુલઘુ છે, જેમાંથી શબ્દ કોઈ રીતે ઉત્પન્ન થઈ શકતો નથી. શબ્દ પુદ્ગલ છે ને ઇન્દ્રિયગ્રાહ્ય છે. જે ઇન્દ્રિયગ્રાહ્ય છે, તે સર્વ પુદ્ગલો છે. જૈન દર્શન કહે છે કે શબ્દ, કંઠ ઓષ્ઠ તાલુ ને જિહ્વાથી થાય છે; તેમ પુદ્ગલો સામાસામી અથડાવાથી થાય છે પણ શબ્દ આકાશ-જન્ય નથી.

પુદ્ગલાસ્તિકાયની વિશેષ વ્યાખ્યા

ધર્માસ્તિકાયાદિ ત્રણ દ્રવ્યોને સ્કંધ દેશ ને પ્રદેશ છે, તેમ પુદ્ગલાસ્તિકાય દ્રવ્યને પણ સ્કંધ દેશ ને પ્રદેશ છે. કાલ દ્રવ્યને સ્કંધ દેશ કે પ્રદેશ નથી. કાલ પોતે એક અણુરૂપે છે. પુદ્ગલ દ્રવ્યમાં સ્કંધ દેશ પ્રદેશ ઉપરાંત એકેક અણુઓ છે. અણુઓ એટલે જેનો બીજો ભાગ થઈ શકે નહિ તે. આ અણુઓ એટલા બધા ઝીણા હોય છે કે ચક્ષુ તેને પકડી શકતી નથી. એક અણુ છે, એમ દ્વયણુક છે, ત્ર્ય-ણુક છે, ચતુરણુક છે. એમ એક એક વધતા અસંખ્યાત ને અનંત અણુઓનો સ્કંધ છે, ને તેવાં પુદ્ગલોના અનંત અનંત સ્કંધો આ વિશ્વમાં રહ્યા છે. એક પરમાણુ છે તેમાં માત્ર એક વર્ણ, એક ગંધ, એક રસ ને બે સ્પર્શો હોય છે. સ્કંધ હોય છે, તેમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ ને આઠે સ્પર્શો રહે છે. એક પરમાણુ પરમાણુરૂપે રહે છે ત્યાંસુધી અપ્રદેશી કહેવાય છે, પણ જ્યારે તેની સાથે બીજો અણુ (પરમાણુ) સંઘાતક રીતે રહે છે ત્યારે તેઓ અરસપરસ સપ્રદેશી થાય છે. એક પરમાણુ એકલો રહે તો ઘણો કાલ રહે છે, અને બીજાઓના સંગમાં રહે છે તોપણ ઘણો કાલ રહે છે.

પુદ્ગલમાં ક્રિયા છે પણ કર્તૃત્વ નથી

જૈન દર્શન કહે છે કે પુદ્ગલોમાં કર્તૃત્વ નથી, પણ ક્રિયા તો છે. એક પરમાણુથી માંડી અનંતપ્રદેશી સ્કંધો વિશ્વમાં આવજા કરે છે. તેઓ જડ છે, ચેતન નથી, છતાં તેમાં હલનચલન છે, કમ્પ

છે, સ્પન્દન છે. આકાશમાં વાદળાં ક્ષણમાં પુષ્કળ વિસ્તારમાં થાય છે ને ક્ષણમાં વિલય પામે છે. પુદ્ગલમાં ક્રિયા છે તેથી એ થાય છે. એમ અગણિત સ્કંધો ને પરમાણુઓ ક્રિયા કરી રહ્યા છે, પણ ચેતન ન હોવાથી તેમનામાં કર્તૃત્વવાળી ક્રિયા નથી.

પુદ્ગલ દ્રવ્યના ચાર ભેદ છે. સ્કંધ, સ્કંધ દેશ, સ્કંધ પ્રદેશ, અને પરમાણુ. સ્કંધ એટલે એક પિંડ. દેશ એટલે તેનો નાનો ભાગ. પ્રદેશ એટલે તેનો અન્તિમ છેલ્લામાં છેલ્લો ભાગ. પરમાણુ એટલે જેનો બીજો ભાગ કોઈ રીતે થઈ શકે નહિ તે, અથવા એક અવયવ. સ્કંધો બે પ્રકારના છે ઇન્દ્રિયોથી જોઈ શકાય છે તેવા બાદર ને ઇન્દ્રિયોથી જોઈ શકાય નહિ તેવા સૂક્ષ્મ એ બન્નેના મળી એકંદર છ વર્ગો થાય છે. બાદર બાદર ૧, બાદર ૨, સૂક્ષ્મ બાદર ૩, બાદર સૂક્ષ્મ ૪, સૂક્ષ્મ ૫, સૂક્ષ્મ સૂક્ષ્મ ૬. પહેલા વર્ગમાં લાકડું, પથરો, વિગેરે આવે છે. જેને ભાગ્યા પછી જોડી શકાતાં નથી. (૧). ભાગ્યા પછી ભેગા થઈ શકે છે તેવા પ્રવાહી પદાર્થ દૂધ તેલ જળ વિગેરે બીજા વર્ગમાં આવે છે (૨). ત્રીજા વર્ગમાં આવી શકે છે તે પુદ્ગલો, જે ભાગી શકાય નહિ તેમ હાથમાં આવી શકે નહિ જેવાં કે તડકો ચંદ્રિકા છાયા વિગેરે (૩) ચતુર્થ વર્ગના પુદ્ગલો સૂક્ષ્મ છે પણ ઇન્દ્રિયોથી પકડાય છે જેવા કે સ્પર્શ, રસ, ગંધ, શબ્દ વિગેરે. (૪). પાંચમામાં એકલાં સૂક્ષ્મ છે પણ ઇન્દ્રિયોથી પકડાતા નથી તે કર્મવર્ગણા. (૫). છઠ્ઠામાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ કર્મવર્ગણાથી નીચેનાં ઉતરતાં પુદ્ગલો છેક દ્વયણુક સ્કંધ સુધીના (૬) શરીર રૂપે ને ઇન્દ્રિય રૂપે જેટલાં પુદ્ગલો પરિણમાવે છે તે બધા પ્રાયોગિક પુદ્ગલો છે, ને જેટલાં હાથમાં આવી શકે નહિ તથાપિ ઇન્દ્રિયોથી પકડાય છે, તે બધાં પુદ્ગલો વૈસ્રસિક છે.

વળી પરમાણુથી દ્રવ્ય ક્ષેત્ર કાલ ને ભાવનો પણ ખ્યાલ આવે છે. સ્કંધ પરમાણુથી બનેલા છે, ને તેથી દ્રવ્યની સંખ્યા સમજાય છે. એમ પરમાણુ આકાશના પ્રદેશમાં રહેલા હોવાથી ક્ષેત્ર વિગ

છે, સ્પન્દન છે. આકાશમાં વાદળાં ક્ષણમાં પુષ્કળ વિસ્તારમાં થાય છે ને ક્ષણમાં વિલય પામે છે. પુદ્ગલમાં ક્રિયા છે તેથી એ થાય છે. એમ અગણિત સ્કંધો ને પરમાણુઓ ક્રિયા કરી રહ્યા છે, પણ ચેતન ન હોવાથી તેમનામાં કર્તૃત્વવાળી ક્રિયા નથી.

પુદ્ગલ દ્રવ્યના ચાર ભેદ છેઃ સ્કંધ, સ્કંધ દેશ, સ્કંધ પ્રદેશ અને પરમાણુ. સ્કંધ એટલે એક પિંડ. દેશ એટલે તેનો નાનો ભાગ. પ્રદેશ એટલે તેનો અન્તિમ છેલ્લામાં છેલ્લો ભાગ. પરમાણુ એટલે જેનો બીજો ભાગ કોઈ રીતે થઈ શકે નહિ તે, અથવા એક અવયવ. સ્કંધો બે પ્રકારના છે. ઇન્દ્રિયોથી જોઈ શકાય છે તેવા બાદર ને ઇન્દ્રિયોથી જોઈ શકાય નહિ તેવા સૂક્ષ્મ. એ બન્નેના મળી એકંદર છ વર્ગો થાય છે. બાદર બાદર ૧, બાદર ૨, સૂક્ષ્મ બાદર ૩, બાદર સૂક્ષ્મ ૪, સૂક્ષ્મ ૫, સૂક્ષ્મ સૂક્ષ્મ ૬. પહેલા વર્ગમાં લાકડું, પથરો, વિગેરે આવે છે, જેને ભાગ્યા પછી જોડી શકાતાં નથી. (૧). ભાગ્યા પછી ભેગાં થઈ શકે છે તેવા પ્રવાહી પદાર્થ દૂધ તેલ જળ વિગેરે બીજા વર્ગમાં આવે છે. (૨). ત્રીજા વર્ગમાં આવી શકે છે તે પુદ્ગલો, જે ભાગી શકાય નહિ તેમ હાથમાં આવી શકે નહિ જેવાં કે તડકો ચંદ્રિકા છાયા વિગેરે. (૩). ચતુર્થ વર્ગનાં પુદ્ગલો સૂક્ષ્મ છે પણ ઇન્દ્રિયોથી પકડાય છે જેવાં કે સ્પર્શ, રસ, ગંધ, શબ્દ વિગેરે (૪). પાંચમામા એટલાં સૂક્ષ્મ છે પણ ઇન્દ્રિયોથી પકડાતાં નથી તે કર્મવર્ગણા (૫). છઠ્ઠામાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ કર્મવર્ગણાથી નીચેનાં ઉતરતાં પુદ્ગલો છેક દ્વયણુક સ્કંધ સુધીનાં. (૬). શરીર રૂપે ને ઇન્દ્રિય રૂપે જેટલાં પુદ્ગલો પરિણમાવે છે તે બધાં પ્રાયોગિક પુદ્ગલો છે, ને જેટલા હાથમાં આવી શકે નહિ તથાપિ ઇન્દ્રિયોથી પકડાય છે, તે બધાં પુદ્ગલો વૈસ્રસિક છે.

વળી પરમાણુથી દ્રવ્ય ક્ષેત્ર કાલ ને ભાવનો પણ ખ્યાલ આવે છે. સ્કંધ પરમાણુથી બનેલા છે, ને તેથી દ્રવ્યની સંખ્યા અનન્ત છે. એક પરમાણુ આકાશના પ્રદેશમાં રહેલા હોવાથી ક્ષેત્ર વિભા

છે, સ્પન્દન છે. આકાશમાં વાદળાં ક્ષણમાં પુષ્કળ વિસ્તારમાં થાય છે ને ક્ષણમાં વિલય પામે છે. પુદ્‌ગલમાં ક્રિયા છે તેથી એ થાય છે. એમ અગણિત સ્કંધો ને પરમાણુઓ ક્રિયા કરી રહ્યા છે, પણ ચેતન ન હોવાથી તેમનામાં કર્તૃત્વવાળી ક્રિયા નથી.

પુદ્‌ગલ દ્રવ્યના ચાર ભેદ છેઃ સ્કંધ, સ્કંધ દેશ, સ્કંધ પ્રદેશ અને પરમાણુ. સ્કંધ એટલે એક પિંડ. દેશ એટલે તેનો નાનો ભાગ. પ્રદેશ એટલે તેનો અન્તિમ છેલ્લામાં છેલ્લો ભાગ. પરમાણુ એટલે જેનો બીજો ભાગ કોઈ રીતે થઈ શકે નહિ તે, અથવા એક અવયવ. સ્કંધો બે પ્રકારના છે. ઇન્દ્રિયોથી જોઈ શકાય છે તેવા બાદર ને ઇન્દ્રિયોથી જોઈ શકાય નહિ તેવા સૂક્ષ્મ. એ બન્નેના મળી એકંદર છ વર્ગો થાય છે. બાદર બાદર ૧, બાદર ૨, સૂક્ષ્મ બાદર ૩, બાદર સૂક્ષ્મ ૪, સૂક્ષ્મ ૫, સૂક્ષ્મ સૂક્ષ્મ ૬. પહેલા વર્ગમાં લાકડાં, પથરો, વિગેરે આવે છે, જેને ભાગ્યા પછી જોડી શકાતાં નથી (૧). ભાગ્યા પછી ભેગા થઈ શકે છે તેવા પ્રવાહી પદાર્થ દૂધ તેલ વિગેરે બીજા વર્ગમાં આવે છે. (૨). ત્રીજા વર્ગમાં આવી શકે છે તે પુદ્‌ગલો, જે ભાંગી શકાય નહિ તેમ હાથમાં આવી શકે નહિ જેવાં કે તડકો ચાંદની છાયા વિગેરે. (૩). ચતુર્થ વર્ગનાં પુદ્‌ગલો સૂક્ષ્મ છે પણ ઇન્દ્રિયોથી પકડાય છે જેવાં કે સ્પર્શ, રસ, ગંધ, શબ્દ વિગેરે (૪). પાંચમામાં એવાં સૂક્ષ્મ છે પણ ઇન્દ્રિયોથી પકડાતાં નથી તે કર્મવર્ગણા. (૫). છઠ્ઠામાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ કર્મવર્ગણાથી નીચેનાં ઉતરતાં પુદ્‌ગલો છેક દ્વયણુક સુધીનાં. (૬). શરીરરૂપે ને ઇન્દ્રિય રૂપે જેટલાં પુદ્‌ગલો પરિણમાવે છે તે બધાં પ્રાયોગિક પુદ્‌ગલો છે, ને જેટલાં હાથમાં આવી શકે નહિ તથા [illegible] ઇન્દ્રિયોથી પકડાય છે, તે બધાં પુદ્‌ગલો વૈસ્રસિક છે.

વળી પરમાણુથી દ્રવ્ય ક્ષેત્ર કાળ ને ભાવનો પણ ખ્યાલ આવે છે. સ્કંધ પરમાણુથી બનેલા છે, ને તેથી દ્રવ્યની સંખ્યા અનન્ત છે. એમ પરમાણુ આકાશના પ્રદેશમાં રહેલા હોય તેટલું ક્ષેત્ર વિગેરે

છે, સ્પન્દન છે. આકાશમાં વાદળાં ક્ષણમાં પુષ્કળ વિસ્તારમાં છે ને ક્ષણમાં વિલય પામે છે. પુદ્‌ગલમાં ક્રિયા છે તેથી એ છે. એમ અગણિત સ્કંધો ને પરમાણુઓ ક્રિયા કરી રહ્યા છે, ચેતન ન હોવાથી તેમનામાં કર્તૃત્વવાળી ક્રિયા નથી.

પુદ્‌ગલ દ્રવ્યના ચાર ભેદ છેઃ સ્કંધ, સ્કંધ દેશ, સ્કંધ પ્ર[illegible] અને પરમાણુ. સ્કંધ એટલે એક પિંડ. દેશ એટલે તેનો નાનો ભ[illegible] પ્રદેશ એટલે તેનો અન્તિમ છેલ્લામાં છેલ્લો ભાગ. પરમાણુ એ જેનો બીજો ભાગ કોઈ રીતે થઇ શકે નહિ તે, અથવા એક અ[illegible]યવ. સ્કંધો બે પ્રકારના છે. ઇન્દ્રિયોથી જોઈ શકાય છે તેવા બા[illegible] ને ઇન્દ્રિયોથી જોઈ શકાય નહિ તેવા સૂક્ષ્મ. એ બન્નેના મળી એ[illegible]દરે છ વર્ગો થાય છે. બાદર બાદર ૧, બાદર ૨, સૂક્ષ્મ બાદર [illegible] બાદર સૂક્ષ્મ ૪, સૂક્ષ્મ ૫, સૂક્ષ્મ સૂક્ષ્મ ૬. પહેલા વર્ગમાં લાકડું, પથરો, વિગેરે આવે છે, જેને ભાગ્યા પછી જોડી શકાતાં નથી. (૧[illegible] ભાગ્યા પછી ભેગા થઇ શકે છે તેવા પ્રવાહી પદાર્થ દૂધ તેલ [illegible] વિગેરે બીજા વર્ગમાં આવે છે (૨) ત્રીજા વર્ગમાં આવી શકે છે [illegible] પુદ્‌ગલો, જે ભાગી નકાય નહિ તેમ હાથમાં આવી શકે નહિ જેવા [illegible] [illegible] (૩) ચતુર્થ વર્ગનાં પુદ્‌ગલો સૂક્ષ્મ છે પણ ઇન્દ્રિયોથી પકડાય [illegible] રસ, ગંધ, શબ્દ વિગેરે (૪). પાંચમાના [illegible] છે [illegible] ઇન્દ્રિયોથી પકડાતાં નથી તે કર્મવર્ગણા (૫) [illegible] કર્મવર્ગણાથી નીચેનાં [illegible] [illegible] [illegible] [illegible] પુદ્‌ગલો છે, તે [illegible] [illegible] પ્રકાર છે,

[illegible]

સમજાય છે. પરમાણુ એક સ્થલથી બીજા સ્થલમાં જતો હોય છે, તેટલામાં જે સમય થાય છે તેથી કાલની ગણના થાય છે. એમ પરમાણુમાં રહેલા વર્ણાદિ ઓછાવત્તા હોવાથી ભાગસંખ્યા પણ સમજાય છે.

તેના પર્યાય

